# શ્રી શત્રુંજય મહાતીર્થાદિ

# યાત્રા વિચાર.

卐

પ્રકાશક,

જૈન સસ્તી વાચનમાળા.

ભાવનગર.

# શ્રી શત્રુંજય મહાતીર્થાદિ યાત્રા વિચાર.

અને

ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ તેમજ ધનપાળ પંચાશિકા, મહાદેવ સ્તોત્ર, શ્રી શત્રુંજય મહા-તીર્થાદિના કલ્પો વિગેરેનો ઉપયોગી સંગ્રહ.

卐

પ્રકાશક,

જૈન સસ્તી વાંચનમાળા

ભાવનગર.

વીર સં. ૨૪૫૫ વિક્રમ સં. ૧૯૮૫

કિં. ૦-૧૦-૦ સો નકલના રૂા ૫૦)

પ્રકાશકઃ-
શા અચરતલાલ જગજીવનદાસ
પ્રો૦ જૈન સસ્તી વાંચનમાળા-
ભાવનગર.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય સદ્દગુણાનુરાગી શાંત મૂર્તિ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજશ્રીએ યાત્રિકોને દરેક રીતે ઉપયોગી આ પુસ્તક પ્રગટ કરવાની મને સૂચના કરવા સાથે સુધારો વધારો કરવાની જે કિંમતી સલાહ આપી છે તે માટે તેઓશ્રીનો આભારી છું.

મુદ્રકઃ—
શા ગુલાબચંદ લલ્લુભાઇ
ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ
ભાવનગર.

# આભાર.

ગુજરાતમાં આવેલ વીજાપુર તાલુકાના સમૌ ગામના પ્રતિષ્ઠીત ગૃહસ્થ શેઠ જેસંગભાઇ સાકળચંદ કે જેઓ અનન્ય ધર્મપ્રેમી, સાહિત્યવિલાસી અને દેવ, ગુરૂ અને ધર્મમાં અડગવૃત્તિવાળા છે. જેમની મુંબઈમાં ધનજીસ્ટ્રીટમાં **જેસંગભાઇ મંગળજીના** નામની પેઢી ચાલે છે. તેઓશ્રીએ તેમનાં સ્વર્ગસ્થ પુત્રી કમળા બ્હેનની યાદગીરી નિમિત્તે આ પુસ્તકની પ્રથમથી ૫૦૦ નકલના ગ્રાહક થઇ મારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે તેઓશ્રીનો આભારી છું.

લી૰ સેવક,

**અચરતલાલ.**

# સદ્દગત બ્હેન કમળાનું સંક્ષિપ્ત જીવન-ચરિત્ર.

શ્રી સિદ્ધાચળની યાત્રાએ આવતા દરેક જૈન બંધુ અને જૈન સમાજને અતિ ઉપયોગી થઇ પડે તેવા આ ઉપયોગી ગ્રંથ સાથે જે સ્વર્ગવાસી બ્હેનનું પુણ્યનામ જોડવામાં આવ્યું છે તેનું સંક્ષિપ્ત જીવન અહિં રજુ કરવામાં આવે છે. તે વાંચતાં વાંચકવર્ગ જોઇ શકશે કે, સદ્દગત બ્હેન કમળા પોતાની લઘુવયમાં ધાર્મિક પણ નમૂનેદાર જીવન ગુજારી ગયેલ છે.

ગૂજરાતમાં આવેલ વિજાપુર તાલુકાના સમૌ નામના ગામમાં બ્હેન કમળાનો જન્મ સંવત્ ૧૯૭૨ ના અષાઢ શુદ ૧૪ ને રોજ થયો હતો.

**જન્મભૂમિ અને જન્મ સંવત**

બ્હેન કમળામાં નમ્રતા, સરળતા, સત્યતા, પવિત્રતા, પ્રમાણિકતા, ઉદારતા, આનંદી સ્વભાવ અને દેવ તેમજ ગુરૂ તરફ અનન્ય

ધાર્મિક અને નૈતિક ગુણોનો ઉત્તમ વારસો

ભક્તિભાવરૂપ ધાર્મિક તેમજ નૈતિક ગુણો તેની લઘુવયમાંજ ખીલેલા હતા તેનું કારણ જો કંઇપણ હોય તો તે એ છે કે, ધર્મચૂસ્ત માતા પિતાના ઉત્તમગુણો તેનામાં પણ ઉતરેલા ગણી શકાય.

બ્હેન કમળાના પિતાનું નામ શેઠ જેસિંગભાઇ સાકળચંદ છે અને માતાનું નામ બાપીબાઇ છે. ઉપરાંત હાલ મેટ્રીકમાં અભ્યાસ કરતા અમૃતલાલ નામે એક ભાઇ પણ છે.

શેઠ જેસિંગભાઇ સાકળચંદ કેટલાંક વર્ષોથી મુંબઇમાં પારસીગલ્લીમાં આવેલા ધનજી સ્ટ્રીટમાં જેસિંગભાઇ મંગળજીના નામે ચાલતી પેઢીના એક ભાગીદાર છે.

બ્હેન કમળામાં ઉપર જણાવેલા સદ્ગુણો ઉપરાંત વિશેષતા એ હતી કે તેના જન્મથી તેના માતપિતાને ત્યાં લક્ષ્મીદેવીએ પોતાનાં પગલાં કર્યાં એટલે ખરી રીતે કહીએ તો કમળા એટલે લક્ષ્મી નામ પણ સ્વ. બ્હેને સફળ કરી બતાવ્યું હતું.

બ્હેન કમળાનું વ્યવહારિક જ્ઞાન ગૂજરાતી ધોરણ ત્રીજા સુધીનું એટલે પ્રમાણમાં અલ્પજ ગણાય; પરંતુ

તેનું ડહાપણ તો ગૂજરાતી ધોરણ છઠ્ઠા જેટલુંજ હતું. શાળામાં શિક્ષણ મળવા ઉપરાંત રા. નાગરદાસ લલ્લુભાઇ શાહ નામના શિક્ષક તેને ઘર આગળ શીખવવા માટે પણ રોકવામાં આવ્યા હતા.

બ્હેન કમળાનું ધાર્મિકજ્ઞાન વંદિતાસૂત્ર સુધીનું હતું; પણ તે ઉચ્ચારમાં કેવળ શુદ્ધ હતું. સામાયિક, ચૈત્યવંદન, પ્રતિક્રમણ અને જિનપૂજન વગેરે ક્રિયા તો તે એવી ઉત્તમ રીતે કરતી હતી કે, તેનું જ્ઞાન બે પ્રતિક્રમણ ઉપરાંત હશે તેમ સહજ માનવામાં આવતું હતું.

શાસ્ત્રકારોએ જેને મોક્ષની દૂતી કહેલી છે, તે દેવગુરૂ તરફનો ભક્તિનો ગુણ આ બ્હેનમાં વચન પ્રમાણમાં ઉચ્ચ પ્રકારે ખીલ્યો હતો.

**દેવભક્તિ** — તે જ્યારથી સમજતી થઇ ત્યારથી જિનદર્શન કર્યા વગર તો જમતીજ નહિ, અવસાન સમયે પણ 'હું તો મોક્ષમાંજ જઇશ' એવા ઉદ્‌ગારો કાઢતી હતી તે પણ આ ભક્તિનું પરિણામ કેમ ન હોય ?

સર્વ મુનિરાજો તરફ અને વિશેષે કરીને શાંતમૂર્તિ મુનિવર્યશ્રી કર્પૂરવિજયજી તરફ ઘણોજ સદ્‌-

ગુરૂભક્તિ ભાવ હતો. સુપાત્રદાન આપ્યા પછી આ બ્હેનનો આત્મા પૂર્ણ પ્રસન્ન થઇ જતો હતો.

બ્હેન કમળાએ લઘુવયમાંજ સિદ્ધાચળ, ગિરનાર, તારંગાજી, સંખેશ્વર, કેસરીયાજી, પાનસર અને ભોયણી વગેરે તીર્થોની યાત્રાનો પણ લાભ લીધો હતો. બ્હેન કમળા પોતાના અભ્યાસી જીવનમાં આગળ વધતાં આ રીતે જ્યાંસુધી દશેક વર્ષની ઉમરે પહોંચી ત્યાં સુધી તો તદ્દન તંદુરસ્તજ હતી; પરંતુ દુર્દૈવે સામાન્ય તાવથી ઘેરાતાં વિષમ જ્વર તેને લાગુ પડયો હતો, અનેક ઉપચારો ચાલુ રાખવા છતાં આખરે સં. ૧૯૮૨ ના આસો વદ ૯ ને રોજ કરાલ કાળે આ કન્યારત્નને અકાળેજ ઝડપી લીધું. દૈવ! ખરેખર તારી ગતિ વિચિત્રજ છે!

સદ્ગત બ્હેન કમળાના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છી વિરમું છું.

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વજિન સ્તવન | ૧ |
| ૨ નવપદ મહિમા ગર્ભિત શ્રી શત્રુંજય મહાતીર્થાદિક યાત્રા વિચાર (પ્રવેશ) | ૮ |
| ૩ શ્રી શત્રુંજયાદિક પવિત્ર તીર્થોને ભેટવા જતાં લક્ષમાં રાખવાનાં બોધ વચન | ૧૪ |
| ૪ સર્વજ્ઞ ભાષિત શાશ્વત-મોક્ષસુખ મેળવવાનો ખરો અકસીર ઉપાય કયો છે ? | ૨૨ |
| ૫ સંક્ષેપમાં તીર્થ શબ્દનો અર્થ અને આપણું હિત કર્તવ્ય | ૨૭ |
| ૬ શુદ્ધ દેવ-ગુરૂ ધર્મ પ્રત્યે કેવી અવિહડ પ્રીતિ-ભક્તિ જાગવી જોઇએ ? | ૨૮ |
| ૭ શ્રી શત્રુંજયતીર્થનાં ઉત્તમ ૨૧ નામ ગર્ભિત ચૈત્યવંદન | ૨૯ |
| ૮ અથ શ્રી સિદ્ધગિરિ સ્તુતિ દોહા ૧૦૮ | ૩૧ |
| ૯ શ્રી શત્રુંજય તીર્થ સબંધી એકવીશ નામના | |

ગુણુ ગર્ભિત એકવીશ ખમાસમણુ આપ-
વાના દોહા. ૪૫
૧૦ શ્રી શત્રુંજય મહાતીર્થ યાત્રા વિધિ અને
શત્રુંજય મહાત્મ્ય ૫૨
૧૧ તીર્થાધિરાજનાં ઉત્તમ ૨૧ નામ ૫૩
૧૨ તીર્થાધિરાજનું-માન-પ્રમાણુ ૫૫
૧૩ સિદ્ધાચળ ઉપર તીર્થંકરોનું અવાર નવાર
આગમન ૫૬
૧૪ સંઘપતિ થઇને સંઘને સાથે લઇ યાત્રા
કરવા આવનારને સાચવવા યોગ્ય વિવેક ૫૮
૧૫ ગિરિરાજનો અદ્ભૂત મહિમા ૬૧
૧૬ તીર્થયાત્રા કરતાં પાળવી જોઇતી છ-રી ૬૮
૧૭ નવાણું યાત્રા કરનારે ઉકત છ-રી ઉપરાંત
કરવાની કરણી ૬૯
૧૮ યાત્રાર્થે આવતા દરેક જાત્રાળુને અગત્યની ૭૪
સૂચના
૧૯ વિશ્વવંદ્ય થવાને લાયક કેમ બનાય ? ૮૬
૨૦ જૈન કોમના સત્ય હિતની ખાતર સમયો-
ચિત અગત્યની સૂચનાઓ. ૮૯
૨૧ શ્રી સિદ્ધગિરિના આશ્રયથી ઉધાર પામેલા
કંડુરાજા ૯૭

૨૨ અત્રે સિદ્ધ થયેલા મહાત્માઓની ટુંકી નોંધ ૧૦૪
૨૩ યાત્રાના પર્વ દિવસો ૧૦૬
૨૪ અત્ર થયેલાં ૧૬ મ્હોટા ઉદ્ધારોની ટુંકી નોંધ ૧૦૮
૨૫ તિર્થાધિરાજનાં અનેક ૧૦૮ ઉત્તમ નામોની યાદી ૧૧૦
૨૬ ઉક્ત તીર્થમાં આવેલી પવિત્ર વસ્તુઓ અને પવિત્ર સ્થાનોની ઓળખાણુ અને મહિમા ૧ રાયણવૃક્ષ ૨ શત્રુંજયનદી ૩ શ્રી આદીશ્વર ભગવાનનું ભવ્ય મંદિર ૪ સૂર્ય કુંડ ૫ ચિલ્લણ તલાવડી વિગેરે ૧૧૩
૨૭ બીજા પવિત્ર સ્થાનોનો મહિમા અને વર્ણન ૧ તાલધ્વજ–ગિરિ ઉપર સાચા દેવ ૨ મહુવામાં શ્રી મહાવીરસ્વામી ૩ ગિરનાર ઉપર શ્રી નેમિનાથ ૪ પ્રભાસપાટણમાં શ્રી ચંદ્ર પ્રભુ ૫ શ્રી અજારા પાર્શ્વનાથ ૬ આબુ ૭ તારંગા ૮ અણહિલ્લપુર પાટણમાં શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રમુખ ૧૨૩
૨૮ નવાણું પ્રકારી પૂજા ( પંડિત શ્રી વીરવિજયજી કૃત) ૧૩૬

૨૯ ધનપાલ કવિ વિરચિત રૂષભપંચાશિકા ( ધનપાલ પંચાશિકા ) ભાષા અનુવાદ ભાવાર્થ સાથે ૧૬૨
૩૦ પ્રાસંગિક પદ્યવડે નવપદને નમસ્કાર ૧૮૬
૩૧ શ્રી સિદ્ધચક્ર આરાધન વિધિ ૧૮૮
૩૨ શ્રી શત્રુંજય મહાતીર્થ કલ્પ: ૧૯૩
૩૩ શ્રી શત્રુંજય લઘુ કલ્પ: ૨૦૯
૩૪ શ્રી અષ્ટાપદ કલ્પ: ૨૨૧
૩૫ શ્રી ગિરનાર ગિરીશ્વર કલ્પ: ૨૩૧
૩૬ શ્રી સમેતશિખર કલ્પ: ૨૪૨
૩૭ શ્રી મહાદેવ સ્તોત્ર ( શ્રી હેમચંદ્રાચાર્ય પ્રણિત ) ૨૪૮
૩૮ ચૈત્યવંદન સંગ્રહ ( ઉતમ-ઉપયોગી ૨૮ ચૈત્યવંદનો ) પૃષ્ટ ૧ થી ૧૯
૩૯ શ્રી સ્તવન સંગ્રહ (ચુંટી કાઢેલાં ઉપયોગી ૫૦ સ્તવનો ) પૃષ્ટ ૨૦ થી ૮૩

શ્રી શત્રુંજય સ્તવનો—

૧ તે દિન કયારે આવશે ૨૦
૨ ચાલોને પ્રીતમજી પ્યારા શત્રુંજે જઇએ ૨૧
૩ આંખલડીયેરે મેં આજ શેત્રુંજો દીઠોરે ૨૨

| | | |
|---|---|---|
| ૪ | જાત્રા નવાણું કરીયે વિમલગિરિ | ૨૩ |
| ૫ | વિમલાચલ નિત્ય વંદીએ | ૨૪ |
| ૬ | સિદ્ધાચળ ગિરિ ભેટ્યારે | ૨૫ |
| ૭ | મારૂં મન મોહ્યુંરે શ્રી સિદ્ધાચળેરે | ૨૬ |
| ૮ | શ્રીરે સિદ્ધાચળ ભેટવા | ૨૭ |
| ૯ | સમકિત દ્વારગભારે પેસતાંજી | ૨૭ |
| ૧૦ | માતા મરૂદેવીના નંદ | ૨૮ |
| ૧૧ | વિવેકી વિમલાચલ વસીયે | ૩૦ |
| ૧૨ | ઉમયા મુજને ઘણી જીહો | ૩૨ |
| ૧૩ | ચાલો ચાલો વિમલગિરિ જઇએરે | ૩૩ |
| ૧૪ | વીરજી આવ્યારે વિમલાચલકે મેદાન | ૩૪ |
| ૧૫ | વિમળાચલ વિમલા પ્રાણી | ૩૭ |
| ૧૬ | તુમે તો ભલે બિરાજોજી | ૩૮ |
| ૧૭ | એ ગિરૂઓ ગિરિરાજઓ | ૩૯ |
| ૧૮ | સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા | ૪૦ |
| ૧૯ | બાપલડાંરે પાતીકડાં | ૪૧ |
| ૨૦ | પ્રભુ આદિજિન મહારાયા | ૪૩ |
| ૨૧ | પ્રથમ જિનેશ્વર પ્રણમીએ | ૪૪ |
| ૨૨ | રૂષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે | ૪૬ |
| ૨૩ | જગજીવન જગ વાલહો | ૪૭ |

૨૪ પ્રભુ આદીનાથ સ્વામી ૪૮
૨૫ ગિરિરાજ દર્શ પાવે જગ પુણ્યવંત પ્રાણી ૪૯
૨૬ સુણ જિનવર શેત્રુંજા ધણીજી ( વિનતિ ) ૫૦
૨૭ નિલુડી રાયણ તરૂ તળે સુણ સુંદરી ૫૩
૨૮ મેરે તો જાના શીતલ રાયણ છાંય ૫૪
૨૯ એકદિન પુંડરીક ગણધરૂરે લાલ ૫૫
૩૦ પ્રણુમો પ્રેમે પુંડરીક રાજીઓ ૫૬
૩૧ હે સાહેબજી નેક નજર કરી નાથ સેવકને તારો ૫૮
૩૨ શ્રી શાંતિનાથ સ્તવન
શાંતિ જિનેશ્વર સાચો સાહિબ ૫૯
૩૩ ,, સુણ દયાનિધિ તુજ પદ પંકજ ૬૦
૩૪ ,, શાંતિ પ્રભુ વિનતિ એક મોરીરે ૬૧
૩૫ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન ૬૨
૩૬ ,, પરમપુરૂષ પરમાત્મા સાહેબજી ૬૪
૩૭ શ્રી પાર્શ્વસંખેશ્વરા સારકર સેવકા ૬૫
૩૮ શ્રી મહાવીર જિન સ્તવન ૬૬
વીર જિનેશ્વર સાહેબ મેરા
૩૯ ,, ગિરૂઆરે ગુણ તુમ તણા ૬૮
૪૦ ,, તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી ૬૯
૪૧ ,, સિદ્ધારથનારે નંદન વિનવું ૭૦

૪૨ શ્રી તાલધ્વજ–તલાજાતીર્થ સ્તવન ૭૧

૪૩ શ્રી સીમંધર જિન સ્તવન

સુણોચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો ૭૩

૪૪ શ્રી તીર્થમાલાનું સ્તવન ૭૪

૪૫ શ્રી ગિરનારજીનું સ્તવન ૭૫

૪૬ શ્રી આબુજીનું સ્તવન ૭૭

૪૭ શ્રી અષ્ટાપદજીનું સ્તવન ૭૯

૪૮ શ્રી સમેતશિખરજીનું સ્તવન ૮૦

૪૯ શ્રી દીવાળીનું સ્તવન ૮૧

૫૦ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન ૮૩

૪૦ નવ અંગ પૂજાના દોહા ૮૪

૪૧ સ્તુતિઓ ૮૫ થી ૯૫

૪૨ આરતિ અને મંગળ દીવો ૯૫

## જૈન સસ્તી વાંચનમાળાએ તેના ગ્રાહકોને દર વરસે રૂ. ૩) માં નિયમિત આપેલાં પુસ્તકો.

સં. ૧૯૭૯–૮૦–૮૧ ની સાલનાં પુસ્તકો શીલીકમાં બીલકુલ નહિ હોવાથી નામો આપ્યાં નથી.

### સં. ૧૯૮૨ નાં

| | | |
|---|---|---|
| ૧ | જૈનોના મહાન રત્નો ... ... | ૧–૦–૦ |
| ૨ | મહાન સંપ્રતિ અને જૈનધર્મનો દિગ્વિજય | ૧–૮–૦ |
| ૩ | શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૧ | ૧–૮–૦ |

### સં. ૧૯૮૩ નાં

| | | |
|---|---|---|
| ૪ | શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૨ | ૧–૦–૦ |
| ૫ | જગડુશાહ કે જગતનો પાલનહાર ... | ૧–૮–૦ |
| ૬ | શ્રી અંબડ ચરિત્ર ... ... | ૦-૧૦-૦ |
| ૭ | સદ્ગુણી સુશીલા... ... ... | ૧–૦–૦ |

### સં. ૧૯૮૪ નાં

| | | |
|---|---|---|
| +૮ | મગધરાજ શ્રેણીક ચરિત્ર ... | ૧–૮–૦ |
| +૯ | શ્રી સ્થંભન પાર્શ્વનાથ ચરિત્ર ... | ૧–૮–૦ |
| ૧૦ | પૃથ્વીકુમાર યાને મહામંત્રી પેથડ ... | ૧–૪–૦ |
| ૧૧ | માનતુંગ માનવતી-બુદ્ધિમતી પ્રમદા | ૦–૬–૦ |

+ આ નીશાનીવાળાં પુસ્તકો શીલીકમાં નથી.

## સં. ૧૯૮૫ નાં

| | | | |
|---|---|---|---|
| ૧ | ચંપકશ્રેષ્ઠી કથા... | ... ... | ૧–૪–૦ |
| ૨ | ચિત્રસેન પદ્માવતી | ... ... | ૧–૦–૦ |
| ૩ | સ્થુલીભદ્રની નૌકા | ... ... | ૧–૪–૦ |
| ૪ | શ્રી અંજારા પાર્શ્વનાથ ચરિત્ર | ... | ૧–૪–૦ |

## ગ્રાહકોને અપાયેલાં શીવાયના બીજા અમારાં ઇતિહાસીક પુસ્તકો—

---

૧ ગુર્જરેશ્વર કુમારપાર સચિત્ર પૃષ્ઠ ૪૫૦ પાકું પુઠું કિં. રૂા ૪ હતી તે રૂા ૨-૮-૦

૨ વિમળમંત્રીનો વિજય–પૃષ્ટ ૨૨૫ પાકું પુઠું કિં. રૂા ૨) હતી તે રૂા ૧ાા


૩ કચ્છ ગિરનારની મહાયાત્રા પૃષ્ઠ ૩૫૦ પાકું રેશમી પુઠું ૩૦ ચિત્રો સાથે કિં. રૂા ૨–૮–૦ હતી તે રૂા ૧-૧૨–૦

૪ પ્રતિભાસુંદરી યાને પુર્વકર્મનું પ્રાબલ્ય ૧–૮–૦

૫ શ્રીપાળરાજાનો રાસ સચિત્ર પાકું રેશમી પુઠું કિં. રૂા ૨–૪–૦ પાકું સાદું પુઠું રૂા ૧–૧૨–૦

લખો—જૈન સસ્તી વાંચનમાળા
રાધનપુરી બજાર—ભાવનગર.

સદ્ગુણાનુરાગી શાંતમૂર્તિ કર્પૂરવિજયજી મહારાજશ્રી.



જેમના અણમોલા હિતકર લેખો અને ઉપદેશથી સારી જૈન સમાજ જાણીતી છે.

ૐ

श्रीतीर्थराजराजायनमः

પ્રથમમંગલાચરણરૂપં

સર્વશાસ્ત્રવિશારદમહોપાધ્યાય શ્રીમદ્
યશોવિજયજી કૃતં

# શ્રીપાર્શ્વજિન સ્તવનમ્.

( રાગ ધમાલ-ફાગ )

[1]ચિદાનંદઘન પરમ [2]નિરંજન,
જન મન રંજન દેવ લલના
વામાનંદન જિનપતિ થુણિયે,
[3]સુરપતિ જસ કરે સેવ
મન મોહન જિનજી ભેટિયે હો. એ આંકણી ૧
જાય જૂઇ ચંપક કેતકી,
દમણો ને મચકુંદ લલના

---

૧ જ્ઞાન ને સુખપૂર્ણ. ૨ વિશુદ્ધ. ૩ ઇન્દ્રો.

કુંદ ઇંદુ રૂચિ સુંદર જોડી,
પૂજીએ પાસજિણંદ મનમોહન૦ ૨
કેસર ઘોળી ઘસી ઘનચંદન,
[1]આનંદન ઘનસાર લલના
પ્રભુકી પૂજા કરો મનરંગે,
પાઇએ પુણ્ય સફાર[2] મનમોહન૦ ૩
અંગે ચંગી આંગી બનાવી,
અલંકાર અતિ સાર લલના
દ્રવ્યસ્તવવિધિ પૂરણ વિરચી,
ભાવિયે ભાવ ઉદાર મનમોહન૦ ૪
પરમાતમ પૂરણ ગુણ પ્રત્યક્ષ,
પુરૂષોત્તમ પરધાન લલના
પ્રગટભાવ પ્રભાવતી વલ્લભ[3],
તું જયો સુગુણનિધાન મનમોહન૦ ૫
જો તુજ ભક્તિ મોરી[4] મુઝમન,
વન વિચરે અતિચિત્ત લલના૦

---

૧ આનંદકારી. ૨ વિશાલ-અનર્ગલ. ૩. પ્રાણપ્રિય.
૪, મયૂરી ( મોરલી. )

[1]દુરિત [2]ભુજંગમ બંધન ત્રૂટે,
તો સઘળો જગ-મિત્ત મનમોહન૦ ૬

તુઝ આણા સુરવેલી મુજમન,
નંદનવન જિહાં રૂઢ લલના૦
કુમતિ કદાગ્રહ કંટક શાખી[3],
સંભવે નહિં તીહાં ગૂઢ મનમોહન૦ ૭

ભક્તિરંગ તુઝ આણારાધન[4],
હોય ચક્ર સંચાર લલના
સહસ અઢાર અંગ રથ ચાલે,
વિઘન રહિત શિવધાર મનમોહન૦ ૮

ગુરૂ ઉપદેશે જો મુજ લાગ્યો,
તુઝ શાસનકો રાગ લલના
મહાનંદપદ ખેંચ લહેગો,
જ્યું અલિ[5]કુસુમ પરાગ મનમોહન૦ ૯

બાહિર મન નિકસન[6] નહિ ચાહત,
તુઝ શાસનમાં લીન લલના

---

૧ પાપ. ૨ સાપના. ૩ કાંટાળાં રૂખડાં. ૪ આજ્ઞાપાલન.
૫ ભ્રમર. ૬ નિકળવા.

ઉમગ નિમગ[1] કરી નિજપદ રહેવે,
જ્યું જલનિધિ[2] જળમીન મનમોહન૦ ૧૦
ઔરનકી ગિણુતી ન પાવું,
જો તું સાહીબ એક લલના૦
ફેલ વાસના દૃઢ નિજ મનકી,
જ્યું અવિચલ પદ ટેક મનમોહન૦ ૧૧
મુજ તુજ શાસન અનુભવકો રસ,
ક્યું કરી જાણે લોગ ? લલના૦
[3]અપરિણીત કન્યા નવી જાણે,
જ્યું સુખ દ્વૈત સંજોગ[4] મનમોહન૦ ૧૨
તું સાહિબ હું સેવક તોરો,
એ વ્યવહાર વિભાગ લલના
નિશ્ચય નયમત દોનું બિચ્ચે,
હે નહિં ભેદકો લાગ મનમોહન૦ ૧૩
મન વચનાદિક પુદ્ગળ ન્યારો,
ન્યારો સકળ વિભાવ લલના

---

૧ ગમેતેમ. ૨ સમુદ્ર. ૩ અવિવાહિત ૪ દંપતીના સંજોગનું સુખ.

શુદ્ધ દ્રવ્ય ગુણુ પર્યાય ઘટના,
તુઝ સમ શુદ્ધ સ્વભાવ મનમોહન ૧૪
તું ઘટ અંતર પ્રગટ વિરાજે,
જ્યું નિર્મલ મણિકાંત લલના
બાહિર ઢૂંઢત મૂઢ ન પાવે,
જ્યું મૃગમદ[1] મૃગ ભ્રાન્ત[2] મનમોહન૦ ૧૫
ગુણુઠાણુાદિકભાવે મિશ્રિત,
સબમાંહે તુઝ અંશ લલના
ખીરનીર જ્યું ભિન્ન કરત હે.
ઉજ્જવલ અનુભવ હંસ મનમોહન૦ ૧૬
આતમજ્ઞાન દશા જબ લાગી,
વૈરાગી તુઝ જ્ઞાન લલના
સો પાવે જ્યું રત્નપરીક્ષા,
પેખત રત્ન પ્રધાન મનમોહન૦ ૧૭
પુણ્ય પ્રકૃતિ દેવનકો કારણુ,
મૂઢ લહે નહીં ધર્મ લલના
જ્યું પીરો કોઇ અંધ ન માને,
લહત ન અંતર મર્મ મનમોહન૦ ૧૮

---

૧ કસ્તુરી. ૨ ભ્રમિત થયેલો મૃગલો.

ગંધ રૂપ રસ ફરસ વિવર્જિત,
ન ધરે તિહાં સંઠાણ લલના
અણઅવતાર અશરીર અવેદી,
તું પ્રભુ શુદ્ધપ્રમાણ મનમોહન૦ ૧૯
કેવળજ્ઞાન દશા અવલોકે.
લોકાલોક પ્રમાણ લલના
દર્શન વીર્ય ચરણ ગુણધારી,
સેવત સબ અહિઠાણ મનમોહન૦ ૨૦
સત્તા શુદ્ધ અરૂપી તોરી,
નહીં જગકો વ્યવહાર લલના
કહા કહિયે કછુ કહત ન આવે,
તું પ્રભુ અલખ અપાર મનમોહન૦ ૨૧
દીપ ચંદ્ર રવિ ગ્રહગણ કેરો,
જિહાં પ્રસરત નહીં તેજ લલના
તિહાં એક તુજ ધામ બિરાજે,
નિર્મલ ચેતન સ્હેજ[1] મનમોહન૦ ૨૨
આદિ રહિત અજરામર નિર્ભય,
વ્યાપક એક અનંત લલના

---

૧ સહજ-નિરૂપાધિક.

શુદ્ધ પ્રકૃતિ અકષાય અમાયી,
તું પ્રભુ બહુ ગુણવંત મનમોહન ૨૩
તું માતા તું ત્રાતા ભ્રાતા,
પિતા બંધુ તું મિત્ત લલના
સરણુ તુંહિ તુજ સેવા કીજે,
દૃઢ કરી તનુ વચ ચિત્ત[1] મનમોહન૦ ૨૪
પાસ આશ પૂરો અબ મોરી,
અરજ એક અવધાર લલના
શ્રી નયવિજય વિબુધ પય સેવક,
જસ કહે ભવજલ તાર
મનમોહન જિનજી ભેટિયે હો. ઇતિ. ૨૫

---

૧ મન વચન ને કાયા.

# નવપદ મહિમા ગર્ભિત શ્રી શત્રુંજય મહા તીર્થાદિક યાત્રા વિચાર.

## પ્રવેશ.

" યોગ અસંખ્ય છે જિન કહ્યા,
નવપદ મુખ્ય તે જાણો રે.
તેહ તણે આલંબને,
આતમ ધ્યાન પ્રમાણો રે. "

*નવપદ પ્રકરણમાં કહ્યું છે કે " ભો-ભો મહાનુભાવો ! દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્ય જન્મ પામીને અને તે સાથે વળી આર્યક્ષેત્ર ઉત્તમ કુલ વિગેરે પ્રધાન સામગ્રી પુન્યજોગે પામીને, મહા અનર્થકારી પાંચ પ્રકારનો પ્ર-

* જુઓ યોગ્યતા દર્શકમાં અને પ્રશમ-રતિ ગ્રંથમાં તેનું મૂળ તથા ભાષાંતર આપેલું છે.

માદ ( મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા ) જલ્દી તજી દઈ, ઉત્તમ ધર્મ કરણી કરવા તમારે પુરૂષાર્થ ફોરવવો જોઇએ. તે ધર્મ સર્વ જિનેશ્વરોએ દાન, શીલ, તપ અને ભાવ ભેદે કરી ચાર પ્રકારનો ઉપદિશ્યો છે.” તેમાં પણ ભાવની પ્રધાનતા વખાણી છે. “ભાવ સહિતજ કરવામાં આવતી સઘળી ધર્મકરણી ( દાન, શીલ, તપ પ્રમુખ ) સફળ કહી છે. ભાવ વગરની તે બધી કરણી લેખે થતી નથી.” “ભાવ પણ મન સંબદ્ધ છે અને આલંબન વગર મન અતિ દુર્જય છે, તેથી મનને નિયમમાં રાખવા માટે સાલંબન ( આલંબનવાળું ) ધ્યાન કહેલું છે.”

“જો કે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં આલંબન વખાણ્યાં છે તોપણ તે સહુમાં નવપદ ધ્યાનનું આલંબન મુખ્ય છે એમ જિનેશ્વરો કહે છે. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય, ૫ સાધુ, ૬ દર્શન, ૭ જ્ઞાન, ૮

ચારિત્ર અને ૯ તપ, એ નવપદ વખાણ્યાં છે"
એ નવપદનું કંઇક વિસ્તારથી વર્ણન તેમના
સદ્ભૂત ગુણોના ઉલ્લેખ સાથે નવપદ પ્રક-
રણમાં પ્રથમ કરવામાં આવ્યું છે તે ત્યાંથી
જાણી તત્સંબંધી સમજ મેળવવી યોગ્ય છે. એ
નવપદ જ જગત્માં સાર છે, તેથી તેનુંજ આ-
રાધન કરવા અધિક લક્ષ રાખવાની જરૂર છે.
એ નવપદમાં અરિહંતાદિક પાંચ પદ ધર્મી
( ધર્માત્મા ) છે, ત્યારે દર્શનાદિક ચાર પદ
ધર્મરૂપ છે. એ દર્શન ( સમકિત ) જ્ઞાન, ચા-
રિત્ર અને તપરૂપ સદ્ધર્મનું આરાધન કરવાથીજ
તત્વતઃ ધર્માત્મા થઇ શકાય છે. પૂર્વે જે જે
અરિહંતાદિક પુન્યાત્માઓ થયા છે તે સહુ
ઉકત ધર્મની સેવા-આરાધના કરવાથીજ થયા
છે અને ભવિષ્યમાં પણ જે જે અરિહંતાદિક
પુણ્યાત્માઓ થશે તેઓ પણ પવિત્ર ધર્મની
સેવા-આરાધના કરવાથીજ થશે. એથી વર્ત-
માનકાલે આપણે પણ એજ પવિત્ર ધર્મનું

આરાધન કરવા ઉજમાળ રહેવું ઉચિત છે. ધર્મ ધર્મીજનોમાં નિવસે છે, તેથી ધર્મનું આરાધન કરવા ઇચ્છનારે ઉકત અરિહંતાદિક પવિત્ર ધર્માત્માઓનું પુષ્ટ આલંબન લેવું ખાસ ઉપયોગી છે. પવિત્ર ધર્મ પ્રાપ્તિનો એજ અતિ ઉત્તમ માર્ગ છે.

અરિહંતાદિક પવિત્ર ધર્માત્માઓના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે નિક્ષેપા પૂજનિક છે. જેમનો ભાવ પવિત્ર હોય છે તેમનાં જ નામ, સ્થાપના અને દ્રવ્ય પણ પવિત્ર કહ્યાં છે પણ બીજાનાં નહિં. તેથી અરિહંતાદિક પવિત્ર આત્માઓનું ભાવ સહિત નામ સ્મરણ કરવાથી, તેમની ( શાશ્વતી–અશાશ્વતી ) પ્રતિમાનાં દર્શનાદિક કરવાથી, તેમજ ત્રિકાલગત તેમના આત્મદ્રવ્યને નમસ્કારાદિ કરવાથી, આપણો આત્મા જાગૃત થાય છે. એટલે એ અરિહંતાદિકમાં જેવા ઉત્તમ ગુણો છે તેવાજ ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવા આપણો આ-

ત્મા ઉજમાળ થાય છે. જે ગુણો અરિહંતાદિક ને વ્યકતપણે (પ્રગટ) થયેલા છે તેવાને તે વાજ ગુણો આપણા પ્રત્યેક આત્મામાં શકિત (સત્તા) રૂપે તો રહેલાજ છે. યદ્યપિ તે ગુણો કર્મનાં આવરણથી ઢંકાઇ ગયેલા હોવાથી પ્રગટ દેખી શકાતા નથી, પરંતુ જો પ્રગટ ગુણી અ-રિહંત પરમાત્માદિકનું પુષ્ટ આલંબન લહીને કર્મનાં સઘળાં આવરણ દૂર કરી દેવામાં આવે તો પછી સ્વસત્તામાં રહેલા સમસ્ત ગુણો જે-વાને તેવા ઝળહળતા પ્રગટ થાય છે. એથીજ અવ્યકત ગુણી એવા આપણે સહુએ વ્યકત ગુણી એવા અરિહંતાદિક પરમેષ્ઠીનું દૃઢ આ-લંબન લેવું ઉચિતજ છે. જે જે કાર્ય વિવેક સહિત વિધિપૂર્વક કરવામાં આવે છે તે અલ્પ શ્રમે અદ્ભૂત લાભ મેળવી આપે છે. એટલા માટે પવિત્ર ધર્મકરણીનું સેવન કરનારે યથો-ચિત મર્યાદારૂપ વિધિ સાચવવા અને યદ્વા તદ્વા કરવારૂપ અવિધિ દોષ ટાળવા ખાસ

કાળજી રાખવી જોઇએ. જ્યારે જ્યારે શ્રી શત્રુંજય મહાતીર્થ જેવા પરમ પવિત્ર તીર્થ સ્થળોની સ્પર્શના-સેવના કરવા જેવો પુન્ય સંયોગ મળે ત્યારે ત્યારે લક્ષપૂર્વક જે કંઇ વિધિ સેવાનો ખપ કરવો જોઇએ અને અવિધિ દોષ ટાળવા જોઇએ તેનું દિગ્દર્શન પ્રસંગે પ્રસંગે આગળ બોધવચનરૂપે કરાવવામાં આવેલું છે, તે નિજ લક્ષ્યમાં રાખી લઇને, સ્વહિત માર્ગનો આદર કરવા સહુ ભવ્યાત્માઓને ખાસ ભલામણ છે. જો ખેતી કરનારા ખેડુત લોકો તેમનાં ક્ષેત્રને યથાવિધિ ખેડી, તેમાં ખાતર પ્રમુખ નાંખી, ખંતથી યથા અવસરે વાવણી કરે છે અને તેનો વિનાશ થવા ન દેતાં પ્રતિદિન તેની રક્ષા-પુષ્ટિ કરવા પૂરતી કાળજી રાખે છે તો પરિણામે તેમાંથી ઇચ્છિત લાભ મેળવી શકે છે. એ રીતે આપણે પણ જે જે ધર્મકરણી કરીએ તેનો યથાર્થ લાભ સંપાદન કરવા માટે એ ખેડુતની પેરે

ખરી ખંતથી પૂરતી સંભાળ રાખી રહેવાની ખાસ જરૂર છે. સુજ્ઞેષુ કિં બહુના ? ' ઇતિશમ્ '

—⁂—

## શ્રી શત્રુંજયાદિક પવિત્ર તીર્થોને ભેટવા જતાં ખાસ લક્ષમાં રાખવાનાં બોધવચન.

શ્રી શત્રુંજય, ગિરિનાર, અર્બુદાચલ ( આબુગઢ ) અને સમેત શિખર પ્રમુખ પવિત્ર તીર્થોને ભેટવા જતાં તેમજ ગમે તે ગામ, નગર, પુર, પાટણ પ્રમુખ સ્થળનાં અલંકારરૂપ શ્રી જિનચૈત્યો ( જિન મંદિરો તેમજ તેમાં પ્રતિષ્ઠિત થયેલાં જિનેશ્વરનાં બિંબો ) ને જુહારવા જતાં તથા મુનિજનોને વંદન કરવા જતાં યથાયોગ્ય પ્રવચન સારોદ્ધાર, પચાંશક, અને દેવવંદનભાષ્ય પ્રમુખ પવિત્ર શાસ્ત્રોમાં ફરમાવ્યા મુજબ આપણે નિસ્સિહી

પ્રમુખ દશત્રિકો બરાબર લક્ષ રાખીને સાચવવી જોઇએ. એટલે કે-૧ જિનમંદિરાદિકમાં દર્શનાદિક પ્રસંગે યથાસ્થાને ત્રણવાર 'નિસ્સિહી' તેનો પરમાર્થ સમજી લક્ષ્યપૂર્વક કહેવી જોઇએ. ૨, ચૈત્ય ફરતી ત્રણવાર 'પ્રદક્ષિણા' દેવી જોઇએ અને પ્રદક્ષિણા દેતાં કંઇ આશાતના જેવું નજરે પડે તો તે ટાળવા પ્રથમ પ્રબંધ કરવો જોઇએ ૩, ત્રણવાર આપણાં પાંચે અંગો નમાવીને પંચાંગ પ્રણામ કરવા જોઇએ ( પ્રથમ પ્રભુજી નજરે પડે એટલે તત્કાલ બે હાથ જોડી અંજલિબદ્ધ પ્રણામ કરવા, પછી નજદીક આવતાં અર્ધાંગ નમાવી અર્ધાવનત પ્રણામ કરવો ને છેવટે ચૈત્યવંદન કરતી વખતે પાંચે અંગ નમાવીને ત્રણવાર પંચાંગ પ્રણામ કરવો જોઇએ. ) ૪, ત્રણ પ્રકારની પૂજા ( અંગપૂજા, અગ્રપૂજા અને ભાવ પૂજા ) કરવી જોઇએ. ૫, પ્રભુની ત્રણ અવસ્થા ( છદ્મસ્થ અવસ્થા, કેવળી અવસ્થા અને

નિર્વાણ અવસ્થા ) ભાવવી જોઇએ. ૬, પ્રભુ શિવાયની ત્રણે દિશા તરફ જતી આપણી દ્રષ્ટિને સંવરી–નિયમમાં રાખીને પ્રભુની સન્મુખ જ સ્થાપી રાખવી જોઇએ. ૭, પ્રભુને પંચાંગ પ્રણામ કરતાં ત્રણવાર તેટલી ભૂમિનું પ્રમાર્જન કરવું જોઇએ. ૮, ચૈત્યવંદન કરતાં ઉચ્ચારવામાં આવતાં સૂત્રાદિકના શબ્દો શુદ્ધ બોલવા જોઇએ, તેના રહસ્યાર્થમાં ઉપયોગ રાખવો જોઇએ અને પ્રભુની મુખમુદ્રા તરફ પણ સારી રીતે લક્ષ્ય રાખવું જોઇએ. ૯, નમોત્થુણં કહેતાં યોગમુદ્રા કરવી જોઇએ. જાવંતિ ચેઇઆઇં, જાવંત કેવિ સાહૂ અને જયવીયરાય કહેતાં ' મુક્તાશુક્તિ મુદ્રા ' અને કાઉસ્સગ્ગ કરતાં ' જિનમુદ્રા ' કરવી જોઇએ. તથા છેવટે ૧૦, ચૈત્યવંદન સમયે જાવંતિ ચે૦, જાવંત કેવિ સાહુ અને જયવીયરાય એ 'ત્રણ પ્રણિધાન' બરાબર લક્ષ્ય પરોવી કહેવાં જોઇએ અથવા ચૈત્યવંદન સમયે મન વચન અને કાયાની એકાગ્રતા કરવી જોઇએ. એ દશે ત્રિકોનું અધિક સ્વરૂપ ભાષ્ય-

ત્રય નામના ગુજરાતી અર્થવાળા પુસ્તકમાંથી જોઇ જાણી, સમજી, અવિધિ દોષ ટાળવા અને વિધિ-માર્ગ આદરવા પૂરતો ખપ કરવો જોઇએ. ઉક્ત પવિત્ર સ્થલમાં દાખલ થતાં (પ્રવેશ કરતાં) પાંચ અભિગમ પાળવા પૂરતું લક્ષ રાખવું જોઇએ. તે આ રીતે-૧ આપણા ઉપયોગમાં લેવા યોગ્ય સચેત ( સચિત્ત ) વસ્તુનો ત્યાગ કરી દેવો જોઇએ,૨ શુદ્ધ વસ્ત્ર અલંકારાદિક અચેત(અચિત્ત) વસ્તુ સાથેજ રાખી લેવી જોઇએ. ૩ અખંડ ઉત્તરાસંગ (જનોઇના આકારે) નાંખીને પ્રવેશ કરવો જોઇએ. ૪ મનને એકાગ્ર કરીને અંદર પ્રવેશવું જોઇએ અને ૫ દેવ-ગુરૂ નજરે પડતાંજ બે હાથ જોડી મસ્તકે લગાડી નમસ્કાર કરવો જોઇએ. વળી રાજ્યચિન્હ રૂપ ગણાતાં ૧ છત્ર, ૨ ચામર, ૩ મુગટ, ૪ ખડ્ગ, તેમજ ૫ ઉપાનહ ( મોજડી પ્રમુખ ):બાહેર ઉતારી નાંખીનેજ અંદર પ્રવેશ કરવો જોઇએ. અન્યથા આપણા ઇષ્ટ દેવ-ગુરૂની આશાતના કરી લેખાય છે, દેવ-ગુરૂનાં દર્શન-

વંદન પૂજાદિક કરીને પાછાં વળતાં (બાહેર નિસ· રતાં) આપણા ઇષ્ટ દેવ–ગુરૂને પુંઠ વાળીને (પુંઠ દઇને) ચાલવું કરવું નહિ પણ વિવેકથી તેમને આપણી પુંઠ ન પડે એમ ઉપયોગ રાખીને મર્યાદા પૂર્વક પાછાં ફરવું જોઇએ. લૌકિકમાં પણ કોઇ શાહેનશાહ પ્રમુખ મ્હોટા માતબર લોકની સલામે ગયા હોય તેમને પણ સલામી લહી પાછા પગે ચાલવું પડે છે. તેમ છતાં કોઇ જાણતાં, અજાણતાં પુંઠ દઇને ચાલતું કે ચાલ્યું હોય તો તેણે તે માતબરનું અપમાન કર્યું લેખાય છે. જ્યારે આમ છે ત્યારે ત્રણ જગત્‌ના પરમ ઉપકારક ગુરૂ એવા આપણા ઇષ્ટ પ્રભુનો આપણે કેટલો બધો વિનય સાચવવો જોઇએ? આ બાબત લગારે ઉપેક્ષા કર્યા વગર સહુ કોઇ સજ્જનોએ વિશેષે કાળજી પૂર્વક ઉક્ત વ્યવહાર શુદ્ધિ સાચવવા ખાતર પૂરતો ખ્યાલ રાખવો જોઇએ. કોઈ પણ હિતકાર્ય ઉચિત વિવેક પૂર્વક કરવાથીજ વ્યવહાર શુદ્ધિ પળે છે. શ્રી શત્રુંજયાદિક 'પવિત્ર તીર્થોની સ્પર્શના' કરતી

વખતે, અને ગમે તે સ્થળે દેવાધિદેવ ( વીતરાગ પરમાત્મા ) ને જૂહારતી વખતે તેમજ બ્રહ્મચર્ય, નિઃસંગતા પ્રમુખ ઉત્તમ ગુણોથી અલંકૃત આચાર્યાદિક પવિત્ર આત્માઓનાં દર્શન કરવા અર્થે તેઓની સમીપે જતાં ખુલ્લાં ( અલવાણાં ) પગે Barefooted ચાલીને જવું જોઇએ. તેવા પવિત્ર સ્થળે ચાલતાં જતાં અને ગયા બાદ હૃદયમાં તેમના પવિત્ર ગુણોનુંજ સતત્ સ્મરણ અને બની શકે તેટલું સદ્ગુણોનું અનુકરણ કરવું જોઇએ. તીર્થાદિક પવિત્ર સ્થલે પુન્યયોગે આવી તે તીર્થાદિકની સારી રીતે સેવા કરવી જોઇએ પણ દેહાદિક જડ વસ્તુઓ ઉપર મોહ મમતા રાખીને, સુખશીલ થઇ કેવળ બેસી રહેવું નહિં જોઇએ અથવા ઇન્દ્રિયાદિકની લગામ મોકળી મૂકી દઇ સ્વેચ્છાએ મ્હાલવું નહિ જોઇએ. જે પામર જીવો તીર્થસ્થળમાં આવી લાભ લઇ જવાને બદલે ઉલટો અવળો વ્યાપાર કરીને તોટો બાંધે છે તે હતભાગ્ય જનોનો કયાંય છૂટકો થતો નથી એમ દીલમાં વિચારી સુજ્ઞ જનોએ દુષ્ટ

પ્રમાદાચરણુ તજી, પોતાનું લક્ષ સુધારી સુકૃત ઉપાર્જન કરી લેવા શીઘ્ર સાવધાન થઇ રહેવું જોઇએ. કદાચ કોઇ કુકર્મવશાત્ અવળે રસ્તે દોરાયા હોય છતાં શ્રી શત્રુંજય જેવા પરમ પવિત્ર તીર્થસ્થલનો સાચા તન મનથી દૃઢ આશ્રય કરી, ફરી ધર્મ સન્મુખ થયાથી પાપી જીવો પણ પાવન થઇ જાય છે. જૂઓ ! અન્યત્ર કહ્યું છે કે “ ચ્યાર હત્યારા નર પરદારા, દેવ ગુરૂ દ્રવ્ય ચોરી ખાવે; ચૈત્રી કાર્તિકી પૂનમ જાત્રા, તપ જપ ધ્યાનથી કમ જલાવે, ગિરિવર દર્શન વિરલા પાવે. ” મતલબ કે ધર્મજ એક અશરણુને શરણુ આપનાર અને અધમનો પણુ ઉદ્ધાર કરનાર નિષ્કારણુ બંધુ સમાન છે. અત્ર પ્રસ્તાવે શત્રુંજય માહાત્મ્યમાં વિસ્તારથી વર્ણવેલું કંડુ રાજાનું ચરિત્ર મનન પૂર્વક વાંચી ધડો લેવા જેવું છે. તેમાં પ્રસંગે કહ્યું છે કે “ધર્મનાજ પ્રભાવે સુખસાહેબી પામીને જે કોઇ કૃતઘ્ન એજ ધર્મનો અનાદર કરે છે તે સ્વસ્વામીદ્રોહ કરનાર પાપી પ્રાણીનું ભવિષ્ય શી રીતે સુધરી

શકશે ? નહિંજ સુધરી શકે. ” આવાં માર્મિક ( ઊંડી અસર કરનારાં ) વચનોથી જેમ કંડુ રાજા જાગ્રત્ થઈ ગયો હતો તેમ ભવભીરૂ જનોએ પણ જાગૃત્ થવું જોઇએ. નહિંતો “ લગન વેળા ગઇ ઉંઘમાં પછી વર પસ્તાય ” એના જેવું બનશે. શાણાં માણસોને આટલી શિખામણ પણ બસ છે. સંસારિક પાપ–આરંભમાં રગદોળાયાથી મલીન થઇ ગયા છતાં છેવટે નિર્મળ થવા ઇચ્છતા ભવ્ય જનોએ પવિત્ર તીર્થસ્થળમાં આવીને અદ્‌ભૂત વીર્યોલ્લાસથી પ્રભુપ્રતિમાનું અથવા નિર્ગ્રંથ સાધુ પુરૂષાદિકનું ઉત્તમ આલંબન લહી, સ્થિર ચિત્તથી ચપલતા રહિત પ્રેમપૂર્વક રૂચિ બહુમાન સહિત શુદ્ધ સનાતન માર્ગ આદરવો જોઈએ. અને અનાદિ કાળથી દ્રઢ રૂઢ થયેલા દોષજાળનો ઉચ્છેદ કરવા પ્રબળ પુરૂષાર્થ સેવવો જોઇએ. શત્રુંજયાદિક મહાતીર્થના ઉચ્ચ પ્રદેશમાં આવી સદ્ગુરૂનાં ચરણમાં આધીન રહી, યથાશક્તિ તપ જપ સંયમ વડે અનાદિ કર્મમળનો ક્ષય કરવા ઉજમાળ થવું

જોઇએ. પૂર્વે અનંત આત્માઓએ પવિત્ર રત્ન-ત્રયીનું યથાર્થ આરાધન કરી જેમ સકળ કર્મનો ક્ષય કરી શાશ્વત સુખ મેળવ્યું છે તેમ વર્તમાન સમયે પણ ભાવિક જનોએ પવિત્ર ધર્મનું આરાધન કરી લેવા લક્ષ રાખવું જોઇએ. શાશ્વત મોક્ષ સુખ મેળવવું એજ આપણું સાધ્ય બિંદુ હોવું જોઇએ અને એ શાશ્વત સુખનોજ સાચો ઉપાય ગવેષીને આપણે પ્રમાદ રહિત આદરવો જોઇએ.

## સર્વજ્ઞ ભાષિત શાશ્વત–મોક્ષ સુખ મેળવવાનો ખરો અકસીર ઉપાય કયો છે ?

તત્ત્વાર્થ સૂત્રકાર કહે છે તેમ સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનું સેવન કરવું એ મોક્ષપ્રાપ્તિનો ખરો અકસીર ઉપાય છે. શ્રી જિનેશ્વર ભગવાને ( સર્વજ્ઞ પરમાત્માએ ) ભાખેલાં

તત્વોમાં યથાર્થ શ્રદ્ધાન રાખવું તે સમ્યગ્ દર્શન યા સમ્યકત્વ કહેવાય છે તે તત્વોનો નિર્મળ ( ચોખ્ખો શંકા રહિત ) બોધ મેળવવો તે સમ્યગ્ જ્ઞાન અને એ ઉભયના પરિણામે તજવા યોગ્યનો ત્યાગ અને આદરવા યોગ્યનો આદર કરવો એ સમ્યક્ ચારિત્ર કહ્યું છે. અથવા આત્માની અનંત ગુણ વિભૂતિ (સત્તાગત ગુણ સમૃદ્ધિ)-ની ચોક્કસ પ્રતીતિ થવી તે સમ્યકૂત્વ, તેનું યથાર્થ ભાન થવું તે જ્ઞાન અને એ ઉભયના પરિણામે સ્વરૂપ સ્થિરતા કહો કે નિજ ગુણમાંજ રમણતા થવી તે ચારિત્ર. એ રીતે આત્મશ્રદ્ધા આત્મજ્ઞાન અને આત્મરમણતારૂપ રત્નત્રયીનું યથાવિધિ સેવન કરવું એજ મોક્ષનો ખરો ઉપાય છે.

' શત્રુંજયાદિક મહાતીર્થાદિકનું સેવન પણ એજ હેતુથી કરવાનું છે. પૂર્વોક્ત રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ પામવા માટેજ અને એમાંજ આગળ વધવા માટે શુદ્ધ દેવ ગુરૂનાં, સત્પુરૂષોનાં,

શત્રુંજયાદિક પાવન તીર્થોનાં; તેમજ તેમાં પાવન થવા આવતા અને આવેલા શાસન રસિક એવા ચતુર્વિધ સંઘનાં દર્શન, વંદન, પૂજન, બહુ માનાદિક સદ્‌ભાવથી કરવાનાં છે. એવું ઉત્તમ લક્ષ્ય ભાવિક યાત્રિકોએ સદાય રાખી રહેવાનું છે-ભૂલવાનું નથી. લક્ષ્ય વગરની કરાતી કરણી એકડા વગરના મીંડા જેવી કહી છે. પવિત્ર તીર્થસ્થળોમાં પુન્યયોગે અનાયાસે અથવા અલ્પશ્રમે પ્રાપ્ત થતો સત્‌સમાગમનો અપૂર્વ લાભ લહી બને તેટલી તત્વગવેષણા કરવી, સ્વશંકા સ્થળોનું સમાધાન મેળવી નિઃશંક થાવું, એ રીતે તત્વજ્ઞાનવડે આત્મ શ્રદ્ધારૂપ સમકિતનો પાયો મજબુત રચી તે ઉપર યથાશકિત-વ્રત નિયમ અંગીકાર કરી લેવા રૂપ શુભ ઇમારતનું ચણતર કરવું બહુજ હિતકારી છે. પણ આ બધું જો કલ્પિત સુખની ઇચ્છા-કામના તજી ( નિષ્કામપણે ) કરવામાં આવે તોજ પરિણામે તે અક્ષય મોક્ષ

સુખ આપવાવાળું થઇ શકે છે. ક્ષણિક અને કલ્પિત સુખની આશાથી ધર્મકરણી કરવી એ તો બોર જેવા તુચ્છ વસ્તુની ખાતર ચિંતામણિ રત્ન જેવી અમૂલ્ય વસ્તુ વેચી દેવા જેવું થાય છે. એમ સમજીને જે મોક્ષના અર્થી મુમુક્ષુ જનો છે તે આ લોક-પરલોક સંબંધી ક્ષણિક અને કલ્પિત સુખની ઇચ્છા કે આશા રાખ્યા વગ-રજ કેવળ નિષ્કામપણેજ ધર્મસાધના કરે છે. એજ શુદ્ધ માર્ગ ખરેખર અનુમોદવા યોગ્ય અને હિતકારક વખાણ્યો છે.

વેદાદિક અન્ય શાસ્ત્રોમાં પણ મોક્ષના ઉપાય તરીકે કહેવામાં આવેલું કંઇક અત્ર પ્રસંગોપાત જણાવવામાં આવે છે. તેમાં કહ્યું છે કે "મોક્ષ સુખ મેળવવાનો ઉપાય પરમાત્મ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થવું એજ છે" અત્ર પ્રસ્તાવે 'પ્રભુપણે પ્રભુ ઓળખીરે, અમલ વિમલ ગુણ ગેહ; સાધ્ય દૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ' ઇત્યાદિક આપ્તવચનો

તેનું સમર્થન કરે છે. "મનનો લય કરવો એ પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન થવાનો ઉપાય છે." અને "શુદ્ધ નિષ્કામપણે કર્મ ઉપાસના કરવી એ મનના લયનો ઉપાય છે."

"આ સર્વ જગત્ વિનાશી છે તેમ વિ-ચારપૂર્વક જાણવું અને અનુભવવું અને તેવો દૃઢ નિશ્ચય કરવો એ નિષ્કામ થવાનો ઉપાય છે. (શાન્ત સુધારસ ભાવનામાં પણ એવોજ ઉદાર આશય જણાવેલો છે અને એજ ભાવનું અનેક મહાશયોએ અનેક રીતે સમર્થન કરેલું જણાય છે. જેમકે—

"તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ,
તેહિજ જ્ઞાન અને ચારિત્ર તેહ છે જી.
તેહથી જાયે સઘળાં હો પાપ,
ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછે જી.

ઇત્યાદિક અનેક સૂક્ત વચનો અત્ર સમર્થન રૂપે કહી શકાય તેમ છે. છતાં સ્થળ સંકો-ચથી કહેવામાં આવ્યા નથી.

# "સંક્ષેપમાં તીર્થ શબ્દનો અર્થ અને આપણું હિત કર્તવ્ય."

જે ભવ્યજનોને તારે અથવા તરવાનું સામર્થ્ય આપે, જેનાવડે ભવ્યજનો ભવ સાયર તરી પેલે પાર જઇ શકે તે તીર્થ સ્થાવર અને જંગમ બે પ્રકારનાં છે. તેમાં શ્રીશત્રુંજયાદિક સ્થાવર તીર્થો છે ત્યારે જિનશાસન રસિક ગણનાયક ગણધર પ્રમુખ ચતુર્વિધ સંઘ જંગમતીર્થરૂપ ગણાય છે. મોક્ષાર્થી જનોએ એ ઉભય તીર્થનો યથાયોગ્ય વિનય સત્કાર કરવો પરમ હિતરૂપ છે. બંને પ્રકારના તીર્થમાંથી કોઇનો પણ અનાદર કરવો તો યોગ્ય નથીજ. વિકથાદિક પ્રમાદાચરણનો ત્યાગ કરી ઉક્ત તીર્થોનો સર્વ પ્રકારે લાભ લેવા પ્રયત્નશીલ થવું એ આ મનુષ્ય જન્માદિક દુર્લભ સામગ્રી પામ્યાનું ઉત્તમોઉત્તમ ફળ સમજવાનું છે. સુજ્ઞેષુ કિં બહુના ! આ માનવ ભવમાંજ આવું ઉત્તમોત્તમ

ફળ મેળવવા આપણે ભાગ્યશાળી થઇ શકીએ. તે માટે શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ ઉપર શુદ્ધ અવિહડ પ્રીતિ-ભક્તિભાવ જગાવવાની પૂરી જરૂર છે. વારૂ ત્યારે,

## શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પ્રત્યે કેવી અવિહડ પ્રીતિ-ભક્તિ જાગવી જોઇએ ?

ચકોર પક્ષી જેવી પ્રીતિ ચંદ્ર પ્રત્યે દાખવે છે, અને સુરભિ ગાય જેવી પ્રીતિ પોતાના વાછડા તરફ દાખવે છે તેવી સાચી અંતરંગ પ્રીતિ ધર્મસાધન તરફ જાગ્રત થવી જોઇએ. જેવો પ્રેમ ઉત્તમ સતી પોતાના સ્વામી તરફ દાખવે છે, જેવો પ્રેમ સુપુત્ર પોતાના સુખદાયી માતપિતા તરફ દાખવે છે અને જેવો પ્રેમ શુદ્ધ સાહિત્ય-શાસ્ત્રપ્રેમી ( સહૃદય આત્મા ) શાસ્ત્ર પ્રત્યે દાખવે છે તેવો સાચો સ્વાભાવિક પ્રેમ શુદ્ધ દેવગુરૂ પ્રત્યે જાગ્રત્ થવો જોઇએ. જ્યારે વિશુદ્ધ પ્રેમથી આપણી સાતે ધાત

રંગાઇ જાય, જ્યારે શુદ્ધદેવ ગુરૂ અને ધર્મની ખાતર ગમે તેટલો સ્વાર્થત્યાગ કરવા આત્મા તૈયાર થાય, પાછી પાની ન કરે, યાવત્ ધર્મની રક્ષા માટે પ્રાણાર્પણ પણ કરતાં સંકોચાય નહિં અને સર્વ રીતે સર્વ પ્રયત્ને સર્વથા ધર્મનીજ રક્ષા કરે ત્યારેજ આત્મા આ માનવ ભવનું ઉત્તમોત્તમ ફળ મેળવવા ભાગ્યશાળી થઈ શકે. ઇતિશમ્.

લેખક પવિત્ર–શાસનરાગી કર્પૂરવિજય.

## શ્રી શત્રુંજય તીર્થનાં ઉત્તમ ૨૧ નામ ગર્ભિત ચૈત્યવંદન.

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ;
મન વચ કાય એકાગ્રશું, નામ જપો એકવીશ.
શત્રુંજય[૧] ગિરિ વંદિયે, બાહુબલિ[૨] ગુણધામ;
મરૂદેવ[૩] ને પુંડરીકગિરિ,[૪] રૈવતગિરિ[૫] વિશરામ.
વિમલાચલ[૬] સિદ્ધરાજજી,[૭] નામ ભગીરથ[૮] સાર;

સિદ્ધક્ષેત્ર[૯] ને સહસ્ર કમલ,[૧૦] મુક્તિનિલય[૧૧] જયકાર.
સિદ્ધાચલ[૧૨] શતકૂટગિરિ,[૧૩] ઢંક[૧૪] ને કોડિનિવાસ;[૧૫]
કદંબગિરિ,[૧૬] લોહિત્ય[૧૭] નમો, તાલધ્વજ[૧૮] પુણ્યરાશ.[૧૯]
મહાબલ[૨૦] ને દઢશક્તિ[૨૧] સહી, એમ એકવીશ નામ;
સાતે શુદ્ધિ સમાચારી, કરિયે નિત્ય પ્રણામ.
[૧]દગ્ધ [૨]શૂન્ય ને [૩]અવિધિદોષ, [૪]અતિ પ્રવૃત્તિ જેહ;
ચાર દોષ છંડી ભજો, ભક્તિ ભાવ ગુણગેહ.
મનુષ્ય જન્મ પામી કરી, સદ્ગુરૂ તીરથ યોગ;
શ્રી શુભવીરને શાસને, શિવરમણી સંયોગ.

---

૧ ધર્મકરણી કરતાં અન્ય બાબતમાં મનનો ક્ષેપ વિક્ષેપ કરવો. ૨ ઉપયોગ શૂન્ય જડવત્ સંમૂર્ચ્છિમની પેરે કરણી કરવી. ૩ જે કરણી જેમ કરવી કહી હોય તે ઉલટસુલટ સ્વમતિથી કરવી ૪ સ્વશક્તિ તપાસ્યા વિના તેમજ શાસ્ત્ર મર્યાદા ઉલ્લંઘીને કરણી કરવી. સાધુએ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને લક્ષમાં રાખીને યથાશક્તિ સંયમમાર્ગ સેવવો જોઇએ, તેમ નહિં કરતાં દિગંબરોની પેરે પ્રવર્તવું તે અતિ પ્રવૃત્તિ.

## શ્રી ગૌતમાય નમઃ

# અથ શ્રીસિદ્ધગિરિસ્તુતિઃ

### દોહા-૧૦૮

શ્રીઆદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ;
પરમાતમ પરમેસરૂ, પ્રણુમું પરમ મુનીશ. ૧
જય જય જગપતિ જ્ઞાનભાન, ભાસિત લોકાલોક;
શુદ્ધસ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુરથોક. ૨
શ્રીસિદ્ધાચલ મંડણો, નાભિનરેસર નંદ;
મિથ્યામતિ મત ભંજણો, ભવિકુમુદાકર ચંદ. ૩
પૂર્વ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણુમિયે, ભકતે જોડી હાથ. ૪
અનંત જીવ ઇણુ ગિરિવરે, પામ્યા ભવને પાર;
તે સિદ્ધાચલ પ્રણુમિયે, લહિયે મંગલમાલ. ૫
જસ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણુમિયે ઋદ્ધિ સદા સુખવૃંદ. ૬
મહિમા જેહનો દાખવા, સુરગુરૂ પણુ મતિમંદ;
તે તીરથેશ્વર પ્રણુમીએ, પ્રગટે સહજાનંદ. ૭

સત્તાધર્મ સમારવા, કારણ જેહ પડૂર;
તે તીરથેશ્વર પ્રણમીએ, નાસે અઘ સવિ દૂર. ૮
કર્મકાટ સવિ ટાલવા, જેહનું ધ્યાન હુતાશ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામીજે સુખવાસ. ૯
પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, પાતક દૂર પલાય. ૧૦
શ્રદ્ધાભાસન રમણતા, રત્નત્રયીનું હેતુ;
તે તીરથેશ્વર પ્રણમીયે, [1]ભવ મકરાકર સેતુ. ૧૧
મહાપાપી પણ વિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સુર નર જસ ગુણ ગાય. ૧૨
પુંડરીક ગણધર પ્રમુખ; સિધ્યા સાધુ અનેક;
તે તીરથેશ્વર પ્રણમીયે, આણી હૃદય વિવેક. ૧૩
ચંદ્રશેખર સ્વસાપતિ, [2]જેહને સંગે સિદ્ધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામી જે નિજ ઋદ્ધ. ૧૪
જલચર ખેચર તિરિય સવે, પામ્યા આતમ ભાવ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ભવજલ તારણ નાવ. ૧૫

---

૧ ભવસાગર તરવા સેતુ સમાન. ૨ સ્વભગિનીનો ભોગી.

સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, છેદીજે ગતિચાર. ૧૬
પુષ્ટિશુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, મિથ્યામતિ સવિ જાય. ૧૭
સુરતરૂ[1] સુરમણિ[2] સુરગવી[3], સુરઘટ[4] સમજસ ધ્યાવ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ. ૧૮
સુરલોકે સુરસુંદરી, મળી મળી થોકે થોક;
તે તીરથેશ્વર પ્રણમીયે, ગાવે જેહના [5]શ્લોક. ૧૯
યોગીશ્વર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન;
તે તીરથેશ્વર પ્રણમીયે, હુઆ અનુભવ રસ લીન. ૨૦
માનું ગગને સૂર્ય શશી, દિયે પ્રદક્ષિણા નિત્ય;
તે તીરથેશ્વર પ્રણમીયે, મહિમા દેખણ ચિત્ત. ૨૧
સુર અસુર નર કિન્નરા, રહે છે જેહની પાસ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામે લીલવિલાસ. ૨૨

---

૧ કલ્પવૃક્ષ. ૨ ચિન્તામણિ. ૩ કામધેનુ. ૪ કામકુંભ. ૫ ગુણ-વર્ણન.

મંગલકારી જેહની, મૃત્તિકા [૧]હારિ ભેટ;
તે તીરથેશ્વર પ્રણમીયે, કુમતિ કદાગ્રહ મેટ. ૨૩
કુમતિ [૨]કૌશિક જેહને, દેખી ઝાંખા થાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સવિ તસ મહિમા
ગાય. ૨૪
સૂરજ કુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, જસ મહિમા ન
કહાય. ૨૫
સુંદર ટુંક સોહામણી, મેરૂસમ પ્રાસાદ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દૂર ટલે વિખવાદ. ૨૬
દ્રવ્ય ભાવ વૈરી તણા, જિહાં આવે હોય શાંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, જાયે ભવની ભ્રાંત. ૨૭
જગહિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જસ મહિમા ઉદ્દામ. ૨૮
નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યા મળ ધોવાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સવી જનને સુખદાય. ૨૯

---

૧ મનોહર ૨ ઘુવડ

આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક;
તે તીરથેશ્વર પ્રણુમીયે, જિહાં નવિ આવે કાક.૩૦
સિદ્ધશિલા [1]તપનીય મય, રત્નસ્ફાટિક ખાણુ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામ્યા કેવલનાણુ ૩૧
સોવન રૂપા રત્નની, ઔષધિ જાત અનેક;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ન રહે પાતક એક. ૩૨
સંયમધારી સંયમે, પાવન હોય જિણુ ખેત્ર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, દેવા નિર્મલ નેત્ર ૩૩
શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઉત્સવ પૂજા સ્નાત્ર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પોષે પાત્ર સુપાત્ર. ૩૪
સાહુમ્મીવત્સલ પુણ્ય જિહાં,અનંત ગણું કહેવાય.
તે તીરથેશ્વર પ્રણુમીયે, સોવન ફૂલ વધાય. ૩૫
સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત
તે તીરથેશ્વર પ્રણુમીયે, ત્રિભુવનમાંહે વિદિત[2] ૩૬
પાલીતાણું પુર ભલું, સરોવર સુંદર પાલ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, જાયે સકલ જંજાલ. ૩૭

---

૧ સુવર્ણમય. ૨ પ્રસિદ્ધ-પ્રખ્યાત

મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, ગુણ ગુણભાવ લખાય;
જેણે ગિરિ રૂંખ સોહામણાં, કુંડે નિર્મલ નીર;
તે તીરથેશ્વર પ્રણમીયે, ઉતારે ભવતીર.[1] ૩૯
મુકિતમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ;
તે તીરથેશ્વર પ્રણમીયે, લહિયે શિવપુર રાજ. ૪૦
કર્મ કોટિ અઘ વિકટભટ, દેખી ધ્રુજે અંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દિન દિન ચઢતે રંગ.
ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જિનવર ગીત;
તે તીરથેશ્વર પ્રણમીયે, સુખે શાસનરીત. ૪૨
કવડ યક્ષ રખવાલ જસ, અહોનિશ રહે હજુર;
તે તીરથેશ્વર પ્રણમીયે, અસુરાં[2] રાખે દૂર. ૪૩
ચિત્ત ચાતુરી ચક્કેસરી, વિઘ્ન વિનાસણહાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, સંઘ તણી કરે સાર. ૪૪
સુરવરમાં મઘવા[3] યથા, ગ્રહગણમાં જિમ ચંદ;
તે તીરથેશ્વર પ્રણમીયે, તિમ સાવ તારથ ઈંદ.૪૫

૧ ભવપાર. ૨ હલકા દેવ. ૩ ઇન્દ્ર

દીઠે દુર્ગતિ વારણો, સમર્યાં સારે કાજ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, સવિ તીરથ શિરતાજ.

પુંડરીક પંચ કોડીશું, પામ્યા કેવલનાણ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, કર્મ તણી હોય હાણ.

મુનિવર કોડી દસસહિત, દ્રાવિડ ને વારિખેણ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ચઢિયા શિવ નિશ્રેણ ૪૮

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડી મુનિ સાથ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામ્યા શિવપુર આથ.

ઋષભવંશીય નરપતિ ઘણા, ઇણે ગિરિ પહોતા મોક્ષ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ટાલ્યા ઘાતિકદોષ. ૫૦

રામ ભરત બિહું બાંધવા, ત્રણ કોડી મુનિયુત્ત;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ઇણેગિરિ શિવ સંપત્ત

નારદ મુનિવર નિર્મલો, સાધુ એકાણું લાખ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પ્રવચન પ્રગટ એ ભાખ.

સાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડિ આઠ કોડી;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પૂર્વકર્મ વિછોડી. ૫૩

થાવચ્ચાસુત સહસશું, અણુસણુ રંગે કીધ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, વેગે શિવપદ લીધ. ૫૪
શુક પરમાચારજ વળી, એક સહુસ અંણુગાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામ્યા શિવપુર દ્વાર.
શૈલ સૂરિ મુનિ પાંચસે, સહિત હુઆ શિવનાહ[1];
તે તીરથેશ્વર પ્રણુમીયે, અંગે ધરી ઉત્સાહ. ૫૬
ઇમ બહુ સિધ્યા ઇણે ગિરે, કહેતાં નાવે પાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, શાસ્ત્રમાંહે અધિકાર. ૫૭
બીજ ઇહાં સમકિત તણું, રોપે આતમ ભોમ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ટાલે પાતક સ્તોમ.[2]
બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ[3] ગોહત્યા, પાપે ભારિત જેહ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પહોતા શિવપુર ગેહ.
જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, તીર્થમાંહે ઉક્કિઠ.[4] ૬૦
ધન ધન સોરઠ દેશ જિહાં, તીરથમાંહે સાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, [5]જનપદમાં શિરદાર. ૬૧

---

૧ નાથ. ૨ સમુદાય. ૩ બાળ–ગર્ભ. ૪ ઉત્કૃષ્ટ. ૫ દેશ.

અહોનિશ આવત ઢુંકડા, તે પણ જેહને સંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે; પામ્યા શિવ વધુ રંગ.૬૨
વિરાધક જિન આણના, તે પણ હુવા વિશુદ્ધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામ્યા નિર્મલ બુદ્ધ. ૬૩
મહામ્લેચ્છ શાસન રિપુ, તે પણ હુઆ ઉપસંત;[1]
તે તીરથેશ્વર પ્રણમીયે, મહિમા દેખી અનંત. ૬૪
મંત્ર યોગ અંજન સવે, સિદ્ધ હુવે જિણ ઠામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પાતકહારી નામ. ૬૫
સુમતિ સુધારસ વરસતે, કર્મદાવાનલ સંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ઉપશમ તસ ઉલ્લસંત.૬૬
શ્રુતધર નિતુ નિતુ ઉપદિશે, તત્વાતત્વ વિચાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, ગ્રહે ગુણયુત શ્રોતાર.[2]૬૭
પ્રિયમેલક ગુણગણતણું, કીરતિકમલા[3] સિંધુ;
તે તીરથેશ્વર પ્રણમીયે, કલિકાલે જગબંધુ. ૬૮
શ્રી શાંતિ તારણ તરણ, જેહની ભક્તિ વિશાલ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દિન દિન મંગલમાલ.૬૯

---

૧ ઉપશાન્ત. ૨ સાંભળનાર. ૩ લક્ષ્મી.

શ્વેતધ્વજા જસ ફરકતી, ભાખે ભવિને એમ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ભ્રમણ કરો છો કેમ ? ૭૦
સાધક સિદ્ધદશા ભણી, આરાધે એક ચિત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, સાધન પરમ પવિત્ત. ૭૧
સંઘપતિ થઇ એહની, જે કરે ભાવે યાત્ર;
તે તીરથેશ્વર પ્રણમીયે, તસ હોય નિરમલ ગાત્ર. ૭૨
શુદ્ધાતમ ગુણ રમણતા, પ્રગટે જેહને સંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જેહનો જસ અભંગ. ૭૩
રાયણવૃક્ષ સોહામણો, જિહાં જિનેશ્વર પાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સેવે સુરનરરાય. ૭૪
પગલાં પૂજી ઋષભનાં, ઉપશમ જેહને ચંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, સમતા પાવન અંગ. ૭૫
વિદ્યાધરજ મલે બહુ, વિચરે ગિરિવર શ્રૃંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ચઢતે નવરસ રંગ. ૭૬
માલતી મોઘર કેતકી, પરિમલ મોહે ભૃંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પૂજે ભવિ એકંગ. ૭૭
અજિત જિનેસર જિહાં રહ્યા, ચોમાસું ગુણગેહ;
તે તીરથેશ્વર પ્રણમીયે, આણી અવિહડ નેહ. ૭૮

શાંતિ જિનેસર સોલમા, સોલ કષાય કરી અંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ચાતુરમાસ રહંત. ૭૯
નેમ વિના જિનવર સવે, આવ્યા છે જિણ ઠામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, શુદ્ધ કરે પરિણામ. ૮૦
નમિ નેમિ જિન અંતરે, અજિતશાંતિ સ્તવકીધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, નંદિષેણ પ્રસિદ્ધ. ૮૧
ગણધર-મુનિઉવજઝાય તિમ, લાભ લહ્યા કેઈ લાખ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જ્ઞાન અમૃતરસ ચાખ. ૮૨
નિત્ય ઘંટા ટંકારવે,, રણઝણે ઝલ્લરી નાદ;
તે તીરથેશ્વર પ્રણમીયે, મણિમય મૂરતિ સાર. ૮૪
ચૌમુખ ચઉગતિ દુઃખ હરે સોવનમય સુવિહાર;[1]
તે તીરથેશ્વર પ્રણમીયે, અક્ષય સુખ દાતાર. ૮૫
ઇત્યાદિક મહોટા કહ્યા, સોલ ઉદ્ધાર સફાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, લઘુ અસંખ્ય વિચાર.
દ્રવ્યભાવ વૈરી તણો, જેહથી થાયે અંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, શત્રુંજય સમરંત. ૮૭

---

૧ સુંદર પ્રાસાદ–જિનભુવન.

પુંડરીક ગણધર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પુંડરીક ગિરિ નામ. ૮૮
કાંકરે કાંકરે ઇણે ગિરિ, સિદ્ધ હુઆ સુપવિત્ત;
ત તીરથેશ્વર પ્રણમીયે, સિદ્ધખેત્ર સમચિત્ત. ૮૯
મલ દ્રવ્યભાવ વિશેષથી, જેહુથી જાયે દૂર;
તે તીરથેશ્વર પ્રણમીયે, વિમલાચલ સુખપૂર. ૯૦
સુરવરા બહુ જે ગિરે, નિવસે નિરમલ ઠાણ;
તે તીરથેશ્વર પ્રણમીયે, સુરગિરિ નામ પ્રમાણ.૯૧
પરવત સહુમાંહે વડો, મહાગિરિ તેણે કહંત;
તે તીરથેશ્વર પ્રણમીયે, દરશન લહે પુણ્યવંત.૯૨
પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;
તે તીરથેશ્વર પ્રણમીયે, નામ ભલું પુણ્ય રાશ.૯૩
લક્ષ્મીદેવી જે ભણ્યો, કુંડે કમલ નિવાસ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પદ્મનામ સુવાસ. ૯૪
સવિ ગિરિમાં સુરપતિ સમો, પાતક પંક વિલાત;
તે તીરથેશ્વર પ્રણમીયે, પર્વત ઇંદ્ર વિખ્યાત. ૯૫
ત્રિભુવનમાં તીરથ સવે, તેમાં મોટો એહ;
તે તીરથેશ્વર પ્રણમીયે, મહાતીરથ જસ રેહ. ૯૬

આદિ અંત નહિં જેહની; કોઇ કાલે ન વિલાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, શાશ્વતગિરિ કહેવાય. ૯૭
ભદ્ર ભલા જે ગિરિવરે, આવ્યા હોય અપાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, નામ સુભદ્ર સંભાર. ૯૮
વીર્યવધે શુભ સાધુને, પામી તીરથ ભક્તિ;
તે તીરથેશ્વર પ્રણમીયે, નામે જે દૃઢશક્તિ. ૯૯
શિવગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન;
તે તીરથેશ્વર પ્રણમીયે, મુક્તિનિલયગુણ ખાણ. ૧૦૦
ચંદ સુરજ સમકિતધરા, સેવ કરે શુભ ચિત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, પુષ્પદંત વિદિત. ૧૦૧
ભિન્ન રહે ભવજલ થકી, જે ગિરિ લહે નિવાસ;
તે તીરથેશ્વર પ્રણમીયે, મહાપદ્મ સુવિલાસ. ૧૦૨
ભૂમિધરા જે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ;[1]
તે તીરથેશ્વર પ્રણમીયે, પૃથિવી પીઠ અનીહ. ૧૦૩
મંગલ સવિ મલવાતણું, પીઠ એહ અભિરામ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ભદ્રપીઠ જસ નામ. ૧૦૪

૧ મર્યાદા.

મૂલ જસ પાતાલમેં, રત્નમય મનોહાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પાતાલ મૂલ વિચાર.૧૦૫
કર્મ ક્ષય હોયે જિહાં, હોય સિદ્ધ સુખકેલ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, અકર્મ કરે મન મેલ.૧૦૬
કામિત સવિ પૂરણુ હોયે, જેહનું દરિસણુ પામ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, સર્વકામ મન ઠામ ૧૦૭
ઇત્યાદિક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર;
જે સમર્યા પાતક હરે, આતમ શક્તિ અનુહાર.

## કળશ.

ઈમ તીર્થ નાયક, સ્તવન લાયક, સંથુણ્યો શ્રીસિદ્ધગિરિ, અઠોત્તરસય ગાહ સ્તવને, પ્રેમ ભકતે મનધરી; શ્રી કલ્યાણુસાગર સૂરિ શિષ્યે, શુભ જગીશે સુખકરી; પુણ્યમહોદય સકલ મંગલ, વેલી સુજસે જયસિરી. ઇતિ સિદ્ધ ગિરિ સ્તુતિ સંબંધી ૧૦૮ દોહા સંપૂર્ણ.

# શ્રી શત્રુંજય તીર્થ સંબંધી એકવીશ નામના ગુણ ગર્ભિત એકવીશ ખમાસમણ આપવાના દોહા.

(૧) સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર; મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વારહજાર. ૧. [૧]અંગ [૨]વસન [૩]મન [૪]ભૂમિકા, [૫]પૂજોપગરણ સાર; [૬]ન્યાયદ્રવ્ય [૭]વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨. કાર્તિકશુદિ પુનમ દિને, દશ કોટી પરિવાર; દ્રાવિડ વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર ૩. તિણે કારણ કાર્તિક દિને, સંઘ સયલ પરિવાર; આદિ જિન સનમુખ રહી, ખમાસમણ બહુવાર ૪. એકવીશ નામે વરણવ્યો, તિહાં પહેલું અભિધાન;

---

૧ શરીરશુદ્ધિ, ૨ વસ્ત્રશુદ્ધિ, ૩ ચિત્તશુદ્ધિ, ૪ ભૂમિશુદ્ધિ, ૫ ઉપગરણશુદ્ધિ, ૬ દ્રવ્યશુદ્ધિ, ૭ યથાર્થ વિધિશુદ્ધિ ખાસ સાચવવા યોગ્ય છે.

શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુ માન. ૫.
( અહીંયાં " સિદ્ધાચલ સમરૂં સદા " એ દુહો પ્રત્યેક ખમાસમણુ દીઠ કહેવો. ) ૧.

( ૨ ) સમોસર્યાં સિદ્ધાચલે, પુંડરીક ગણુ-ધાર; લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મોઝાર. ૬. ચૈત્રી પુનમને દિને, કરી અણુસણુ એક માસ; પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિ નિલયમાં વાસ. ૭. તિણે કારણુ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત; મન વચ કાયે વંદીયે, ઉઠી નિત્ય પ્રભાત. ૮. સિ૦ ૨

( ૩ ) વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ; એમ અનંત મુકતે ગયા. સિદ્ધક્ષેત્ર તિણે નામ. ૯. સિ૦ ૩

( ૪ ) અડસઠ તીરથ ન્હાવતાં, અંગરંગ ઘડી એક; તુંબીજળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦. ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલધામ; અચલ પદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ, ૧૧ સિ૦ ૪

( ૫ ) પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિ-ષેક કરાય; સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિર નામ ધરાય. ૧૨. અથવા ચઉદે ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક; તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક. ૧૩ સિ૦ ૫

( ૬ ) એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ; મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ. ૧૪ સિ૦ ૬

( ૭ ) ગણધર ગુણવંતા મુનિ, વિશ્વ માંહે વંદનીક; જેહવો તેહવો સંયમી, વિમલાચલ ( એ તીરથે ) પૂજનીક. ૧૫. વિપ્રલોક વિષધર સમા, દુ:ખીયા ભુતળ માન; દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬. શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ; પુણ્યની રાશિ વધે ઘણી, તેણે પુણ્યરાશિ નામ. ૧૭ સિ૦ ૭.

( ૮ ) સંયમધર મુનિવર ઘણા, તપ તપતા

એક ધ્યાન; કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮. લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર; નામ નમો તેણે આઠમું, શ્રી-પદગિરિ નિરધાર. ૧૯ સિ૦ ૮

(૯) શ્રી સીમંધર સ્વામીયે, એ ગિરિ મહિમા વિલાસ; ઇંદ્રની આગે વર્ણવ્યા, તેણે એ ઇન્દ્રપ્રકાશ. ૨૦. સિ૦ ૯

(૧૦) દશ કોટિ અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર, જૈન તીર્થયાત્રા કરી, લાભ તણો નહીં પાર. ૨૧. તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન; દેતાં લાભ ઘણો હુવે; મહા તીરથ અભિધાન. ૨૨. સિ૦ ૧૦

(૧૧) પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત; શત્રુંજય મહાત્મ્ય સુણી, નમો શાશ્વત ગિરિ સંત. ૨૩. સિ૦ ૧૧.

(૧૨) ગૌ નારી બાલક મુનિ, ચઉ હત્યા કરનાર; યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ

લગાર. ૨૪. જે પરદારા લંપટી, ચોરીના કર-
નાર; દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વળી ચોરણહાર.
૨૫. ચૈત્રી કાર્તિક પુનમે, કરે યાત્રા ઇણે ઠામ;
તપ તપતાં પાતિક ગળે, તિણે દૃઢશક્તિ નામ.
૨૬: સિ૦ ૧૨.

(૧૩) ભવભય પામી નીકળ્યા, થાવચ્ચા
સુત જેહ; સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિ
નિલયગિરિ તેહ. ૨૭ સિ૦ ૧૩.

(૧૪) ચંદા સુરજ બિંહુ જણા, ઉભા
ઇણે ગિરિ શ્રૃંગ; વધાવિયો વર્ણવ કરી, (કરી
વર્ણવ ને વધાવીયો) પુષ્પદંત ગિરિ રંગ ૨૮.
સિ૦ ૧૪.

(૧૫) કર્મકલણ ભવજળ તજી, ઇહાં
પામ્યા શિવસદ્મ; પ્રાણી પદ્મ નિરંજની, વંદો
ગિરિ મહાપદ્મ. ૨૯. સિ૦ ૧૫.

(૧૬) શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ
રચિયો સાર, મુનિવર વર બેઠક ભણી, પૃથ્વીપીઠ
મનોહાર, ૩૦ સિ૦ ૧૬.

( ૧૭ ) શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગળ રૂપ; જલતરૂરજ ગિરિવર તણી, શિસ ચઢાવે ભૂપ. ૩૧. સિ૦ ૧૭

( ૧૮ ) વિદ્યાધર સુર અપચ્છરા, નંદી શત્રુંજી વિલાસ; કરતા હરતા પાપને, ભજીયે ભવિ કૈલાસ. ૩૨. સિ૦ ૧૮.

( ૧૯ ) બીજા નિરવાણી પ્રભુ, ગઇ ચોવીશી મોઝાર; તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩. પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ; નામે કદંબગિરિ નમો, તો હોય લીલ વિલાસ. ૩૪ સિ૦ ૧૯.

( ૨૦ ) પાતાલે જસ મૂલ છે, ઉજ્વલ ગિરિનું સાર; ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોવે સંસાર. ૩૫ સિ૦ ૨૦.

( ૨૧ ) તન મન ધન સુત વલ્લભા; સ્વર્ગાદિક સુખ ભોગ; જે વંછે તે સંપજે, શિવ રમણી સંયોગ. ૩૬. વિમલાચલ પરમેષ્ઠીનું,

ધ્યાન ધરે ષટ માસ; તેજ અપૂરવ વિસ્તરે, પુરે (પૂગે) સઘળી આશ. ૩૭ ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ; ઉત્કૃષ્ટા પરિણામથી, અંતર મુહૂરત સાચ. ૩૮. સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ; શ્રી શુભ વીરવિજય પ્રભુ, નમતાં કોડ કલ્યાણ. ૩૯. સિદ્ધા૦ ૨૧.

---

## તમે જાણો છો ?

કે—જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહક થવાથી દર વરસે રૂ. ૩) માં ૧૦૦૦ પાનાનાં ૩/૪ ઐતિહાસિક નવીન પુસ્તકો નિયમિત મળે છે. લીસ્ટ મંગાવી જુઓ—કે સં. ૧૯૭૯ થી સ. ૧૯૮૫ સુધીમાં કેટલાં અને કેવાં પુસ્તકો અપાયાં છે. ગ્રાહક થવા તુરત લખો—

જૈન સસ્તી વાંચનમાળા.

રાધનપુરી બજાર—ભાવનગર.

# શ્રીશત્રુંજય મહાતીર્થ યાત્રાવિધિ

## શ્રીશત્રુંજય માહાત્મ્ય.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના આદેશથી તેમના પ્રથમ ગણધર શ્રી પુંડરીક મહારાજાએ જગતના કલ્યાણ માટે સર્વતત્વ યુક્ત અને અનેક આશ્ચર્યથી ભરેલું 'શ્રી શત્રુંજય મહાતીર્થનું માહાત્મ્ય' સવા લાખ શ્લોકોથી પ્રગટ કર્યું હતું. ત્યારબાદ શ્રી મહાવીર સ્વામીના શાસનથી તેમના ગણધર શ્રી સુધર્માસ્વામીએ ભાવી મનુષ્યોનાં આયુષ્ય અતિ અલ્પ જાણી તેમના ઉપકાર માટે ઉક્ત માહાત્મ્યને સંક્ષેપી ૨૪ હજાર શ્લોક પ્રમાણ કર્યું. ત્યારપછી શ્રી સૌરાષ્ટ્ર દેશના મહારાજા 'શિલાદિત્ય' ના આગ્રહથી તેમના સમર્થ ગુરૂ "શ્રી ધનેશ્વરસૂરિએ" તેમાંથી સાર સાર ગ્રહી

વલ્લભીપુરમાં લગભગ ૧૦ હજાર શ્લોક પ્રમાણ 'સુખબોધક શત્રુંજય માહાત્મ્ય' બનાવ્યું. આ સુખબોધક શ્રી શત્રુંજય માહાત્મ્ય ઉપરાંત એક 'શત્રુંજય લઘુકલ્પ' અને બીજો 'શત્રુંજય મહાતીર્થ કલ્પ' એ પણ પૂર્વ મહાપુરૂષ પ્રણીત હોવાથી પ્રમાણભૂત છે. તેમાં પણ બહુ અગત્યની બાબતનો સમાવેશ કરેલો છે. જ્ઞાતા સૂત્ર તથા અંતગડદશાંગ સૂત્ર પણ આ તીર્થરાજની પવિત્રતાની ઉત્તમ સાક્ષી આપે છે.

## તીર્થરાજના ઉત્તમ ૨૧ નામ.

૧ શત્રુંજય, ૨ બાહુબલી, ૩ મરૂદેવ, ૪ પુંડરીકગિરિ, ૫ રૈવતગિરિ, ૬ વિમલાચલ, ૭ સિદ્ધરાજ, ૮ ભગીરથ, ૯ સિદ્ધક્ષેત્ર, ૧૦ સહસ્રકમલ, ૧૧ મુક્તિનિલય, ૧૨ સિદ્ધાચલ, ૧૩ શતકૂટગિરિ, ૧૪ ઢંક, ૧૫ કોડી નિવાસ, ૧૬ કદંબગિરિ, ૧૭ લોહિત્ય. ૧૮ તાલધ્વજ,

૧૯ પુણ્યરાશિ, ૨૦ મહાબલ, અને ૨૧ દૃઢ શક્તિ, એ તેનાં સુપ્રસિદ્ધ ઉત્તમ ૨૧ નામ છે. શત્રુંજય મહાતીર્થ કલ્પમાં કંઇ પાઠાંતરે જુદાં નામ પણ કહ્યાં છે. ઉક્ત બધાં નામ સુરનર અને મુનિજનોએ તેનાં ઉત્તમ ગુણને અનુસરી પાડેલાં છે. વળી તેના ૧૦૮ નામ પણ કહેવાય છે, જેમાંના ૯૯ નામ તો નવાણું પ્રકારની પૂજામાં જ આવેલાં છે. તે નવાણું નામ ઉપરાંત બીજાં પણ નામ શ્રી શત્રુંજય માહાત્મ્ય પ્રમુખમાં દેખાય છે. એ બધાંએ નામ કંઇને કંઇ ઉત્તમ હેતુથી જ પ્રસિદ્ધ થયેલ છે. તેમાં પણ ઢંક, કદંબ, કોડીનિવાસ, લોહિત્ય અને તાલધ્વજ એ પાંચ કૂટ તો દેવતાધિષ્ઠિત રત્નખાણો, ગુફાઓ, ઔષધી અને રસકુંપિકા વડે યુક્ત છે. તે પાંચ કૂટ સજીવન કહેલાં છે.

# તીર્થાધિરાજનું માન-પ્રમાણ.

દરેક અવસર્પિણી કાળના પ્રથમાદિક છ આરામાં તેનું માન અનુક્રમે ૮૦, ૭૦, ૬૦, ૫૦ ૧૨ યોજન અને ૭ હાથનું ઘટતું જતું કહેલું છે, તેવીજ રીતે ઉત્સર્પિણી કાળના ચઢતા છ આરામાં તેનું માન અનુક્રમે ૭ હાથથી વધતું જતું છેવટે ૮૦ યોજન પ્રમાણ થતું કહેલું છે. ઋષભદેવ (પ્રથમ તીર્થંકર)ના સમયે તેનું માન ઉંચપણે ૮ યોજન, મૂળમાં વિસ્તાર ૫૦ યોજન, અને ઉપર શિખર તળે ૧૦ યોજનનું હતું. એ ત્રીજા આરાના છેડે રહેલું ગિરિનું માન જણાવ્યું. તેવીજ રીતે ચોથા આરાના છેડે મૂળ ઘેરાવમાં ૧૨ યોજનનું માન સમજી લેવું.

# સિદ્ધાચળ ઉપર તીર્થંકરોનું અવાર નવાર આગમન.

અતીત કાળમાં ઋષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરો એ ગિરિરાજ ઉપર સમવસરી, અનેક જીવોને ઉદ્ધરી, પોતે સિદ્ધિપદને પામ્યા છે. ભવિષ્યકાળમાં પદ્મનાભ પ્રમુખ તીર્થંકરો અહીં આવી સમવસરશે. તેમજ વર્તમાન ચોવીશીમાં શ્રી નેમિનાથ વગર ૨૩ તીર્થંકરો આવી સમવસર્યા છે. કેવળજ્ઞાન-દર્શનવડે અનંત લાભ જાણીને, તીર્થંકર ભગવાનો અત્ર અવારનવાર આવી સમવસર્યા છે. તેમાં પણ વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ ભગવાન તો અપાર લાભ જાણી પૂર્વ ૯૯ વાર અત્રે આવી સમવસર્યા છે.

પ્રથમ તીર્થંકર ભગવાનના પ્રથમ ગણધર શ્રીપુંડરીક મહારાજ અત્રે એક માસનું અણસણ પાળી ચૈત્રી પુર્ણિમાના દિવસે પાંચ ક્રોડ

મુનિઓ સાથે મોક્ષપદ પામ્યા છે, તે દિવસથી આ ગિરિરાજ "પુંડરીક' નામથી પ્રસિદ્ધિને પામ્યો છે.

રૂષભદેવ ભગવાન પહેલાં ૧૮ ક્રોડક્રોડ સાગરોપમ જેટલા કાળ સુધી ધર્મવ્યવધાન[1] પડેલું, તેથી તે વખતે ભાવી જનોના કલ્યાણ અર્થે સૌધર્મ ઇંદ્રના આદેશથી, પ્રભુના પુત્ર ભરત ચક્રવર્તીએ, પ્રભુના મુખથી શ્રીતીર્થરાજના ગુણ સાંભળી, શ્રીસંઘપતિ તિલક કરાવી, ચક્રવર્તી સંબંધી સકળ સમૃદ્ધિ સાથે લઇ શ્રીનાભ ગણધરને આગળ કરી શ્રી તીર્થરાજને ભેટી વર્ધકી રત્નની પાસે ૨૨ જિનાલય યુકત એક અતિ ઉંચો શ્રી રૂષભદેવ પ્રભુનો પ્રાસાદ બનાવ્યો. ૨૨ જીનાલય યુકત શ્રીરૂષભદેવ પ્રભુનો પ્રાસાદ બનાવવાનો હેતુ એ જણાય છે કે નેમિનાથ શિવાય ૨૩ તીર્થંકરો અત્રે સમવસરેલા છે.

---

૧ એટલો વખત ભરતક્ષેત્રમાં ધર્મનો અભાવ હતો.

## સંઘપતિ થઇ સંઘને સાથે લઇ યાત્રા કરવા આવનારને સાચવવા યોગ્ય વિવેક.

પ્રથમ ઉત્તમ ગુરૂમહારાજ પાસે અક્ષતથી વાસક્ષેપ કરાવવો. ત્યાર બાદ મહર્ધિક શ્રેષ્ઠી પ્રમુખે સંઘપતિને તેમજ સંઘવણને ઉત્તમ પુષ્પમાળા પહેરાવવી. પછી સંઘપતિ સર્વ સ્થાનકથી શ્રીસંઘને આમંત્રણ કરી બોલાવે અને સ્વનગર ચૈત્યોમાં પ્રથમ મહોત્સવ કરે. પછી જ્ઞાની ગુરૂજનોને ભકિતથી પોતાના ઘરે બોલાવી સર્વ વિઘ્નોનો નાશ કરવા માટે પ્રથમ શાંતિ કર્મ કરાવે, જેથી મંત્રોવડે પ્રત્યક્ષ થયેલા દેવતાઓ નિર્વિઘ્ને યાત્રા પૂર્ણ કરાવે. સંઘપતિ પોતાની સાથે એક મનોહર ચૈત્ય શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિમા યુકત રાખે. શુભ દિવસે શુભ મુહૂર્તે શુભ શુકનયોગે ત્યાંથી પ્રયાણ કરે. ગુરૂ મહારાજને આગળ કરી, માર્ગમાં જિન શાસનની પ્રભાવના કરતા, જીર્ણ ચૈત્યાદિકનો

ઉદ્ધાર કરતાં, દીન દુઃખીને યોગ્ય આલંબન[1] દેતા અને સંઘ સાધર્મિક જનોની યથાયોગ્ય ભક્તિ કરતા અનુક્રમે તીર્થાધિરાજ નજદીક આવે. અહીંથી તીર્થાધિરાજનાં દર્શન થાય છે, એવી વધામણી આપનારને અતિ ઉદારતાથી 'તુષ્ટિ-દાન[2]' આપે. અને ગિરિરાજનાં સાક્ષાત્ દર્શન કરી, વાહનનો ત્યાગ કરી, વિકસ્વર લોચનવડે તીર્થાધિરાજને નિરખી, પંચાંગ પ્રણામ કરી, પ્રભુના ચરણુની પેરે ગિરિરાજની સેવા કરે. ગિરિરાજને વગર દેખ્યાં પણ શ્રી સંઘની ભક્તિ કરવાથી બહુ લાભ થાય છે, તો પછી ગિરિરાજને સાક્ષાત્ નજરે જોયા બાદ શ્રી સંઘની ભક્તિ કરવાના ફળનું કહેવુંજ શું ? ગિરિરાજનાં દર્શન થયા બાદ ત્યાંજ નિવાસ કરી સંઘપતિએ મહાધવોની સાથે ઉપવાસ કરવો અને શુદ્ધ થઇ, ઉત્તમ વસ્ત્ર અલંકાર

---

૧ આશ્રય–સહાય. ૨ પારિતોષિક–ઇનામ.

ધારી, પત્ની સહીત દેવાલયમાં આવી પ્રભુની સ્નાત્ર પૂજા કરવી. પછી ઉત્તમ ધૂપ દહન કરી, મંગળ ધ્વનિ સહિત મંગળ ગીત ગાતાં, શ્રી ગિરિરાજ તરફ થોડાં પગલાં જઈ, ઉત્તમ યક્ષ-કર્દમવડે ભૂમિ ઉપર વિલેપન કરી શ્રી સંઘને સ્વસ્તિ કલ્યાણકારી એવો અક્ષતનો કે મોતીનો એક સ્વસ્તિક ( સાથીઓ ) કરવો. પછી બધો કોલાહલ શાંત કરાવી ગુરૂ મહારાજને આગળ કરી, સંઘપતિએ વિધવિધ દ્રવ્યોથી પૂજનોત્સવ કરવો અને સંઘપૂજા, સાધર્મી-વાત્સલ્ય તથા દેવાલયમાં સંગીત ભકિતભાવથી કરવાં. તે સમયે મહાધવોએ તેમજ અન્ય મહાશયોએ પણ પત્ની સહિત સંઘપતિની વસ્ત્રાલંકાર તથા પુષ્પમાળાથી બહુમાનપૂર્વક પૂજા કરવી. તે દિવસ દેવગુરૂની ભકિત કરતાં સહુએ ત્યાંજ રહેવું અને ભરત મહારાજની પેરે શ્રી તીર્થરાજની સ્તુતિ કરવી. જે ભવ્ય-જનો ભકિતભાવથી ગિરિરાજની સ્તુતિ કરે છે

તે સ્વસ્થાને રહ્યા છતાં તીર્થયાત્રાનું ઉત્તમ ફળ પામે છે.

બીજા દિવસે પ્રભાતે સંઘ સહિત જિનાલયમાં જઇ તીર્થંકર ભગવંતને તથા ગુરૂ મહારાજને વંદના કરી સંઘપતિ વિગેરે [illegible]ણું કરે. ત્યાર બાદ ગુરૂ મહારાજને આગળ કરી સંઘપતિ સંઘ સહિત શ્રી તીર્થાધિરાજને ભેટવા આતુરતાપૂર્વક આગળ ચાલે, મંગળ ધ્વનિ સહિત શ્રી ગિરિરાજ ઉપર ચઢતાં, વાટમાં ગિરિરાજની અદ્ભૂત શોભા જોઇ, દીલમાં અતિ આલ્હાદ પામે.

---

## ગિરિરાજનો અદ્ભૂત મહિમા.

અન્ય સ્થળે અતિ ઉગ્રતપ અને બ્રહ્મચર્યથી જે ફળ મળે તે અત્ર શુદ્ધ ભાવથી નિવસવાવડેજ પ્રાપ્ત થઇ શકે છે.

કોટિ ગમે મનુષ્યોને ઇચ્છિત ભોજન કરાવ-

વાથી જે ફળ પ્રાપ્ત થાય તે અત્ર એક ઉપવાસ માત્રથી પ્રાપ્ત થઇ શકે છે.

સ્વર્ગ, મૃત્યુ અને પાતાલમાં જે જે તીર્થો છે, તેમનાં દર્શનનું ફળ પુંડરીક ગિરિરાજને ભાવથી ભેટવાવડે પ્રાપ્ત થઈ શકે છે.

શ્રી શત્રુંજયના માર્ગમાં યાત્રાર્થે જતા સાધુ સંઘની ભકિત, પ્રભાવના, વૈયાવચ્ચ પ્રમુખ કરતાં ગિરિરાજ દૂર હોય ત્યાં સુધી ક્રોડ ગણું ફળ અને ગિરિરાજ સાક્ષાત્ નજરે પડતાં અનંતગણું ફળ પ્રાપ્ત થઇ શકે છે.

જે જે મહાનુભાવ મુનિઓને અત્ર કેવળ-જ્ઞાન ઉત્પન્ન થયું છે, તેમજ નિર્વાણ પ્રાપ્ત થયું છે, તે સર્વને વંદન કરવાનું ફળ શ્રી પુંડરીક ગિરિરાજને ભાવસહિત વંદન કરતાં પ્રાપ્ત થઇ શકે છે. અષ્ટાપદ, સમેતશિખર, પાવાપુરી, ચંપાપુરી અને ગિરનારજીને વંદન કરતાં જે પુન્ય ફળ થાય છે તેથી સોગણું ફળ

આ ગિરિરાજને શુદ્ધ ભાવથી વંદન કરવા વડે મળી શકે છે.

અત્ર પ્રભુ પૂજા ( શુદ્ધ દ્રવ્યથી ) કરનારને જે ફળ મળે તેથી સોગણું ફળ શાસ્ત્ર રીતિ મુજબ નિર્માણ કરેલી જિનપડિમા ભરાવવાથી પ્રાપ્ત થાય છે. હજાર ગણું ફળ શાસ્ત્ર રીતિથી જિનભુવન કરાવતાં મળે છે. પરંતુ આ તીર્થનું યથાર્થ રક્ષણ કરનારને તો અનંત ગણું પુણ્ય હાંસલ થઇ શકે છે. પ્રભુ આજ્ઞાનું રહસ્ય જાણી, તે પ્રમાણે પરમાર્થ દાવે વર્તનારનીજ બલિહારી છે. શ્રેષ્ઠ ફળ તેજ મેળવી શકે છે. આ ગિરિરાજને મન, વચન અને કાયાની શુદ્ધિથી સ્મરણ કરતો જે કોઈ ભવ્યાત્મા અત્ર ગિરિરાજ ઉપર શુભ નિષ્ટા રાખી, મોક્ષફળની ઇચ્છાથી નવકારશી, પોરસી, પુરિમઢ્ઢ, એકાસણુ, આયંબિલ અને ઉપવાસ કરે છે, તે અનુક્રમે છઠ્ઠ, અઠ્ઠમ, દસમ ( ચાર ઉપવાસ ), દ્ધવાલસ ( પાંચ ઉપવાસ ), અર્ધમાસ અને એક

માસ ઉપવાસનું ફળ મેળવી શકે છે. સમતા સહિત અધિક તપનું તો કહેવું જ શું ?

જે ભવ્યાત્મા અન્ન પાણી રહિત (ચોવિહારો) છઠ્ઠ કરીને સાત યાત્રા જયણા સહિત કરે છે તે ત્રીજે ભવે મોક્ષપદ પામી શકે છે.

આજ પણ આ ગિરિવરના પસાયથી ગમે તેવા આચાર વર્જીત જીવ પણ અનશન આરાધી (આહાર લોલુપતા તજી) સુખે સ્વર્ગે જઇ શકે છે.

આ ગિરિરાજ ઉપર પ્રભુ ભકિત યોગ્ય પૂજાનાં ઉપગરણ આપવાવડે ભવિષ્યમાં તે દાતા ઉત્તમ સમૃદ્ધિ પામી શકે છે.

આ તીર્થરાજ ઉપર તાજાં અને ઉત્તમ સુગંધિ પુષ્પોની જયણાથી ગુંથેલી માળાઓ ચઢાવવાવડે મોટું પુણ્ય બંધાય છે. ( સોયવડે વિંધેલા ફુલોની માળા કરતાં છુટાં સારાં સારાં ફુલ ચઢાવવા વધારે શ્રેયકારી છે. સોય ઘોંચવાથી ફુલના જીવને કેટલી કિલામના થતી હશે

તે આપણા પોતાના જ દાખલાથી સહજ સમજી શકાય તેવું છે. વધારે શકિત હોય તો શ્રેષ્ઠ સુગંધિ ફુલોના પગર પણ ભરાવી શકાય, આ બાબત ચાલતો અવિધિ દોષ ટાળવા દરેક ભવ્યજને ખાસ લક્ષ દેવાની જરૂર છે.)

આ ગિરિરાજ ઉપર કૃષ્ણાગરૂ પ્રમુખનો ધૂપ કરવાથી ૧૫ ઉપવાસનું ફળ મળે છે. અને ઉત્તમ કર્પૂરમિશ્રિત ધૂપ કરવાથી એક માસના ઉપવાસનું ફળ મળી શકે છે. વળી સાધુ-મુનિરાજને શુદ્ધ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભેષજ અને રહેવા સ્થાન વિગેરે આપવાથી કેટલાક માસના ઉપવાસનું ફળ મળે છે.

અન્ય તીર્થોમાં સુવર્ણભૂમિ અને ભૂષણોનું દાન દેવાથી જે પુન્ય પ્રાપ્ત થાય તે આ ગિરિરાજ ઉપર પ્રભુની પૂજા અને સ્નાત્ર માત્રથી પ્રાપ્ત થઇ શકે છે.

જે ભવ્યાત્માઓ શ્રી શત્રુંજય ગિરિરા-

જને સદાય પોતાના હૃદયકમળમાં ધ્યાયા કરે છે તેઓ સકળ મહા ભયોથી મુકત થાય છે. જો કે સંખ્યા રહિત તીર્થંકરાદિના ચરણ સ્પર્શવડે તથા અનંત કોટાકોટી જનો અત્ર સિદ્ધ ( સર્વથા કર્મ મુકત ) થવાવડે આ મહાતીર્થ સદાય પૂજનિક છે; તોપણ ભવ્ય જનોને વિશેષ આલંબનભૂત થાય એવા હેતુથી ઇન્દ્ર મહારાજની પ્રેરણાવડે ભરત ચક્રવર્તીએ અત્ર એક ઋષભ પ્રભુનો પ્રાસાદ બાવીશ જિનાલય યુકત બનાવ્યો તે પ્રથમ ઉદ્ધાર.

બીજો ઉદ્ધાર સગર ચક્રવર્તીએ શ્રી અજિતનાથ પ્રભુના સમયે કરાવ્યો. તે વખતે પ્રથમની રત્નમય પ્રતિમા તેમણે પડતો કાલ જાણી સુવર્ણગુફામાં પધરાવી દીધી.

તે સુવર્ણગુફામાં વિરાજમાન કરેલી રત્નમયી શ્રી રૂષભદેવની પ્રતિમાને કોઇ ધન્ય-કૃતપુન્ય ભવ્ય આત્માજ જોઇ શકે છે. તેને માટે બૃહત્શત્રુંજય કલ્પમાં આવો અધિકાર ક-

હેલો છે કે-ચેલણુ તલાવડી સમીપે રહેલી (દેવાધિષ્ઠિત) ગુફામાં પધરાવેલી, ભરત મહારાજાએ ભરાવેલી પ્રભુ પ્રતિમાને ભેટનાર-નમન કરનાર મહા પુરૂષ એકાવતારી થાય છે. દાધફળ (કોઠાં) ના વૃક્ષ સમીપે અલખખ દેવડીની નજદીકના ભાગમાં મોક્ષના દ્વાર જેવું તે સુવર્ણગુફાનું દ્વાર ઉઘાડીને અઠ્ઠમ તપના આરાધનથી તુષ્ટમાન થયેલો કપર્દી યક્ષ તે ગુફામાં પધરાવેલી અને ભરતે ભરાવેલી પ્રભુ પ્રતિમાનાં દર્શન કરાવે છે. (તે મહાનુભાવ ભવ્ય આત્મા એકાવતારી થઈ મોક્ષ પામે છે.) મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા (વિહરમાન) સીમંધર પ્રભુ પણ ત્યાં રહેલા ભવ્ય જનોની આગળ (દ્વાદશ પર્ષદા મધ્યે) શ્રી શત્રુંજય મહાતીર્થના ગુણ ગાય છે એવું એનું અદ્દભુત મહાત્મ્ય છે.

આ ગિરિરાજ ઉપર અસંખ્ય ઉદ્ધાર, અસંખ્ય જિનમંદિરો, અને અસંખ્ય પ્રતિમા-

ઓ પુન્યશાળી જીવોએ કરાવેલ છે. તેમાં મોટા ૧૬ ઉદ્ધારની વાત ૯૯ પ્રકારની પૂજા વિગેરેમાં પ્રસિદ્ધ છે.

---

## તીર્થયાત્રા કરતાં પાળવી જોઇતી છ–રી.

૧ સચિત્ત પરિહારી—કાચું પાણી, કાચાં ધાન્ય, કાચી વનસ્પતિ ( ફળ ફુલ વગેરે ) તે બધાં અપરિપકવ હોય, સચેત હોય, ત્યાં સુધી તેવાં ખાન–પાનનો ત્યાગ.

૨ એકલઆહારી—એક સ્થાને બેસીને નિયમિત એકજ વખત નિરવદ્ય-નિર્દોષ અન્ન પાનનુંજ સેવન કરવું

૩ ગુરૂ સાથે પાદચારી—ગુરૂ મહારાજને આગળ કરી તેમની પછવાડે વિનયપૂર્વક ઉઘાડા પગે વાહન વગર ચાલવું.

૪ ભૂમિસંથારી—માંચા, પલંગ તજી કેવળ ભૂમિ ઉપર સંથારવું-શયન કરવું.

૫ બ્રહ્મચર્યધારી—યાત્રાના દિવસોમાં સ્ત્રી પુરૂષોએ વિષયક્રીડાનો સંતોષવૃત્તિથી ત્યાગ કરી નિર્મળ શીળ પાળવું.

૬ આવશ્યક દોયવારી—ઉભય ટંક દેવસી અને રાઇ પ્રતિક્રમણ કરી લાગેલાં કંઇ પણ દૂષણ ટાળવા ખપી થવું; અન્ય સ્થળે "આવશ્યક દોયવારીના બદલે શુદ્ધ સમ્યક્ત્વ ધારી" એમ કહેલું છે. એટલે કોઇ પ્રકારના લૌકિક કે લોકોત્તર મિથ્યાત્વ સેવનથી સદંતર અલગાજ રહેવા પ્રયત્નશીલ થાવું. અર્થાત્ શુદ્ધ સમ્યક્ત્વ પાળવું.

---

## નવાણું યાત્રા કરનારે ઉકત છ-રી ઉપરાંત કરવાની કરણી.

૧ એક લક્ષ નવકાર—મહામંત્રનો જાપ પુરો કરવો. ઉકત જાપ સ્થિર ચિત્તથી (મન વચન અને કાયાની શુદ્ધિથી) ગણવો યુ-

કત છે. જાપ ગણતાં કોઇ સાથે વાર્તાલાપ કરવો નહિ. જાપ માર્ગમાં ચાલતાં ગણવા કરતાં સ્થિર મુકામે ગણવો ઠીક છે; કેમકે માર્ગે ચાલતાં જીવોની જયણા પાળવાનો ખાસ ખપ કરવો જોઇએ. જો હર હમેશ ( બાંધી ) ૧૦ નવકારવાળી ગણી શકાય તો ૯૯ દિવસે તે જાપ પુરો થઇ શકે. કારણસર કદાચ ન ગણી શકાય તો તે આગળ પાછળ ગણીને પણ છેવટે પુરો લક્ષ જાપ ગણી દેવો ઉચિત છે.

૨ પ્રતિદિન તીર્થ જળાદિકથી શુદ્ધ થઇ શુદ્ધ વસ્ત્ર, અલંકાર ધારણ કરી જયણા સાહત બની શકે ત્યાં સુધી નિરંતર એક એક જ યાત્રા આશાતના ટાળીને કરવી.

૩ હરહંમેશ બની શકે ત્યાં સુધી અષ્ટ પ્રકારી પૂજા કરવી. તેમાં વાપરવાનાં દ્રવ્ય પોતાનાં ઘરનાં શુદ્ધ નિર્દોષ વાપરવાં.

૪ જો કે દરેક જિનમંદિરમાં પ્રભુનાં દર્શન કરતાં ' નમો જિણાણં ' અથવા એકાદ

નમસ્કાર, શ્લોક પ્રમુખથી સામાન્ય ચૈત્ય-વંદન તો કરવુંજ, પરંતુ મનહર પાંચેક સ્થળે વિશેષે ચૈત્યવંદન પ્રમુખ કરી ભાવ-વૃદ્ધિ થાય તેમ કરવું.

૫ મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના દેરા-સર ફરતી ત્રણ પ્રદક્ષિણા (બનતાં સુધી બીજાં બધાં ચૈત્યોનાં દર્શન સાથે સાથેજ થઇ જાય તેમ) દરેક યાત્રા વખતે દેવી.

૬ શ્રી તીર્થાધિરાજના આરાધન અર્થે તેમના ઉત્તમ ગુણનું સ્મરણ કરીને પ્રતિદિન ૯ ખમાસમણ દેવાં. તેમજ નવ લોગસ્સનો કાઉસ્સગ્ગ વિગેરે યથાયોગ્ય કરવું.

૭ નવાણું યાત્રાની પૂર્ણાહૂતિ થતાં એકી સાથે મૂળનાયકજીના ચૈત્ય ફરતી ૯૯ પ્રદક્ષિણા તેમજ ૧૦૮ ખમાસમણ દેવાં. તેવીજ રીતે યથાશકિત વિશેષ પ્રકારે પ્રભુની પૂજા (નવાણું પ્રકારી વિગેરે) ભણાવવી અને તેવે

પ્રસંગે યથાશક્તિ દ્રવ્ય-ભાવથી ભક્તિની વૃદ્ધિ થાય તેમ લક્ષ રાખવું.

૮ બધી પાગોની ફરસના કરવા ઉપરાંત ગિરિરાજની ૬ ગાઉની; ૧૨ ગાઉની વિગેરે પ્રદક્ષિણા ફરવા બનતો ખપ કરવો. તેવે પ્રસંગે બનતાં સુધી ખુલ્લા પગે ચાલી જયણાપૂર્વક પૂર્વોકત મર્યાદા સહિત ગિરિરાજની સેવા-ભકિત કરવી.

૯ પ્રતિદિન યાત્રાર્થે જતાં માર્ગમાં પ્રભુની પાદુકાઓ તેમજ સિદ્ધ થયેલા મહાશયોની પ્રતિમાઓ આવે તેમને ભાવ સહિત નમન પૂજન વિગેરે કરવા લક્ષ રાખવું. પાસે થઇને અનાદર કરી ચાલ્યા જવું એ કોઇ રીતે ઉચિત લેખાય નહિ.

સાત છઠ્ઠ અને બે અઠ્ઠમનો તપ કરી શ્રી ગિરિરાજનું ધ્યાન કરતાં યાત્રાદિકનો પ્રમાદ રહિત લાભ લેવો.

સાતે છઠ્ઠમાં અનુક્રમે આવી રીતે જાપ જ-પતાં ૨૦ નવકારવાળી ગણુવી.

તેમજ ૨૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ તથા ૨૧ ખમાસમણાં (ગિરિરાજના ઉત્તમ ૨૧ ગુણુગર્ભિત નામના દુહા બોલીને) દેવાં.

૧ શ્રી આદીશ્વર પરમેષ્ઠિને નમ:

૨ શ્રી આદીશ્વર અર્હતે નમઃ

૩ શ્રી આદીશ્વરનાથાય નમ:

૪ શ્રી આદીશ્વર સર્વજ્ઞાય નમ:

૫ શ્રી આદીશ્વર પારંગતાય નમ:

૬ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર પુંડરીકાય નમ:

૭ શ્રી સિદ્ધક્ષેત્ર પુંડરીક વિમલગિરિવરાય નમ:

૮-૯ બન્ને અઠ્ઠમમાં श्रीसिद्धाद्रिशत्रुंजयसिद्धगिरिवराय नमः એ પ્રમાણે જાપ કરવો.

---

જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહક થઇ દર વરસે રૂા. ૩) માં મળતાં ઇતિહાસીક પુસ્તકોનો લાભ જરૂર લેશો.

# યાત્રાર્થે આવતા દરેક જાત્રાળુને અગત્યની સૂચના.

અન્ય સ્થળે કરેલું પાપ તીર્થસ્થાને વિવેક-વડે છૂટે છે; પરંતુ અવિવેકતાથી તીર્થ-સ્થાનમાં કરેલું પાપ વજ્રલેપ જેવું નિકાચિત બંધાય છે.

૧ શત્રુંજય, ગિરનાર, આબુગઢ, સમેત્ત-શિખર કે પાવાપુરી, ચંપાપુરી વિગેરે પવિત્ર સ્થળોની જાત્રા કરવાના રસિક ભાઇ-બ્હેનોએ કોમળ પરિણામ રાખીને જાત્રાનો લાભ લેવા આવતા બીજા જાત્રાળુઓની પણ યોગ્ય સગવડ સાચવવા ભૂલવું નહિ જોઇએ.

૨ આપણે જાતે થોડું ઘણું કષ્ટ ( સંકડાશ ) સહન કરીને પણ સામાની સગવડ સાચવી લેવી એ નિઃસ્વાર્થ સેવાનો લાભ સુજ્ઞ ભાઇ-બ્હેનોએ ચુકવો નહિ જોઇએ.

૩ રેલ્વેમાં, ગાડામાં, તેમજ ધર્મશાળામાં એ રીતે આપણે ઘણો લાભ ઉઠાવી શકીએ.

૪ ઘરે મેમાન પરોણાની સેવા-ચાકરી કરીએ તેથી અધિક સેવા-ચાકરી યાત્રિકોની કરવી ઘટે.

૫ મુકામેથી જાત્રાર્થે નીકળ્યા ત્યારથી કોઇ પશુ ( ઘોડા-બળદ પ્રમુખ ) ને પણ ત્રાસ આપવો ન ઘટે. ખુલ્લા અણવાણે પગે ચાલતાં જાત્રા કરવાનું ફળ ન વર્ણવી શકાય એટલું બધું કહ્યું છે. તે મોજ શોખની ધૂનમાં સુખશીલતાથી ગુમાવી દેવું ન ઘટે; કારણ કે સમજીને દેહદમન કરવાનું ભારે ફળ કહ્યું છે.

૬ શરીર ક્ષીણતાદિ ખાસ માંદગીના કારણ સિવાય ગર્ભશ્રીમંતોને પણ છતી શક્તિએ જયણાથી ચાલીનેજ તીર્થયાત્રા કરવી ઘટે. આપણે કર્મથી હળવા થવા માટેજ જાત્રા કરવા આવ્યા છીએ. ભારે થવાને તો નહિજ.

૭ જીવીત સહુને વહાલું છે. તો પછી છતી

શક્તિ ગોપવી, જાનવરોને મહા ત્રાસ આપી જયણા રહીત જાત્રા કરવા જવા-આવવાનો અર્થ શો ? પ્રભુની આજ્ઞા સાચવીનેજ જાત્રા કરી લેખે થાય છે.

૮ સહુ સાથે મૈત્રી, દુઃખી પ્રત્યે દયા અને સદ્ગુણી પ્રત્યે પ્રમોદ તેમજ પાપી પ્રત્યે અદ્વેષ ( ઉપેક્ષા ) ભાવના રાખવાથીજ કરવામાં આવતી ધર્મકરણી સફળ થઇ શકે છે.

૯ પવિત્ર તીર્થની યાત્રા કરવા જતાં અને યાત્રા કર્યા પછી તો અવશ્ય અનીતિનો સર્વથા ત્યાગજ કરવો જોઇએ. તીર્થયાત્રાની સફળતા ત્યારેજ લેખી શકાય.

૧૦ અનીતિવંતનું મન જ ધર્મકરણીમાં ચોંટી શકતું નથી અને મન વગરની બહાર દેખાવ પુરતી કરણી સારૂં ફળ આપી શકતી નથી. તેથીજ યાત્રિકોએ દયા, સત્ય, પ્રમાણીકતાદિક સાચવવા પુરતી કાળજી રાખવી ઘટે છે. એકડા વગરનાં ગમે તેટલાં મીંડાં કર્યાં શા કામના ?

૧૧ પ્રભુની આજ્ઞા-વચનોને યથાશક્તિ અનુસરી ચાલવાથીજ સ્વશ્રેય થઇ શકે છે.

૧૨ નિર્મળ તત્ત્વશ્રદ્ધા અને બોધ સહિત સદ્વર્તન વડેજ સ્વકલ્યાણ સાધી શકાય. પોતે હિતમાર્ગને દ્રઢતાથી સેવનાર અન્યનું પણ હિત કરી શકે છે.

૧૩ યોગ્યતા મેળવ્યા વગર વસ્તુધર્મના પ્રાપ્તી થઈ શકતી નથી. તેથી ઉત્તમ પ્રકારની ક્ષમા-નમ્રતા-સરલતા-સંતોષ અને ઉદારતા-દિકવડે સુયોગ્યતા મેળવવા ચુકવું નહિ. રૂડી યોગ્યતા પામેલો જીવ ચિંતામણિ રત્ન જેવો ધર્મ સ્હેજે પામી શકે છે.

૧૪ કોઇ જાતનું કુવ્યસન પવિત્ર તીર્થને ભેટી જલ્દી દૂર કરી દેવું. પવિત્ર તીર્થને ભેટી તપ-જપ-જ્ઞાન-ધ્યાન-વ્રત-પચ્ચક્ખાણ કરવાનું વ્યસન કાયમ રાખવું.

૧૫ જંગમ તીર્થ જેવા સદ્ગુણી સંત

મહાત્માદિકનો સમાગમ કરી દોષ માત્ર દૂર કરવા. તેમની સ્વાર્થ વગરની હિતશિક્ષાને જરૂર અનુસરવું.

૧૬ મન, વચન અને કાયાથી સઘળી શુદ્ધિ સાચવી સહુનું શ્રેય થાય એવું આપણી આસ-પાસ શુદ્ધ વાતાવરણ બનાવી દેવું. જેથી શીઘ્ર સ્વ-પર કલ્યાણની સિદ્ધિ થાય.

૧૭ શત્રુંજય તીર્થરાજ જેવા સર્વોત્તમ સ્થાનમાં બીજી ખટપટ તજી શાંતથી રહેનાર સ્વહિત સાધી શકે છે. અંતર લક્ષથી જયણા (જીવદયા) સહિત પગપાળે એક પણ જાત્રા જેવી લાભદાયી થાય છે, તેવી જયણા રહિત ઉપયોગ શૂન્યપણે અનેક યાત્રાઓ કદી લાભ-દાયક થઇ શકતી નથી. તેથી થોડી ઘણી યાત્રા કરવા ઇચ્છતા સહુએ જરૂર જયણા સાચવવા જોઇએ.

૧૮ જયણાપૂર્વક સાતે શુદ્ધિ સાચવીને યાત્રાર્થે જતાં વિકથાદિક પ્રમાદ સેવવો નહિ.

વિકથાથી તો પોતાનું તથા પરનું પણ બગડે છે. તેથી હૃદયમાં શ્રી ગિરિરાજના ગુણનું સ્મરણ કરતાં કરતાં વધતા શુભ પરિણામે ઉપર ચઢવું.

૧૯ ધર્મનું મૂળ વિનય હોવાથી નમ્રતા રાખી ચાલવું. યાત્રાર્થે જતાં દેહનું દમન કરવું. ખાસ મોટી માંદગી વિગેરે કારણ વગર 'ડોળી' કરી તેમાં બેસી જવા કરતાં ખુલ્લા પગે ચાલીનેજ બીજા કોઇને તકલીફ આપ્યા શિવાય યાત્રા કરવી. પ્રભુપૂજા ચૈત્યવંદનાદિક વખતે પણ વિનય ગુણ વિસરી જવો નહિ. સદ્‌ગુણી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વિગેરેનું યથાયોગ્ય માન સાચવવા ભૂલવું નહિ.

૨૦ તીર્થજળ પવિત્ર હોવાથી તેને ઉષ્ણ કરી કે કરાવી સ્નાન કરવા કરતાં તે શુદ્ધ જળથીજ જયણાપૂર્વક સ્નાન કરી પ્રભુ પૂજનમાં પ્રવૃત્ત થવું યુક્ત છે.

૨૧ યાત્રા પૂજાદિકમાં ભાઇઓએ તેમજ

બ્હેનોએ બરાબર પોત પોતાની મર્યાદા સાચવવા સંભાળ રાખવી. એકજ સ્થળે પૂજન વિગેરે કરતાં મર્યાદા જળવાય નહિ તો બીજા સ્થળે ભાવ સહિત પ્રભુભક્તિ કરી લેવી.

૨૨ ડુંગરપૂજા કરવા જતાં માર્ગમાંજ પગથીયાં ઉપર પુષ્પાદિક ચઢાવવા કરતાં ખાસ નિયમિત સ્થળોએ કે ડુંગરમાંની કોઇ અલાયદી શિલા ઉપર પુષ્પાદિક ચઢાવવા યુક્ત છે. તેવે પ્રસંગે નજરે પડતી અશુચિ વિગેરે ગમે તે આશાતના દૂર કરવા-કરાવવા પૂરતું લક્ષ રાખવા ચૂકવું નહિ.

૨૩ સ્નાન કરતી વખતે પહેરવાનું વસ્ત્ર પોત પોતાનું અલાયદુંજ રાખવું દુરસ્ત છે, તેમજ તેજ વસ્ત્રથી ભીનું અંગ નહિ લુછતાં અલાયદા અંગુછા વિગેરેથીજ શરીર સાફ કરવું યુક્ત છે. એમ કરવાથી શરીરની આરોગ્યતા જળવાશે અને અન્યથા થતી આશાતના પણ દૂર થઇ શકશે. આ બાબત સંબંધી સમજુ

ભાઇ બ્હેનોએ ઉપેક્ષા કરવી નહિ.

૨૪ પ્રભુ પાસે ધરવા માટે ફળ, ફુલ વિગેરે જે ઉત્તમ દ્રવ્ય લઇ જવાનાં હોય તે જેમ તેમ અનાદરથી નહિ લઇ જતાં આદરપૂર્વક લઇ જવાં. માર્ગમાં જતાં કેટલાક મુગ્ધ યાત્રાળુઓ શ્રીફળને ચોટલીથી ઝાલી લઇ જતા જોવામાં આવે છે તે રીતિ અનુચિત છે. શ્રીફળ આદિક આદર સહિત બે હાથમાં અથવા થાળ પ્રમુખમાં રાખીનેજ લઇ જવું ઉચિત છે.

૨૫ યાત્રાર્થે જતાં ઉપર માર્ગમાં કોઇ પણ પ્રકારે અશુચિ પ્રમુખ આશાતના આપણાથી ન થાય એવી સંભાળ રાખતા રહેવું.

૨૬ યથાશકિત પોરસી પ્રમુખનું પચ્ચક્ખાણ કરીને જ ઉપર ચઢવું. કેમકે અત્રે કરેલું થોડું પણ પચ્ચક્ખાણ મહાન્ લાભ આપે છે.

૨૭ આ ક્ષેત્રમાં હરેક રીતે સીદાતા સાધર્મી ભાઇઓને વિવેક સહિત સહાય આપી ધર્મમાર્ગમાં જોડવા પ્રયત્ન કરવો.

૨૮ દેહ ઉપરની માયા ઓછી કરી સુખ-શીલપણું તજીને અહીં સ્વશક્તિ અનુસારે દાન, શીલ, તપ અને ભાવરૂપ ધર્મનું સારી રીતે સેવન કરવું. આ પુણ્ય ક્ષેત્રમાં વિવેકથી કરેલી ધર્મકરણી મહા લાભકારી થાય છે.

૨૯ પ્રતિદિન બનતાં સુધી જયણાપૂર્વક ( જીવની વિરાધના ન થાય તેમ સંભાળથી ) એકજ યાત્રા કરવી. મ્હોટા પર્વ દિવસે બીજી યાત્રા કરવા ખાસ ઇચ્છા થાય તો તે બહુ સ્થિર-તાથી જયણાપૂર્વક વિધિ યુકતજ કરવી.

૩૦ કેટલાક અણસમજુ ભાઇઓ દેરાસર કે દેરી વિગેરેની ભીંતો ઉપર પેનશીલ કે કોયલા વતી પોતાનાં નામ લખી કે ગમે તેવાં ચિત્ર કાઢીને ભીંતોને કાળી કરી આશાતના કરે છે. આવી રીતે પોતાનું નામ અમર કરવાને ઇચ્છતા મૂઢ જનો પોતાના નામ ઉપર તીર્થની આશા-તના રૂપ મશીનો કુચો ફેરવે છે, તેથી સમજુ માણસોએ તેમ નહીં કરતાં, તેવું કરનાર શખ્સોને

સમજૂતિ આપવા વારંવાર પ્રયત્ન કરવો.

૩૧ કેટલાક યાત્રાળુઓ બહુ અંધારામાં યાત્રાર્થે જાય છે, તેમ નહીં જતાં સારી રીતે અજવાશ થયા બાદ જયણા સહિત પગે ચાલી યાત્રા કરવી યુકત છે.

૩૨ કેટલાક યાત્રાળુઓ ખાસ કારણ વગર ડોળી કરી યાત્રાઓ કરે છે તેથી તેમના નિમિત્તે ડોળીવાળા ઉપર કેટલી જાતની આશાતના કરે છે તે સંબંધી વિચાર કરી સમજુ માણસોએ તેવી અવિધિ આશાતના તજીને જ બનતાં સુધી યાત્રાનો લાભ લેવો જોઇએ. ગતાનુગતિકતા તો કરવી ન જ જોઇએ.

૩૩ યાત્રાર્થે આવેલા ભાઇ-બ્હેનોએ પ્રભુ પૂજા, ગુરૂવંદન, સત્ત્વાનુકંપા ( પ્રાણી-દયા ), શુભપાત્રદાન, ગુણાનુરાગ અને શાસ્ત્રશ્રવણરૂપ પોતાનાં નિત્યકૃત્ય વિસારી નહિ દેતાં તે નિયમસર સેવવાં જોઇએ.

૩૪ અત્ર સદા સાધર્મિક જનોની બની શકે તેટલી સેવા-ભકિતવડે આરાધના કરવી. પરંતુ તેની કોઇ રીતે વિરાધના તો કરવી નહિંજ.

૩૫ તીર્થભકિત માટે જેટલું તન, મન, ધનથી કરાય તે ઓછું જ છે એમ સમજી જે કંઇ યથાશકિત કરવામાં આવે તેનો ગર્વ તો કરવોજ નહિં, પણ પૂર્વ મહા પુરૂષોનાં દૃષ્ટાંત લઈ સ્વલઘુતાજ ભાવવા લક્ષ રાખવું.

૩૬ અત્ર પ્રાયઃ કોઇ પણ જાતનાં પાપમાં પ્રવૃત્તિ ન થાય તેવી કાળજી રાખવી. કોઇપણ નબળી સંગતિથી અલગા રહેવું. સર્વ જીવને આપણા આત્મા સમાન લેખી શુદ્ધ દયાની લાગણી રાખવી અને પરિણામની વિશુદ્ધિ કરવી.

૩૭ કોઇને કર્કશ-કઠોર કે મર્મવચન કહેવું નહિ. મિષ્ટ, પ્રિય અને હિત વચન જ વદવું. ગમે તેવાં પ્રસંગમાં પણ અહિત, અસત્ય અને અપ્રિય વચન ન જ બોલવું.

૩૮ આપણી વૃત્તિ દેખી બીજા તની અનુમોદના કરે અને તેનું અનુકરણ પણ કરે તેવી શાંત-નિર્મળ-પ્રમાણિક-નિષ્કપટવૃત્તિ યાત્રા પ્રસંગે વિશેષે રાખવી. શાસનની પ્રભાવના કરવાનો એ સરલ રસ્તો છે.

૩૯ કોઇ પ્રકારના દુર્વ્યસનથી અત્ર સદંતર દૂર રહેવા જ પ્રયત્ન કરવો. આવા પવિત્ર સ્થળે તો કેવળ ધર્મસેવનનું જ વ્યસન રાખવું કે જેથી આપણું એકાન્ત હિતજ થાય.

૪૦ ટુંકાણમાં તીર્થ-ભક્તને છાજે તેવીજ ઉત્તમ રહેણી કહેણી અત્ર રાખી રહેવું.

૪૧ કોઇ રીતે અનીતિ કે અન્યાયને ઉત્તેજન મળે તેમ નહિ કરતાં, ન્યાય-નીતિને જ ઉત્તેજન મળે તેમ હરેક પ્રસંગે જાતે કામ કરવું અને બીજા પાસે કરાવવા લક્ષ રાખવું.

૪૨ આ ઉત્તમ તીર્થે આવવાનો શો હેતુ છે ? તે પાર પડે છે કે નહિં ? તેમાં જો કસૂર

થતી હોય તો તે સુધારી લેવાની પુરી કાળજી રાખી પોતામાંજ જોતાં રહેવું.

૪૩ તીર્થંકર ભગવાન સમાન પવિત્ર આ તીર્થરાજની સેવા-ભક્તિનો લાભ આપણને અનેકવાર મળે તેવી ભાવના રાખી સાનુકુળ પ્રસંગ પામી તેવો લાભ લેવા ચૂકવું નહિ.

૪૪ કોઇ પણ પ્રકારના મત-કદાગ્રહથી અત્ર સદંતર દૂર રહેવું. અને પ્રબળ પુન્ય યોગે પ્રાપ્ત થતા સત્પુરૂષોનો સમાગમ મેળવી આ પણી અનાદિ જડતા-અવિવેક દૂર થાય અને સદ્વિવેક પ્રગટ થાય એવો હરેક પ્રયત્ન સેવવો.

## વિશ્વવંદ્ય થવાને લાયક કેમ બનાય ?

'લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર'

'નમે તે પ્રભુને ગમે'

वदनं प्रसादसदनं, सदयं हृदयं सुधामधुर वाचः
करणं परोपकरणं, येषां केषां न ते वंद्याः

ભાવાર્થ—જેમનું મુખ સદા સુપ્રસન્ન -આનંદિત રહ્યા કરે છે; જેમનું હૃદય દયાર્દ્ર-સદા દયાભીનું રહે છે, જેમની વાણી અમૃત જેવી મીઠી-મધુર લાગે એવી પ્રિય અને હિતકારી હોય છે; તેમજ જેમની કાયા પરોપકારના કામમાં સદાય તત્પર રહે છે તે પવિત્ર આત્માઓ કોને વંદનીક ન થાય ? અર્થાત્ એવા ઉત્તમ જનો સહુ કોઇને વંદનીક -પૂજનીય થાય જ. એમાં કંઇ આશ્ચર્ય નથી.

## લક્ષમાં રાખવા યોગ્ય સાદો સદુપદેશ.

" નમે છે આંબા આંબલી, નમે છે દાડમ દ્રાક્ષ
એરંડ બીચારો શું નમે ? જેની ઓછી શાખ "

ભાવાર્થ-આંબા, આંબલી, દાડમ અને દ્રાક્ષ જેવાં ઉત્તમ ઝાડો નમે છે. ફળસંપત્તિ વખતે તેઓ લચી પડે છે; પણ એરંડ અને તાડ જેવાં હલકાં વૃક્ષો તો અક્કડ જ રહે છે-લગારે નમતાં નથી. તેવી રીતે દુનિયામાં શીલ, સંતોષાદિક

ઉત્તમ ગુણોથી અલંકૃત થયેલા સજ્જનો સદાય સાદાઇ રાખે છે. નમ્રતા ધારે છે અને પરોપકાર સાધે છે; ત્યારે કુશીલતાદિક દુર્ગુણોથી વાસિત થયેલા હલકા લોકો અક્કડ રહે છે, સજ્જનો સાથે દ્વેષ રાખે છે અને અધિકાર મળતાં અનર્થ કરે છે. યતઃ—

नमन्ति सफलावृक्षा, नमन्ति सज्जमा जनाः
मूर्खाश्च शुष्कं काष्टं च, न नमन्ति कदाचन."

ભાવાર્થ—જ્યારે સૂકાં કાષ્ટ જેવા અક્કડ બાજ અજ્ઞ જનો કદાપિ નમતા નથી, ત્યારે ફળથી લચી પડતા ઉત્તમ વૃક્ષોની પેરે સદ્ગુણશાળી સજ્જનો સદા-સર્વદા નમ્રતા રાખે છે. અને પરદુઃખભંજક બની નિજ જન્મ સફળ કરે છે. કેમકે જગજાહેર વાત છે કે 'परोपकाराय सतां विभूतयः' इतिशम्.

# જૈન કોમના સત્ય હિતની ખાતર ખાસ નિર્માણ કરેલી સમયોચિત બહુ અગત્યની સૂચનાઓ.

૧ સુજ્ઞ ભાઇઓ અને બ્હેનો ! દરેક મંગળ પ્રસંગે વિદેશી ભ્રષ્ટ વસ્તુઓ વાપરવાથી આપણે કાયમ પરહેજ રહેવું અને સ્વદેશી પવિત્ર વસ્તુઓનો જ વિવેકથી ઉપયોગ કરવો ને કરાવવો.

૨ આપણા પવિત્ર તીર્થોની સેવા-રક્ષા અર્થે આપણાથી બને તેટલો સ્વાર્થ ત્યાગ કરવા યા આત્મભોગ આપવા તૈયાર-તત્પર રહેવું.

૩ કોઇપણ જાતના કુવ્યસનથી સદંતર દૂર રહેવું અને આપણી આસપાસના સ્વજનાદિને એથી દૂર રહેવા પ્રીતભરી પ્રેરણા કર્યા કરવી.

૪ શાન્તરસથી ભરેલી જિનપ્રતિમાને જિનેશ્વર તુલ્ય લેખી, આપણે પણ તેવાજ શાન્ત

અવિકારી થવા તેમની પૂજા અર્ચાદિક પ્રેમથી કરવા-કરાવવા બનતું લક્ષ રાખવું અને રખાવવું.

૫ આત્મશાન્તિને આપનારી જિનવાણીનો લાભ લેવા, પ્રતિદિન થોડો ઘણો વખત પ્રેમ-પૂર્વક પ્રમાદ રહિતપણે પ્રયત્ન સેવવો.

૬ જૈન તરીકે આપણું કર્તવ્ય શું શું છે? તે સારી રીતે જાણી તે પ્રમાણે લક્ષ રાખીને આચરવા યથાશકિત ઉદ્યમ કર્યા કરવો.

૭ શરીર નીરોગી હોય તોજ ધર્મ સાધન રૂડી રીતે થઈ શકે. માટે શરીર-આરોગ્ય સાચવવા સહુએ પૂરતી સંભાળ રાખવી. વળી બાળલગ્ન, વૃદ્ધવિવાહ, પરસ્ત્રી તથા વેશ્યાગમન, માદક આહાર, કુપથ્યસેવન અને કુદરત વિરૂદ્ધ વર્તનથી નાહક વીર્યનો વિનાશ કરવાવડે શરીર કમજોર થઇ જાય છે એમ સમજી ઉકત અનાચરણોથી સહુએ સદંતર દૂર રહેવા લક્ષ રાખવું, તેની ઉપેક્ષા કરવી નહીં.

૮ આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવું અને બીનજરૂરી ખર્ચ કમી કરી બચેલાં નાણાંનો સદુપયોગ કરવા-કરાવવા પૂરતું લક્ષ્ય જાતે રાખવું અને સ્વજનો પાસે રખાવવું.

૯ શુભ-ધર્માદાખાતે ખર્ચવા કાઢેલી રકમ વગર વિલંબે વિવેકથી ખર્ચી દેવી; કારણ કે સદાકાળ સહુના સરખા શુભ પરિણામ ટકી રહેતા નથી. વળી લક્ષ્મી પણ આજે છે અને કાલે નથી માટે કાલે કરવું હોય તે આજેજ કરવું.

૧૦ જ્ઞાન દાન સમાન કોઇ ઉત્તમ દાન નથી એમ સમજી સહુએ એ કાર્યમાં યથાશક્તિ સહાય કરવી અને તત્વજ્ઞાનનો ફેલાવો થાય તેવો પ્રબંધ કરવો. કેમકે શાસનની ઉન્નતિનો ખરો આધાર તત્વજ્ઞાન ઉપર અવલંબી રહેલો છે.

૧૧ આપણા જૈની ભાઇ-બ્હેનોમાં અત્યારે ઘણા ભાગે કળાકૌશલ્યની ખામીથી, પ્રમાદ આચરણથી, અગમચેતીપણાના અભાવથી અને

નાતવરા વિગેરે નકામા ખર્ચ કરવાથી જે દુઃખભરી હાલત થવા પામી છે તે જલ્દી દૂર થાય તેવી તાલીમ ( કેળવણી ) દેશકાળને અનુસારે ઉછરતી પ્રજાને આપવા દરેક યોગ્ય સ્થળે ગોઠવણ કરવાની હવે ખાસ જરૂર છે.

૧૨ વીતરાગ પ્રભુનો પવિત્ર ઉપદેશ આખી આલમને ઉપકારક થઇ શકે એવો હોવાથી તેનો જેમ આધક પ્રસાર થવા પામે તેમ પ્રયત્ન કરવો. જગદ્‌ગુરૂ જિનેશ્વર ભગવાને ફરમાવેલી દશ શિક્ષાનું રહસ્ય એ છે કેઃ—

(૧) શાસન રસિક જનોએ સહુ કોઇ જીવોનું ભલું કરવા–કરાવવા બનતી કાળજી રાખવી અને ઉદાર દીલથી આત્મભોગ આપવો.

(૨) મદ, માન કે અહંકાર તજી સાદાઇ, ભલમનસાઇ અને નમ્રતા રાખી સહુ સાથે હળીમળીને રહેવું અને ગુણીજનોનો અધિક આદર કરવો. તેમના પવિત્ર સમાગમમાં આવી

સદ્‌બોધ મેળવવો, અને તે પ્રમાણે સહુએ ચીવટ રાખીને સદ્વર્તન સેવવું.

(૩) માયા, કપટ તજી, સરલતા આદરી, મન, વચન અને કાયાની શુદ્ધિથી સ્વ-પર હિતરૂપ થાય તેવાં કાર્ય કરવાં-કરાવવાં.

(૪) લોભ-તૃષ્ણા તજી, સંતોષવૃત્તિ રાખીને બની શકે તેટલાં પરમાર્થભર્યાં કામ નિઃસ્વાર્થપણે કરવાં અને કરાવવાં.

(૫) કુવાસના તજી, ઇચ્છા નિરોધ-તપવડે નિજ દેહદમન કરી, પવિત્ર જ્ઞાન ધ્યાન યોગે પ્રમાદ રહિતપણે સ્વ આત્મ-સુવર્ણ શુદ્ધ કરવું.

(૬) ઇન્દ્રિય-વિષય અને કષાયને કાબુમાં રાખી પવિત્રપણે યથાશક્તિ વ્રત નિયમો પાળવા-પળાવવા પ્રયત્નશીલ થવું.

(૭) સત્યનું સ્વરૂપ સમજી, પ્રિય, પથ્ય અને તથ્ય એવું ( હિત, મિત અને મધુર સત્ય ) વચન પ્રસંગ પામીને ડહાપણથી બોલવું.

(૮) અંતઃકરણુસાફ રાખી, વ્યવહારશુદ્ધિ સાચવવી. ન્યાય,નીતિ અને પ્રમાણિકપણું સારી રીતે સાચવી રાખીને ચાલવું.

(૯) પર આશા-પરાધીનતા તજી, નિસંગતા અને નિસ્પૃહતા ધારી એકાન્ત આત્મહિત કરી લેવાને સવેળા ઉજમાળ થવું.

(૧૦) બ્રહ્મચર્ય-પવિત્ર આચાર વિચારને સેવી, આત્મરમણુતાયોગે, સહજ સ્વાભાવિક અનુપમ સુખનો અનુભવ કરવો. એળ-ભમરીના દ્રષ્ટાન્તે પરમાત્મ ચિન્તવનવડે તેની સાથે એકતા કરી સ્વરૂપમગ્ન થવું.

૧૩ કલેશ, કુસંપ, વેર, વિરોધ, ઇર્ષા, અદેખાઇ, નિંદા, ચુગલી વિગેરે વિકારોને મહાદુઃખદાયક જાણી સહુએ અવશ્ય પરિહરવા.

૧૪ કુસંગથી આદરી લીધેલા ખોટા રીત રીવાજોને હાનિકર્તા જાણી દૂર કરવા-કરાવવા પૂરતું લક્ષ્ય રાખીને બનતું મથન કરવું.

૧૫ કોઇ રીતે સીદાતા ( દુઃખી થતા ) સાધર્મીજનોને સારી રીતે સહાય આપી-અપાવીને ઠેકાણે પાડવા સદાય લક્ષ રાખવું.

૧૬ માતા, પિતા, સ્વામી અને ગુરૂમહારાજનો આપણા ઉપર થયેલો અનહદ ઉપગાર સંભારી-કાયમ સ્મરણમાં રાખી તેમનું હિત કરવાની સોનેરી તક મળે ત્યારે તે ગુમાવવી નહિ. દ્રવ્યથી અને ભાવથી બની શકે તેટલી તેમની સેવા-ભકિત જરૂર કરવી.

૧૭ કોઇએ કંઇ કસુર કરેલી જાણી, તેનો તિરસ્કાર કરવાને બદલે તેની ભૂલ શાન્તિથી સમજાવી સુધરાવવી વધારે હિતકારી છે.

૧૮ દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવને નિજ-લક્ષ્યમાં રાખી, નમ્રતાથી ઉચિત પ્રવૃત્તિ કરનાર સુખે સ્વપરહિત સાધી શકે છે.

૧૯ રાગદ્વેષ અને મોહાદિક સમસ્ત દોષને સર્વથા જીતી, જિનેશ્વરો આપણને પણ એ

વાજ નિર્દોષ નિર્વિકાર થવા સતત્ ઉપદિશે છે, એ મુદ્દાની વાત નિજ લક્ષમાં રાખી, સહુ કોઈ ઉપદેશકો, મુનિજનો અને શ્રાવકજનો ઉક્ત અમૂલ્ય સુચનાઓનો અમલ કરશે તો તેઓ અલ્પ સમયમાં અને અલ્પ પ્રયાસે અનલ્પ લાભ મેળવી શકશે એમ ઇચ્છી, પ્રાર્થી, નિજ આશય દાખવીને અત્ર વિરમાય છે. ઇતિશમ્.

---

## જરૂર વાંચજો.

આ ત્રણે પુસ્તક નિત્યનાં ઉપયોગી અને પાસે રાખવા લાયક પાકા રેશમી પુઠાનાં પોકેટ સાઇઝનાં છે. ત્રણેનો રૂ. ૧-૮-૦

૧ પંચપ્રતિક્રમણ—( નવ સ્મરણ, સ્તોત્રો, છંદો રાસ વિગેરેના સંગ્રહ સાથે.

૨ જૈન નિત્ય પાઠ સંગ્રહ.

૩ સ્તવન સંગ્રહ અને સ્મરણ માળા.

જૈન સસ્તી વાંચનમાળા—પાલીતાણા.

# શ્રી સિદ્ધગિરિના આશ્રયથી ઉદ્ધાર પામેલા કંડૂરાજા.

પૂર્વે કંડુ નામે ચંદ્રપુરીનો રાજા હતો. તે અનેક ખોટાં વ્યસનોમાં ગ્રસ્ત, મહાપાપી અને યમ જેવો ક્રુર હતો. અનેક અન્યાયાચરણથી પ્રજાને પીડતાં તેને ક્ષયરોગ ઉત્પન્ન થયો, તેથી તેનો દેહ ક્ષીણ થવા માંડયો, એટલે તેને મિત્રની જેમ ધર્મનું સ્મરણ થયું. મૂઢબુદ્ધિવાળા જીવો જ્યાં સુધી સર્વ રીતે સુખી હોય છે ત્યાંસુધી ધર્મને કિંચિત્ માત્ર સંભારતા પણ નથી; પરંતુ જ્યારે મૃત્યુનો ભય લાગે છે ત્યારેજ તેઓ ધર્મને યાદ કરે છે.

એકદા તે કંડુરાજા પોતે કરેલાં અન્યાયાચરણને સંભારતાં ખિન્નચિત્તે સભામાં બેઠો હતો, એવામાં કલ્પવૃક્ષના પત્ર ઉપર લખેલો એક દિવ્ય શ્લોક કોઇએ આકાશમાંથી મૂકેલો તેની પાસે આવી પડયો. તે શ્લોક તેના પુન્ય-

શાળી પૂર્વજોના પુન્યથી વશ થયેલી તેની ગોત્રદેવી "અંબિકાએ" તેને જાગ્રત કરવા નાંખેલો હતો. તેનો ભાવાર્થ એ હતો કે "પૂર્વ ભવમાં કરેલાં સુકૃતથી સઘળી સંપત્તિને પામ્યા છતાં જે મૂઢાત્મા આ ભવમાં ધર્મનેજ વિસારી દે છે તે સ્વસ્વામીદ્રોહ કરનાર મહાપાતકીનું શ્રેય શી રીતે થઇ શકશે?" ઉક્ત શ્લોકનો ભાવાર્થ મનમાં વિચારી પોતે કરેલાં અનેક અન્યાયાચરણને સંભારી બહુ ખેદ પામતો ચિંતાતુર થયેલો તે રાજા રાત્રીના વખતે એકલો રાજ્ય છોડી મરવાને માટે નિશ્ચય કરી ચાલી નીકળ્યો. જેવો તે નગર બહાર નીકળ્યો કે તરતજ એક સુંદર ગાય તેના જોવામાં આવી. તે ગાય રાજાની સામે ધસી આવી તેને પ્રહાર કરવા લાગી. તે જોઈ રાજાએ પણ રીસથી ખડ્ગ ઉગામીને તે ગાયના બે ટુકડા કરી નાંખ્યા. તેમાંથી એક હાથમાં કાતી નચાવતી ભયંકર સ્ત્રી નીકળી. તે સ્ત્રીએ આક્રોશ કરી તેને યુદ્ધ કરવા કહ્યું.

જેથી તે સ્ત્રીનાં ગર્વયુક્ત વચન સાંભળી જેવો તેની સામે ખડ્ગ ઉગામવા જાય છે તેવામાં તે સ્ત્રીની કાતીવડે પોતાને વીંધાઇ ગયેલો અને રૂધિર ઝરતો જોઈ કંડૂરાજા બહુજ ખેદ પામ્યો, એટલે તે સ્ત્રીએ તેને પુનઃ યુદ્ધ કરવા જણાવ્યું. તેથી તે શોકસાગરમાં ડુબી ગયો છતો વિચારવા લાગ્યો કે—અહો ! દૈવ જ્યારે વિપરીત થયું ત્યારે હું એક સ્ત્રીથી પણ પરાભવ પામ્યો. અહો ! હું મરવા માટેજ નીકળ્યો હતો તે ભૂલી જઈ મેં ગોહત્યાનું મહાપાપ કર્યું. હવે મારી શી ગતિ થશે ? હવે આપત્તિમાં આવી પડેલો હું શું કરૂં ? અથવા “દવ બળે ત્યારે કુવો ખોદવો શા કામનો ?”

આવી રીતે તે શોકગ્રસ્ત બની વિચાર કરતો હતો તેવામાં તેને તે સુંદર યુવતી કે જે અંબિકા હતી, તેણે કહ્યું કે હે મૂઢ ! હજી તારા ચિત્તમાં ધર્મબુદ્ધિ પ્રગટી નથી. ફક્ત તું દુઃખાવિષ્ટ થવાથી હવણાં ધર્મને સંભારે છે. જો કે મદાંધ

પણ તેં અનેક કુકૃત્યો કર્યાં છે, તોપણ હવે તું ધર્મનો આશ્રય લે. કારણ કે તેના જેવો કોઇ ઉપગારી નથી. છેવટે પણ જે તેનો આશ્રય લે છે, તેને તે તારે છે. હું "અંબિકા" નામે તારી ગોત્રદેવી છું. તારી પરીક્ષા કરવા માટે મેં આ બધી પ્રવૃત્તિ કરી છે. હજુ તારામાં ધર્મની યોગ્યતા નથી, તેથી તું દેશાટન અને તીર્થાટન કર. ક્ષમાયુક્ત સર્વ દુઃખ સહન કર. પછી જ્યારે તારામાં યોગ્યતા જોઇશ ત્યારે ફરી પ્રગટ થઇ તને ઉચિત માર્ગ જરૂર બતાવીશ. એમ કહી દેવી અંતર્ધાન થઇ ગઇ. કંડૂરાજા વિચારે છે કે હજુ મારૂં ભાગ્ય જાગતું છે, કે મારી ગોત્રદેવીએ હિતબુદ્ધિથી મને દર્શન દીધું. હવે હું પ્રમાદરહિત થઇ એવો ઉદ્યમ કરૂં કે જેથી થોડાજ વખતમાં ધર્મને યોગ્ય થઇ આત્મહિત સાધી શકું. એમ વિચારી પ્રભાતે તે ત્યાંથી કોઇ દિશા તરફ ચાલી નીકળ્યો. પ્રસન્ન ચિત્ત થવાથી તે દુઃખ ભૂલી ગયો. પછી તે કો-

લ્લાક ગિરિ ઉપર આવી રાત્રીવાસ રહ્યો. પાછલે પ્રહરે કોઇક વૈરી યક્ષે પ્રગટ થઇ ક્રોધ યુક્ત વચનથી કહ્યું કે હે દુષ્ટ ? તેં પૂર્વે મને મારી, મ્હારી સ્ત્રીનું હરણ કર્યું છે. તે તને સાંભરે છે ? હવે તારૂં મરણ નજદીક આવ્યું છે. માટે તારા ઇષ્ટનું સ્મરણ કર. એમ કહી તેણે તેની બહુ પેરે કદર્થના કરી. છેવટે તેને કોઇ એક ગુફામાં જીવતો મૂકીને યક્ષ અંતર્ધાન થઇ ગયો. આ વખતે તે રાજા પોતે પૂર્વે કરેલાં અન્યાયાચરણને સંભારી સંભારી મનમાં ચિંતવે છે કે આ દુઃખ તો દુકૃતનાં પ્રત્યક્ષ ફળરૂપ છે, પણ શું જાણું તેનાં કેવાં કટુક ફળ આગળ ભોગવવાં પડશે ?

એવી રીતે પોતાનાં દુષ્કૃત્યોની નિંદા કરતો તે પાપના ક્ષય માટે અહીં તહીં ભમવા લાગ્યો. એવામાં તેની ગોત્રદેવી અંબિકા પ્રગટ થઇ બોલી કે હે વત્સ ! હવે જયાં ત્યાં ફરવાની તને જરૂર નથી. ફક્ત શત્રુંજયગિરિનુંજ તું સેવન કર. તેં પૂર્વે એવાં દુષ્કૃત્યો ક્યાં છે કે તે

ગિરિરાજનું સેવન કરવાથીજ સર્વ પાપનો ક્ષય થઇ શકશે. તે વગર તેનો ક્ષય થઇ શકશે નહિ. એવી રીતે ગોત્રદેવીએ કહેલાં હિતકારી વચનો સાંભળી અને તેનાંજ મુખે તે ગિરિરાજનો પ્રૌઢ મહિમા શ્રવણ કરી, અતિ ઉત્સાહ પૂર્વક તે તીર્થરાજ તરફ ચાલી નીકળ્યો અને તેના દર્શન થાય ત્યાંસુધી તેણે ખાનપાનનો ત્યાગ કર્યો. અનુક્રમે ગિરિરાજનાં અને એક શાંત મુનિનાં તેને દર્શન થયાં. મુનિના સદુપદેશથી તેણે તેમની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર અંગીકાર કરી અનુક્રમે શ્રી તીર્થરાજને શુદ્ધ ભાવથી ભેટી, તીર્થાધિપતિ શ્રી આદિનાથનાં વારંવાર અનિમેષપણે દર્શન કરી, તે મહાદુષ્કર તપ કરવા લાગ્યો. તેથી તેનાં સકળ કર્મ ક્ષીણ થઇ ગયાં અને શુદ્ધ ધ્યાન યોગે તે શિવરમણીનો ભોક્તા થયો. એવી રીતે એક નિષ્ઠાથી જે ભવ્યજનો શ્રીશત્રુંજય તીર્થનું તેમજ શ્રી આદીશ્વર પ્રભુનું સેવન કરશે તે

પણ કંડૂનરપતિની પેરે સર્વ દુઃખનો અંત કરી અનુક્રમે પરમપદ પામશે જિતારીરાજા પણ એ તીર્થાધિરાજના સેવનથી સર્વ રીતે સુખી થયો. શાંતનુ રાજા પણ પોતાના પુત્રો સહિત શત્રુંજય તીર્થ તથા શ્રી શત્રુંજયી નદીનું સેવન કરી પોતાનાં દુઃખનો અંત કરી સુખ સમૃદ્ધિ પામ્યો. પૂર્વ કર્મના યોગથી કોઢ રોગાવિષ્ટ થયેલો મહીપાલ કુમાર ફક્ત સૂર્ય કુંડના જળના સ્પર્શમાત્રથી રોગમુક્ત થઈ કંચન જેવી કાયાવાળો થયો. એવી રીતે તીર્થપતિનાં સેવનથી કઇક જીવોનાં કલ્યાણ થયાં છે, થાય છે, અને ભાવિકાળે પણ થશે.

જો કે એ ગિરિરાજ ઉપર કાળની અનંતતાથી અનંત કોટિ જીવો સિદ્ધિપદ પામ્યા છે, તોપણ વર્તમાન ચોવીશી વિગેરેમાં સિદ્ધિપદ વરેલા જીવોની અત્ર ટુંક નોંધ પ્રસંગોપાત આપવામાં આવે છે.

# અત્રે સિદ્ધ થયેલા મહાત્માઓની ટુંકી નોંધ.

| કોણ | કેટલી સંખ્યા સાથે. |
| --- | --- |
| શ્રી ઋષભદેવ પ્રભુના વંશજો | અસંખ્યાતા. |
| શ્રી પુંડરીક ગણધર | પાંચક્રોડ |
| દ્રાવિડ વારિખિલ્લ | દશ ક્રોડ |
| આદિત્યયશા (ભરત મહારાજાના પુત્ર) | એકલાખ |
| સોમયશા ( બાહુબલીના વડા પુત્ર ) | તેર ક્રોડ |
| બાહુબલિના પુત્ર | એક હજાર ને આઠ |
| નમિ વિદ્યાધરની પુત્રી ચર્ચા પ્રમુખ | ચોસઠ |
| નમિ વિનમિ વિદ્યાધરો | બે ક્રોડ |
| સાગરમુનિ | એક ક્રોડ |
| ભરતમુનિ | પાંચ ક્રોડ |
| અજીતસેન | સત્તર ક્રોડ |
| અજિતનાથ પ્રભુના સાધુઓ | દશ હજાર |
| શ્રી સાર મુનિ | એક ક્રોડ |
| શ્રી શાંતિનાથ પ્રભુસાથે | ૧૫૨૫૫૭૭૭ મુનિઓ |
| રામ ભરત ( દશરથના પુત્રો ) | ત્રણ ક્રોડ |
| પાંચ પાંડવો | વીશ ક્રોડ મુનિઓ |

| | |
|---|---|
| વસુદેવની સ્ત્રીઓ | પાંત્રીશ હજાર |
| વૈદર્ભી | ચુમાળીશસે ( ૪૪૦૦ ) |
| નારદ ઋષિ | એકાણુ લાખ |
| શાંબ પ્રદ્યુમ્ન | સાડીઆઠ ક્રોડ |
| દમિતારિ મુનિ | ચૌદ હજાર |
| થાવચ્ચા પુત્ર | એક હજાર |
| શુક પરિવ્રાજક (શુકાચાર્ય) | એક હજાર |
| સેલગાચાર્ય | પાંચસો સાધુ |
| સુભદ્રમુનિ | સાતસો સાધુ |
| કાલિક મુનિ | એક હજાર |
| કદંબ ગણધર ( ગત ચોવિશીમાં ) | એક ક્રોડ |
| સંપ્રતિ જીનના થાવચ્ચાગણધર | એક હજાર |

આ શિવાય ઋષભસેનજીન પ્રમુખ અસંખ્યાતા તીર્થંકરો, દેવકીજીના છ પુત્રો, જાળી મયાળી ને ઉવયાળી (જાદવપુત્રો), સુવ્રત શેઠ, મંડકમુનિ, સુકોસળમુનિ, તેમજ અયમત્તામુનિ વિગેરે સંખ્યા રહિત મહાત્માઓ અત્ર સિદ્ધિ પદ પામ્યા છે.

# યાત્રાના પર્વ દિવસો.

| | | |
|---|---|---|
| કારતક | શુદ ૧૫ | શ્રી. ઋષભદેવજીના પૌત્ર દ્રાવિડ ને વાલિખિલ્ય દશક્રોડ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા. |
| માગશર | શુદ ૧૧ | મૌન એકાદશી. |
| પોષ | વદ ૧૩ | શ્રી ઋષભદેવજીની નિર્વાણ કલ્યાણક તીથી, મેરૂ તેરસ. |
| માહા | શુદ ૧૫ | શ્રી મરૂદેવી માતાના ચૈત્યની વર્ષગાંઠ. |
| ફાલ્ગુન | શુદ ૮ | શ્રી રૂષભદેવજી એજ તીથીએ પૂર્વનવાણુંવાર સિદ્ધાચળે સમોસર્યા. |
| ફાલ્ગુન | શુદ ૧૦ | નમિ વિનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિવર સાથે સિદ્ધિપદ પામ્યા. |
| ફાલ્ગુન | શુદ ૧૩ | શ્રી કૃષ્ણના પુત્ર સામ્બ ને પ્રદ્યુમ્ન સાડી આઠ ક્રોડ મુનિ સાથે ભાડવા ડુંગરે સિદ્ધિ- |

| | | | |
|---|---|---|---|
| | | | પદ પામ્યા ( છ ગાઉની પ્રદક્ષિણા ) |
| ફાલ્ગુન | શુદ | ૧૫ | શ્રી પુંડરિક સ્વામીએ પાંચ ક્રોડ મુનિ સાથે સિદ્ધગિરિ પર અણુસણ કર્યું. |
| ફાલ્ગુન | વદ | ૮ | શ્રી ઋષભદેવની જન્મકલ્યાણુક તથા દીક્ષા કલ્યાણુક તીથી(વરસીતપનીશરૂઆત) |
| ચૈત્ર | શુદ | ૧૫ | શ્રી પુંડરિકગણુધર પાંચક્રોડ મુનિ સાથે શત્રુંજય ઉપર સિદ્ધિપદને પામ્યા. |
| ચૈત્ર | વદ | ૧૪ | નમિવિદ્યાધરની ચચાવિગેરે ૬૪ પુત્રીઓ સિદ્ધિપદ પામી ( ચર્ચગિરિ ) |
| વૈશાખ | શુદ | ૩ | વરસીતપનું પારણું ( અક્ષયત્રીજ ) |
| વૈશાખ | વદિ | ૬ | શ્રી આદીશ્વર ભગવાનની સંવત ૧૫૮૭ માં પ્રતિષ્ઠાની વર્ષગાંઠ. |

અષાડ શુદ ૧૪ ચૌમાસી ચૌદશ. ( ચાલુ વર્ષની છેલી યાત્રા )

શ્રાવણ શુદ ૧૫ પાંચ પાંડવો વીશક્રોડ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા.

---

## અત્ર થયેલા ૧૬ મ્હોટા ઉદ્ધારોની ટુંક નોંધ.

૧ ભરતચક્રવર્તીએ (સપરિવાર) શ્રીનાભ ગણધરની સાથે અહીં આવી કરાવ્યો.

૨ ભરતચક્રવર્તીની આઠમી પાટે થયેલા દંડવીર્ય ભૂપાલે કરાવ્યો.

૩ સીમંધર સ્વામીનો ઉપદેશ સાંભળી ઇશાનેન્દ્રે કરાવ્યો.

૪ ચોથા દેવલોકના ઇન્દ્ર મહેન્દ્રે કરાવ્યો.

૫ પાંચમા દેવલોકના સ્વામી બ્રહ્મેન્દ્રે કરાવ્યો.

૬ ભુવનપતિના ઇન્દ્ર ચમરેન્દ્રે કરાવ્યો.

૭ અજીતનાથ સ્વામીના બંધુ સગર ચક્રવર્તીએ કરાવ્યો.

૮ અભિનંદન સ્વામીના ઉપદેશથી વ્યંતરેન્દ્રોએ કરાવ્યો.

૯ ચંદ્રપભુના શાસનમાં ચંદ્રશેખર મુનિના ઉપદેશથી તેમના પુત્ર ચંદ્રયશાએ કરાવ્યો.

૧૦ શ્રી શાંતિનાથજીના પુત્ર ચક્રાયુધજીએ પ્રભુની દેશના સાંભળીને કરાવ્યો.

૧૧ શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં રામચંદ્રજીએ કરાવ્યો.

૧૨ શ્રી નેમિનાથજીના ઉપદેશથી પાંડવોએ દેવ સહાયથી કરાવ્યો.

૧૩ જાવડશા શેઠે વજ્રસ્વામીની સહાયથી સંવત્ ૧૦૮ માં કરાવ્યો.

૧૪ શ્રી કુમારપાળ રાજાના વખતમાં બાહડમંત્રીએ ૧૨૧૩ માં કરાવ્યો.

૧૫ સમરાશા ઓસવાળે સંવત્ ૧૩૭૧ માં કરાવ્યો.

૧૬ કરમાશા શેઠે સંવત્ ૧૫૮૩ માં કરાવ્યો.

આ મુખ્ય ઉદ્ધારોનીજ વાત છે. તે શિવાય

શત્રુંજય કલ્પમાં કહ્યા મુજબ અત્ર અસંખ્ય ઉદ્ધારો, અસંખ્ય ચૈત્યો અને અસંખ્ય પ્રતિમાઓ કરાવવામાં આવેલ છે. એ બધો આ. ઉત્તમ ગિરિરાજનો જ પ્રભાવ જાણવો.

## પ્રતિદિન જાપવડે સ્મરણ કરવા યોગ્ય આ તીર્થરાજના અનેક ઉત્તમ નામોની યાદી.

૧ શત્રુંજય, ૨ બાહુબલી, ૩ મરુદેવ, ૪ પુંડરીકગિરિ, ૫ રૈવતગિરિ, ૬ વિમલાચલ ૭ સિદ્ધરાજ, ૮ ભગીરથ, ૯ સિદ્ધક્ષેત્ર, ૧૦ સહસ્રકમલ, ૧૧ મુકિતનિલય, ૧૨ સિદ્ધાચલ ૧૩ શતકૂટગિરિ, ૧૪ ઢંક, ૧૫ કોડી નિવાસ ૧૬ કદંબગિરિ, ૧૭ લોહિત્ય, ૧૮ તાલધ્વજ, ૧૯ પુણ્યરાશિ, ૨૦ મહાબલ ૨૧ દ્રઢ શકિત, ૨૨ શતપત્ર, ૨૩ વિજયાનંદ, ૨૪ ભદ્રંકર, ૨૫ મહાપીઠ, ૨૬ સૂરગિરિ, ૨૭ મહાગિરિ, ૨૮ મહાનંદ, ૨૯ કર્મસૂડણ, ૩૦ કૈલાસ

૩૧ પુષ્પદંત, ૩૨ જયંત, ૩૩ આનંદ, ૩૪ શ્રીપદ, ૩૫ હસ્તગિરિ, ૩૬ શાશ્વતગિરિ, ૩૭ ભવ્યગિરિ, ૩૮ સિદ્ધશેખર, ૩૯ મહાશય, ૪૦ માલ્યવંત, ૪૧ પૃથ્વીપીઠ, ૪૨ દુઃખહર, ૪૩ મુકિતરાજ, ૪૪ મણિકંત, ૪૫ મેરુમહીધર ૪૬ કંચનગિરિ, ૪૭ આનંદધર, ૪૮ પુણ્યકંદ, ૪૯ જયાનંદ, ૫૦ પાતાલમૂલ, ૫૧ વિભાસ, ૫૨ વિશાલ, ૫૩ જગતારણ, ૫૪ અકલંક, ૫૫ અકર્મક, ૫૬ મહાતીર્થ, ૫૭ હેમગિરિ, ૫૮ અનંતશકિત, ૫૯ પુરુષોત્તમ, ૬૦ પર્વત રાજા, ૬૧ જયોતિરુપ, ૬૨ વિલાસભદ્ર, ૬૩ સુભદ્ર, ૬૪ અજરામર, ૬૫ ક્ષેમંકર, ૬૬ અમરકેતુ, ૬૭ ગુણકંદ, ૬૮ સહસ્રપત્ર. ૬૯ શિવંકર, ૭૦ કર્મક્ષય, ૭૧ તમોકંદ, ૭૨ રાજરાજેશ્વર, ૭૩ ભવતારણ, ૭૪ ગજચંદ્ર, ૭૫ મહોદય, ૭૬ સુરકાંત, ૭૭ અચળ, ૭૮ અભિનંદન, ૭૯ સુમતિ, ૮૦ શ્રેષ્ઠ, ૮૧ અભયકંદ ૮૨ ઉજવળગિરિ, ૮૩ મહાપદ્મ, ૮૪, વિશ્વાનંદ

૮૫ વિજયભદ્ર, ૮૬ ઇન્દ્રપ્રકાશ, ૮૭ કપર્દી-વાસ, ૮૮ મુકિતનિકેતન, ૮૯ કેવળદાયક, ૯૦ ચર્ચગિરિ, ૯૧ અષ્ટોતર, શતકૂટ, ૯૨ સૌંદર્ય, ૯૩ યશોધરા, ૯૪ પ્રીતિમંડન,:૯૫ કામુક કામ અથવા 'કામદાયી' ૯૬ સહજાનંદ, ૯૭ મહેન્દ્રધ્વજ, ૯૮ સર્વાર્થસિદ્ધ, ૯૯ પ્રિયંકર.

આ નામો શિવાય શ્રી શત્રુંજય મહાત્મ્યમાં બ્રહ્મગિરિ, નાન્દિગિરિ, શ્રેય:પદ, પ્રભો:પદ, સર્વકામદ, ક્ષિતિમંડળમંડન, સહસ્રાખ્ય, તાપસગિરિ, સ્વર્ગગિરિ, ઉમાશંભુગિરિ, સ્વર્ણગિરિ, ઉદયગિરિ અને અર્બુદગિરિ, વિગેરે નામો પણ આપેલાં જણાય છે. વળી ઉપલાં ૯૯ નામ ઉપરાંત બીજાં ૯ નામ સહિત તેનાં ૧૦૮ નામ પણ અન્યત્ર કહ્યાં છે. ૯૯ યાત્રા કરનારાઓ તેમાંના પ્રત્યેક નામની પ્રતિદિન એક એક નવકારવાળી ગણે અથવા ઉકત ૧૦૮ નામોનું એક સાથે સ્મરણ કરે.

# ઉક્ત તીર્થમાં આવેલી પવિત્ર વસ્તુઓ અને પવિત્ર સ્થાનોની ઓળખાણ અને મહિમા.

## રાજાદની ( રાયણ વૃક્ષ ) અને તેની નીચે રહેલાં પ્રભુનાં ચરણ.

આ રાયણનું વૃક્ષ શ્રી ઋષભદેવ ભગવાનની પાદુકાવડે પવિત્ર ગણાય છે. શ્રી ઋષભદેવ ભગવાન અનેક વખત આવી એ રાયણ નીચે સમવસર્યા છે, તેથી તે પવિત્ર તીર્થની પેરે વંદનિક છે. તેનાં પત્ર, ફળ તથા શાખા ઉપર દેવતાઓના વાસ હોવાથી પ્રમાદવડે તે તોડવાં કે છેદવાં નહિં. જ્યારે કોઇ સંઘપતિ પૂર્ણ ભક્તિભાવથી તેની પ્રદક્ષિણા દે છે ત્યારે જો તે રાયણ તેના ઉપર હર્ષથી દુધ વર્ષાવે છે તો તે ઉભય લોકમાં સુખી થાય છે. જો તેની શુદ્ધ દ્રવ્યથી આદર સહિત પૂજા કરવામાં આવે છે તો તે સ્વપ્નમાં આવી સર્વ શુભાશુભ કહી દે છે. વળી તેની આદરસહિત પૂજા કરવાથી ભૂત, વેતાળ,

શાકિની, રાક્ષસ, પ્રમુખનો વળગાડ હોય તે પણ જતો રહે છે અને બીજા વિકાર પણ થઇ શકતા નથી. એ ઉત્તમ વૃક્ષના પત્ર, પુષ્પ કે શાખાદિક સહેજે પડેલાં હોય તો તેને આદર સહિત લઇ આવી જીવની જેમ સાચવવાં. એનાં જળનું સિંચન કરવાથી સર્વ વિઘ્નની શાંતિ થાય છે. એ પવિત્ર વૃક્ષને સાક્ષી રાખી જે દોસ્તી બાંધે છે તે અત્યંત સુખ અનુભવી છેવટે પરમપદ પ્રાપ્ત કરે છે. એ રાયણવૃક્ષથી પશ્ચિમ દિશા તરફ એક દુર્લભ રસકુંપિકા છે. જે આસ્થા સહિત અઠ્ઠમ તપનું આરાધન કરે છે તે કોઇક ભાગ્યવાન પુરુષ તેના પ્રભાવથી તે રસકુંપિકાનો રસ મેળવી શકે છે. તે રસના ગંધ માત્રથી લોઢું સુવર્ણ થઇ જાય છે. એક રાયણજ જો પ્રસન્ન હોય તો બીજી શાની જરુર છે?

---

## શત્રુંજયા નદી.

સોરાષ્ટ્ર ( સોરઠ ) દેશમાં અનંત મહિમાથી પૂર્ણ અને અનંત સુકૃતનું સ્થાન એવું

શત્રુંજય નામે મહાતીર્થ છે. તેનાં દર્શન, સ્પર્શન, શ્રવણ અને સ્તવનથી પણ પાપનો લોપ થઇ જાય છે. તે ક્ષણવારમાં પ્રાણીઓને સ્વર્ગનાં અને મોક્ષનાં સુખ આપે છે. તેના જેવું ત્રણ લોકને પાવન કરનારૂં કોઇ પણ બીજું તીર્થ નથી. તે શત્રુંજય મહાતીર્થની દક્ષિણ બાજુએ પ્રભાવિક જળથી પૂર્ણ એક શત્રુંજયા નામની નદી છે. શત્રુંજય મહાતીર્થને સ્પર્શી રહેલી હોવાથી તે નદી મહા પવિત્ર છે અને ગંગા સિંધુનાં દિવ્ય જળથી પણ અધિક ફળદાતા છે. તેમાં ( વિવેકથી ) સ્નાન કરનારનું સકળ પાપ ધોવાઇ જાય છે. શત્રુંજય મહાતીર્થની તે જાણે વેણી હોય તેવી શોભે છે. વળી તે ગંગા નદીના પેરે પૂર્વ દિશા તરફ વહેનારી, અપૂર્વ સુકૃતનાં સ્થાનરૂપ, અનેક ઉત્તમ દ્રહોવડે પ્રભાવવાળી અને અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરતી છતી શત્રુંજયા, જાન્હવી, પુંડરિકિણી, પાપંકષા, તીર્થભૂમિ અને હંસા એવાં અનેક નામથી પ્રખ્યાત

છે. તેમાં કદંબગિરિ અને પુંડરિકગિરિ નામના શિખરની મધ્યમાં ' કમળ ' નામનો એક મહા પ્રભાવિક દ્રહ છે. તેના જળવડે અને મૃત્તિકા ( માટી ) નો પિંડ કરી જો નેત્ર ઉપર બાંધવામાં આવે તો ' રતાંધળાપણું ' વિગેરે અનેક પ્રકારના નેત્ર વિકારનો નાશ થઇ જાય છે. વળી તે જળના પ્રભાવથી બીજા પણ ભૂત–વેતાળાદિક સંબંધી દોષો દૂર થાય છે અને તેમાં જીવની ઉત્પત્તિ થતી નથી.

## શ્રી આદીશ્વર ભગવાનનું ભવ્ય મંદિર.

જેમાં હાલ મૂળ નાયક શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે તે ભવ્ય મંદિર સંબંધી કુમારપાળ પ્રબંધમાં આવી હકીકત છે કે એકદા કુમારપાળ રાજાના ' ઉદયન ' મંત્રી સૌરાષ્ટ્ર દેશમાં યુદ્ધ પ્રસંગે ગયા હતા, તે વખતે શ્રી આદીશ્વર ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છાથી પોતે શત્રુંજય ગિરિ ઉપર ચઢયા. ત્યાં શુદ્ધ

શ્રદ્ધા સહિત પ્રભુની પૂજા આરતિ પ્રમુખ કૃત્ય કરીને જ્યારે ચૈત્યવંદન કરવા બેઠા ત્યારે કોઇ એક ઉંદર દિવાની વાટ લઇ કાષ્ટમય મંદિરની ફાટમાં પેસતો હતો તેને પૂજારીઓએ વારતાં જોયો. તે જોઇ કાષ્ટમય પ્રાસાદનો નાશ થઇ જવાની સંભાવના વિગેરેથી ખેદ પામી મંત્રીશ્વર મનમાં વિચાર કરવા લાગ્યા કે મારી પાસે સારી સમૃદ્ધિ તથા અધિકાર છતાં આવા ઉત્તમ તીર્થ ઉપરનાં દેરાસરનો ઉદ્ધાર કર્યો નથી ત્યાં સુધી મારી સઘળી સંપત્તિ નિરર્થક જ છે. એમ વિચારી અભિગ્રહ લીધો કે જ્યાં સુધી આ જિનમંદિરનો જીર્ણોદ્ધાર ન થાય ત્યાં સુધી મારે બ્રહ્મચર્ય પાળવું, એક જ વખત ભોજન કરવું, ભુમિ ઉપર સૂઇ રહેવું અને તાંબુલનો પણ ત્યાગ કરવો. આવી રીતનો અભિગ્રહ ધારીને પાટણ તરફ પાછા આવતાં માર્ગમાં જ મંત્રીશ્વરનું મરણ થયું. તે વખતે પોતે ગ્રહણ કરેલો અભિગ્રહ સામંતોને જણાવી કહ્યું કે–આ મારો

મનોરથ પૂરો કરવા મારા પુત્રને કહેવું. મંત્રીશ્વરે ગ્રહણ કરેલા અભિગ્રહ મુજબ સામંતોના કહેવાથી તેના પુત્ર વાગ્ભટ ( બાહડ ) મંત્રીએ શુભ મુહૂર્તે શત્રુંજય ઉપરના મુખ્ય દેરાસરના જીર્ણોદ્ધારનું કામ આરંભ્યું. લગભગ બે વર્ષે જીર્ણકાષ્ટમય ચૈત્યના સ્થાને નવીન આરંભેલું ચૈત્ય તૈયાર થયું. તેની વધામણી લાવનારને મંત્રીએ સુવર્ણની બત્રીશ જીભો બક્ષીસ આપી. એવામાં બીજા કોઇ પુરુષે આવી તે ચૈત્યમાં ફાટ પડયાનું જણાવ્યું, તેને મંત્રીએ સુવર્ણની ચોસઠ જીભો આપી. કોઇએ તેનું કારણ પૂછવાથી મંત્રીએ જણાવ્યું કે અમારા જીવતાં તેમ થયું તે ઠીક જ થયું. કેમકે અમે જાતેજ તેનો ફરી ઉદ્ધાર કરાવીશું. પછી તે ફાટ પડવાનું કારણ શોધી કઢાવીને માંહે રાખવામાં આવેલી ભમતી મજબુત પાષાણોવડે પૂરાવી નાંખી. ત્રણ વર્ષે જીર્ણોદ્ધારનું કામ પુર્ણ થયું. એ શુભ કાર્યમાં મંત્રીએ લગભગ ત્રણ ક્રોડ દ્રવ્યનો વ્યય

કર્યો. વિક્રમ સંવત્ ૧૨૧૧ ( કવચિત્ ૧૨૧૩ ) વર્ષે શ્રી હેમચંદ્ર આચાર્ય સમક્ષ મહોત્સવ સહિત ઉક્ત ચૈત્ય ઉપર સુવર્ણમય દંડ, કળશ, અને ધ્વજ ચઢાવ્યાં. ત્યાર બાદ બીજા ઉદ્ધાર કરનારાઓએ મુળ દેવળ ફરીને બંધાવ્યું જણાતું નથી. એ ઉપરથી મુળ નાયકજીનું વર્તમાન ભવ્ય દેરાસર બાહડ મંત્રીશ્વરનું કરાવેલું સિદ્ધ થાય છે. દેરાસરનો ઓસાર જોતાં પણ પ્રથમ રાખેલી ભમતી પુરી નાંખેલી હોય એમ અનુમાન થઇ શકે છે.

---

## સૂર્યોદ્યાન તથા તેમાં આવેલા સૂર્યાવર્ત અથવા સૂર્યકુંડ.

શ્રી શત્રુંજય ગિરિની પૂર્વ દિશામાં સૂર્યોદ્યાન નામનું અતિ અદ્દ્ભુત નંદનવન સરખું ઉદ્યાન છે. આ ઉદ્યાનમાં સર્વ કાર્યમાં ઉપયોગી એવી અનેક દિવ્ય ઔષધીઓ થાય છે. તેમાં સૂર્યાવર્ત નામનો કુંડ નિર્મળ જળથી ભરેલો

છે, તે સર્વ રોગ સંબંધી પીડાનો નાશ કરે છે. એ સૂર્યકુંડના જળના એક બિંદુ માત્રથી અઢાર પ્રકારના કોઢ દૂર થઈ જાય છે. એકદા ચંદ્રચૂડ નામનો વિદ્યાધર પોતાની પ્રિયા સાથે ચૈત્રી પૂર્ણિમાની યાત્રા કરીને વિમાનમાં બેસી જતો હતો, ત્યાં શત્રુંજય ગિરિની નજદીકમાં આ મનોહર ઉદ્યાન જોઇ પોતાની પ્રિયાની પ્રેરણાથી વિમાન નીચે ઉતારી ઉદ્યાનમાં તથા તેમાં આવેલા સૂર્યાવર્ત કુંડમાં યથેચ્છ ક્રીડા કરી પાછા નિવર્તતાં તે કુંડનું પ્રભાવિક નિર્મળ જળ સાથે લઇ વિમાનમાં બેસી ચાલ્યાં. માર્ગમાં ચાલતાં નીચે દૃષ્ટિ નાખતાં મહીપાળ રાજાની ચતુરંગી સેના તેમના જોવામાં આવી. ચારે તરફ ઘણાં માણસોથી વીંટાયેલા રોગાર્ત્ત મહીપાળ કુમારને જોઇ કરૂણા લાવી વિદ્યાધર પ્રત્યે તેની પ્રિયાએ કહ્યું કે— આપની આજ્ઞા હોય તો આપણી સાથે રાખેલું સૂર્યાવર્ત કુંડનું જળ આ અતિ રોગાર્ત્ત ઉપર સિંચું. વિદ્યા-

ધરની અનુમતિથી તેણીએ મહીપાળ કુમાર ઉપર તે પ્રાભાવિક જળના બિંદુઓ ક્ષેપવ્યા કે તરતજ તેનું શરીર રોગરહિત-નિરોગી બની ગયું. જેમ તાપથી કરમાઇ ગયેલું વૃક્ષ વર્ષાયોગે નવપલ્લવ થઈ જાય છે તેમ તે પ્રભાવિક જળના પ્રયોગથી મહીપાળનું શરીર પણ નવપલ્લવ થયું. કુષ્ટાદિક રોગ માત્ર દૂર થવાથી તેનું શરીર દિવ્ય કાંતિવાળું બન્યું. અદ્યાપિ પણ તેનો મહિમા સુપ્રસિદ્ધ છે.

---

## ચિલ્લણ તલાવડી.

જ્યારે સંઘપતિ શ્રી ભરતેશ્વર શ્રી સંઘ સહિત શ્રીનાભ ગણધરને આગળ કરીને શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે ઉપર ચઢ્યા ત્યારે ભરત મહારાજા ઉત્તર તરફના માર્ગે ચઢતા હતા અને બીજા સર્વે પોતપોતાની શક્તિ મુજબ જૂદે જૂદે રસ્તે કૌતુકવડે ચઢતા હતા. શ્રી સુધર્મા ગણધરના શિષ્ય શ્રી ચિલ્લણ નામના તપસ્વી મુનિ અનેક યાત્રિક લોકોથી

વિંટાઇને પાશ્ચિમ માર્ગ તરફથી ચઢતા હતા. ઉપર ચઢતાં ચઢતાં આગળ જતાં યાત્રિક લોકોને અત્યંત તૃષા લાગવાથી તેમણે ચિલ્લણ મુનિને પ્રાર્થના કરી કે મહારાજ ! તૃષાવડે અમારાં પ્રાણુ ચાલ્યાં જાય છે. આ વાત સાંભળવાથી ચિલ્લણ મુનિએ કૃપાવડે તેમને પોતાનું જળ-પાત્ર બતાવ્યું. ત્યારે તેમણે કહ્યું કે આટલા જળપાત્રથી અમારા સહુની તૃષા શાંત થઇ શકશે નહિં માટે આપ અમારી ઉપર કૃપા કરી લબ્ધીવડે એટલું જળ બતાવો કે સહુને તૃપ્તિ થઇ શકે. સંઘના લોકોની એ પ્રકારની વિનંતિથી ચિલ્લણ મુનિએ પોતાની પાસેના પ્રાશુક ( અચેત ) જળનું ક્ષેપન કરવાથી તપો-લબ્ધિવડે એક સુંદર સરોવર બનાવ્યું. તે જળથી સંઘલોકો પોતાની તૃષા શાંત કરીને સ્વસ્થ થયા અને ચિલ્લણ મુનિએ તેનું નિર્માણ કર્યાથી તેનું ચિલ્લણ સરોવર એવું નામ પ્રખ્યાત થયું. તે સરોવરનું જળ ઘણું પવિત્ર ગણાય છે.

# બીજા પવિત્ર તીર્થસ્થાનોનો મહિમા અને વર્ણન.

## તાલધ્વજ ગિરિ ઉપર સાચા દેવ.

પ્રથમ શત્રુંજય મહાતીર્થ યાત્રાવિધિના પ્રસંગે જણાવેલા ઢંકાદિક પાંચ ફૂટો પૈકી તાલધ્વજ, તલાજા બંદરની નજદીકમાં આવેલ છે, આ ગિરિવરમાં અનેક વિશાળ ગુફાઓ આવેલી છે, તેમાં પણ કેટલીક ગુફાઓ તો બહુજ ભવ્ય દેખાવવાળી અને જેમાં સંખ્યાબંધ માણસો સમાઇ શકે તેવી છે. પ્રથમ તેમાં મહાત્મા પુરૂષો ધ્યાનારૂઢ થઇ રહેતા હશે એમ અનુમાન થાય છે. ગુફાઓનાં મુખ ભાગમાં નિર્મળ જળવાળાં ટાંકાં રહેલાં છે, અત્યારે તે વધારે વપરાશમાં આવતાં નથી. આ ગિરિરાજના પરિસરમાં તાલધ્વજી નામની મોટી નદી આવેલી છે, તેનો થોડેક દૂર શત્રુંજયી નદી સાથે સંગમ થાય છે અને તે બન્ને નદીઓ પૂર્વદિશામાં સમુદ્રને જઇ મળે છે. આ ગિરિરાજ ઉંચાણુમાં

બહુ વધારે નથી. થોડેક ઉંચે ચઢતાં સાચા દેવની ટુંક આવે છે. લોકો તેમને સુમતિનાથના નામથી ઓળખે છે; પરંતુ પ્રભુ લંછન જોતાં તે કુંથુનાથજી હોવા સંભવે છે. મૂળનાયકના ફરતી કેટલીક દિવ્ય પ્રતિમા યુક્ત દેરીયો આવેલી છે. થોડાંક વર્ષ પહેલાં નીચે ગામમાંથી પાર્શ્વ-નાથ ભગવાનની મોટી પ્રતિમા નીકળી આવેલ છે તે હાલમાં ગામના મંદિરમાં વિરાજે છે. ભરત મહારાજા પણ અત્ર પધાર્યા હતા, તેમણે અહીં પ્રભુપ્રાસાદ નિપજાવ્યો હતો અને તાલ-ધ્વજ યક્ષને અહીંનો અધિષ્ઠાયક સ્થાપ્યો હતો. આ સ્થળ ખરેખર રમણિક છે અને ગિરિરા-જની છેક ઉપર આવેલા ચઉમુખના દેરાસર પાસેથી કુદરતી દેખાવ અત્યંત ભવ્ય જણાય છે, જે દેખવાથી આત્માર્થી જનોને કંઇક સદ્વિ-ચારો સ્ફુરે છે અને વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. તેથી શત્રુંજય તીર્થની નજદીકમાં આવેલ આ તીર્થ પણ ભાવથી ભેટવા લાયકજ છે. નિવૃ-

ત્તિના અર્થી જનોને તે વધારે માફક આવે એમ છે. વળી ગામમાં ઉતરવા વિગેરેની પણ સોઇ સારી છે.

---

## મહુવા ( મધુમતિ નગરી ) માં મહાવીર સ્વામી.

શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી કેટલાક ભાવિક જાત્રિક ભાઇ–બ્હેનો તાલધ્વજગિરિને ભેટી પછી મહુવામાં બિરાજમાન મહાવીર સ્વામીની જાત્રા કરવા જાય છે. લોકોમાં આ ' જીવિત સ્વામી ' ની પ્રતિમા તરીકે ઓળખાય છે. જેમણે શત્રુંજય તીર્થ ઉપર તેરમો ઉદ્ધાર શ્રી વજાસ્વામીની સહાયથી વિ. સં. ૧૦૮ માં કરાવ્યો છે તે જાવડશા શેઠને આ મધુમતિ નગરી ઇનામમાં મળેલી હતી. પછી પ્રાપ્ત થયેલા અનર્ગળ ધનનો વ્યય કરીને પોતે તેરમો ઉદ્ધાર કરાવ્યો હતો. હાલમાં ભાવનગરના મોટા દેરાસરમાં બિરાજમાન મૂળનાયક

શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા તેરમા ઉદ્ધારની છે એમ એક પુરાણા સ્તવન ઉપરથી જણાય છે. આકૃતિ ઉપરથી પણ આ પ્રભુ પ્રતિમા પુરાતની હોય એમ સમજાય છે.

---

## રૈવતાચળ (ગિરિનાર ઉપર) નેમિનાથ ભગવાન.

પહેલાં ગિરિનારજી ઉપર શ્રી નેમિનાથ ભગવાનની લેપમયી પ્રતિમા હતી. એકદા 'રતનો' નામે સંઘપતિ સંઘ સાથે યાત્રાર્થે આવેલો હતો. સંઘસહિત શ્રી નેમિનાથનો અભિષેક કરતાં તે લેપમયી પ્રતિમા ગળી ગઈ; તેથી સંઘપતિ 'રતનો' બહુ જ દિલગીર થયો. આવી રીતે થયેલી આશાતના ટાળવા પૂર્વક તીર્થભક્તિનો લાભ ભવ્યજનો કાયમ લઇ શકે એવી મતલબથી સંઘપતિ શાસન દેવી શ્રી અંબિકાનું સ્મરણ કરી 'એકાગ્ર ચિત્તથી' આહાર-પાણીનો ત્યાગ કરી બેઠો. તેના ૬૯

નિશ્ચયથી છેવટે અંબિકાએ તુષ્ટમાન થઇ તેને કંચન ગુફામાં લઇ જઇ વજ્રરત્નમયી શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા મૂળનાયક તરીકે સ્થાપવા માટે આપી. તે પ્રભુ પ્રતિમા પ્રથમ અનેક ઇંદ્રોએ પૂજેલી છે અને કાલાદિ દોષથી તેની કોઈ હલકા લોકો આશાતના ન કરે એવી બુદ્ધિથી તે રત્નમયી પ્રતિમાનું મૂળ તેજ દેવ માયાવડે સંહરી લીધું છે, તો પણ તેનો પ્રભાવ તો જેવો ને તેવોજ વર્તે છે, તેમજ ભવિષ્ય કાળમાં પણ વર્તશે, તેથી તે પ્રભુની પ્રાચીન પ્રતિમા અતિ આદરથી પૂજવા-ભેટવા લાયક છે. રતન શેઠ શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં થયેલા સમજવા અને આ પ્રભુ પ્રતિમા, બ્રહ્મેન્દ્રે પોતાનું ભાવિ કલ્યાણ શ્રીનેમિનાથ મહારાજનાજ સાનિધ્યથી થવાનું ગઇ ચોવિશીના ત્રીજા સાગર નામના તીર્થંકર મહારાજના અમોઘ વચનથી જાણીને અત્યંત હર્ષ સહિત બનાવી છે. ત્યાર બાદ તે અનેક

ઈંદ્રાદિકવડે આદર સહિત પૂજાઈ છે. અને વળી ભવિષ્ય કાળમાં પણ સારી રીતે પૂજાતી રહેશે. હાલમાં વિદ્યમાન વિશાળ મંદિર સિદ્ધરાજ જયસિંહના વખતમાં તેના મંત્રીશ્વરે કરાવેલું ગણાય છે.

---

## ચંદ્રપ્રભાસ તીર્થ (પ્રભાસપાટણ)

શ્રી નેમિનાથ ભગવાનની યાત્રા કરી ભાવિક યાત્રાળુઓ પ્રભાસપાટણની યાત્રાર્થે જાય છે. આ પણ પ્રાચીન તીર્થ છે. પહેલાં અહીં ચંદ્રપ્રભુ ભગવાન કાઉસ્સગ્ગ મુદ્રાએ રહેલા ત્યારે સમુદ્રના અધિષ્ઠાયક દેવે પ્રભુની અદ્ભૂત ભક્તિ કરી હતી. આ સ્થળ ચંદ્રપ્રભુના પવિત્ર ચરણ ન્યાસથી વધારે પ્રસિદ્ધિને પામેલું છે, પ્રથમ અહીં ધરણેન્દ્રે ચંદ્રપ્રભુનો મહા નિર્મળ પ્રાસાદ કરાવ્યો હતો, તેમ જ સીતા (રામપત્ની) એ પણ નવીન પ્રાસાદ કરાવી તેમાં ચંદ્રપ્રભુને સ્થાપિત કર્યા હતા.

## અજારાપાર્શ્વનાથ ( અજયપુર મંડન )

રત્નસાગર નામે એક મહાન્ શ્રેષ્ઠિ વિવિધ કારયાણાનાં વહાણ ભરીને જતો હતો, ત્યાં એકાએક ભારે તોફાન લાગ્યું. પ્રાણ પણ બચવાં મુશ્કેલ જણાયાં. તેવામાં તેણે આકાશવાણી સાંભળી, કે "હે ભદ્ર ! તું મુંઝાઈશ નહીં. આ બધું મેં કર્યું છે. હું પદ્માવતી દેવી છું. આ સમુદ્રમાં કલ્પવૃક્ષના સંપુટમાં રહેલી ભાવી ભગવાનશ્રી પાર્શ્વનાથજીની મૂર્તિ છે. તે પ્રભાવિક પ્રતિમાને ધરણેંદ્રાદિકે ઘણો વખત પૂજેલી છે, હમણાં અજયરાજાના પુન્યથી તે પ્રતિમા અહીં આવેલી છે. તેને સમુદ્રમાંથી બહાર કાઢીને અજયરાજા ( જે રઘુપુત્ર હમણાં દિગ્વિજય કરીને દીવબંદરમાં આવી રહેલો છે તે ) ને અર્પણ કરજે. તે પ્રભાવિક પ્રભુ–પ્રતિમાના દર્શન કરતાંજ તેના ૧૦૭ રોગ તત્કાળ નાશ પામી જશે." આ પ્રમાણે આકા-

શવાણી સાંભળીને તેણે તત્કાળ નાવિકોને સમુદ્રમાં ઉતારી તે ઉત્તમ પ્રતિમા કઢાવી લીધી. એટલે સઘળું તોફાન શાંત થઇ ગયું અને વહાણુ અનુકુળ પવને દીવબંદરે આવી પહોંચ્યું. રાજાને તત્કાળ કોઇએ જઇ વધામણી આપી એટલે તે અશ્વારૂઢ થઇને સામો આવ્યો. પ્રતિમા યુક્ત સંપુટને કિનારે ઉતાર્યો. મોટા આડંબરથી તેને નગર પ્રવેશ કરાવી રાજાએ રમણિક સિંહાસન ઉપર સ્થાપિત કરી, તેને આદર સહિત પૂજા કરી ઉઘાડયો તો તેમાં શ્રી પાર્શ્વનાથ સ્વામીની અદ્ભુત પ્રતિમા જોવામાં આવી. જોતાં વેંતજ હર્ષભેર રાજાએ પ્રભુને પંચાંગ પ્રણામ કર્યા, એટલે આનંદામૃત શરીરમાં સંચરતાં તેનો રોગ તત્કાળ દૂર થઇ ગયો. પછી રાજા રત્નસાગરની સાથે ભકિતથી પ્રભુની પૂજા કરી સુખે રાજ્ય ભોગવવા લાગ્યો. પછી અજય નામનું નવું નગર વસાવી તેમાં પાર્શ્વનાથનો એક ઉત્તમ પ્રાસાદ

કરાવી પ્રભુને બિરાજમાન કર્યા અને પોતે ત્યાં જઇ ત્રિકાળ પૂજા કરવા લાગ્યો. તેમજ તેના કાયમ નિર્વાહાર્થે તેણે દશ ગામ સહિત તે નગર અર્પણ કર્યું. તે પવિત્ર બિંબ અત્યારે અજારા પાર્શ્વનાથના નામથી ઓળખાય છે. એ અતિ પ્રાચીન પ્રભુ પ્રતિમાના દર્શનનો અદ્ભુત લાભ લેવા ઇચ્છનાર ધારે તો થોડા પ્રયાસે લઇ શકે એમ છે. આ પવિત્ર અને પુરાતન તીર્થસ્થળની પાસે ઉન્નતપુર ( ઉના ) અને દીવ બંદરમાં પણ દર્શન કરવા લાયક જુનાં જિન બિંબો છે. તે સ્થળે સુપ્રસિદ્ધ આચાર્ય શ્રી હીર-વિજયસૂરિજી પધારેલા છે. તેમનો સ્વર્ગવાસ પણ ઉનામાં થયેલો હોવાથી ત્યાં બગીચામાં તેમનો સ્તૂપ પણ બનેલો છે. વિશાળ બગીચો જિન મંદિરોના નિર્વાહાર્થે બાદશાહ તરફથી ઇનામ મળેલો ગણાય છે. તે સ્તૂપ પણ દર્શનીય છે. ભવ્યાત્માઓએ પ્રસંગોપાત જણાવેલી ઉપરની સઘળી હકીકત લક્ષમાં રાખી

આવાં પવિત્ર તીર્થ સ્થળને ભેટી જેમ સ્વ-પર હિતમાં અભિવૃદ્ધિ થાય તેમ પ્રવર્તી સ્વમાનવભવની સફળતા કરી લેવી ઉચિત છે.

---

## અર્બૂદાચળ (આબુગઢ) ઉપર શ્રી આદિનાથ તથા નેમિનાથ ભગવાન.

શ્રી આબુ ( દેલવાડા ) ગઢ ઉપર વિમળશા મંત્રીશ્વરે તથા વસ્તુપાળે અને તેજપાળે ક્રોડોગમે દ્રવ્યને વ્યય કરીને ભવ્ય દેરાસરો બંધાવ્યા છે. તેમાં એવા પ્રકારની ઉત્તમ કોરણી કરવામાં આવેલી છે કે દુનીયામાં અત્યારે કોઈપણ તેની હોડ કરી શકે તેમ નથી. પાશ્ચમાત્ય લોકો (યૂરોપીઅનો) પણ એકે અવાજે તેની તારીફ કરે છે. ઉક્ત સ્થળ દ્રવ્યથી અને ભાવથી પણ નિવૃત્તિજનક છે.

# તારંગા ( તારણાગાર ) ઉપર શ્રી અજિતનાથ સ્વામી.

આ ગિરિ ઉપર શ્રી કુમારપાળ ભૂપાળનો બનાવેલો અતિ ઉત્તંગ અને અદ્ભૂત પ્રાસાદ છે. તેમાં એવા પ્રકારનું કાષ્ઠ વાપરવામાં આવેલું કહેવાય છે કે તે અગ્નિસંયોગે બળવાને બદલે તમાંથી પાણી છૂટે છે. તેમાં શ્રી અજિતનાથ પ્રભુની અતિ મનોહર શાંત મુદ્રા બિરાજે છે. આ ઉત્તમ પ્રાસાદની આસપાસ ચોમેર ઘણા ઉંચા અને મહિમાવાળા પહાડો છે. તેમાં એક સ્થળે કોટિ શિલા છે, જ્યાં એક ક્રોડ મુનિવરોએ અનશન આરાધેલું કહેવાય છે. યાત્રાળુઓને ઉતરવા વિગેરેની સોઇ અહીં બહુ સારી છે.

# અણહિલપુર પાટણમાં બિરાજમાન શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રમુખ.

શીલગુણસૂરિ પાસે કેળવાયેલા વનરાજ ચાવડાની રાજધાનીનું શહેર પંચાસર હતું. તેમાં જિનપ્રાસાદ બંધાવી બિરાજમાન કરેલા પાર્શ્વનાથ ભગવાન પંચાસરા કહેવાય છે. કાળ દોષથી પંચાસર હાલ પડી ભાંગ્યું છે. અને પંચાસરાજીને કુમારપાળ રાજાના પાયતખ્ત શહેર પાટણમાં બિરાજમાન કરવામાં આવ્યા છે. ત્યાં સાથે વનરાજની પણ મૂર્તિ છે. એ ઉપરાંત સકળ કલ્યાણક ભૂમિઓ તથા ગઇ ચોવિશીમાં થયેલા દામોદર નામના તીર્થંકર ભગવાનના સમયમાં આષાઢી શ્રાવકે ભરાવેલી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામીની અતિ અદ્‌ભૂત પ્રતિમા તથા પ્રતિવાસુદેવ રાવણના વખતમાં ભરાવેલી અંતરિક્ષ પાર્શ્વ-

નાથ સ્વામીની પ્રતિમા તથા જેના સ્નાત્રાભિષેકના જળથી શ્રીપાળ પ્રમુખનો કોઢ રોગ નષ્ટ થયો હતો, તે શ્રી ઋષભદેવ (કેસરીયાજી) તથા ખંભાત શહેરનાં શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રમુખની પ્રાચીન અને પ્રભાવિક પ્રતિમાઓ પ્રેમ સહિત વંદન પૂજન કરવા લાયક છે.



પંડિત શ્રી વીરવિજયજીકૃત

શ્રી શત્રુંજય મહિમાગર્ભિત

# નવાણુંપ્રકારી પૂજા.

( દોહા )

શ્રીશંખેશ્વર પાસજી, પ્રણમી શુભગુરૂ પાય ।।
વિમલાચલ ગુણ ગાઇશું, સમરી શારદ માય ।।૧।।
પ્રાયે એ ગિરિ શાશ્વતો, મહિમાનો નહિં પાર ।।
પ્રથમ જિણંદ સમોસર્યા, પૂર્વ નવાણું વાર ।।૨।।
અઢીયદ્વીપમાં એ સમો, તીર્થ નહીં ફલદાય ।।
કલિયુગકલ્પતરૂ વડો, મુક્તાફલશું વધાય ।।૩।।
યાત્રા નવાણું જે કરે, ઉત્કૃષ્ટે પરિણામ ।।
પૂજા નવાણું પ્રકારની, રચતાં અવિચલ ધામ ।।૪।।
નવકલશે અભિષેક નવ, એમ એકાદશ વાર ।।
પૂજાદીઠ શ્રીફલ પ્રમુખ, એમ નવાણું પ્રકાર ।।૫।।

# પ્રથમ પૂજા.

( ઢાલ—જુંબખડાની દેશી )

યાત્રા નવાણું કરીયેં સલુણા, કરિયેં પંચ સનાત ॥ સુનંદાકો કંત નમો ॥ ગણણું લખ નવકાર ગણીજે, દોય અટ્ઠમ છટ્ઠ સાત ॥ ॥ સુ૦ ॥ ૧ ॥ રથયાત્રા પ્રદક્ષિણા દીજે, પૂજા નવાણું પ્રકાર ॥ સુ૦ ॥ ધૂપ દીપ ફૂલ નૈવેદ્ય મૂકી, નમિયેં નામ હજાર ॥ સુ૦ ॥ ॥ ૨ ॥ આઠ અધિક શત ટુંક ભલેરાં, મ્હોટાં તિહાં એકવીશ ॥ સુ૦ ॥ શત્રુંજયગિરિ ટુંક એ પહેલું, નામ નમો નિશદિશ ॥ સુ૦ ॥ ॥ ૩ ॥ સહસ અધિક અઠ મુનિવર સાથે, બાહુબલી શિવઠામ ॥ સુ૦ ॥ બાહુબલી ટુંક નામ એ બીજું; ત્રીજું મરૂદેવી નામ ॥ ॥ સુ૦ ॥ ૪ ॥ પુંડરિકગિરિ નામ એ ચોથું, પાંચ કોડી મુનિ સિદ્ધ ॥ સુ૦ ॥ પાંચમું ટુંક રેવત ગિરિ કહિયેં, તેણે એ નામ પ્રસિદ્ધ ॥ સુ૦ ॥ ૫ ॥ વિમલાચલ સિદ્ધરાજ

ભગીરથ, પ્રણમીજે સિદ્ધક્ષેત્ર ॥ સુ૦ ॥ છ'રી પાળી એણે ગિરિ આવી, કરિયે જન્મ પવિત્ર ॥ સુ૦ ॥ ૬ ॥ પૂજાયે પ્રભુ રીજવું રે, સાધું કાર્ય અનેક ॥ સુ૦ ॥ શ્રીશુભવીર હૃદયમાં વસજો, અલબેલા ઘડી એક ॥ સુ૦ ॥ ૭ ॥

અથ કાવ્યં ( દ્રુતવિલંબિતવૃત્તમ્ )

ગિરિવરં વિમલાચલનામકં, ઋષભમુખ્યજીનાંઘ્રિપવિત્રિતં ॥ હૃદિ નિવેશ્ય જલેર્જિનપૂજનં, વિમલમાપ્ય કરોમિ નિજાત્મકં ॥ ॥૧॥ એ કાવ્ય પ્રત્યેક પૂજા દીઠ કહેવું ॥

॥ અથ મંત્રઃ ॥

ૐ હ્રીઁ શ્રીઁ પરમ પુરૂષાય પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય શ્રીમતે જિનેંદ્રાય, જલાદિકં યજામહે સ્વાહા ॥ એ મંત્ર પણ પ્રત્યેક પૂજા દીઠ કહેવો ॥ ઇતિ પ્રથમ પૂજાભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥

# દ્વિતીય પૂજા

( દોહા )

એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ;
કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તતકાલ. ૧

( ઢાલ–રાગ પૂર્વી, ઘડી ઘડી સાંભરે
શાંતિ સલૂણા—એ દેશી )

ગિરિવર દરિસણ વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખપાવે ।। ગિરિ૦ ।। ઋષભ જિનેશ્વરપૂજા રચાવે, નવનવે નામે ગિરિગુણ ગાવે ।। ગિરિ૦ ।। ૧ ।। એ આંકણી ।। સહસ કમલને મુક્તિનિલય ગિરિ, સિદ્ધાચલ શતકૂટ કહાવે ।। ગિરિ૦ ।। ઢંક કદંબને કોડિ નિવાસો, લોહિત તાલધ્વજ સુર ગાવે ।। ગિરિ૦ ।। ૨ ।। ઢંકાદિક પંચ કૂટ સજીવન, સુર નર મુનિ મલી નામ થપાવે ।। ગિરિ૦ ।। રયણખાણ જડી બૂટી ગુફાઓ, રસકૂંપિકા ગુરૂ ઇહાં બતાવે ।।ગિરિ૦।। ।। ૩ ।। પણ પુણ્યવંતા પ્રાણી પાવે, પુણ્ય

કારણુ પ્રભુ પૂજા રચાવે ॥ ગિરિ૦ ॥ દશ કોટી શ્રાવકને જમાડે, જૈન તીર્થ યાત્રા કરી આવે ॥ ॥ ગિરિ૦ ॥ ૪ ॥ તેથી એક મુનિ દાન દિયંતાં, લાભ ઘણો સિદ્ધાચલ થાવે ॥ ગિરિ૦ ॥ ચંદ્રશેખર નિજ ભગિની ભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે ॥ ગિરિ૦ ॥ ૫ ॥ ચાર હત્યારા નર પરદારા, દેવગુરૂદ્રવ્ય ચોરી ખાવે ॥ ગિરિ૦ ॥ ચૈત્રી કાર્તિકી પૂનમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જલાવે ॥ ગિરિ૦ ॥ ૬ ॥ ઋષભસેન જિન આદે અસંખ્યા, તીર્થંકર મુગતિસુખ પાવે ॥ગિરિ૦॥ શિવવહૂ વરવા મંડપ એ ગિરિ, શ્રીશુભવીર વચન રસ ગાવે ॥ ગિરિ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

( અથ મંત્ર: )

ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ઇતિ દ્વિતીયાભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥ ૨ ॥

# તૃતીય પૂજા

( દોહા )

નેમિ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા વિમલગિરિંદ;
ભાવી ચોવીશી આવશે, પદ્મનાભાદિ જિણંદ. ૧

( ઢાલ મનમોહન મેરે—એ દેશી )

ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે ॥ કરતા ભકિત પવિત્ર ॥ મ૦ ॥ પુણ્યરાશિ મહાબલ ગિરિ ॥ મ૦ ॥ દૃઢશક્તિ શતપત્ર ॥ મ૦ ॥ ૧ ॥ વિજયાનંદ વખાણિયે ॥ મ૦ ॥ ભદ્રંકર મહાપીઠ ॥ મ૦ ॥ સુરગિરિ મહાગિરિ પુણ્યથી ॥ મ૦ ॥ આજમેં નજરે દીઠ ॥ મ૦ ॥ ૨ ॥ એંશી યોજન પ્રથમારકે[1] ॥ મ૦ ॥ સિત્તોર સાઠ પચ્ચાસ ॥ મ૦ ॥ બાર યોજન સાત હાથનો ॥ મ૦ ॥ છઠ્ઠે પોહોળો પ્રકાશ ॥મ૦॥ ૩ ॥ પંચમ કાળે પામવો ॥ મ૦ ॥ દુલ્લહો પ્રભુદેદાર ॥ મ૦ ॥ એકેંદ્રિય વિકલેંદ્રિમાં ॥

---

૧ પહેલે આરે.

મ૦ ॥ કાઢચો અનંતો કાલ ॥ મ૦ ॥ ૪ ॥ પંચેંદ્રિય તિર્યંચમાં ॥ મ૦ ॥ નહીં સુખનો લવલેશ ॥ મ૦ ॥ ઘૂણાક્ષર ન્યાયે લહ્યો ॥ મ૦ ॥ નરભવ ગુરૂ ઉપદેશ ॥ મ૦ ॥ ૫ ॥ બહુશ્રુત ચરણની સેવના ॥ મ૦ ॥ વસ્તુધર્મ ઓલખાણ ॥ મ૦ ॥ આત્મસ્વરૂપ રમણે રમે ॥ મ૦ ॥ ન કરે જૂઠ ડફાણ ॥ મ૦ ॥ ૬ ॥ કારણે કારજ નીપજે ॥ મ૦ ॥ દ્રવ્ય તે ભાવ નિમિત્ત ॥ મ૦ ॥ નિશ્ચિત્તવાસી આતમા ॥ મ૦ ॥ બાવના ચંદન શીત ॥ મ૦ ॥ ૭ ॥ અન્વયવ્યતિરેકે કરી ॥ મ૦ ॥ જિનમુખ દરશનરંગ ॥ મ૦ ॥ શ્રીશુભવીર સુખી સદા ॥ મ૦ ॥ સાધક કિરિયા અસંગ ॥ મ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

( અથ મંત્રઃ )

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ઇતિ તૃતીયાભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥ સર્વગાથા ॥ ૩૨ ॥

## ચતુર્થ પૂજા.

( દોહા )

શેત્રુંજી નદી ન્હાઈને, મુખ બાંધી મુખકોશ;
દેવયુગાદિ પૂજીયે, આણી મન સંતોષ. ૧

( ઢાલ–અનીહાંરે વહાલોજી વાયે છે વાંસળીરે–એ દેશી )

અની હાંરે વહાલો વસે વિમલાચલે રે, જિહાં હુઆ ઉદ્ધાર અનંત ॥ વા૦ ॥ અ૦ ॥ વહાલાથી નહિ વેગલા રે, મુને વહાલો સુનંદાનો કંત ॥ વા૦ ॥ ૧ ॥ અ૦ ॥ આ અવસર્પિણી કાલમાં રે, કરે ભરત પ્રથમ ઉદ્ધાર ॥ વા૦ ॥ અ૦ ॥ બીજો ઉદ્ધાર પાટ આઠમે રે, કરે દંડવિરજ ભૂપાલ ॥ વા૦ ॥ ૨ ॥ અ૦ ॥ સીમંધર વયણા સુણી રે, ત્રીજો કરે ઈશાનેંદ્ર ॥ વા૦ ॥ અ૦ ॥ સાગર એક કોડી અંતરે રે, ચોથો ઉદ્ધાર માહેંદ્ર ॥ વા૦ ॥ ૩ ॥ અ૦ ॥ દશ કોડી વલી સાગરે રે; કરે પંચમ પંચમ[1]

---

૧ બ્રહ્મેંદ્ર.

ઈંદ્ર ॥ વા૦ ॥ અ૦ ॥ એક લાખ કોટી સા-
ગરે રે, ઉદ્ધાર કરે ચમરેંદ્ર ॥ વા૦ ॥ ૪ ॥
અ૦ ॥ ચક્રીસગર ઉદ્ધાર તે સાતમો રે, આ-
ઠમો વ્યંતરેંદ્રનો સાર ॥ વા૦ ॥ અ૦ ॥ તે
અભિનંદન ચંદ્રપ્રભુસમે રે, કરે ચંદ્રજસા ઉ-
દ્ધાર ॥ વા૦ ॥ ૫ ॥ અ૦ ॥ નંદન શાંતિ-
જિણંદના રે, ચક્રાયુધ દશમ ઉદ્ધાર ॥ વા૦ ॥
અ૦ ॥ અગીયારમો રામચંદ્રનો રે, બારમો
પાંડવનો ઉદ્ધાર ॥ વા૦ ॥ ૬ ॥ અ૦ ॥ વીશ
કોડિ મુનિ સાથે પાંડવા રે, ઇહાં વરિયા પદ
મહાનંદ ॥ વા૦ ॥ અ૦ ॥ મહાનંદ કર્મસૂડણુ
કૈલાસ છે રે, પુષ્ફદંત જયંત આનંદ ॥ વા૦ ॥
॥ ૭ ॥ અ૦ ॥ શ્રીપદ હસ્તગિરિ શાશ્વતો રે,
એ નામ તે પરમ નિધાન ॥ વા૦ ॥ અ૦ ॥
શ્રી શુભવીરની વાણીયે રે, ધરી કાન કરો બહુ-
માન ॥ વા૦ ॥ ૮ ॥

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

( અથ મંત્રઃ )

ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ઇ[illegible]તુર્થા-ભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥ સર્વગા[illegible](૪૧)[illegible]

---

## પંચમ પૂજા.

( દોહા )

ચોથે આરે એ થયા, સવિ મ્હોટા ઉદ્ધાર;
સૂક્ષ્મ ઉદ્ધાર વચ્ચે થયા, કહેતાં નાવે પાર. ૧

( ઢાળ-તેજે તરણિથી વડો રે—એ દેશી )

સંવત એક અઠલંતરે રે, જાવડશાનો ઉદ્ધાર ॥ ઉદ્ધરજો મુજ સાહિબા રે, નાવે ફરી સંસાર હો જિનજી ॥ ભક્તિ હૃદયમાં ધારજો રે, અંતર વૈરી વારજો રે, તારજો દીન દયાળ ॥૧॥ એ આંકણી ॥ બાહડમંત્રીયે ચૌદમો રે, તીરથે કર્યો ઉદ્ધાર ॥ બાર તેરોત્તર વર્ષમાં રે, વંશ શ્રીમાળી સાર હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૨ ॥ સંવત તેર એકોત્તરે રે, સમરો શા ઓશવાળ ॥

ન્યાયદ્રવ્યવિધિ શુદ્ધતા રે, પન્નરમો ઉદ્ધાર હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૩ ॥ પન્નરસેં સત્યાશીયે રે, સોળમો એ ઉદ્ધાર ॥ કર્માશાયે કરાવીયો રે, વરતે છે જય જયકાર હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૪ ॥ સૂરિ દુપ્પસહ ઉપદેશથી રે, વિમળવાહન ભૂપાળ ॥ છેલ્લો ઉદ્ધાર કરાવશે રે, સાસયગિરિ ઉજમાળ હો જિનજી ॥ ભક્તિ૦ ॥૫॥ ભવ્યગિરિ સિદ્ધશેખરો રે, મહાજસ ને માલ્યવંત ॥ પૃથ્વીપીઠ દુઃખહર ગિરિ રે, મુક્તિરાજ મણિકંત હો જિનજી ॥ ભકિત૦ ॥ ૬ ॥ મેરૂ મહીધર એ ગિરિ રે, નામે સદા સુખ થાય ॥ શ્રીશુભવીરને ચિત્તથી રે, ઘડીય ન મ્હેલણ જાય હો જિનજી ॥ ભક્તિ૦ ॥ ૭ ॥

॥ કાવ્યં—ગિરિવરં ॥

( અથ મંત્રઃ )

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ઇતિ પંચમાભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥ સર્વગાથા ॥૪૯॥

## ષષ્ઠ પૂજા.

( દોહા )

સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, ગૃહિ મુનિલિંગ અનંત;
આગે અનંતા સિજઝશે, પૂજો ભવિ ભગવંત. ૧

( ઢાળ–ચતુરેમેં ચતુરી કોણ જગતકી
મોહની—એ દેશી )

સખરેમેં સખરી કોણ, જગતકી મોહની ॥ ઋષભ જિનંદકી પડિમા, જગતકી મોહની ॥ રયણમય મૂર્ત્તિ ભરાઇ, જગતકી મોહની ॥ હાંહાંરે જગ૦ ॥ પ્યારેલાલ, જગતકી મોહની ॥ એ આંકણી ॥ ભરતે ભરાઇ સોય, પ્રમાના લે કરી ॥ કંચનગિરિયે બેઠાઇ, દેખત દુનિયાં ઠરી ॥ હાંહાંરે દેખત૦ ॥ પ્યા૦ ॥ દેખ૦ ॥ ૧ ॥ સખરે૦ ॥ સાતમોદ્ધારમેં ચક્રીસગર, સુર ચિંતવી ॥ દુઃખમકાળ વિચાર, ગુફામેં જા ઠવી ॥ હાંહાંરે ગુફા૦ ॥ પ્યા૦ ॥ ગુ૦ ॥ દેવ દેવી હરરોજ, પૂજનકું

જાવતે ॥ પૂજાકો ઠાઠ બનાય, સાંચું ગુણુ ગા-
વતે ॥ હાંહાં રે સાંચું૦ ॥ પ્યા૦ ॥ સાંચું૦ ॥
॥ ૨ ॥ સખરે૦ ॥ અપછરા ઘૂંઘટ ખોલકે,
આગે નાચતે ॥ ગીત ગાન ઓર તાન, ખડા
હરિ દેખતે ॥ હાંહાંરે ખડા૦ ॥ પ્યારે૦ ॥ ખ૦॥
જિનગુણુ અમૃત પાનસેં, મગન ભઇ ઘડી ॥
ઠમ ઠમ ઠમકે પાઉં, બલૈયાં લે ખડી ॥ હાં
હાં રે બલૈ૦ ॥ પ્યા૦ બ૦ ॥ ૩ ॥ સખરે૦ ॥
યા રીત ભક્તિ મગન્નસેં, સુર સેવા કરે રે ॥
સુર સાન્નિધ્ય નર દર્શન, ભવ ત્રીજે તરે ॥
॥ હાંહાંરે ભવ૦ ॥ પ્યા૦ ॥ ભ૦ ॥ પશ્ચિમ
દિશ સોવન્ન, ગુફામેં માલ્હતે ॥ તિને કંચન
ગિરિ નામકે, દુનિયાં બોલતે ॥ હાંહાં રે કે
દુનિં૦ ॥ પ્યા૦ ॥ દુ૦ ॥ ૪ ॥ સખરે૦
આનંદ ઘર પુણ્ય કંદ, જયાનંદ જાણીયે ॥
પાતાલમૂલ વિભાસ, વિશાળ બખાનીયે ॥
હાંહાં રે વિશા૦ ॥ પ્યારે૦ ॥ વિ૦ ॥ જગતા-
રણુ અકલંક, એ તીરથ માનીયે ॥ શ્રીશુભ-

વીર વિવેકે, પ્રભુકું પીછાનીયે ॥હાંહાંરે પ્રભુ૦॥ પ્યા૦ ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ સખરે૦ ॥

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

॥ અથ મંત્રઃ ॥

ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ઈતિ ષષ્ઠાભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥ સર્વ ગાથા ॥ ૫૪ ॥

---

## સપ્તમ પૂજા.

( દોહા )

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડિ મુનિરાય;
સાથે સિદ્ધિવધુ વર્યા, શત્રુંજય સુપસાય. ૧

( ઢાલ—સહસાવનમાં એક દિન સ્વામિ—એ દેશી )

આવ્યાં છું[૧] આશ ભર્યાં રે, વાલાજી અમે આવ્યાં છું આશાભર્યાં ॥ એ આંકણી ॥ નમિપુત્રી ચોસઠ મલીને, ઋષભ પાઉં પર્યાં ॥ કરજોડી

---

૧ છીએ.

વિનયે પ્રભુ આગે, એમ વયણાં ઉચર્યાં રે ॥ વા૦ ॥ ૧ ॥ નમિ વિનમી જે પુત્ર તુમારા, રાજ્યભાગ વિસર્યાં ॥ દિનદયાળે દીધો પામી, આજ લગે વિચર્યાં રે ॥ વા૦ ॥ ૨ ॥ બાહ્ય-રાજ્ય ઉભગી પ્રભુ પાસે, આવે કાજ સર્યાં ॥ અમે પણ તાતજી કારજ સાધ્યું, સાન્નિધ્ય આપ કર્યાં રે ॥ વા૦ ॥ ૩ ॥ એમ વદંતી પાગે ચઢંતી, અણસણ ધ્યાન ધર્યાં ॥ કેવળ પામી કર્મને વામી, જ્યોતસેં જ્યોતિ મિલ્યાં રે ॥ વા૦ ॥ ૪ ॥ એક અવગાહને સિદ્ધ અં-નંતા, દુગ [1] ઉપયોગ વર્યાં ॥ ફરસિત દેશ પ્રદેશ અસંખિત, ગુણાકાર કર્યાં રે ॥ વા૦ ॥ ૫ ॥ અકર્મક મહાતીરથ હેમગિરિ, અનંતશક્તિ ભર્યાં ॥ પુરૂષોત્તમને પર્વત રાજા, જ્યોતિરૂપ ધર્યાં રે ॥ વા૦ ॥ ૬ ॥ વિલાસભદ્ર સુભદ્ર એ નામે, સુણતાં ચિત્ત ઠર્યાં ॥ શ્રીશુભવીર પ્રભુ અભિષેકે, પાતક દૂર હર્યાં રે ॥ વા૦ ॥ ૭ ॥

---

૧ કેવળજ્ઞાન અને દર્શન એ બે.

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

( અથ મંત્રઃ )

ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ઇતિ સપ્તમાભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥ સર્વગાથા ॥૫૪॥

---

## અષ્ટમ પૂજા.

( દોહા )

દ્રાવિડને વારિખિલ્લજી, દશકોટી અણગાર;
સાથે સિદ્ધિ વધૂ વર્યા, વંદૂં વારંવાર. ૧

( ઢાળ–તોરણ આઇ કયૂં ચલે રે—એ દેશી )

ભરતને માટે ભૂપતિ રે, સિદ્ધિ વર્યા એણે ઠાય ॥ સલુણા ॥ અસંખ્યાતા તિહાં લગે રે, હુઆ અજિત જિનરાય ॥ સલુણા ॥ ૧ ॥ જેમ જેમ એ ગિરિ ભેટીયે રે, તેમ તેમ પાપ પલાય ॥ સ૦ ॥ અજિત જિનેશ્વર સાહિબો રે, ચોમાસું રહિ જાય ॥ સ૦ ॥ જે૦ ॥ ૨ ॥

સાગર મુનિ એક કોડીશું રે, તોડયા કર્મના પાસ ॥ સ૦ ॥ પાંચ કોડી મુનિરાજશું રે, ભરત લહ્યા શિવવાસ ॥ સ૦ ॥ જે૦ ॥ ૩ ॥ આદીશ્વર ઉપકારથી રે, સત્તરકોડી સાથ ॥ સ૦ ॥ અજિતસેન સિદ્ધાચલે રે, ઝાલ્યો શિવવહૂ હાથ ॥ સ૦ ॥ જે૦ ॥ ૪ ॥ અજિત નાથ મુનિ ચૈત્રની રે, પૂનમે દશહજાર ॥ સ૦॥ આદિત્યયશા મુક્તિ વર્યા રે, એક લાખ અણુ-ગાર ॥ સ૦ ॥ જે૦ ॥ ૫ ॥ અજરામર ક્ષેમં-કરૂં રે, અમરકેતુ ગુણકંદ ॥ સ૦ ॥ સહસ્રપત્ર શિવકરૂં રે, કર્મક્ષય તમોકંદ ॥ સ૦ ॥ જે૦ ॥ ॥ ૬ ॥ રાજ રાજેશ્વર એ ગિરિ રે, નામ છે મંગલ રૂપ ॥ સ૦ ॥ ગિરિવર રજતરૂ મંજરી રે, શીશ ચઢાવે ભૂપ ॥ સ૦ ॥ જે૦ ॥ ૭ ॥ દેવયુગાદિ પૂજતાં રે, કર્મ હોએ ચકચૂર ॥ સ૦ શ્રીશુભવીરને સાહિબા રે, રહેજો હૈડા હજુર ॥ સ૦ ॥ જે૦ ॥ ૮ ॥

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

( અથ મંત્રઃ )

ૐ હ્રીં શ્રીં પરમ૦ ।। ઇતિ અષ્ટમાભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ।। સર્વગાથા ।। ૭૨ ।।

## નવમી પૂજા.

।। દોહા ।।

રામ ભરત ત્રણ કોડિશું, કોડિ મુનિ શ્રીસાર;
કોડિ સાઢિ આઠ શિવ વર્યા, સાંબ પ્રદ્યુમ્ન કુમાર.૧

( ઢાલ–ઉંચોતે અલબેલો રે, કામણગારો કાનુડો—એ દેશી )

સિદ્ધાચલ શિખરે દીવો રે ।। આદીશ્વર અલબેલો છે ।। જાણે દર્શન અમૃત પીવો રે ।। આ૦ ।। શિવ સોમજસાની લારે રે ।।આ૦।। તેર કોડિ મુનિ પરિવારે રે ।। આ૦ ।। સિ૦ ।। ।। ૧ ।। કરે શિવસુંદરીનું આણું રે ।। આ૦ ।। નારદજી લાખ એકાણું રે ।। આ૦ ।। વસુદેવની નારી પ્રસિદ્ધિ રે ।। આ૦ ।। પાંત્રીશ

હજાર તે સિદ્ધિ રે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૨ ॥
લખ બાવન ને એક કોડિ રે ॥ આ૦ ॥ પંચા-
વન સહસને જોડી રે ॥ આ૦ ॥ સાતશેં
સત્યોતેર સાધુ રે ॥ આ૦ ॥ પ્રભુ શાંતિ ચો-
માસું કીધું રે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૩ ॥ તવ
એ વરિયા શિવનારી રે ॥ આ૦ ॥ ચોદ સ-
હસ મુનિ દમિતારી રે ॥ આ૦ ॥ પ્રદ્યુમ્નપ્રિયા
અચંભી રે ॥ આ૦ ॥ ચોંઆલિશશેં વૈદર્ભી રે
॥ આ૦ ॥ સિ૦ ॥ ૪ ॥ થાવચ્ચા પુત્ર
હજારે રે ॥ આ૦ ॥ શુક પરિવ્રાજક એ ધારે
રે ॥ આ૦ ॥ સેલગ પણુસય વિખ્યાતે રે
॥ આ૦ ॥ સુભદ્રમુનિ સયસાતે રે ॥ આ૦ ॥
॥ સિ૦ ॥ ૫ ॥ ભવ તરિયા તેણે ભવતારણ
રે ॥ આ૦ ॥ ગજચંદ્ર મહોદય કારણ રે
॥ આ૦ ॥ સુરકાંત અચલ અભિનંદો રે ॥
॥ આ૦ ॥ સુમતિ શ્રેષ્ઠા ભયકંદો રે ॥ આ૦ ॥
॥ સિ૦ ॥ ૬ ॥ ઇહાં મોક્ષ ગયા કેઇ કોટિ રે
॥ આ૦ ॥ અમને પણ આશા મોટી રે ॥

॥ આ૦ ॥ શ્રદ્ધા સંવેગે ભરિયો રે ॥ આ૦ ॥
મેં મોટો દરિયો તરિયો રે ॥ આ૦ ॥ સિ૦ ॥
॥ ૭ ॥ શ્રદ્ધાવિણુ કુણુ ઇહાં આવેરે ॥ આ૦ ॥
લઘુ જલમાં કેમ તે નાવે રે ॥ આ૦ ॥ તેણે
હાથ હવે પ્રભુ ઝાલો રે ॥ આ૦ ॥ શુભ વી-
રને હઇડે વહાલો રે ॥ આ૦ ॥ સિ૦ ॥ ૮ ॥

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

( અથ મંત્રઃ )

ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ॥ ઇતિ નવમાભિષેકે
ઉત્તરપૂજા સમાપ્તા ॥ સર્વગાથા ॥ ૮૧ ॥

## દશમી પૂજા.

( દોહા )

કદંબ ગણુધર કોડિશું, વળિ સંપ્રતિ જિનરાજ;
થાવચ્ચા તસ ગણુધરૂ, સહસશું સિધ્યાં કાજ. ૧

( ઢાલ–ધન્ય ધન્ય જિનવાણી—એ દેશી )

એમ કેઇ સિદ્ધિ વર્યા મુનિરાયા, નામથી નિર્મળ કાયા રે ॥ એ તીરથ તારૂ ॥ જાલી મયાલીને ઉવયાલી, સિધ્યા અનશન પાલી રે ॥ એ૦ ॥ ૧ ॥ દેવકી ષટ્ નંદન ઇહાં સિધ્યા, આતમ ઉજ્જવલ કીધા રે ॥ ॥ એ૦ ॥ ઉજ્જવલગિરિ મહાપદ્મ પ્રમાણો, વિશ્વાનંદ વખાણો રે ॥ એ૦ ॥ ૨ ॥ વિજય ભદ્ર ને ઇંદ્ર પ્રકાશો, કહીયે કપર્દિવાસો રે ॥ એ૦ ॥ મુક્તિ નિકેતન કેવલદાયક, ચર્ચગિરિ ગુણલાયક રે ॥ એ૦ ॥ ૩ ॥ એ નામે ભય સઘલા નાસે, જયકમલા ઘરવાસે રે ॥ ॥ એ૦ ॥ શુકરાજા નિજ રાજ્ય વિલાસી, ધ્યાન ધરે ષટ્ માસી રે ॥ એ૦ ॥ ૪ ॥ દ્રવ્ય સેવનથી સાજા તાજા, જેમ કુકડો ચંદ રાજા રે ॥ એ૦ ॥ ધ્યાતા ધ્યેય ધ્યાન પદ એકે, ભાવથી શિવફલ ટેકે રે ॥ એ૦ ॥ ૫ ॥

ડાલને છંડિ બ્રહ્મને વળગો, જાણુ ન થાયે અલગો રે ॥ એ૦ ॥ મૂલ ઉર્ધ્વ અધ શાખા ચારે, છંદ પુરાણે વિચારે રે ॥ એ૦ ॥ ૬ ॥ ઇંદ્રિય ડાલાં વિષય પ્રવાલાં, જાણુંતા પણુ બાલા રે ॥ એ૦ ॥ અનુભવ અમૃત જ્ઞાનની ધારા, જિનશાસન જયકારા રે ॥ એ૦ ॥ ૭ ॥ ચાર દોષ કિરિયા છંડાણી, યોગાવંચક પ્રાણી રે ॥ એ૦ ॥ ગિરિવર દર્શન ફરશન યોગે, સંવેદનને વિયોગે રે ॥ એ૦ ॥ ૮ ॥ નિર્જરતો ગુણ શ્રેણે ચઢતો, ધ્યાનાંતર જઇ અડતો રે ॥ એ૦ ॥ શ્રીશુભવીર વસે સુખમોજે, શિવસુંદરીની સેજે રે ॥ એ૦ ॥ ૯ ॥

॥ કાવ્યં—ગિરિવરં૦ ॥

( અથ મંત્રઃ )

ૐ હ્રીં શ્રીં પરમ૦ ॥ ઇતિ દશમાભિષેક ઉત્તરપૂજા સમાપ્તા ॥ સર્વગાથા ॥૯૧॥

## એકાદશ પૂજા.

( દોહા )

શત્રુંજય ગિરિમંડણો, મરૂદેવાનો નંદ;
યુગલા ધર્મ નિવારકો, નમો યુગાદિ જિણંદ. ૧

( ઢાળ–વીરકુંવરની વાતડી કેને કહીયે—
એ દેશી )

તીરથની આશાતના, નવિ કરીયે, નવિ કરીયે રે નવિ કરિયે; ધુપધ્યાન ઘટા અનુસરિયે, તરિયે સંસાર ॥ તીરથ૦ ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ આશાતના કરતાં થકાં ધનહાણી, ભૂખ્યાં ન મલે અન્ન પાણી; કાયા વળી રોગે ભરાણી, આ ભવમાં એમ ॥ તી૦ ॥ ॥ ૨ ॥ પરભવ પરમાધામીને વશ પડશે, વૈતરણી નદીમાં ભળશે; અગ્નિને કુંડે બલશે, નહીં સરણું કોય ॥ તી૦ ॥ ૩ ॥ પૂરવ નવાણું નાથજી ઇહાં આવ્યા, સાધુ કેઇ મોક્ષે સિધાવ્યા; શ્રાવક પણ સિદ્ધિ સુહાવ્યા,

જપતાં ગિરિ નામ ॥ તી૦ ॥ ૩ ॥ અષ્ટોત્તર શતકૂટ એ ગિરિઠામે, સૌંદર્ય યશોધરા નામે; પ્રીતિમંડણ કામુક કામે, વળી સહજાનંદ ॥ તી૦ ॥ ૫ ॥ મહેંદ્રધ્વજ સરવારથ સિદ્ધ કહિયે, પ્રિયંકર નામ એ લહિયે; ગિરિ શીતલ છાંયે રહિયે, નિત્ય કરીયે ધ્યાન ॥ તી૦ ॥ ૬ ॥ પૂજા નવાણું પ્રકારની એમ કીજે, નરભવનો લાહો લીજે; વળી દાન સુપાત્રે દીજે, ચઢતે પરિણામ ॥ તી૦ ॥ ૭ ॥ સેવન ફલ સંસારમાં કરે લીલા, રમણી ધન સુંદર બાળા; શુભવીર વિનોદ વિશાલા, મંગલ શિવમાલ ॥ તી૦ ॥ ઇતિ એકાદશા ભિષેકે ઉત્તરપૂજા સમાપ્તા ॥

## કળસ.

( રાગ ધન્યાશ્રી. )

ગાયો ગાયો રે વિમલાચલ તીરથ ગાયો. પર્વતમાં જેમ મેરૂ મહીધર, મુનિમંડળ જિનરાયો ।। તરૂગણુમાં જેમ કલ્પતરૂવર, તેમ એ તીર્થ સવાયો રે ।। વિ૦ ।। ૧ ।। યાત્રા નવાણું અમે ઇહાં કીધી, રંગ તરંગ ભરાયો ।। તીરથગુણ મુક્તાફલ માલા, સંઘને કંઠે ઠવાયો રે ।। વિ૦ ।। ૨ ।। શેઠ હેમાભાઈ હુકમ લઈને, પાલીતાણા શિરે ઠાયો ।। મોતીચંદ મુલકચંદ રાજ્યે, સંઘ સકલ હરખાયો રે ।। વિ૦ ।। ૩ ।। તપગચ્છ સિંહસૂરીસર કેરા, સત્યવિજય સત્ય પાયો ।। કપૂરવિજયગુરૂ ખિમાવિજય તસ, જસવિજય મુનિરાયો રે ।। ।। વિ૦ ।। ૪ ।। શ્રી શુભવિજય સુગુરૂ સુપસાયે, શ્રુતચિંતામણિ પાયો ।। વિજયદેવેંદ્ર સૂરીસર રાજ્યે, પૂજા અધિકાર રચાયો રે ।। ।। વિ૦ ।। ૫ ।। પૂજા નવાણુંપ્રકારી રચાવો,

ગાવો એ ગિરિરાયો ।। વિધિયોગે ફળ પૂરણ પ્રગટે, તવ હુઠવાદ હુઠાયો રે ।। વિ૦ ।। ૬ ।। વેદ (૪) વસુ (૮) ગજ (૮) ચંદ્ર (૧) સંવત્સર, (૧૮૮૪) ચૈત્રી પૂનમ દિન ધ્યાયો ।। પંડિત વીરવિજય પ્રભુધ્યાને, આતમ આપ ઠરાયો રે ।। વિ૦ ।। ૭ ।। ઇતિ કળશ ।।

।। કાવ્યં ।। ગિરિવરં૦ ।।

।। અથ મંત્રઃ ।।

।। ૐ હ્રીઁ શ્રીઁ પરમ૦ ।।

।। ઇતિ પંડિત શ્રીવીરવિજયજી કૃત શ્રી શત્રુંજયમહિમાગર્ભિત નવાણું પ્રકારી પૂજા સંપૂર્ણા ।। સર્વગાથા ।। ૧૦૫ ।।

અથ શ્રી ધનપાલ કવિ વિરચિત

# श्री ऋषभपंचाशिका

## भाषा—अनुवाद.

( ભાવાર્થ સહ )

जय जंतु कप्पपायव, चंदायव रागपंकयवणस्स; सयलमुणिगामगामणि, तिलोअचूडामणि नमो ते. ॥ १ ॥

૧ હે જગતના જીવોને કલ્પવૃક્ષ સમાન કામિત ફળને આપનાર! અને રાગરૂપી કમળના વનને નિમીલન કરવા ( સંકોચી દેવા ) ચંદ્રકાન્તિ સમાન! તથા સમસ્ત મુનિગણના નાયક હે ત્રિલોકચુડામણિ ( મોક્ષના મંડનરૂપ ) પ્રભુ! આપશ્રીને અમારો નમસ્કાર હો!!!

जय रोसजलणजलहर, कुलहर वर-

**नाणदंसणसिरीणं; मोहतिमिरोहदिणयर, नयर गुणगणाण पउराणं ॥ २ ॥**

૨ તેમજ ક્રોધરૂપી અગ્નિને શાન્ત કરવા મેઘ સમાન ! શ્રેષ્ટ એવી જ્ઞાન દર્શનરૂપ લક્ષ્મી-ના વિલાસ ઘર ! મોહરૂપી અંધકારના સમૂહને ટાળવા સૂર્ય સમાન ! અને ગુણના સમુદાયરૂપા પૌરજનોને વસવા માટે નગર તુલ્ય એવા હે પ્રભુ ! આપ જયવંતા વર્તો !

**दिट्ठो कह वि विहडिए, गंठिम्मि कवाडसंपुडघणंमि; मोहंधयारचारयगएण दिणयरुव्व तुमं. ॥ ३ ॥**

૩ મોહરૂપી અંધકારથી વ્યાપ્ત એવા કારાગૃહમાં પુરાયેલા મુજને, દૈવયોગે મહા આકરા રાગદ્વેષના પરિણામરૂપી ગ્રંથીનો છેદ થવા રૂપ કપાટ સંપુટ ઉઘડી જવાથી, સૂર્ય સમાન આપનું દર્શન થયું. અર્થાત્ અપૂર્વ કરણ ( અપૂર્વ વીર્યોલ્લાસ )થી ગ્રંથીભેદ કરી

પછી સમકિત રત્ન પામી સદ્વિવેકવડે આપ પરમાત્માનું હું દર્શન પામ્યો.

**भविअकमलाण जिणरवि, तुहदंसण-पहरिसूससंताणं; दढबद्धा इव विहडंति मोह-तमभमरविंदाइं ॥ ४ ॥**

૪ હે જિનરવિ ! આપના દર્શનના આનંદથી વિકસિત થતાં ભવ્યકમલોમાંથી લોલી ભાવને પામેલા મોહાન્ધકારરૂપ ભ્રમરના સમૂહ છૂટા પડી જાય છે. એટલે આપના અપૂર્વ દર્શન યોગે ભવ્યજનોનો મોહાન્ધકાર દૂર ટળે છે.

**लट्ठत्तणाभिमाणो, सव्वो सव्वट्ठसुर-विमाणस्स; पइं नाह नाहिकुलगरघरावयारु-म्मुहे नट्ठो ॥ ५ ॥**

૫ હે નાથ! આપ નાભિકુલગરના ગૃહમાં અવતર્યા તે વારે સવાર્થ ( સર્વાર્થ સિદ્ધ ) નામના દેવવિમાનનું શ્રેષ્ટતા સંબંધી સર્વ અભિમાન ગળી ગયું.

**पइं चिंतादुल्लहमुक्खसुक्खफलए अउव्व-**

कप्पदुमे, अवइन्ने कप्पतरू, जयगुरू हित्था इव पओत्था. ॥ ५ ॥

૬ અચિંત્ય અને દુર્લભ મોક્ષસુખ આપનાર અપૂર્વ કલ્પવૃક્ષ એવા આપનો અવતાર થયે છતે હે જગદ્‌ગુરૂ ! કલ્પવૃક્ષો શરમાઈ ગયાં હોય તેમ અંતધાન ( અદૃશ્ય ) થઇ ગયાં.

अरणं तइणं, इमाइ उस्सप्पिणीइ तुह जम्मे; फुरिअं कणगमणं व, कालचक्किपासंमि. ॥ ६ ॥

૭ ( પ્રભુનાં પાંચે કલ્યાણક સમયે સર્વત્ર ઉદ્યોત થાય છે તે વાત કહે છે ) કાળચક્રના એક પડખે આ અવસર્પિણી કાળમાં આપનો જન્મ થયે છતે ત્રીજો આરો ;જાણે સુવર્ણમય હોય એવો દીપી રહ્યો.

जंमि तुमं अहिसित्तो, जत्थय सिवसुक्ख संपयं पत्तो; ते अट्ठावयसेला, सीसामेला गिरिकुलस्स ॥ ८ ॥

૮ જ્યાં આપનો જન્માભિષેક થયો અને જ્યાં આપ શિવસુખ સંબંધી સંપદાને પામ્યા તે બંને અષ્ટાપદ શૈલો અન્ય ગિરિવરોના મુકુટરૂપ થયા. (તેમાં અષ્ટાપદ એટલે સુવર્ણ, તેનો શૈલ એટલે મેરૂ, જ્યાં પ્રભુનો જન્માભિષેક દેવોએ કર્યો તે તથા બીજો અયોધ્યાની નજીકમાં રહેલો અષ્ટાપદ નામે પર્વત જ્યાં પ્રભુ મોક્ષે પધાર્યા.)

**धन्ना सविम्हयं जेहिं, झत्ति कयरज्जमज्जणो हरिणा, चिरधरिअनलिणपत्ताभिसेअसलिलेहिं दिट्ठोसि ॥ ९ ॥**

૯ ઇંદ્રવડે જલદી રાજ્યાભિષેક કરાયેલા આપને સવિસ્મય દેખનાર યુગલિયાને ધન્ય છે, જેમણે કમળનાં પત્રોવડે અભિષેક જળ ચિરકાળ (હાથમાં) ધરી રાખ્યું હતું.

**दाविअविज्जासिप्पो, वज्जरिआसेसलोअववहारो, जाओ सि जाण सामिअ, पयाओ ताओ कयत्थाओ ॥ १० ॥**

૧૦ વિદ્યા અને શિલ્પકળા જેમણે દર્શાવ્યાં છે તથા સમસ્ત લોકવ્યવહાર જેમણે સ્પષ્ટ સમજાવ્યો છે. એવા આપ જેમના સ્વામી થયા છો તે પ્રજા કૃતાર્થ થયેલી છે.

**बंधुविहत्तवसुमई, वच्छरमच्छिन्नदिन्नधणनिवहो; जह तं तह को अन्नो, निअमधुरं धीर पडिवन्नो ॥ ११ ॥**

૧૧ જેમણે બંધુઓને ( પુત્રોને ) પૃથ્વી વહેંચી આપી છે અને એક વર્ષ પર્યંત અવિચ્છિન્નપણે દ્રવ્યસમૂહનું દાન દીધું છે, એવા આપે હે ધીર ! જે નિયમધુરા ધારણ કરી છે તે ધુરાને બીજો કોણ ધારી શકે ? ( ધીર કહેવાથી વર્ષ પર્યંત પ્રભુએ ક્ષુધા પરિસહ સહ્યો એ વાત સૂચવી. )

**सोहसि पसाहिअंसो, कज्जलकसिणाहिं जयगुरु जडाहिं; उवगूढविसज्जिअरायलच्छिबाहत्थडाहिं व ॥ १२ ॥**

૧૨ હે જગદ્‌ગુરૂ ! રાજ્ય સમયે આલિંગન કરેલી અને દીક્ષા સમયે પરિત્યાગ કરેલી રાજ્યલક્ષ્મીની અશ્રુધારાજ હોયની ! એવી કાજળ જેવી કાળી કેશજટાવડે ભૂષિત સ્કંધવાળા આપ શોભી રહ્યા છો.

**उवसामिआ अणज्जा, देसेसु तए पवन्नमोणेणं ; अभणंत च्चिअ कज्जं, परस्स साहंति सप्पुरिसा ॥ १३ ॥**

૧૩ અનાર્ય દેશોમાં અનાર્યલોકોને આપે મૌન વ્રત ધારીને ઉપશાન્ત કર્યા ( તે યુકતજ છે કેમકે ) સત્ પુરૂષો મૌનપણેજ પરનાં શુભ કાર્ય સાધી આપે છે.

**मुणिणो वि तुहल्लीणा, नमिविनमी खेअराहिवा जाया; गुरुआण चलणसेवा, न निप्फला होइ कइआ वि ॥ १४ ॥**

૧૪ મુનિઅવસ્થામાં પણ આપના ચરણમાં લીન થયેલા **નામ અને વિનામ** વિદ્યાધરો

ના નાયક થયા. ગુરૂની **ચરણ સેવા કદાપિ નિષ્ફળ થતીજ નથી.**

**भद्दं से सेअंसस्स, जेण तवसोसिओ निराहारो; वरिसंते निव्वविओ, मेहेण व वणदुमो तं सि ॥ १५ ॥**

૧૫ મેઘ જેમ વનવૃક્ષને સંતોષે તેમ જેણે તપ શોષિત અને નિરાહાર એવા આપને વર્ષના અંતે [ ઇક્ષુરસથી ] સંતોષિત કર્યા તે **શ્રેયાંસકુમારનું** કલ્યાણ થાઓ.

**उप्पन्नविमलनाणे, तुमंमि भुवणस्स विआलिओ मोहो; सयलुग्गयसूरे वासरंमि गयणस्स व तमोहो ॥ १६ ॥**

૧૬ 'જ્ઞાન કલ્યાણક આશ્રી કહે છે' જેમ સંપૂર્ણ સૂર્યોદયવાળા દિવસમાં ગગન અંતર્વર્તી સમસ્ત અંધકાર નષ્ટ પામે છે, તેમ નિર્મળ કેવળ ઉત્પન્ન થયું છે જેને એવા આપ વિદ્યમાન છતે જગતનો મોહ વિલય પામે છે.

**पूआवसरे सरिसो, दिट्ठो चक्कस्स तं सि भरहेण; विसमा हु विसयतिन्हा, गरूआण वि कुणइ मइमोहं ॥ १७ ॥**

૧૭ કેવળ મહિમા અવસરે **ભરતે** આપને ચક્ર ( રત્ન ) સદૃશ લેખ્યા. [ તેનું કારણ એ કે ] વિષમ એવી વિષયતૃષ્ણા મ્હોટાને પણ મતિમોહ ઉપજાવે છે.

**पढमसमोसरणं मुहे, तुह केवलसुरवहूकओज्जोआ; जाया अग्गेइ दिसा, सेवासयमागयसिहिव्व ॥ १८ ॥**

૧૮ [ કેવળ ઉત્પત્તિ પછી તરત ] આપના પ્રથમ સમવસરણના પ્રારંભમાં કેવળ દેવાંગનાઓ [ ની દેહકાન્તિ ] એ કરેલો છે ઉદ્યોત જેનો એવી અગ્નિ દિશા જાણે સેવા નિમિત્તે સાક્ષાત્ આવેલા અગ્નિ દેવતાજ હોય તેવી શોભી રહી હતી.

**गहिअवयभंगमलिणो, नूणं दूरोणएहिं**

**मुहराओ; ठइओ पढमिल्लुअतावसेहिं तुह दंसणे पढमे ।। १६ ।।**

૧૯ આપના પ્રથમ દર્શન સમયે ( કચ્છ મહાકચ્છ વિના ) પ્રથમ ઉત્પન્ન થયેલા અત્યંત નમ્ર તાપસોએ ગ્રહણ કરેલાં વ્રતના ભંગવડે મલીન એવો પોતાનો મુખરાગ નિશ્ચે ( નમસ્કારના મિષે ) ઢાંકી દીધો, મતલબ કે જગત્ જનો સમક્ષ પ્રભુ સાથે વ્રત લહી, પોતે નિઃસત્વ થઇ તાપસપણું આદર્યું તેથી લજ્જાવડે સ્વમુખ દેખાડવા અસમર્થ છતા તેમણે પ્રણામને મિષે મસ્તક નમાવી દીધું.

**तेहिं परिवेढिएणय, वूढा तुमए खणं कुलवइस्स; सोहा विअडंसत्थलघोलंतजडाकलावेण ॥ २० ॥**

૨૦ તે તાપસોવડે વિંટાયેલા અને વિશાળ સ્કંધ પ્રદેશ ઉપર વિસ્તરેલા જટા કલાપવાળા એવા આપે ક્ષણવાર કુળપતિ (તાપસાચાર્ય)ની શોભા ધારણ કરી. ( કેમકે પછી તો તાપસોએ

પ્રભુના ઉપદેશથી શ્રમણલિંગ સ્વીકારેલું છે. )

**तुह रूवं पिच्छंता, न हुंति जे नाह हरिसपडिहत्था; समणा वि गयमणच्चिय, ते केवलिणो जइ न हुंति ॥ २१ ॥**

૨૧ હે નાથ ! આપની મુખમુદ્રા જોનારા જે હર્ષ પરિપૂર્ણ થતા નથી તે જો કેવળજ્ઞાની ન હોય તો સંજ્ઞી છતાં પણ અસંજ્ઞીજ સમજવા.

**पत्तानि असामन्नं, समुन्नइं जेहिं देवया अन्ने; ते दिंति तुम्ह गुणसंकहासु हासं गुणा मज्झ ॥ २२ ॥**

૨૨ જે જગત્‌કર્તૃત્વાદિક (કલ્પિત) ગુણો-વડે અન્ય દેવો અસામાન્ય સમુન્નતિ ( અસા-ધારણ મોટાઇ ) પામ્યા છે, તે (કલ્પિત) ગુણો આપના સદ્‌ભૂત ગુણ સંબંધી કરાતા ગાનમાં મને હાસ્ય પેદા કરે છે. ( એવા કારણથી કે ક્યાં કેવળ કલ્પિત મિથ્યા આરોપિત ગુણોવડે અન્ય દેવોએ મેળવેલી મિથ્યા આડંબરવાળી મોટાઇ અને ક્યાં સાચા સદ્‌ભુત ગુણો પ્રગટ થયાથી

આપને સહજ પ્રાપ્ત થયેલી ત્રિભુવન પૂજ્યતા.)

**दोसरहिअस्स तुह जिण निंदावसरंमि भग्गपसराए; वायाइ वयणकुसला वि बालि सायंति मच्छरिणो ॥ २३ ॥**

૨૩ હે જિન ! મત્સરી લોકો પ્રથમ વચન વદવામાં કુશળ છતાં દોષ રહિત એવા આપની નિંદા કરવાના પ્રસ્તાવે ભાંગી તુટી વાણીવડે બાળકના જેવી ચેષ્ટા કરે છે. ( કેમકે આપનામાં લેશ માત્ર પણ દોષ નહિં દેખાવથી તે બાપડા હતાશ બની જાય છે. )

**अणुरायपल्लविल्ले, रइवल्लिफुरंतहासकुसुमंमि; तवताविओवि न मणो, सिंगारवणे तुहल्लीणो ॥ २४ ॥**

૨૪ અનુરાગ ( દૃઢરાગ ) રૂપી પલ્લવોવાળા અને રતિ રૂપી વેલડી ઉપર સ્ફુરી રહેલ સ્મિત ( હાસ્ય ) રૂપી ફૂલવાળા શૃંગાર વનમાં તપથી તપ્ત થયેલું પણ આપનું મન લીન થયું નથી. ( એ આશ્ચર્યરૂપ છે. )

**आणा जस्स विलइआ, सीसे सेसव्व हरिहरेहिंपि, सो वि तुह झाणजलणे, मयणो मयणं विअ विलीणो ॥ २५ ॥**

૨૫ જે કામદેવની આજ્ઞા હરિહરાદિક દેવોએ પણ શેષા ( દેવ-નિર્માલ્ય ચરણામૃત-પુષ્પમાલાદિક ) ની પેરે પ્રેમપૂર્વક મસ્તકે ચઢાવી છે તે કામદેવ પણ આપના ધ્યાનાનલમાં મીણની જેમ ઓગળી ગયો છે.

**पइं नवरि निरभिमाणा, जाया जयदप्पभञ्जणुत्ताणा; वम्महनरिंदजोहा दिठिच्छोहा मयच्छीणाम् ॥ २६ ॥**

૨૬ જગતજનોનો દર્પ દલવાને સમર્થ એવા મન્મથ રાજા ( કામદેવ ) ના યોદ્ધારૂપ મૃગાક્ષી સ્ત્રીઓનાં નેત્ર-કટાક્ષો કેવળ આપના વિષેજ નિષ્ફળ થયાં. મતલબ કે સ્ત્રી કટાક્ષો કેવળ આપની ઉપર જ ફાવી શકયા નહી.

**विसमा रागद्दोसा, निंता तुरयव्व उप्प-**

हेरा मणम्; ठायंति धम्मसारहि, दिट्ठे तुह पवयणे नवरं ॥ २७॥

२७ હે ધર્મસારથી ! આપનું પ્રવચન દીઠે છતે મનને ઉન્માર્ગે લઇ જનાર ( ઉદ્ધત ) ઘોડાની જેવા વિષમ રાગદ્વેષ (વિકારો) નિશ્ચિત માર્ગે ચાલે છે. એટલે કે તેઓ મનને મોક્ષમાર્ગ વિના બીજે ખોટે માર્ગે દોરી જઇ શકતા નથી.

पञ्चलकसायचोरे, सइपंनिहिग्रासिचक्क-धणुरेहा; हुंति तुह च्चिग्र चलणा, सरणं भीयाण भवरन्ने ॥ २८॥

२८ પ્રબળ કષાયરૂપ ચોરો જેમાં ( વસે ) છે એવા આ ભવ અરણ્યમાં ભયથી ઉગેલા જનોને ખડ્ગ, ચક્ર અને ધનુષ્ય રૂપ રેખાઓ જેમાં સદા સારી રીતે અંકિત છે એવાં આપનાં ચરણો જ શરણભૂત છે.

तुह समय सरप्भट्ठा, भंमति सयलासु रुरकजाईसु, सारणि जलं व जीवा, ठाणट्ठाणेसु वज्झंता ॥ २९॥

૨૯ આપના સિદ્ધાન્તરૂપી સરોવરથી ભ્રષ્ટ થએલા જીવો જેમ નીકનું જળ સકળ વૃક્ષ જાતિમાં ઠેકાણે ઠેકાણે બંધાતું છતું ફરે છે, તેમ સકળ-૮૪ લક્ષ જીવાયોનિમાં કર્મવડે ઠેકાણે ઠેકાણે બંધાતા છતા પરિભ્રમણ કર્યા કરે છે. મતલબ કે માર્ગ-ભ્રષ્ટ મહા વિટંબના પામે છે.

**सलिलिव्व पवयणे, तुह गहिए उड्ढं विमुक्कम्मि; वच्चंति नाह कूवयरहट्टघडिसंनिहा जीवा ॥ ३० ॥**

૩૦ જેમ કૂપના અરહટ્ટની ઘટમાળા જળ ભરેલી ઉંચે આવે છે અને ઠાલી થયેલી નીચે જાય છે તેમ આપના વચનને આરાધેલા જીવો ઉર્દ્ધ્વ-ગતિ પામે છે અને વિરાધેલા નીચી ગતિને પામેછે.

**लीलाइ निंति सुरकं, अन्ने जह तित्थिआ तहा न तुमम्; तह वि तुह मग्गलग्गा, मग्गंति बुहा सिवसुहाइं ॥ ३१ ॥**

૩૨ જેમ અન્ય બૌધાદિક દર્શનીઓ સુકોમળ શય્યા ઉપર શયન કરવું, પ્રભાતમાં કાંજી

પીવી વિગેરે ( શરીરને સુખકારી ) અનુષ્ઠાનથી (કષ્ટ વગર) મોક્ષ મેળવી આપે છે તેમ આપ કરતા નથી તો પણ (સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ) આપના સત્યમાર્ગમાં લાગેલા વિચક્ષણો શિવ-સુખને ગવેષે છે. મતલબ કે બૌધાદિકોએ કલ્પેલી સહેલી મુકિત પાયાવિનાની છે. ત્યારે જિનોએ કહેલી પુરૂષાર્થસાધ્ય મુકિત તેવી નથી; પણ સાચીછે.

सारि व्व बंधवहमरणभाइणो जिण न हुंति पइं दिट्ठे; अक्खेहिं वि हीरंता जीवा संसारफलयंमि ॥ ३२ ॥

૩૨ હે જિન ! આ સંસારરૂપી ચોપાટમાં અક્ષો ( ઇંદ્રિયો–પાસા ) વડે સંચાર્યમાણ થતા જીવો દેવતત્ત્વ બુદ્ધિથી આપને દીઠે છતે પધરું દીઠે લખોટીઓની પેરે વધ, બંધ, કે મરણના ભાગી થતા નથી.

अवहीरिआ तए पहु निंति निओगिक्क संखलाबद्धा, कालमणंतं सत्ता, समं कयाहारनीहारा ॥ ३३ ॥

૩૩ હે પ્રભુ ! ( સામગ્રી વિકળતા વડેજ ધર્મોપદેશના અભાવથી ) આપના વડે ઉપેક્ષા કરાયેલા જીવો નિગોદરૂપ એકજ શ્રૃંખલાથી નિયંત્રિત થયેલા અને સહુ સાથેજ આહારનિહાર ક્રિયા કરતાં અનંતકાળ ગમાવે છે.

**जेहिं तविश्राणँ तवनिहि, जायइ परमा तुमम्मि पडिवत्ती; दुरकाइं ताइं मन्ने, न हुंति कम्मं अहम्मस्स ॥ ३४ ॥.**

૩૪ હે તપોનિાધ ! જે દુઃખોવડે કદર્થિત થયેલા જનોને આપનામાં પરમ પ્રેમ પ્રગટે છે, તે દુઃખો પાપાનુબંધી તો નથીજ; કિંતુ પુણ્યાનુબંધી હોવાથી ઉલટાં તે પ્રશંસનીય છે.

**होही मोहुच्छेश्रो तुह सेवाए धुव त्ति नंदामि, जं पुण न वंदिश्रव्वो तत्थ तुमं तेण झिज्झामि ॥ ३५ ॥**

૩૫ આપની સેવાથી મોહનો ઉચ્છેદ અવશ્ય થશે, એ વાતથી હું પ્રમોદ પામું છું.

પરંતુ મોહનો ઉચ્છેદ થયા બાદ આપને નહિં વંદાય એ વાતથી મને દુઃખ પેદા થાય છે. ( કેમકે કેવળી કેવળીને ન નમે એવો નિયમ છે)

**जो तुह सेवाविमुहस्स, हुंतु मा ताउ मह समिद्धीओ; अहिगारसंपया इव, पेरंतविडंबणफलाओ ॥ ३६ ॥**

૩૬ આપની સેવા વિમુખ એવા જે મિથ્યાદષ્ટિ જનો તેમની રાજ્યાધિકાર સંબંધી સંપદાની જેમ પરિણામે વિડંબનાકારી સંપદાઓ મુજને ન પ્રાપ્ત થાઓ! મતલબ કે પરિણામે નીચી ગતિમાં ખેંચી જનારી સંપદા, સંપદા નથી પણ વિપદારૂપજ છે.

**भित्तूण तमं दीवो, देव पयत्थे जणस्स पयडेइ; तुह पुण विवरीयमिणं, जइक्कदीवस्स निव्वडिअम् ॥ ३७ ॥**

૩૭ હે દેવ ! અન્ય દીપક તમસ્તોમ (અંધકાર) ને ભેદીને લોકને ઘટાદિક પદાર્થો પ્રગટ દેખાડે છે, પણ જગતમાં અનન્ય દીપક એવા

આપનું દીપકકાર્ય વિપરીત જણાય છે, કેમકે આપ તો પ્રથમ પોતાના ઉપદેશ રૂપી કિરણોવડે ભવ્ય જીવોને જીવાદિક પદાર્થો અવબોધો છો. અને પછી તત્ત્વાવબોધ ઉત્પન્ન કરીનેજ અજ્ઞાન અંધકારને ભેદો છો.

**मिच्छत्तविसपसुत्ता, सचेयणा जिण न हुंति किं जीवा; कन्नम्मि कमइ जइ, कित्तिअं पि तुह वयणमन्तस्स ॥ ३८ ॥**

૩૮ જેમના કર્ણમાં આપના વચનરૂપ મંત્રનું એક પણ પદ પડયું છે, તે જીવો મિથ્યાત્વરૂપ વિષથી મૂર્છિત છતાં પણ (ચિલાતિપુત્ર–તથા રોહિણીયા ચોરની પેરે) શું સચેતન થતા નથી ? અર્થાત્ થાય છે.

**आयन्निआ खणद्धं पि, पइं थिरं ते करिंति अणुरायं; परसमया तह वि मणं, तुह समयन्नूण न हरंति ॥ ३९ ॥**

૩૯ કુતીર્થિકનાં આગમ ક્ષણાર્ધ પણ સાંભ-

જ્યાં છતાં આપના વિષે સ્થિર પ્રેમને પ્રગટાવે છે. તેથી તે આપના આગમના જાણકારનું મન હરી શકતા નથી. મતલબ કે પરસ્પર અસંબદ્ધ પણાથી અસાર હોવાને લીધે જેમ જેમ તે સાંભળવામાં આવે છે તેમ તેમ યથાર્થવાદી એવા આપનામાં પ્રેમ પ્રગટાવે છે એ વાત યુકતજ છે.

**वाईहिं परिग्गहिआ, करंति विमुहं खणेण पडिवक्खम्; तुज्झ नया नाह महागय व्व अन्नुन्नसंलग्गा ॥ ४० ॥**

૪૦ વાદીઓ વડે ( સ્વપક્ષમંડનવડે–પરપક્ષખંડન માટે ) અશ્વો સાથે પ્રયોજાએલા અન્યોઅન્ય સંલગ્ન હાથીઓની જેવા આપના નયો ક્ષણમાત્રમાં પ્રતિપક્ષ ( શત્રુ ) ને વિમુખ કરી નાખે છે.

**पावंति जसं असमंजसा वि वयणेहिं जेहिं परसमया, तुह समयमहोअहिणो; ते मंदा बिंदुनिस्संदा ॥ ४१ ॥**

૪૧ જે જ્યોતિષ વિદ્યા પ્રમુખ વચનોવડે

અસમંજસ ( પરસ્પર સંબંધ વિનાના ) પર-સિદ્ધાન્તો શ્લાઘા પામે છે તે આપના(અગાધ) સિદ્ધાન્ત સમુદ્રની પાસે માત્ર બિંદુઓના કણીયા છે.

**पइ मुक्के पोअम्मि व, जीवेहिं भवन्नवम्मि पत्ताओ, अणुवेलमावयामुहपडिएहिं विडंबणा विविहा ॥ ४२ ॥**

૪૨ જહાજ સમાન આપનો ત્યાગ કર્યે છતે પ્રતિસમય આપદાના મુખમાં પડેલા જીવો ભવ સમુદ્રમાં વિવિધ વિડંબના પામે છે.

**वुच्छं अपत्थिआगयमच्छभवंतो मुहुत्त वसिएण, छावट्ठी अयराइं, निरंतरं अप्पइट्ठाणे ॥ ४३ ॥**

૪૩ ( હે દેવ ! બીજા જીવોનું તો શું કહેવું ?) અણધાર્યા આવેલા તંદુળિયા–મચ્છના ભવમાં અંતર્મુહૂર્ત કાળ વસી મેં સાતમી નરકમાં ૬૬ સાગરોપમ વ્યવધાનરહીત વીતાવ્યા.

**सीउन्हवासधारानिवायदुक्खं सुतिक्ख-**

**मणुभूश्रं, तिरिश्रत्तणंमि नाणावरणसमच्छा-इएणावि ॥ ४४ ॥**

૪૪ હે દેવ ! તિર્યંચપણામાં પણ જ્ઞાનાવરણીય કર્મથી અત્યંત અવરાયેલા એવા મેં શીત, તાપ અને વર્ષા સંબંધી ભારે આકરૂં દુઃખ અનુભવ્યું.

**श्रंतोनिक्कंतेहिं, पत्तेहिं पिश्रकलत्तपुत्तेहिं; सुन्ना मणुस्सभवणाडएसु निब्भाइश्रा श्रंका ॥ ४५ ॥**

૪૫ હે દેવ ! મનુષ્યભવ નાટકને વિષે પણ ઉત્પન્ન થયેલા મેં ઉત્સંગના મધ્યથી ચાલી નીકળેલા એટલે આયુષ્ય ક્ષયથી મરણ પામેલા પ્રાપ્ત (પાત્રરૂપ) થયેલા પ્રિય પુત્ર–કલત્રવડે અંકશૂન્ય જોયા. મતલબ કે મનુષ્ય ભવોમાં પણ પ્રિય પુત્ર–કલત્રાદિકના વિયોગથી ભારે દુઃખ સહન કર્યું.

**दिठा रिउरिद्धीओ, आणाउ कया महड्ढिश्रसुराणं, सहिश्रा यहीणदेवत्तणेसु दोगच्चसंतावा ॥ ४६ ॥**

.૪૬ વળી હે દેવ! દેવલોકમાં પણ મેં દુશ્મનોની સમૃદ્ધિ દેખી મહર્દ્ધિક ( મહાસમૃદ્ધિવંત ) દેવોની આજ્ઞાઓ ઉઠાવી અને નીચ એવા કિલ્વિષ પ્રમુખ દેવપણામાં દારિદ્ર ( નિઃસત્વ ) અને સંતાપ સહ્યા.

**सिंचंतेण भववणं, पल्लट्टा पल्लिआ रहट्टुव्व; घडिसंठाणोउसप्पिणिअवसप्पिणिपरिगया बहुसो ॥ ४७ ॥**

૪૭ હે દેવ! ભવવનને સિંચતા એવા મેં અરહટ્ટ પ્રેરિત ઘટી સંસ્થાન અવસર્પિણી અને ઉત્સર્પિણી સમેત પરાવર્તની પેરે પુદ્ગલ પરાવર્તો બહુ વાર કર્યા.

**भमिओ कालमणंतं, भवंमि भीओ न नाह दुक्खाणं; सपइ (य) तुमंमि दिट्ठे, जायं च भयं पलायं च) ॥ ४८ ॥**

૪૮ હે નાથ! હું સંસારમાં અનંતકાળ ભમ્યો, તો પણ તેમાં દુઃખથી બ્હીનો નહીં.

હમણાં આપને દીઠે છતે ભય જાગ્યો; અને ( સાથે જ ) ભય ગયો. મતલબ કે કોપાદિકથી આવી રીતે વિડંબના પામ્યો એમ ભય જાગ્યો અને ક્ષમાદિકથી તેમનું હું નિરાકરણ કરી નાંખીશ એમ ભય ટળ્યો.

**जइ वि कयत्थो जयगुरु, मज्झत्थो जइ वि तह वि पत्थेमि; दाविज्जसु अप्पाणं, पुणो वि कइया वि अम्हाणं. ॥ ४६ ॥**

૪૯ હે જગદ્ગુરૂ! યદ્યપિ આપ કૃતાર્થ અને મધ્યસ્થ એટલે સ્વસ્વરૂપસ્થ છો. તથાપિ હું પ્રાર્થું છું કે કદાચિત્ પણ એટલે કોઇક દેશકાળને વિષે પણ ફરીને અથવા પુનઃ પુનઃ અમને આપનું દર્શન દેશો.

**इअ झाणग्गिपलीविअकम्मिन्धणबाल-बुद्धिणा वि मए ॥ भत्तीइ थुओ भवभयस-मुद्दबोहित्थबोहिफलो. ॥ ५० ॥**

૫૦ ધ્યાનાગ્નિવડે દગ્ધકરી નાંખ્યા છે કર્મેંધન જેણે એવા અને અતિ દુસ્તર ભવ

ભવરૂપી સમુદ્રને તરવા પ્રવહણ સમાન એવા હે પ્રભુ! બાળબુદ્ધિ એવા મેં (ધનપાળે) સમ્યગ્ ધર્મની પ્રાપ્તિરૂપ ફળને આપનાર એવા આપની ભકિતવડે સ્તુતિ કરી છે. (તેથી મને સમ્યગ્ ધર્મની પ્રાપ્ત, નિર્મળ ધ્યાનયોગે સકળ કર્મોનો ક્ષય અને ભવ ભયનો પ્રણાશ થાઓ.) તથાસ્તુ. **इति शम्**

**શ્રી ધનપાળ પંચાશિકા સાર્થ સંપૂર્ણ.**

## પ્રાસંગિક પદ્યવડે નવપદને નમસ્કાર.

(૧) ઉત્પન્ન થયેલા નિર્મળજ્ઞાન જ્યોતિથી ભરેલા, સત્પ્રાતિહાર્ય યુક્ત સિંહાસન ઉપર સંસ્થિત થયેલા, અને સદ્ દેશનાવડે જેમણે સજ્જનોને આનંદિત કરેલા છે તે જિનેશ્વરોને સદા સહસ્રશઃ નમસ્કાર હો!

(૨) પરમાનંદ લક્ષ્મીના સ્થાનરૂપ અને અનંત ચતુષ્કના સ્વામી એવા સિદ્ધ ભગવંતને વારંવાર નમસ્કાર!

(૩) કુમતિ-કદાગ્રહને હઠાવી કાઢનાર અને સૂર્ય સમાન પ્રતાપી એવા આચાર્ય મહારાજને વારંવાર નમસ્કાર !

(૪) સૂત્ર અર્થ અને તદુભયનો વિસ્તાર કરવા તત્પર એવા વાચકવરોને વારંવાર વંદન !

(૫) જેમણે સમ્યગ્ રીતે સંયમને સેવેલું છે એવા દયાળુ અને દમનશીલ સાધુ જનોને વારંવાર નમસ્કાર !

(૬) જિનોકત તત્ત્વને વિષે રૂચિ-પ્રીતિ થવી એ છે લક્ષણ જેનું એવા નિર્મળ દર્શન ગુણને વારંવાર નમસ્કાર !

(૭) અજ્ઞાન અને મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્યસમાન સમર્થ જ્ઞાન ગુણને વારંવાર નમસ્કાર !

(૮) આત્માની સંપૂર્ણ શકિત જેનાવડે પ્રાપ્ત થયેલી છે તે સંયમ વીર્યને વારંવાર નમસ્કાર !

(૯) અષ્ટવિધ કર્મરૂપી વનને ઉખેડી નાંખવા

કુંજર સમાન તીવ્ર તપ સમુદાયને વારંવાર નમસ્કાર !

એવી રીતે નવ પદોથી નિષ્પન્ન શ્રી **સિદ્ધચક્ર** મહારાજને હે ભવ્યજનો ! તમે ભકિતભરથી ભજો. ઇતિશમ્.

## શ્રી સિદ્ધચક્ર–આરાધન વિધિ.

ઉપર કહ્યા મુજબ **નવપદ**ના ગુણ સમજી શાશ્વત સુખના અર્થી જનોએ તેનું સદા સદ્ભાવથી સેવન કરવું. ત્રિકાળ પૂજા સેવા ભકિત બહુમાનપૂર્વક મનમાં નિરંતર નવપદનું સ્મરણ કરવું. દઢ અભ્યાસથી નવપદનું ધ્યાન ધરનાર પોતે જ નવપદરૂપ થઇ શકે છે. તેથી અહોનિશ હૃદયકમળમાં નવપદનું સ્થાપન કરી રાખવું જરૂરનું છે. આસો અને ચૈત્ર માસમાં વિશેષ કરીને શુદ ૭ થી શુદ ૧૫ સુધી નિરંતર ‘આયંબિલ’ તપનું સેવન કરવું, અને એકેક દિવસે અનુક્રમે ૐ હ્રીઁ પૂર્વક ૧ નમો **અરિહંતાણં, ૨ નમો સિદ્ધાણં, ૩ નમો**

**આયરિયાણું, ૪ નમો ઉવજ્ઝાયાણું, ૫ નમો લોએ સવ્વસાહૂણં, ૬ નમો દંસણુસ્સ, ૭ નમો નાણુસ્સ, ૮ નમો ચરિત્તસ્સ, ૯ નમો તવસ્સ.** એ **નવપદનું ગણુણું** ગણુવું. દરેક પદનો ૨૦૦૦ જાપ કરવો અથવા એકેક પદથી ૨૦ નવકારવાળી ગણુવી. ગણુણું ગણુતાં અરિહંતાદિક પદમાં જ ઉપયોગ સ્થિર કરવો. સ્થિર આસન કરી મન ઇંદ્રિયોને કાબુમાં રાખી, એકાંત અને પવિત્ર સ્થળમાં અડગ ધ્યાન ધરવું. ઉભયકાળ પ્રતિક્રમણુ અને પડિલેહણુ તથા ત્રિકાલ દેવવંદન સંબંધી ક્રિયા યથાવિધ પ્રમાદ રહિત કરવી. પ્રતિક્રમણુ એટલે કરેલાં પાપનું પશ્ચાત્તાપ પૂર્વક સદ્ગુરૂ સમીપે આલોચન કરી નિ:શલ્ય થઇ પુન: તેવાં પાપથી ડરતા રહેવું અને સર્વ જીવઉપર સમાન બુદ્ધિ રાખવી. રાગ, દ્વેષ, ક્રોધાદિક, કષાય, નિંદા; ચુગલી, મિથ્યા આળ તથા કલહ આદિક નિંદ્ય કામથી સદંતર દૂર રહેવું. યથાશકિત દાન દેવું. નિર્મળ મન રાખી શુદ્ધશીલ પાળવું. નવ દિ-

વસ સુધી યથાવર્ણ એકજ ધાન્યથી, રસ કસ વિના, લુખાશવૃત્તિથી, એકજ વખત, સ્થિર આસને ભોજન કરવું. પહેલે દિવસે શ્વેત અન્ન ચોખા પ્રમુખ, બીજે દિવસે લાલ અન્ન-ઘઉં પ્રમુખ, ત્રીજે દિવસે પીત અન્ન-ચણા પ્રમુખ, ચોથે દિવસે નીલવર્ણ-મગ પ્રમુખ, પાંચમે દિવસે કૃષ્ણુવર્ણ-અડદ પ્રમુખ અને છેલ્લા ચાર દિવસે શ્વેતવર્ણ શાલિ પ્રમુખ રાંધેલું ધાન્ય વાપરી દેહને આધાર આપવો. મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયનું સદાય સેવન કરવું. સર્વ જીવોનું સદાય હિત ઇચ્છવું, સદ્ગુણીને દેખી પ્રમુદિત થવું. દીન-દુઃખીનું દુઃખ ટાળવા બનતું કરવું અને કઠોર દીલના નિર્દય પ્રાણી ઉપર પણ દ્વેષ લાવવો નહિ. દેહાદિક પુદ્ગલિક વસ્તુઓનું અનિત્યપણું અને અસારપણું વિચારી સદા શાશ્વત અને સારભૂત ધર્મનું જ દૃઢ આલંબન લેવું. સર્વજ્ઞ પ્રણીત ધર્મજ આ દુઃખોદધિમાં ડૂબતા જીવોને સહાયભૂત છે. નવપદમાં દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે.

તેથીજ તેનું દઢતર અવલંબન કરવું ઉચિત છે. એ નવપદનું સવિશેષ સ્વરૂપ સદ્ગુરૂ સમીપે સમજી આશંસા રહિત નિષ્કામીપણે તેનું સેવન કરવામાં આવે તો અલ્પકાળમાં અક્ષય-સુખ પ્રાપ્ત થઇ શકે છે. ઉકત નવપદ અનંતગુ-ણનિધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૨૭, ૬૭, ૫૧, ૭૦ અને ૧૨ ગુણો શાસ્ત્રમાં વર્ણવેલાં છે. તે પ્રમાણે તેટલા લોગસ્સનો કાઉ-સ્સગ્ગ, તેટલાંજ ખમાસમણમાં અને તેટલી જ પ્રદિક્ષણા વિગેરે કરણી સ્થિર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવી કહી છે. વળી દિન દિન વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, પ્રમુખ ધર્મવ્યાપાર, શુદ્ધ મન વચન કાયાના યોગથી કરતાં આત્મા અવશ્ય મોક્ષનો અધિ-કારી થાય છે. આ પ્રમાણે નવપદનું આરાધન ૪॥ વર્ષ સુધી અને બની શકે તો જીવિત પર્યંત કરવાનું છે. ૪॥ વર્ષમાં સર્વ મલીને ૮૧ આયંબિલ ઉપર મુજબ કરવાના છે, અને સાથે સાથે બીજી ધર્ણકરણી યથાવિધિ સમજ

પૂર્વક સેવવાની છે. દરેક ધર્મકરણી કરવાનો પરમાર્થ સદ્ગુરૂ સમીપે સમજી તેનું સેવન કરનારને યથાર્થ લાભ મેળવવા એટલું અવશ્ય લક્ષમાં રાખવાની જરૂર છે કે તે કરણી નિષ્કપટપણે કરવી. ભય–પરિણામની ચંચળતા,–દ્વેષ–અરૂચિ, અને ખેદ રહિત ચઢતે પરિણામે બની શકે તેવી અને તેટલી ધર્મકરણી કરવી. દોષ રહિત કરેલી કરણી ઉત્તમ ફળ આપે છે. એમ સમજી સુજ્ઞ સજ્જનોએ સર્વ મત કદાગ્રહ મૂકી દઇ ઉક્ત નવપદજીનું સ્વરૂપ યથાર્થ રીતે નિષ્પક્ષપાતપણે નિર્ધારી તેનું સેવન–આરાધન નિર્મળ શ્રદ્ધાથી ઉલ્લસિત ભાવે પ્રમાદરહિત કરવું. એવી રીતે શુદ્ધ ભાવથી સિદ્ધચક્રજીની આરાધના કરનાર શ્રી **શ્રીપાળ** અને **મયણા સુંદરી**ની પેરે અત્ર મનુષ્યભવમાં અદ્ભૂત સુખ અનુભવી અનુક્રમે સ્વર્ગનાં અને મોક્ષનાં અક્ષય અનંત સુખ પ્રાપ્ત કરે છે.

ઇતિશમ.

॥ ॐ अर्हं ॥

# अथ श्री शत्रुंजय महातीर्थ कल्पः

## ( सानुवादः )

---

सुअ धम्म कित्तिअं तं, तित्थं देविंद-
वंदिअं थुणिमो । पाहुडए विज्जाणं, देसिअ
मिगवीस नामं जं ॥ १ ॥

શ્રુત-સિદ્ધાંતમાં વર્ણવેલા અને દેવેંદ્રોએ વંદેલા એવા જે તીર્થરાજનાં વિદ્યાપ્રાભૃત નામના પૂર્વમાં ૨૧ ઉત્તમ નામ કહ્યાં છે તે ( પવિત્ર ) તીર્થરાજની અમે સ્તવના કરીયે છીએ. ૧

विमलगिरि मुत्तिनिलओ, सत्तुंज सिद्ध-
खित्त पुंडरिओ । सिरि सिद्धसेहरो सिद्ध,-
पव्वओ सिद्धराओअ ॥ २ ॥

૧ વિમલગિરિ, ૨ મુક્તિનિલય, ૩ શત્રુંજય, ૪ સિદ્ધક્ષેત્ર, ૫ પુંડરિકગિરિ, ૬ શ્રી સિદ્ધશેખર, ૭ શ્રી સિદ્ધગિરિ, ૮ શ્રી સિદ્ધરાજ,

**बाहुबली मरुदेवो, भगीरहो सहसपत्त सयवत्तो । कूडसय अठुत्तरो, नगाहिराओ सहसकमलो ॥ ३ ॥**

૯ બાહુબલી, ૧૦ મરૂદેવ, ૧૧ ભગીરથ, ૧૨ સહસ્રપત્ર, ૧૩ શતપત્ર, ૧૪ અષ્ટોત્તર શતકૂટ, ૧૫ નગાધિરાજ, ૧૬ સહસ્રકમલ. ૩

**ढंको कोडिनिवासो, लोहिच्चो तालझओ कयंबुत्ति । सुरनर मुणिकयनामो, सो विमलगिरि जयउ तिथ्थं ॥ ४ ॥**

૧૭ ઢંક, ૧૮ કોડિનિવાસ, ૧૯ લૌહિત્ય, ૨૦ તાલધ્વજ, અને ૨૧ કદંબગિરિ એ જેના ઉત્તમ ૨૧ નામો સુરનર મુનિઓએ મળીને સ્થાપ્યા છે તે વિમલગિરીરાજ જયવંત વર્તો. ૪

**रयणायर विवरोसहि, रसकूविजुआ**

सदेविआ जथ्थ । ढंकाइ पंचकूडा, सो विमल० ॥ ५ ॥

જેમાંના ઢંકાદિક પાંચ શિખરોમાં દેવતાધિષ્ઠિત રત્નની ખાણો, ગુફાઓ, ઔષધિઓ અને રસ કુપિકાઓ વિદ્યમાન છે તે વિમલ ગિરિરાજ જયવંત વર્તો ! ૫

जो अरयछगंमि असी, सत्तरी सट्ठीअ पन्नबार जोअणए । सग रयणि विथ्थिन्नो, सो विमल० ॥ ६ ॥

જે પહેલા આરાથી માંડી છઠ્ઠા આરા સુધીમાં અનુક્રમે ઘટતો ઘટતો ૮૦, ૭૦, ૬૦, ૫૦, ૧૨ યોજન અને ૭ હાથના વિસ્તારવાળો કહ્યો છે તે વિમલ૦ ૬

जो अट्ठजोयणुच्चो, पन्नादस जोयणे अ मूलुवरिं । विथ्थिन्नो रिसहजिणे, सो विमल० ॥ ७ ॥

જે ઋષભનાથ ભગવાનના વારે આઠ યોજન ઉંચો, ૫૦ યોજન મૂળમાં અને ૧૦ યોજન ઉપરના ભાગે વિસ્તીર્ણ હતોતે વિમલગિરિ૦ ૭

जहिं रिसहसेणपमुहा, असंख तित्थंकरा समोसरिआ । सिद्धाअ सिद्धसेले, सो विमल० ॥ ८ ॥

જ્યાં ઋષભસેન પ્રમુખ અસંખ્ય તીર્થંકરો સમવસર્યા છે અને શ્રી સિદ્ધશૈલ ઉપર સિદ્ધ થયેલ છે તે વિમલગિરિરાજ૦ ૮

तह पउमनाहपमुहा, समोसरिस्संति जथ्थ भाविजिणा । तं सिद्धखित्त नामं, सो विमल० ॥ ६ ॥

તેમજ પદ્મનાભ પ્રમુખ ભાવિ તીર્થંકરો જ્યાં આવી સમવસરશે જેથી તેનું સિદ્ધક્ષેત્ર નામ મશહૂર છે એવા શ્રી વિમલગિરિરાજ૦ ૯

सिरि नेमिनाहवज्जा, जथ्थ जिणा

**रिसहपमुह वीरंता । तिविस समोसरिआ, सो विमल० ॥ १० ॥**

વળી જ્યાં શ્રી નેમિનાથ ભગવાન્ વિના ઋષભદેવથી માંડી વર્દ્ધમાન પ્રભુ પર્યંત ૨૩ તીર્થંકરો વર્તમાન કાળમાં સમવસર્યા છે તે શ્રી વિમલ ગિરિરાજ૦ ૧૦

**मणिरुप्प कणय पडिमं, जथ्थ रिसह चेइअं भरहविहिअं । सदुवीस जिणाययणं, सो विमल० ॥ ११ ॥**

જ્યાં ભરત ચક્રવર્તીએ કરાવેલું ૨૨ જિનાલય સહિત શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્ય મણિમય, સુવર્ણમય, અને રૂપામય પ્રતિમાઓથી અલંકૃત છે એવો શ્રી વિમલ૦ ૧૧

**बाहुबलिणा उ रम्मं, सिरि मरुदेवाइ कारिअं भवणं । जथ्थ समोसरणजुअं, सो विमल० ॥ १२ ॥**

વળી જ્યાં બાહુબલીજીએ શ્રી મરૂદેવી માતાનું મંદિર રમણિક અને સમવસરણ યુક્ત કરાવેલું છે તે શ્રી વિમલ ગિરિરાજ જયવંત વર્તો ! ૧૨

**ओसप्पिणीइ पढमं, सिद्धो इह पढम-चक्की पढमसुओ । पढमजिणस्स य पढम,-गणहारी जथ्थ पुंडरीओ ॥ १३ ॥**

આ અવસર્પિણી કાળમાં જ્યાં સહુથી પ્રથમ ભરત ચક્રવર્તીના પહેલા પુત્ર અને પ્રથમ તીર્થંકર ભગવાનના પ્રથમ ગણધર મહારાજ શ્રી પુંડરીક સ્વામી સિદ્ધિપદને પામ્યા. ૧૩

**चित्तस्स पुन्निमाए, समणाणं पंचकोडी परियरिओ । निम्मल जस पुंडरिअं, सो विमलगिरि जयउ तिथ्थं ॥ १४ ॥**

ચૈત્રી પુર્ણિમાએ પાંચ ક્રોડ મુનિથી પરિવરેલા પુંડરીક સ્વામી જ્યાં નિર્મળ મોક્ષપદને પામ્યા તે શ્રી વિમલગિરિ૦ ૧૪

नमि विनमि खयरिंदा, सहमुणि कोडिहिं दोहिं संजाया । जहिं सिद्धसेहरा सइ, सो विमल० ॥ १५ ॥

નમિ અને વિનમિ વિદ્યાધરો બે ક્રોડ મુનિ સંઘાતે જ્યાં સિદ્ધિપદને વર્યા તે વિમલ ગિરિરાજ૦ ૧૫

सव्वट्ठसिद्ध पथ्थड, अंतरिआ पन्नकोडि लख्खुदही । सेढीहिं असंखाहिं, चउदस लख्खाइं संखाहिं ॥ १६ ॥

जथ्थाइच्चजसाइ, सगरंता रिसहवंसज नरिंदा ॥ सिद्धिं गया असंखा, सो विमल० ॥ १७ ॥

૧૪ લાખ મોક્ષે જાય ત્યારે એકાદ સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જાય એવી રીતે ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી સૂર્યયશાથી માંડીને સગર ચક્રવર્તી પર્યંત ઋષભદેવના વંશના

અસંખ્ય પટ્ટ પરંપરા અસંખ્ય રાજાઓ જ્યાં સિદ્ધિપદને વર્યા તે શ્રી વિમલ ગિરિરાજ૦ ૧૬-૧૭.

**वासासु चउम्मासं, जथ्थठिआ अजिअसंति जिणनाहा । बिअ सोल धम्मचक्की, सो विमल० ॥ १८ ॥**

જ્યાં બીજા અને સોળમા ધર્મ ચક્રવતી શ્રી અજિતનાથ અને શાંતિનાથ વર્ષા ચાતુર્માસ રહ્યા તે વિમલગિરિ૦ ૧૮

**दसकोडीसाहुसहिआ, जथ्थ दविडवालिखिल्लपमुहनिवा । सिद्धा नगाहिराए, जयउ तयं पुंडरियं तिथ्थं ॥ १९ ॥**

દ્રાવિડ અને વાલિખિલ્લ પ્રમુખ રાજાઓ દશક્રોડ સાધુ સંઘાતે જે ગિરિરાજ ઉપર સિદ્ધ પદવીને પામ્યા તે શ્રી પુંડરીક તીર્થ જયવંત વર્તો ! ૧૯

**जहिं रामाइ तिकोडि, इग नवइ नार-याइ मुणि लक्खा । जायाओ सिद्ध राया, सो विमल० ॥ २० ॥**

જ્યાં રામચંદ્રાદિક ત્રણક્રોડ સાધુઓ અને નારદ આદિ ૯૧ લાખ સાધુઓ સિદ્ધ થયા તે શ્રી વિમલ ગિરિરાજ૦ ૨૦

**नेमि वयणेण जत्ता,–गएण जहिं नं-दिसेण गणिवइणा । विहिओ अजियसंति थओ, सो विमल० ॥ २१ ॥**

શ્રી નેમિનાથ પ્રભુની આજ્ઞાથી યાત્રાએ આવેલા નંદિષેણ નામના ગણધરે જ્યાં **અજિત શાંત** સ્તવ કર્યો તે વિમલ૦ ૨૧

**पज्जुन्न संब पमुहा, कुमरवरा सड्ढ अट्ठ-कोडिजुआ । जत्थ सिवं संपत्ता, सो वि-मल० ॥ २२ ॥**

જ્યાં શાંબ અને પદ્યુમ્ન પ્રમુખ શ્રેષ્ઠ કુમારો

૮|| ક્રોડ મુનિઓ સંઘાતે શિવસંપદાને વર્યા તે શ્રી વિમલગિરિ૦ ૨૨

**अन्नेवि भरह सेलग, थावच्चासुत्र सुग्राइ असंखा । जहिं कोडि कोडि सिद्धा, सो विमल० ॥ २३ ॥**

વળી ભરત, સેલગ સૂરિ, થાવચ્ચા પુત્ર અને શુક્રાચાર્ય પ્રમુખ અસંખ્ય ક્રોડાક્રોડ સાધુઓ સિદ્ધિપદને વર્યા તે વિમલગિરિ૦ ૨૩

**असंखा उद्धारा, असंख पडिमाओ चेइअ असंखा । जहिं जाया जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ २४ ॥**

અસંખ્ય ઉદ્ધારો, અસંખ્ય પ્રતિમાઓ અને અસંખ્ય ચૈત્યો જ્યાં થયા તે શ્રી શત્રુંજય મહા તીર્થ જયવંત વર્તો ! ૨૪

**कयजिणपडिमुद्धारा, पंडवा जत्थ वीसकोडिजुआ । मुत्ति निलयंमि पत्ता, सो विमल० ॥ २५ ॥**

જેમણે જીન પ્રતિમાનો ઉદ્ધાર કર્યો એવા પાંચ પાંડવો ૨૦ ક્રોડ મુનિ સંઘાતે જ્યાં મુક્તિ પદને પામ્યા તે વિમલગિરિરાજ૦ ૨૫

**भरह कराविश्र बिंबे, चिल्लतलाइ गुहाठिइ नमंतो । जहिं होइ इगवयारी, सो विमल० ॥ २६ ॥**

જ્યાં ચેલણ તલાવડીની નજદિકમાં રહેલી દેવતાધિષ્ઠિત ગુફામાં બિરાજમાન કરેલી, ભરત ચક્રવર્તીએ કરાવેલી પ્રભુ પ્રતિમાને નમસ્કાર કરનાર એકાવતારી થાય છે એવા શ્રી વિમલ ગિરિરાજ૦ ૨૬

**दहिफल फलय समीवे, अलख्ख देउली परीसर पएसे । सिवबारं पिव बारं, जीइ गुहाए विहाडेउं ॥ २७ ॥**

**अठम तवेण तुट्ठो, कवडि जख्खो जहिं भरह पडिमा । वंदावइ जयउ तयं, सिरि सत्तुंजय महातिथ्थं ॥ २८ ॥**

દધિફલ ( કોઠાનાં ) વૃક્ષ સમીપે અને અલખ્ખ દેવડીની નજદીકમાં રહેલી તે દેવતાધિષ્ઠિત ગુફાનું મોક્ષદ્વારના જેવું દ્વાર ઉઘાડીને અઠ્ઠમ તપથી તુષ્ટમાન થયેલો કપર્દી યક્ષ જ્યાં ભરત મહારાજે કરાવેલી પ્રભુ પ્રતિમાને વંદાવે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો ! ૨૭-૨૮

**संपइ विक्कम बाहड, हाल पलित्ताम दत्तरायाइ । जं उद्धरिहंति तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ २९ ॥**

સંપ્રતિ, વિક્રમ, બાહડ, હાલ, પાદલિપ્ત, આમ, અને દત્તરાજાદિક જેનો ઉદ્ધાર કરનાર થાશે એવો શ્રી શત્રુંજય મહાતીર્થરાજ જયવંત વર્તો ! ૨૯

**जं कालयसुरि पुरो, सरहिं सुदिट्ठी सया विदेहेवि । इण मिअ सक्केणुत्तं, तं सत्तुंजय महातित्थं ॥ ३० ॥**

મહાવિદેહ ક્ષેત્રમાં પણ સમ્યગ્ દૃષ્ટિજનો જેનું સદા સ્મરણ કરે છે એવી હકીકત શક્ર ઇંદ્રે કાલકસૂરિ સમીપે જણાવી તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો.! ૩૦

**जावडि बिंबुद्धारे, अणुपमसरमजिअ चेइअ ठाणे । जहिं होइ जयउ तयं, सिरि सत्तुंजय महातित्थं ॥ ३१ ॥**

જાવડશાએ કરાવેલા ચૈત્ય ઉદ્ધાર સમયે **અજિતનાથ** સ્વામીના ચૈત્ય સમીપે જ્યાં **અનુપમ સરોવર** નિર્માણ કરવામાં આવેલું છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૧

**मरुदेवी संतिभवणं, उद्धरिही जथ्थ मेहघोस निवो । कक्कि पपुत्तो तं इह, सिरि सत्तुंजय महातित्थं ॥ ३२ ॥**

જ્યાં કલ્કીરાજાના પુત્રનો પુત્ર મેઘઘોષરાજા મરૂદેવી માતાના તથા શ્રીશાંતિનાથના મંદિરનો ઉદ્ધાર કરશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ૩૨

**पच्छिम उद्धार करो, जस्स विमलवाहणो निवो होही । दुप्पसह गुरुवएसा, तं सत्तुंजय० ॥ ३३ ॥**

સૂરિ દુપ્પસહના ઉપદેશથી વિમલવાહન રાજા જેનો છેલ્લો ઉદ્ધાર કરાવશે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો. ! ૩૩

**वुच्छिन्ने विश्र तित्थे, होही पूअजूअ मुसह कूडं जं । जा पउमनाह तित्थं, तं सत्तुंजय० ॥ ३४ ॥**

જ્યારે તીર્થનું માન બીલકુલ ઘટી જશે અર્થાત્ પ્રમાણમાં તે બહુજ અલ્પ રહેશે અને વર્તમાન વીરશાસનનો પણ વિચ્છેદ થશે ત્યારે પણ ભાવિ પદ્મનાભ પ્રભુના શાસન સુધી જેનું રિષભ કૂટ તો ( દેવાદિકથી ) પૂજાતુંજ રહેશે તે શ્રીશત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૪

**पायं पावविमुक्का, जत्थ निवासीअ जंति**

**तिरिआवि । सुगइए जयउ तयं, सिरि सत्तुंजय० ॥ ३५ ॥**

જેમાં નિવાસ કરતા તિર્યંચો પણ પ્રાયઃ પાપરહિત છતા સદ્ગતિ પામે છે એવો શ્રીશત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો ! ૩૫

**जस्स सयाइ कप्पे, वक्खाए झाइए सुए सरिए । होइ सिवं तइअभवे, तं सत्तुंजय० ३६**

જે તીર્થના કલ્પનું નિરંતર વ્યાખ્યાન, ધ્યાન, શ્રવણ કે સ્મરણ કરવાથી ત્રીજે ભવે મોક્ષ થાય છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્તો !

**जल जलण जलहि रणवण, हरि करिविसविसहराइदुट्ठभयं । नासइ जंनाम सुइ, तं सत्तुंजय० ॥ ३७ ॥**

જેનું નામ સાંભળતાં (યા સંભારતાં) જળ, અગ્નિ, સમુદ્ર, રણ, વન, સિંહ, હાથી વિષ, અને વિષધર આદિના દુષ્ટભય દૂર થઇ જાય છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જયવંત વર્ત્તો ! ૩૭

इयभद्दबाहु रइआ, कप्पा सत्तुंज तित्थ माहप्पं । सिरि वयरपहुद्धरिअं, जं पालित्तेण संखविअं ॥ ३८ ॥

આ શ્રી ભદ્રબાહુ સ્વામીએ રચેલા કલ્પ-થકી, શ્રી શત્રુંજય તીર્થનું માહાત્મ્ય શ્રી વજ્ર-સ્વામી મહારાજે ઉદ્ધર્યું અને શ્રીપાદલિપ્ત સૂરિએ તેને સંક્ષેપ્યું ! ૩૮

तं जह सुअं थुअं मे, पढंत निसुणंत संभरंताणं । सत्तुंजय कप्प थुत्तं, देउ लहु सत्तुंजय सिद्धिं ॥ ३९ ॥

તે શ્રી શત્રુંજય ( મહા ) કલ્પ-સ્તવ ગુરૂપરંપરાથી જેમ સાંભળ્યો તેમ જ મેં કહ્યો છે. ઉક્ત સ્તવને ભાવથી ભણનાર, સાંભળનાર અને સંભારનાર ભવ્યોને તેના પ્રભાવે દ્રવ્ય ભાવ શત્રુનો જય કરવાનું સામર્થ્ય શીઘ્ર સંપ્રાપ્ત થાઓ ! ૩૯ ઇતિશમ્.

# अथ शत्रुञ्जय लघुकल्प.

अइमुत्तय केवलिणा, कहिअं सत्तुंज-
तित्थ माहप्पं । नारयरिसिस्स पुरओ, तं
निसुणह भावओ भविआ ॥ १ ॥

અતિમુક્ત કેવળી ભગવાને જે શત્રુંજય તીર્થનું મહાત્મ્ય નારદઋષિની પાસે કહ્યું છે તે મહાત્મ્યને હે ભવ્યજીવો ! ભાવપૂર્વક સાંભળો. ૧

सत्तुंजे पुंडरीओ, सिद्धो मुणि कोडि
पंच संजुत्तो । चित्तस्स पुणिमाए, सो भन्नई
तेण पुंडरिओ ॥ २ ॥

ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે શ્રી શત્રુંજય ઉપર પુંડરીકસ્વામી ( આદીશ્વરના પ્રથમ ગણધર ) પાંચ ક્રોડ મુનિઓ સહિત સિદ્ધિપદને પામ્યા, તેથી તે પુંડરીકગિરિ કહેવાય છે. ૨

नमि विनमी रायाणो, सिद्धा कोडि-
हिं दोहिं साहूणं । तह दविड वालिखिल्ला,
निव्वुआ दसय कोडिओ ॥ ३ ॥

पज्जून्न संबपमुहा, अध्धुट्ठाओ कुमार
कोडिउ । तह पंडवा वि पंचय, सिद्धि गया
नारयरिसी य ॥ ४ ॥

थावच्चा सुय सेलगा य, मुणिणो वि
तह राममुणि । भरहो दसरह पुत्तो, सिद्धा
वंदामि सेत्तुंजे ॥ ५ ॥

નમિ અને વિનમિ નામના બે વિદ્યાધર રાજાઓ બે ક્રોડ સાધુઓ સહિત સિદ્ધ થયા, તથા દ્રાવિડ અને વાલિખિલ્લ નામના મુનિ દશ ક્રોડ સાધુ સહિત નિવૃત્તિ [ મોક્ષપદ ] પામ્યા. [ ૩ ] પદ્યુમ્ન અને સાંબકુમાર પ્રમુખ સાડાત્રણ ક્રોડ કુમારો, તથા પાંચ પાંડવો, તેમજ નારદ ઋષિ [ આ તીર્થને વિષેજ ] સિદ્ધિપદને પામ્યા. [ ૪ ]. થાવચ્ચાપુત્ર, શુક્રાચાર્ય સેલગમુનિ,

તથા દશરથના પુત્ર રામચંદ્ર અને ભરત પણ શત્રુંજય તીર્થને વિષેજ સિદ્ધ થયા. તે સર્વને હું વંદના કરૂં છું. ૩, ૪, ૫.

**अन्ने वि खवियमोहा, उसभाइ विसालवंससंभूश्रा । जे सिद्धा सेत्तुंजे, तं नमह मुणि असंखिज्जा ॥ ६ ॥**

ઋષભાદિક ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલા બીજા પણ અસંખ્ય મુનિઓ કે જેઓ મોહનો ક્ષય–નાશ કરીને શત્રુંજય તીર્થને વિષે સિદ્ધ થયા, તે સર્વને વંદના થાઓ. ૬

**पन्नासजोयणाइं, श्रासी सेत्तुंज वित्थरो मूले । दसजोयण सिहरतले, उच्चत्तं जोयणा श्रट्ठ ॥ ७ ॥**

શ્રી શત્રુંજય ગિરિ [ ઋષભદેવ સ્વામીને વારે ] મૂળમાં પચાસ યોજનના વિસ્તારવાળો, શિખર તળે ( શિખર ઉપર ) દશ યોજનના વિસ્તારવાળો અને ઉંચો આઠ યોજન હતો. ૭

जं लहइ अन्नतित्थे, उग्गेण तवेण बंभचेरेण । तं लहइ पयत्तेणं, सेत्तुंजगिरिम्मि निवसंतो ॥ ८ ॥

અન્ય તીર્થોમાં ઉગ્ર તપસ્યાવડે તથા બ્રહ્મચર્યવડે જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ શ્રી શત્રુંજય ગિરિપર પ્રયત્નપૂર્વક વસવા માત્રથીજ પ્રાપ્ત થાય છે. ૮

जं कोडिए पुन्नं, कामियआहारभोइया जेउ । जं लहइ तत्थ पुन्नं, एगोवासेण सेत्तुंजे ॥ ९ ॥

એક ક્રોડ મનુષ્યોને ઇચ્છિત આહારનું ભોજન કરાવવાથી જે પુણ્ય થાય છે, તેટલું પુણ્ય શત્રુંજય તીર્થમાં એક ઉપવાસે કરીને જ પ્રાપ્ત થાય છે. ૯

जं किंचि नामतित्थं, सग्गे पायाले माणुसे लोए । तं सव्वमेव दिट्ठं, पुंडरिए वंदिए संते ॥ १० ॥

સ્વર્ગમાં, પાતાલમાં અને મનુષ્યલોકમાં જે કોઇ નામ માત્રથી પણ તીર્થ છે, તે સર્વે તીર્થોને માત્ર પુંડરીકગિરિને વંદન કરવાથીજ જોયા સમજવાં. અર્થાત્ શંત્રુજય તીર્થનું વંદન કરવાથી સર્વ તીર્થોને વંદન કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. ૧૦

**पडिलाभंते संघं, दिट्ठमदिट्ठे य साहू सेत्तुंजे । कोडिगुणं अदिट्ठे, दिट्ठे अ अणंतयं होइ ॥ ११ ॥**

શ્રી શત્રુંજયના માર્ગમાં જતાં જે પુરૂષ શત્રુંજયને જોયે અથવા ન જોયે સાધુ સંઘને પડિલાભે તો તેમાં શત્રુંજયને અણદીઠે કોટીગણું ફળ થાય છે, અને દીઠે તો અનંતગણું ફળ થાય છે. ૧૧

**केवलनाणुप्पत्ती, निव्वाणं आसि जत्थ साहूणं । पुंडरिए वंदित्ता, सव्वे ते वंदिया तत्थ ॥ १२ ॥**

જે જે સ્થાને સાધુઓને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઇ છે, અને જ્યાં જ્યાં નિર્વાણ પામ્યા છે, તે સર્વ સ્થાન તત્ર તત્ર રહેલાને પુંડરીક ગિરિને વંદન કરવાથી વાંદ્યા એમ સમજવું.૧૨

**अट्ठावयं समेए, पावा चंपाइ उज्जंतनगे य। वंदित्ता पुन्नफलं, सयगुणं तं पि पुंडरीए[1] ॥ १३ ॥**

અષ્ટાપદ પર્વત, સમેતશિખર, પાવાપુરી, ચંપાપુરી અને ઉજ્જયંતગિરિ [ ગિરનાર ] આ સર્વ તીર્થોને વાંદવાથી જે પુણ્ય ફળ થાય તે કરતાં સોગણું પુણ્ય એક પુંડરીકગિરિને વંદન કરવાથી થાય છે. ૧૩

**पूआकरणे पुन्नं, एगगुणं सयगुणं च**

૧ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય આ ગાથાનો ભાવ વિમળાચળના સ્તવનમાં લાવ્યા છે. "જે સઘળાં તીરથ કર્યાં, યાત્રાફળ કહીએ; તેહથી એ ગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ."

**पडिमाए। जिण भवणेण सहस्सं, णंतगुणं पालणे होइ ॥ १४ ॥**

આ તીર્થરાજને વિષે પૂજા કરવાથી એક-ગણું પુણ્ય થાય છે. પ્રતિમાનું સ્થાપન કરવાથી [ પ્રતિમા બેસારવાથી ] સોગણું પુણ્ય થાય છે, જિનભુવન કરાવવાથી હજારગણું પુણ્ય થાય છે અને એ તીર્થનું પાલન [ રક્ષણ ] કરવાથી અનંતગણું પુણ્ય થાય છે. ૧૪

**पडिमं चेइहरं वा, सित्तुंजगिरिस्स मत्थए कुणइ। भुत्तूण भरहवासं, वसइ सग्गे निरुवसग्गे ॥ १५ ॥**

જે મનુષ્ય શ્રી શત્રુંજય ગિરિના શિખરપર જિનેશ્વરની પ્રતિમા બેસારે અથવા ચૈત્ય કરાવે, તે ભરતક્ષેત્રને ભોગવીને એટલે ચક્રવર્તી થઇને પછી સ્વર્ગ તથા મોક્ષને વિષે વાસ કરે છે. અર્થાત્ સ્વર્ગ ને મોક્ષના સુખ પામે છે. ૧૫

**नवकार पोरिसीए, पुरिमड्ढेगासणं च**

आयामं । पुंडरीयं च सरंतो, फलकंखी कुणइ अभत्तट्ठं ॥ १६ ॥

छट्ठट्ठमदसमदुवालसाणं, मासद्धमासखवणाणं । तिगरणसुद्धो लहइ, सित्तुंजं संभरंतो अ ॥ १७ ॥

ઉત્તમ ફળની આકાંક્ષાવાળો જે મનુષ્ય પુંડરીકગિરિનું સ્મરણ કરતો સતો નવકારશી, પોરિસી, પુરિમઢ્ઢ, એકાસણું, આંબેલ અને ઉપવાસ કરે છે, તે ત્રિકરણશુદ્ધે શ્રી શત્રુંજયનું ધ્યાન કરવાથી અનુક્રમે છઠ્ઠ [ બે ઉપવાસ ], અઠ્ઠમ [ ત્રણ ઉપવાસ ], દશમ [ ચાર ઉપવાસ ], અર્ધ માસ [ પંદર ઉપવાસ ] અને માસખમણનું ફળ પામે છે. ૧૬. ૧૭.

छट्ठेणं भत्तेणं, अपाणेणं तु सत्त जताइं । जो कुणइ सेत्तुंजे, तइयभवे लहइ सो मुरकं ॥ १८ ॥

જે મનુષ્ય શત્રુંજય તીર્થપર પાણીરહિત ( ચોવીહારો ) છઠ્ઠ ભક્ત ( બે ઉપવાસે ) કરીને સાત યાત્રાઓ કરે, તે ત્રીજે ભવે મોક્ષપદને પામે છે. ૧૮

**अज्जवि दीसइ लोए, भत्तं चइऊण पुंडरीयनगे । सग्गे सुहेण वच्चइ, सीलविहूणो वि होऊणं ॥ १९ ॥**

અદ્યાપિ લોકમાં પ્રસિદ્ધ છે કે–શીલ રહિત મનુષ્ય પણ આ પુંડરીક ગિરિરાજપર ભક્તનો ( આહાર પાણીનો ) ત્યાગ કરીને એટલે અનશન કરીને રહેવાથી સુખે સુખે સ્વર્ગમાં જાય છે. અર્થાત્ સ્વર્ગના સુખને પામે છે. ૧૯.

**छत्तं ज्झयपडागं, चामर भिंगार थालदाणेण । विज्जाहरो अ हवइ, तह चक्की होइ रहदाणा ॥ २० ॥**

આ તીર્થપર છત્ર, ધ્વજા, પતાકા, ચામર, ભૃંગાર ( કલશ ) અને થાળનું દાન કરવાથી

એટલે તેટલી વસ્તુઓ મુકવાથી મનુષ્ય વિદ્યાધર થાય છે; તથા રથનું દાન કરવાથી ( રથ મુકવાથી ) ચક્રવર્તી થાય છે. ૨૦

**दश वीस तीस चत्ता, लख पन्नासा पुप्फदामदाणेण । लहइ चउत्थ छठ्ठठम, दसम दुवालस फलाइं ॥ २१ ॥**

આ તીર્થમાં દશલાખ, વીશલાખ, ત્રીશલાખ, ચાળીશલાખ અને પચાશલાખ પુષ્પોની માળાનું દાન કરવાથી મનુષ્ય અનુક્રમે એક, બે, ત્રણ, ચાર અને પાંચ ઉપવાસનું ફળ પામે છે. ૨૧

**धूवे पक्खुववासो, मासक्खमणं कपूरधूवम्मि । कत्तिय मासक्खमणं, माहूपाडिलाभिए लहइ ॥ २२ ॥**

આ તીર્થમાં કૃષ્ણાગુરૂ પ્રમુખનો ધૂપ કરવાથી પંદર ઉપવાસનું, કર્પૂરનો ધૂપ કરવાથી માસ

ઉપવાસનું અને સાધુને પ્રતિલાભવાથી કેટલાક માસના ઉપવાસનું ફળ પામે છે. ૨૨

**न वि तं सुवन्न भूमि–भूसण दाणेण अन्नातित्थेसु । जं पावइ पुन्नफलं, पूआ न्हवणेण सित्तुंजे ॥ २३ ॥**

બીજા તીર્થોમાં સુવર્ણ, ભૂમિ અને ભૂષણનું દાન દેવાથી પણ જે પુણ્યફળ મળી શકતું નથી, તે પુણ્યફળ શ્રી શત્રુંજય તીર્થમાં પૂજા અને ન્હવણ માત્ર કરવાથી પ્રાપ્ત થાય છે. ૨૩

**कंतार चोर सावय, समुद्द दारिद्द रोग रिउ रूद्दा । मुच्चंति अविग्घेणं, जे सेत्तुंजं धरंति मणे ॥ २४ ॥**

જેઓ શ્રી શત્રુંજય તીર્થનું મનમાં ધ્યાન કરે છે, તેઓ અરણ્ય, ચોર, સિંહ, સમુદ્ર, રોગ, શત્રુ અને અગ્નિ વિગેરે રૂદ્ર [ આકરા ] ભયોથી નિર્વિઘ્ને મુકાય છે. અર્થાત્ તે તે ભયો તેને હાનિ કરી શકતા નથી. ૨૪

सारावलीपयन्नग, गाहाओ सुअहरेण भणिआओ । जो पढइ गुणइ निसुणई, सो लहइ सित्तुंजजत्तफलं ॥ २५ ॥

શ્રુતધરે કહેલી અને સારાવલી પયન્નામાં રહેલી આ ગાથાઓને જે મનુષ્ય ભણે, ગણે કે સાંભળે, તે શ્રી શત્રુંજય તીર્થની યાત્રાનું ફળ પામે છે. ૨૫

## इति शत्रुञ्जय. लघुकल्प.


## નીચેનાં ઉપયોગી-પાસે રાખવા જેવાં

## પુસ્તકો.

૧ જૈન નિત્યપાઠ સંગ્રહ. ૩ સ્તવન સંગ્રહ.
૨ પંચ પ્રતિક્રમણ પોકેટ. ૪ નિત્ય સ્મરણમાળા.

દરેક પાકા રેશમી પુંઠાનાં પોકેટ સાઇઝ અને ઘણાં જ સુંદર છતાં દરેકની કિં. ૦-૮-૦ લખોઃ—

**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર-ભાવનગર.

ॐ अर्हं

# । अथाष्टापदकल्पः ।

( आर्यावृत्तम् )

वरधर्मकीर्त्तिऋषभो विद्यानन्दाश्रितः पवित्रितवान् । देवेन्द्रवन्दितो यं, स जयत्यष्टापदगिरीशः ॥ १ ॥

શ્રેષ્ઠ ધર્મ કીર્તિ યુકત, સત્ જ્ઞાન આનંદ સહિત તથા દેવેન્દ્રોથી વંદિત એવા શ્રી આદિ નાથ પ્રભુએ જેને પાવન કરેલ છે, તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૧

यस्मिन्नष्टापदेऽभू,-दष्टापदमुख्यदोषलक्षहरः । अष्टापदाभ ऋषभः, स जयत्यष्टा० २

જે અષ્ટાપદ પર્વત પર દ્યૂત ( જુગાર ) પ્રમુખ લાખો ગમે દોષોને હરનાર તથા સુવર્ણ સદૃશ કાંતિવાળા શ્રી ઋષભદેવ ભગવાન થયા

છે, ( નિર્વાણ પામ્યા છે ) તે અષ્ટાપદ ગિરિરાજ જયવંત વર્તે છે. ૨

**ऋषभसुता नवनवति,—र्बाहुबलिप्रभृतयः प्रवरयतयः । यस्मिन्नभजन्नमृतं, स० ॥ ३ ॥**

મુનિઓને વિષે શ્રેષ્ઠ એવા શ્રી ઋષભદેવ પ્રભુના બાહુબળિ પ્રમુખ ૯૯ પુત્રો જ્યાં અક્ષય સુખને પામ્યા છે, તે શ્રી અષ્ટાપદ ગિરિરાજ૦ ૩

**अयुजुर्निर्वृत्तियोगं, वियोगभीरव इव प्रभोः समकम् । यत्रर्षिदशसहस्राः, स० ॥४॥**

જાણે પ્રભુના વિયોગથી ભય પામ્યા હોય તેમ પ્રભુની સાથેજ દસહજાર મુનિવરો જ્યાં મોક્ષપદને પામ્યા છે, તે અષ્ટાપદ ગિરિ૦ ૪

**यत्राष्ट पुत्रपुत्रा युगपद्वृषभेण नवनवतिपुत्राः । समयैकेन शिवमगुः स० ॥५॥**

જ્યાં ઋષભદેવ પ્રભુની સાથે એકજ સમયે તેમના પુત્રો ૯૯ અને આઠ પૌત્રો સમકાળે શિવસુખને પામ્યા છે, તે અષ્ટાપદ૦ ૫

रत्नत्रयमिव मूर्तं स्तूपत्रितयं चितित्रय-
स्थाने । यत्रास्थापयदिन्द्रः स० ॥ ६ ॥

તીર્થંકરની, ગણધરની અને શેષ મુનિજનોની એમ ત્રણ ચિતાને સ્થાને જાણે સાક્ષાત્ રત્નત્રયીજ હોય તેવા ત્રણ સ્તૂપો જ્યાં ઇંદ્રે સ્થાપન કર્યા ( રચ્યા ) છે, તે અષ્ટાપદ૦ ૬

सिद्धायतनप्रतिभं सिंहनिषद्येति यत्र
सुचतुर्द्वाः । भरतोऽरचयच्चैत्यं स० ॥ ७ ॥

શાશ્વત જિન મંદિર ( સિદ્ધાયતન ) જેવું સિંહનિષદ્યા નામનું સુશોભિત ચાર દ્વારવાળું જિન ચૈત્ય જ્યાં ભરતે નિર્માણ કરાવ્યું, તે શ્રી અષ્ટાપદ૦ ૭

यत्र विराजति चैत्यं, योजनदीर्घं तद-
र्धपृथुमानम् । क्रोशत्रयोच्चमुच्चैः, स० ॥ ८ ॥

એક યોજન લાંબું, તેથી અર્ધું પહોળું અને ત્રણ કોશ ઉંચું એવું જિન ચૈત્ય જ્યાં ઉંચે પ્રકારે ( ઝળઝળાટ કરતું ) વિરાજે છે, તે શ્રી અષ્ટાપદ૦ ૮

यत्र भ्रातृप्रतिमा, व्यधाच्चतुर्विंशति जिन-
प्रतिमाः । भरतः सात्मप्रातिमाः, स० ॥९॥

જ્યાં ભરતચક્રીએ પોતાની પ્રતિમા સહિત પોતાના ૯૯ ભાઈઓની પ્રતિમાઓ અને ચોવીશ તીર્થંકરની પ્રતિમાઓ નિર્માણ કરી, તે શ્રી અષ્ટાપદ૦ ૯

स्वस्वाकृतिमितिवर्णा,-कवर्णितान् वर्त-
मानजिनबिंबान् । भरतो वर्णितवानिह, स०
॥ १० ॥

પોત પોતાની આકૃતિ ( શરીર ) પ્રમાણ, વર્ણ અને લાંછન સંયુકત વર્તમાન ૨૪ જિનેશ્વરોના બિંબો જ્યાં ( સિંહનિષદ્યા નામના ચૈત્યમાં ) ભરત ચક્રીએ પધરાવ્યાં, તે શ્રી અષ્ટા૦ ૧૦

सप्रतिमान्नवनवतिं, बन्धुस्तूपांस्तथार्ह-
त्स्तूपम् । यत्रारचयच्चक्री, स० ॥ ११ ॥

જ્યાં પ્રતિમા સહિત ૯૯ બંધુઓના ૯૯ સ્તૂપો તથા એક પ્રભુનો સ્તૂપ ભરતચક્રીએ નિર્માણ કર્યો, તે શ્રી અષ્ટા૦ ૧૧

**भरतेन मोहसिंहं, हन्तुमिवाष्टापदः कृताष्टपदः । शुशुभेऽष्टयोजनो यः, स० ॥१२॥**

મોહરૂપ સિંહને હણવાને સમર્થ અષ્ટાપદ (આઠ પગવાળા જાનવર) જેવાં જેનાં (યોજન યોજન પ્રમાણ) આઠ પગથીયાં ભરતે કરાવ્યાં, તેથી જે આઠ યોજન ઉંચો શોભે છે, તે શ્રી અષ્ટા૦ ૧૨

**यस्मिन्ननेककोट्यो महर्षयो भरतचक्रवर्त्याद्याः । सिद्धिं साधितवन्तः स० ॥१३॥**

ભરતચક્રી પ્રમુખ અનેક કોટી મુનિવરો જ્યાં સિદ્ધિપદને વર્યા તે શ્રી અષ્ટા૦ ૧૩

**सगरसुताग्रे सर्वार्थशिवगतान् भरतवंशराजर्षीन् । यत्र सुबुद्धिरकथयत् स० १४**

જ્યાં અનશન કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં અને મોક્ષમાં ગયેલા ભરતવંશના ( અસંખ્ય ) રાજર્ષિઓની વાત સુબુદ્ધિ પ્રધાને સગરચક્રીના પુત્રોને કહી, તે શ્રી અષ્ટા૦ ૧૪

**परिखा सागरमकरं सागराः सागराशया यत्र । परितो रचितिकृतये स० ॥ १५ ॥**

( તેથી ) સાગર જેવા ગંભીર આશયવાળા તે સગરચક્રીના પુત્રોએ. જે ગિરિની ચોમેર ( ફરતી ) રક્ષા કરવા માટે સાગરના જેવી ( ઉંડી અને વિશાળ ) ખાઇ નીપજાવી તે શ્રી અષ્ટા૦ ૧૫

**क्षालयितुमिव स्वैनो जैनो यो गंगया श्रितः परितः । संततमुल्लोलकरैः स० ॥१६॥**

સદા ઉંચા પ્રકારે નાચતા ચપળ તરંગો રૂપી પોતાના સુશોભિત હસ્તોવડે જાણે પોતાનું પાપ ક્ષાલન કરવા ઈચ્છતી હોય તેવી ગંગા

નદીએ શ્રી જિનેશ્વર સંબંધી જે ગિરિરાજનો ચોમેરથી આશ્રય કર્યો, તે અષ્ટા૦ ૧૬

**यत्र जिनतिलक दानाद्दमयन्त्यापे कृतानुरूपफलम् । भालस्वभावतिलकं स० १७**

જયાં ( ચોવીશે ) જિનેશ્વરને ( મણિમય ) તિલક ચડાવવાથી દમયંતી તેના યથાર્થ ફળ તરીકે પોતાનાજ લલાટમાં અકૃત્રિમ સ્વાભાવિક તિલકને પામી. મતલબ કે તેણીનું કપાળ જ સૂર્ય જેવું પ્રકાશમાન થયું, તે શ્રી અષ્ટા૦ ૧૭

**यमकूपारे कोपात्क्षिपन्नलं वालिनांह्रिणाक्रम्य । आरावि रावणोऽरं स० ॥१८॥**

જે ગિરિને કોપથી સમુદ્રમાં ફેંકી દેવા ઇચ્છતા રાવણને વાલી નામના મુનિએ પોતાના પાદવડે (પર્વતને) દબાવીને તત્કાળ રોવરાવ્યો, તે શ્રી અષ્ટાપદ૦ ૧૮

**भुजतंत्र्या जिनमहकृन्नंकेन्द्रोऽयाप यत्र**

धरणेन्द्रात् । विजयामोघां शक्तिं स० ॥ १९ ॥

ભુજાની નસથી ત્રુટેલી તાંત બાંધેલી વીણા વડે પ્રભુની ભક્તિ કરતો રાવણ જ્યાં ધરણેન્દ્ર પાસેથી વિજય આપનારી અમોઘવિજયા શક્તિને પામ્યો, તે શ્રી અષ્ટાપદ૦ ૧૯

यत्रारिमपि वसन्तं तीर्थे प्रहरन् सुखेचरोऽपि स्यात् । वसुदेवमिवाविद्यः स० २०

વસુદેવની જેમ તીર્થપર વસતા શત્રુપર પ્રહાર કરતો વિદ્યાધર પણ વિદ્યાહીન થઈ જાય છે, તે શ્રી અષ્ટાપદ૦ ૨૦

अचलेऽत्रोदयमचलं स्वशक्तिवन्दितजिनो जनो लभते । वीरोऽवर्णयदिति यं स० ॥ २१ ॥

સ્વશક્તિવડે આ ગિરિવર ઉપર આવીને જે જિનોને વાંદે, તે અવશ્ય અચળ ઉદય (મોક્ષ)

ને પામે, એવી રીતે શ્રી વીરે જેને વખાણ્યો છે, તે શ્રી અષ્ટાપદ૦ ૨૧

चतुरश्चतुरोऽष्ट दश द्वौ चापाच्यादिदिक्षु जिनबिंबान् । यत्रावन्दत गणभृत् स० ॥ २२ ॥

દક્ષિણાદિક ચારે દિશાઓમાં સ્થાપેલા ૪-૮-૧૦ અને ૨ મળીને ચોવીશે જિનબિંબોને ચતુર ગણધર શ્રી ગૌતમસ્વામીએ જ્યાં વંદના કરી છે, તે અષ્ટાપદ૦ ૨૨

प्रभुभणितपुंडरीकाध्ययनाध्ययनात्सुरोऽत्र दशमोऽभूत् । दशपूर्विपुंडरीकः स० २३

જે પર્વત ઉપર ગૌતમસ્વામીએ ઉપદેશેલ પુંડરીક અધ્યયનનું પઠન કરવાથી ( સાંભળવાથી ) તિર્યંગજૃંભકદેવ દશપૂર્વધરમાં પ્રધાન એવા દશમા પટ્ટધર ( વજર્ષિ નામે ) થયા, તે આ અષ્ટાપદ૦ ૨

यत्र स्तुतजिननाथो दीक्षिततापसशतानि पञ्चदश । श्रीगौतमगणनाथः स० ॥ २४ ॥

જેમણે જિનેશ્વર પ્રભુને સ્તવ્યા છે, એવા શ્રી ગૌતમ ગણાધિપે જ્યાં પંદરસો તાપસોને દીક્ષા આપી, તે શ્રી અષ્ટા૦ ૨૪

इत्यष्टापदपर्वत इव योऽष्टापदमयश्चिरस्थायी । व्यावर्णि महातीर्थं स जयत्यष्टापदगिरीशः ॥ २५ ॥

આઠ પગથીયાંવાળા અને ચિરકાળ સ્થાયી રહેવાવાળા શ્રી અષ્ટાપદ પર્વતની જેવા સુવર્ણ મય અને નિશ્ચલ વૃત્તિવાળા જે સર્વજ્ઞ પ્રભુએ આ મહાતીર્થનું વર્ણન કર્યું છે. તે શ્રી અષ્ટાપદગિરિ અથવા અષ્ટાપદ ગિરિના નાયક શ્રી આદિદેવપ્રભુ જયવંત વર્તે છે. ૨૫

॥ इति श्रीअष्टापदकल्पः ॥

# । श्रीगिरिनार गिरीश्वरकल्पः ।

---

वरधर्मकीर्तिविद्यानन्दमयो यत्र विनत-देवेन्द्रः । स्वस्तिश्रीनेमिरसौ गिरिनारगिरीश्वरो जयति ॥ १ ॥

જ્યાં વિશેષે કરીને નમ્યા છે ઇંદ્રો જેમને એવા, પ્રવર ધર્મ કીર્તિ જ્ઞાન અને આનંદથી ભરપૂર તથા કલ્યાણની લક્ષ્મીથી યુકત એવા શ્રી નેમિનાથ પ્રભુ વિરાજે છે, તે ગિરનાર ગિરીશ્વર જયવંત વર્તે છે. ૧

नेमिजिनो यदुराजीमतीत्य राजीमती-त्यजनतो यम् । शिश्राय शिवायासौ गिरिनार० ॥ २ ॥

યાદવોની ઉપેક્ષા કરીને તેમજ રાજીમતીનો ત્યાગ કરીને નેમિનાથ પ્રભુએ મોક્ષ મેળવવા માટે જેનો આશ્રય કર્યો, તે ગિરનાર० २

**स्वामीच्छत्रशिलान्ते प्रव्रज्य यदुच्चशिरसि चक्राणः । ब्रह्मावलोकनमसौ गिरि० ।३।**

છત્ર શિલાના અંત ભાગે ( ઉપર ) દીક્ષા ગ્રહણ કરીને જેના ઉંચા શિખર પર રહી સ્વામી સ્વસ્વરૂપનું અવલોકન કરતા હવા તે ગિરનાર૦ ૩

**यत्र सहस्राम्रवणे केवलमाप्यादिशाद्विभुर्धर्मम् । लक्षारामे सोऽयं गिरि० ॥ ४ ॥**

જ્યાં સહસ્રામ્રવનમાં કેવળજ્ઞાન પામીને લક્ષારામમાં ( સમવસરણમાં ) પ્રભુએ ધર્મ ઉપદિશ્યો તે ગિરનાર૦ ૪

**निर्वृतिनितंबिनीवरनितंबसुखमाप यन्नितंबस्थः । श्रीयदुकुलतिलकोऽयं गिरि० ।५।**

જેના ઉચ્ચ પ્રદેશ ઉપર રહીને યાદવતિલક શ્રી નેમિપ્રભુ નિવૃત્તિ રૂપી સ્રીના શ્રેષ્ઠ નિતંબનું સુખ પામ્યા, તે ગિરનાર૦ ૫

बुध्ध्वा कन्याणत्रयमिह कृष्णो रूप्य-रुक्ममणिबिंबम् । चैत्यत्रयमकृतायं गिरि० ॥ ६ ॥

જ્યાં નેમિપ્રભુના (દીક્ષા, કેવળ અને નિર્વાણરૂપ) ત્રણ કલ્યાણ જાણીને કૃષ્ણ વાસુદેવે રૂપાનાં, સુવર્ણનાં અને મણિનાં બિંબમય ત્રણ ચૈત્યો કરાવ્યાં, તે ગિરનાર૦ ૬

पविना हरिर्यदन्तर्विधाय विवरं व्यघाद्रजतचैत्यम् । काञ्चनबलानकमयं गिरि० ॥ ७ ॥

જે ગિરિનાં મધ્યમાં ઇંદ્રે વજ્રવડે વિવર કરીને કાંચન બલાનકમય રજત ચૈત્ય બનાવ્યું, તે ગિરનાર૦ ૭

तन्मध्ये रत्नमयीं प्रमाणवर्णान्वितां चकार हरिः । श्रीनेमेर्मूर्तिमसौ गिरि० ॥८॥

એ ચૈત્યના મધ્યમાં શ્રી નેમિપ્રભુની રત્ન-

મથી મૂર્ત્તિ પ્રભુના દેહમાન અને વર્ણ પ્રમાણે ઈંદ્રે સ્થાપના કરી, તે ગિરનાર૦ ૮

**स्वकृतैतद्बिंबयुतं हरिस्त्रिबिंबं सुरैः समवसरणे । न्यदधत यदन्तरसौ गिरि० ॥९॥**

સ્વકૃત આ બિંબ યુકત બીજાં ત્રણ બિંબ ને ઈંદ્રે દેવતાઓ પાસે જે ચૈત્યના મધ્યમાં સમવસરણમાં સ્થાપન કરાવ્યા, તે ગિરનાર૦ ૯

**शिखरोपरि यत्रांबाऽवलोकनाशिरस्थ रंगमंडपके । शंबो बलानकेऽसौ गिरि० १०**

જેના ચૈત્યમાં અવલોકનવાળા ( ખુલ્લા ) ઉપરના રંગ મંડપમાં અંબાની મૂર્ત્તિ છે, અને બલાનકમાં શાંબની મૂર્તિ છે, તે ગિરનાર ૧૦

**यत्र प्रद्युम्नपुरः सिद्धिविनायकसुरः प्रतीहारः । चिन्तितसिद्धिकरोऽसौ गि० ११**

ચિંતિત અર્થની સિદ્ધિ કરનાર સિદ્ધિ વિનાયક દેવ જ્યાં પ્રદ્યુમ્નની આગળ પ્રતિહાર રૂપે રહેલ છે, તે ગિરનાર૦ ૧૧

तत्प्रतिरूपं चैत्यं पूर्वाभिमुखं तु निर्वृ-
तिस्थाने । यत्र हरिश्चक्रेऽसौ गि० ॥ १२ ॥

પ્રભુના નિર્વાણ સ્થાને પૂર્વ સન્મુખ તેની-જ જેવું બીજું ચૈત્ય જ્યાં ઇંદ્રે નિર્માણ કર્યું, તે ગિરનાર૦ ૧૨

तीर्थेऽतिस्मरणाद्यत्र यादवाः सप्त काल-
मेघाद्याः । क्षेत्रपतामापुरसौ गि० ॥१३॥

જે તીર્થે (ભગવંતના) અત્યંત સ્મરણ-થી કાલમેઘ પ્રમુખ સાત યાદવો ક્ષેત્ર અધિષ્ઠાયક (યક્ષ) પણાને પામ્યા, તે ગિરનાર૦ ૧૩

विभुमर्चति मेघरवो बलानकं गिरिवि-
दारणश्चक्रे । यत्र चतुर्द्वारमसौ गि० ॥१४॥

જ્યાં ઇંદ્રે ચોબારૂં બલાનક કર્યું છે, અને તેમાં રહીને મેઘઘોષ દેવ જ્યાં પ્રભુનું અર્ચન કરે છે, તે ગિરનાર૦ ૧૪

यत्र सहस्राम्रवणान्तररस्ति रम्या सुवर्ण-
चैत्यानाम् । चतुरधिकविंशतिरयं गि० १५

જ્યાં સહસ્રાગ્રવનમાં ચોવીશ રમણીય સુ-
વર્ણ ચૈત્યો છે, તે ગિરનાર૦ ૧૫

द्वासप्ततिर्जिनानां लक्षारामेऽस्ति यत्र तु
गुहायाम् । सचतुर्विंशतिकाऽसौ गि० ।१६।

જ્યાં લક્ષારામની અંદર ગુફામાં વર્તમાન
ચોવીશી સહિત ( ત્રણ ચોવીશીના ) બોંતેર
જિનોના બિંબો છે, તે ગિરનાર૦ ૧૬

वर्षसहस्रद्वितयं प्रावर्तते यत्र किल शि-
वासूनोः । लेप्यमयी प्रतिमासौ गि० ॥१७॥

નેમીશ્વર પ્રભુની લેપ્યમયી પ્રતિમા જ્યાં
બે હજાર વર્ષ સુધી (ટકી) રહી, તે ગિરનાર૦૧૭

लेपगमेऽम्बादेशात्प्रभुचैत्यं यत्र पश्चि-
माभिमुखम् । रतनोऽस्थापयतासौ गि० १८

લેપમય મૂર્ત્તિનો નાશ થયે સતે અંબાદેવીના આદેશથી રતન શ્રાવકે જ્યાં પશ્ચિમ સામું (નવું) ચૈત્ય સ્થાપ્યું, તે ગિરનાર૦ ૧૮

**काञ्चनबलानकान्तः समवसृतेस्तन्तुनेह बिंबमिदम् । रतनेनानीतमसौ गि० ॥ १९ ॥**

કાંચનબલાનકની અંદરના સમવસરણમાંથી રતન શ્રાવકે કાચા સૂત્રના તાંતણાવડે ખેંચીને આ (આજ કાલે વિદ્યમાન) બિંબ અહીં આણ્યું, તે ગિરનાર૦ ૧૯

**बौद्धनिषिद्धः संघो नेमिनतौ यत्र मंत्रगगनगतिम् । जयचन्द्रमादिशदसौ गि० २०**

જ્યાં નેમિનાથ પ્રભુને નમસ્કાર કરવામાં (યાત્રા કરવામાં) બૌદ્ધવડે નિષેધ કરાયેલા શ્રી સંઘે (સહાયને માટે) મંત્રબળથી આકાશમાં ગમન કરી શકનાર જયચંદ્ર મુનિને ત્યાં આવવા ફરમાવ્યું, તે ગિરનાર૦ ૨૦

तारां विजित्य बौद्धान्निहत्य देवानव-
न्दयत्संघम् । जयचन्द्रो यत्रायं गि० ॥२१॥

તારા દેવીને વશ કરીને બૌદ્ધોને પરાસ્ત કરી જયચંદ્ર મુનિએ જ્યાં શ્રી સંઘને પ્રભુનાં દર્શન કરાવ્યાં ( પ્રભુ ભેટાવ્યા ) તે ગિરનાર૦ ૨૧

नृपपुरतः क्षपणेभ्यः कुमार्युदितगाथया-
ऽम्बयार्प्यत यः । श्रीसंघाय सदायं गि० २२

રાજા સમક્ષ કુમારીના મુખમાંથી નીકળેલી ગાથા વડે ( સિદ્ધ કરી આપીને ) અંબાદેવીએ દિગંબરીઓ પાસેથી જે તીર્થ (શ્વેતાંબર) સંઘને સદાને માટે સોંપાવ્યું, તે ગિરનાર ૨૨

नित्यानुष्ठानान्तस्ततोऽनुसमयं समस्त-
संघेन । यः पठ्यतेऽनिशमसौ गि० ॥२३॥

ત્યારથી માંડી નિરંતર સમસ્ત સંઘ નિત્ય અનુષ્ઠાનમાં જે ગાથા [1] નો હંમેશા પાઠ કરે છે, તે ગિરનાર૦ ૨૩

दीक्षाज्ञानध्यानव्याख्यानशिवावलोक-
नस्थाने । प्रभुचैत्यपावितोऽसौ गि० ॥२४॥

દીક્ષા, જ્ઞાન, ધ્યાન, વ્યાખ્યાન ( ઉપદેશ ) અને મોક્ષાવલોકનને ( નિર્વાણને ) સ્થાને જે પ્રભુચૈત્યથી પવિત્ર છે, તે ગિરનાર૦ ૨૪.

राजीमतीचन्द्रदरीगजेन्द्रपदकुंजनागझ-
र्यादौ । यः प्रभूमूर्तियुतोऽयं गि० ॥२५॥

રાજીમતિની ગુફા, છંદ્રગુફા, ગજેંદ્રપદ કુંડ અને નાગઝરી પ્રમુખ સ્થળે જે પ્રભુપ્રતિમાથી યુકત છે, તે ગિરનાર૦ ૨૫.

छत्राक्षरघंटाञ्जनविन्दुशिवशिलादि यत्र
हार्यस्ति । कल्याणकारणमयं गि० ॥२६॥

જ્યાં મનોહર અને કલ્યાણ કારક છત્રાક્ષર, ઘંટાંજનબિંદુ અને શિવશિલાદિક ( પવિત્ર સ્થળો ) રહેલા છે, તે ગિરનાર૦ ૨૬.

याकुड्यमात्यसज्जनदंडेशाद्या अपि व्यधुर्यत्र । नेमिभवनोध्धृतिमसौ गि० ॥२७॥

યાકુડી અમાત્ય અને સજ્જન દંડેશ પ્રમુખ અનેક ઉત્તમ જનોએ જ્યાં નેમિશ્વર પ્રભુના ચૈત્યનો ઊદ્ધાર કર્યો છે. તે શ્રી ગિરનાર૦ ૨૭

कल्याणत्रयचैत्यं तेजःपालो न्यवीविशन्मंत्री । यन्मेखलागतमसौ गि० ॥ २८ ॥

જેની મેખળા ( કંદોરા ) ને સ્થાને તેજપાળ મંત્રીશ્વરે ત્રણ કલ્યાણક સંબંધી ચૈત્ય કરાવ્યું, તે ગિરનાર૦ ૨૮.

शत्रुञ्जयसंमेताष्टापदतीर्थानि वस्तुपालस्तु यत्र न्यवेशयदसौ गि० ॥ २९ ॥

અને વસ્તુપાળે શત્રુંજય, સંમેતશિખર અને અષ્ટાપદ તીર્થોની જ્યાં રચના કરી તે ગિરનાર૦ ૨૯.

यः षड्विंशतिर्विंशतिषोझशदशकद्वियोजनास्त्रशतम् । अरषट्क ऊच्छ्रितोऽयं गि०

( અવસર્પિણી કાળના ) છ આરામાં જે અનુક્રમે છવીશ, વીશ, સોળ, દશ અને બે યોજન તથા સો અસ્ત્ર ( ધનુષ ) પ્રમાણ ઉંચો વર્તે છે, તે ગિરનાર૦ ૩૦

**अद्यापि सावधाना विदधाना यत्र गीत-नृत्यादि । देवाः श्रूयन्तेऽसौ गि० ॥ ३१ ॥**

અદ્યાપિ જ્યાં ગીત નૃત્યાદિકને કરતા સાવધાન દેવો સંભળાય છે, તે ગિરનાર૦ ૩૧.

**विद्याप्राभृतकोध्धृतपादलिप्तकृतोज्जयन्तकल्पादेः । इति वर्णितो मयासौ गिरिनारगिरीश्वरो जयति ॥ ३२ ॥**

વિદ્યા પ્રાભૃત (શાસ્ત્ર) થકી ઉદ્ધરેલા પાદલિપ્ત સૂરિકૃત ઉજ્જયંત કલ્પ વિગેરે ઉપરથી આ પ્રમાણે જેનું મેં વર્ણન કર્યું છે, તે શ્રી ગિરનાર ગિરીશ્વર જયવંત વર્તે છે. ૩૨.

**॥ इति श्रीगिरिनारकल्पः ॥**

# ॥अथ श्री सम्मेतशिखरकल्पः॥

यद्भरतावनिवनिताविशालभालस्थलस्य तिलकाभम् । तद्भवसमुद्रतीर्थास्तवीमि समेतगिरितीर्थम् ॥ १ ॥

આ ભરત ભૂમિરૂપી સ્ત્રીના વિશાળ લલાટ સ્થળના તિલક તુલ્ય સમેત શિખર તીર્થ કે જે સંસાર સમુદ્રના તીર્થ ( આંરા ) સમાન છે તેને હું સ્તવું છું. ૧.

यो जिनमुनिचरणांबुजलग्नरजोराजिराजितसुदेशः । किन्नरगणगीतयशाः स जयति संमेतगिरिराजः ॥ २ ॥

જિનેશ્વર અને મુનિજનોના ચરણ કમળને લાગેલી રજના સમૂહવડે જેનો સુંદર પ્રદેશ શોભી રહ્યો છે, અને કિન્નર ગણો જેનો યશ ગાઇ રહ્યા છે, તે સમેત ગિરિરાજ જયવંત વર્તે છે. ૨.

यत्र बहुयतिसमेताः समेत्य शिवमगुर-
पेतकर्ममलाः । विंशतिरजितादिजिनाः स
जयति० ॥ ३ ॥

જ્યાં અજિતાદિક વીશ જિનો, અનેક મુનિઓ સાથે પધારી કર્મમળ રહિત થઇ મોક્ષ પ્રત્યે પામ્યા છે, તે સંમેત૦ ૩.

तीर्थमिति यत्र कृत्वाऽनशनेन मुनीन्द्र-
शीलसन्नाहः। शिवमाप विगतकर्मा स ज०४

આને તીર્થ જાણીને શીલસન્નાહ નામે મુનીંદ્ર જ્યાં અનશન કરી કર્મ રહિત થઇને મોક્ષપદને પામ્યા, તે સંમેત૦ ૪.

अपरैरपि बहुमुनिभिः सुखेन लोकाग्र-
मापि यत्र गतैः । चिरमप्रमेयमहिमा स०॥५

બીજા પણ બહુ મુનિઓએ જ્યાં આવીને સુખે મોક્ષપદ સાધ્યું, એવો જેનો અપાર મહિમા છે, તે સંમેત૦ ૫.

यत्र बहुजिनमुनीनां शिवमहिमाऽकारि हारिणी हरिभिः। आनन्दितभुवनजनः स०६

જ્યાં અનેક અરિહંત અને મુનિઓનો મનોહર મોક્ષ મહિમા ઇંદ્રોએ કરેલો છે, એવો જગતજનોને આનંદિત કરનાર શ્રી સંમેત૦ ૬.

सध्यानमकंपतया तन्मित्रं साधवो मृगयमाणाः। श्रितवन्तो यमनेके स० ॥ ७ ॥

ઉત્તમ ધ્યાનને અચળપણે ગવેષતા મુનિવરોએ અચળપણાવડે કરીને ધ્યાનના મિત્રરૂપ જે ગિરિવરનો આશ્રય લીધેલો છે, તે સંમેત૦ ૭

कीर्तिस्तंभसरूपः स्तूपगणः सुरकृतः सुमणिरूपः। यत्र जिनशिवस्थाने स०॥८॥

જ્યાં જિનેશ્વરો નિર્વાણ પામ્યા, તે સ્થાને દેવોએ કીર્તિસ્તંભ જેવો (અચળ) ઉત્તમ મણિમય સ્તૂપસમૂહ નિર્માણ કરેલો છે, તે સમેત૦ ૮.

**स्तूपगतचैत्यराजिषु रम्या अजितादि-**
**जिनपतिप्रतिमाः । यत्र सुरासुरपूज्याः स०९**

સ્તૂપગત ચૈત્યોમાં અજિતાદિક જિનપતિ-
ની રમણિક પ્રતિમાઓ જ્યાં સુર અને અસુરો
વડે પુજાય છે, તે સંમેત૦ ૯.

**आसीदासीनादिमजिनमुनिपाविताशिराः**
**पुराप्यजितात् । यः प्रथितस्तीर्थतया स०१०**

અજિતનાથથી પહેલાં પણ ત્યાં આવેલા
આદીશ્વર પ્રભુ અને તેમના શિષ્યો વડે જેનાં
શિખર પાવન થયેલાં હોવાથી જે તીર્થપણે
પ્રસિદ્ધ થયેલ છે, તે સંમેત૦ ૧૦.

**त्रिदिवादिपदारोहणसोपानसमानतां भु-**
**वि दधाति । अद्यापि यो जनानां स०॥११**

અદ્યાપિ જે ભવ્ય જનોને પૃથ્વીપરથી
સ્વર્ગે અને મોક્ષે ચઢવાના સોપાન (પગથીયાં)
ની સમાનતાને ધારણ કરતો જણાય છે, તે
સંમેત૦ ૧૧.

कुंडजलप्रतिबिंबितचैत्यततिं यत्र कुसुममोचनतः । पूजयति संघलोकः स०॥१२॥

કુંડના જળમાં પ્રતિબિંબિત થતી ચૈત્યશ્રેણીને જ્યાં સંઘ સમૂહ પુષ્પ પ્રક્ષેપવાવડે પૂજે છે, તે સંમેત० ૧૨.

इह समवसरणमिह देशनेह मुक्तिरिति जिनपदपवित्राः । रमयन्ति यत्र देशाः स०१३

અત્ર જિન સમવસરણ, અત્ર જિન દેશના અને અત્ર જિન- મુકિત થયેલ છે, એવી રીતે જિનેશ્વરના ચરણથી પવિત્ર થયેલા જ્યાંના પ્રદેશો રમણીય લાગે છે, તે સંમેત० ૧૩.

रंगदभंगुरसंवेगरंगिणो यत्र किल कुरंगाद्याः । मुनिसंगाद्दिवमापुः स० ॥ १४ ॥

સાધુ સંગથી ઉછળતા અભંગ સંવેગ રંગથી રંગાયેલા હરિણાદિક પશુઓ પણ જ્યાં દેવગતિને પામ્યા છે, તે સંમેત० ૧૪.

यत्र तपोजिनपूजानशनादि कृतं विशा-
लफलमल्पम् । तीर्थानुभावतः स्यात् स० १५

જ્યાં અલ્પ માત્ર કરેલ તપ, જિનપૂજા અને અનશનાદિ તીર્થના પ્રભાવથી અનલ્પ (વિશાળ) ફળને આપે છે, તે સંમેત૦ ૧૫.

सम्मेततीर्थमिति यो देवेन्द्रमुनीद्रवन्दि
तं विदितम् । भक्त्या स्तवीति वीतापदम-
च्युतपदमसौ लभते ॥ १६ ॥

દેવેંદ્રો અને મુનીંદ્રો વડે વંદિત અને પ્રસિદ્ધ એવા સંમેતશિખર તીર્થને જે ભકિતથી સ્તવે છે, તે સકળ આપદા રહિત અવિચળ મોક્ષપદને પામે છે. ૧૬.

॥ इति श्रीसम्मेतशिखरकल्पः ॥

# શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પ્રણિત
# શ્રી મહાદેવ સ્તોત્રનો અનુવાદ.

## હરિગીત છંદ.

જેનું અતિશય શાન્તરસથી ભરેલું દર્શન યથા
જગ જીવને જે અભયદાતા મંગળિક માનું તથા
દર્શન અમોઘ અપૂર્વ ઉત્તમ ભવ્ય ભય હર છે સદા
તેથીજ તે શિવ શ્રેષ્ટ છે હું હર્ષભેર નમું મુદા ૧

સૌ દેવના પણ દેવ જે અતિ સર્વ સમૃદ્ધિવાન છે,
તેથી મહેશ્વર માનીએ ઠકુરાઇને ચિદ્‌જ્ઞાન છે,
એવા સમર્થ સ્વરાગ દ્વેષથી રહિત પરમાત્માખરા
તે જિનેશ્વરને નમું જે સુખ દાયકા પાવનકરા.૨

પરકાશ લોકાલોકાને કરનાર જસ મહાજ્ઞાન છે.
મહા દયાને મહા દમન તે જગનાથને મહાધ્યાનછે
એ લક્ષણે મહાદેવ તે ત્રિભુવન વિષે કહેવાય છે.
બીજા અનેરા નામ માત્ર કુદેવ તેહ ગણાય છે.૩

નિજ શરિરમાં રહેનાર વિષય કષાય આદિતસ્કરો[1]
તે સર્વથા જીતી લીધા એ દેવ સેવા આદરો,
તે મહાદેવ ગણાય બીજા રાગદ્વેષી દેવલાં,
નવ તર્યા તે કેમ તારશે જે ભગ્નનૌકા[2] સમ બલા ૪

દુર્જય મહા જે રાગદ્વેષ રૂપી મહા સુભટો તણો,
ભવરણ વિષે જેણે કર્યો જય સર્વથા જિન તે ભણો,
ત્હેનેજ હું મહાદેવ માનું નામ ધારી અન્ય છે,
અહા!મહાદયાજગજીવશાસનરસિક કરવાધન્યછે ૫

લૌકિક મતમાં શબ્દ માત્રજ મહાદેવ મનાય છે,
પણ જૈન શાસનમાં સદા ગુણ યુકત દેવ ગણાય છે,
એ શબ્દને વળી અર્થથી મહાદેવ જૈનો માનતા,
વિપરીત અન્યમતિ સદા કલ્પિત દેવ પિછાણતા ૬

વળી શકિત માત્ર વિજ્ઞાન લક્ષણ લૌકિકે મહાદેવછે,
પણ જૈનશાસન માંહ્ય વ્યકત વિજ્ઞાન લક્ષણ દેવ છે

---

૧ ચોરો ૨ કાણીનાવ

એ લક્ષણે મહાદેવ શ્રી વીતરાગ તે[૩] સ્વયમેવ છે
જેણે બધી મહામોહ જાળ ઉચ્છેદી[૪] તે મહાદેવ છે ૭
મહામદ વિવર્જીત મહાલોભ વિમુકત દેવ સ્વરૂપ છે
વળી મહાગુણ યુત એજ છે મહાદેવ ચિદ્ઘનરૂપ છે
તે ગુણયુત મહાદેવને હું નમસ્કાર કરૂં મુદા;
જે તરણ તારણ દુઃખ નિવારણ અભય આપેછે સદા૮
મહા રાગ દ્વેષને મોહ તેમજ કષાયો જેણે હણ્યા
તે સત્ય જગ મહાદેવ યાચુ અવર કુદેવો ગણ્યા,
તે ડુબ્યા પોતે બુડાડે નિજ ભકતને કલ્પિત અહા
નવ ભજે વિબુધો કુદેવોને ભજે તે મુઢા મહા ૯
મહા કામજવરનો નાશ કીધો મહા ભય દૂરે કર્યા
ઉપદેશ મહાવ્રતનો કર્યો તે મહાદેવ ખરા[૧]ધરા,
હું શરણ કરૂં મહાદેવ એવા જિતેંદ્રિયનું સર્વદા
સામ્રાજ્ય જે શિવપૂરિનું આપે શિવ તે વંદુ સદા ૧૦
મહાક્રોધને મહા માન માયા મહા મદ જેણે હણ્યા
મહાલોભઆદિકદોષસઘળાહણ્યાજેણેમૂળખણ્યાં

૩ પોતાની મેળે-સ્વભાવિક ૪ ઉખેડી. ૧ પૃથ્વી.

અહાતેખરામહાદેવશુભ કહેવાય જગમાં શાશ્વતા
બીજા સરાગી દેવ જુઠા કષાયો યુકત લાજતા. ૧૧

જે મહા દયાળુ મહાનંદી અને મહા જ્ઞાની પૂરા
મહાયોગીનેમહાતપસ્વીમહામોનીતેપ્રભુજી ખરા
મહાદેવ એ શુભ લક્ષણો યુત સદા શોભે જયકરા
કયાંજિનપતિ સુગજેંદ્ર સમ કયાંઅન્ય દેવો ખરધરા.[1]

મહાવીર્યને મહાધૈર્ય વળી મહાશીલ જેમાં છે સદા
મહા ગુણને મહા ક્ષમા આદિક સત્વ જેમાં છે યદા
મહાદેવ તે કહેવાય જે છે અભયદાતા સર્વદા
જે પમાડે જગજીવને શાત્તા વધુ શી કહું કથા ? ૧૩

થયું સ્વતઃ પરગટ જ્ઞાન લોકાલોક પરકાશક યથા,
જેમાં અનંતુ વીર્યને ચારિત્ર જેનામાં તથા,
સાક્ષાત્ એ શુભ ઉદ્ભવ્યાં તે સ્વયંભુ કહેવાય છે
બીજા અનેરા દેવ તેહ સરાગી દ્વેષી ગણાય છે. ૧૪

સ્ત્રી શસ્ત્ર આદિ રહિત જે કાયોત્સર્ગ મુદ્રા મુદા
મુદ્રા પર્યંકાસન ધરી જે પ્રશમ રસ ઝીલે સદા,

---

૧ પૃથ્વી તળ ઉપર.

એવા પ્રભુ જિનપતિ તે શિવ અને શંકર જાણીએ
એથી રહિત અન્યમતિ દેવો દેવરુપ ન માનીએ ૧૫

સાકાર નિરાકાર છે વળી મૂર્ત અમૂરત જેહ છે,
જે પરમ આત્મા બાહ્ય આત્મા અંતરાત્મા તેહ છે
છે સ્વરૂપ એનું અકળ જે નવ ઓળખે અજ્ઞો ડરી
પંડિતજનો કરતા પરીક્ષા વીતરાગ તણી ખરી ૧૬

જે પરમ દર્શન જ્ઞાનયોગથી અક્ષય આત્મસ્વભાવને
પામ્યા વળી જે થયા પરમાત્માજ તજીય વિભાવને
જે ક્ષમા પરમ અને દયાયુત સતા પરમાત્મા ખરા
કહેવાયછે સાર્થક નથી પ્રભુ નિરર્થક જગભાસ્કરા૧૭

જે સિદ્ધ અવિનાશીજ સુખ સંપ્રાપ્તથીપરમાત્મ છે
વળી પ્રથમ કર્મવશાત્ સંસારે ભમ્યા બાહ્યાત્મ છે,
તેમજ વિવેકથી દેહધારી છતાં અંતર આત્મ છે,
એત્રણપ્રકારે શિવ મનાય શ્રીજિનપતિ તે આપ્તછે૧૮

જે અવસ્થા દોષિત તેહ સકલ અવસ્થા જાણવી,
વળીદોષરહિત નિષ્કલઅવસ્થા તેજ સાચીમાનવી

---

૧ જગત લોચન સૂર્ય,

તે સર્વથા નિજદેહરહિતથતાંપરમપદાસ્થતદશા;
વીતરાગ તે પામે દશા બીજા સુમાર્ગેથી ખશ્યા?૧૯
જે એક મૂર્તિ છતાં પણ પર્યાય નયે ત્રિમુર્તિ છે,
આત્માતણાશુદ્ધજ્ઞાનદર્શન ચરણ ગુણથી પૂર્તિ છે,
તેથીજ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ત્રિમૂર્તિ કહેવાય છે,
વીતરાગને ઉપમા ઘટે એ અવરમાં ન ઘટાય છે. ૨૦
જે એક મૂર્તિછતાં બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર નવ ઘટે,
એ ત્રઇણ ભાગ ન બને છે ભિન્ન પરસ્પર મિથ્યા રટે,
એ ત્રઇણની મૂર્તિ યથા વિધ એક કદી નવ સંભવે,
આવેવિરોધએવાતકહેતાંઅન્યમતિજેમતેમલવે?
છે વિષ્ણુ કાર્ય સ્વરૂપ બ્રહ્મા ક્રિયારૂપ જાણો યથા,
વળી મહેશ્વર કારણ રૂપે છે એક મૂર્તિ નવ તથા,
એવીજ રીતે કાર્ય કારણ યુકત મૂર્તી ન એક છે,
ઘટના ઘટે નવ એક કહેતાં કહે તે નર [1]ભેક છે ૨૨
છે પ્રજાપતિનો પુત્ર બ્રહ્મા માત પદ્માવતિ કહી;
અભિજિત નક્ષત્રે જનમ જસ એક મુર્તિ નવ રહી
અહા! અર્થ વ્યર્થ કરે મુઢાત્મા તત્વ જે જાણેનહીં
વીતરાગ પ્રણિત ન સૂત્ર જાણે વાત જુકિત નવકહી.

1 દેડકો.

વસુદેવનો સુત વિષ્ણુ છે માતા કહી જસ દેવકી
નક્ષત્ર જન્મનું રોહિણી તો એક મુર્તિ કયાં ટકી?
જિનશાસને કહી યુકત વાતોઅન્યમતિનવ સદ્દહે
કલ્પિત-કપોલ કથા કુ વિકથાવિરોધી ઈત ઊત લહે.
પેઢાલનો સુત રૂદ્ર છે તસ સત્યકી માતા કહી,
નક્ષત્ર મૂળમાં જન્મ જેનો એક મૂર્તિ કયાં રહી,
અર્ધાંગ રાખે અંગના જે શૂળ શસ્ત્ર ધરે સદા,
વીતરાગને નહીં શસ્ત્ર રમણિ પ્રશમરસઝીલેમુદા.

## ભુજંગી છંદ.

જુવો વર્ણ રાતોજ બ્રહ્મા તણો છે,
વળી શ્વેતવર્ણિ મહેશ્વર ભણ્યો છે
તથા શ્યામવર્ણિ અહા! વિષ્ણુ કેવો ?
ન મૂર્તિ કદા સંભવે એક દેવો ? ૨૬
જપે જાપમાલા સદા એહ બ્રહ્મા,
ધરે રૂદ્ર ત્રીશૂળને [1]અંક રામા,
વળી શંખને ચક્ર છે વિષ્ણુ પાસે ?
ન મૂર્તિ કદા સંભવે એક ખાસે ? ૨૭

---

1 ખોળો

વળી ચાર મુખોજ બ્રહ્મા કહ્યો છે,
તથા ત્રઈણુ નેત્રે મહેશ્વ રહ્યો છે,
અહા ! વિષ્ણુને હાથ છે ચાર કેવા ?
ન મૂર્તિ કદા સંભવે એક દેવા ? ૨૮

મથુરાં વિષે જન્મ બ્રહ્મા તણો છે,
મહેશ્વર તણો રાજગૃહિમાં ભણ્યો છે,
વળી દ્વારિકાં કૃષ્ણુનો જન્મ જાણો,
ન મૂર્તિ કદા એક તો કેમ તાણો ? ૨૯

જુવો હંસનું [2]યાન બ્રહ્મા તણું છે !
વળી નંદીનું યાન તો રૂદ્રનું છે,
તથા વિષ્ણુનું યાન જાણો ગરૂડે,
ન મૂર્તિ કદા એક તો કેમ જુડે ? ૩૦

જુવો પદ્મ બ્રહ્મા તણે હાથ દીસે,
મહેશ્વર તણા હાથમાં શૂળ રીસે,
તથા વિષ્ણુના હાથમાં ચક્ર કેવું ?
ન મૂર્તિ કદા એક કે, કેમ એવું ? ૩૧

---

૨ વાહન

થયા કૃત યુગેજ બ્રહ્મા બિચારા,
થયા યુગ ત્રેતા વિષે રૂદ્ર ન્યારા,
અને દ્વાપરે વિષ્ણુની ઉત્પતિ છે,
ન મૂર્તિ કદા એક એકુવૃત્તિ છે. ૩૨

વળી જ્ઞાન તે વિષ્ણુ સાચાજ માનું,
સદા શુદ્ધ ચારિત્ર બ્રહ્મા વખાણું,
કહ્યા જ્ઞાન સમ્યકત્વથી શિવ શાન્તિ,
ઘટે મુર્તિ અર્હંત તણી સૌમ્ય કાન્તિ. ૩૨

[1]મહી, [2]વારી, વા [3]વન્હિ યજમાન માનું
વળી [4]વ્યોમને [5]સોમ જે શ્રેષ્ટ [6]ભાનુ;
યથા આઠગુણો વિત્યા રાગ જેના,
ઘટે ત્હેમને તે બીજાને ઘટેના. ૩૪

પ્રસન્ના સુવારી ક્ષમા તેજ પૃથ્વિ,
નિઃસંગી સુવાયુ અને યોગ વન્હિ,
છતાં મુર્ખ માને કષાયે ભરેલા,
કુદેવો છતાં દેવ માને છકેલા. ૩૫

---

૧ પૃથ્વી ૨ પાણી ૩ અગ્નિ ૪ આકાશ ૫ ચંદ્ર ૬ સૂર્ય.

દયા દાનને જે તપો યુક્ત આત્મા,
ખરા એજ યજમાન માનો પરમાત્મા;
અને લેપ વર્જી સ્વભાવે સુઆત્મા,
સદા વ્યોમની તુલ્ય માનું જ મહાત્મા. ૩૬

સદા સૌમ્ય મૂર્તિ રૂપે હું પિછાણું,
ખરા ચંદ્ર શ્રી અર્હતોને વખાણું;
અને જ્ઞાન વિકાસથી સૂર્ય જાણું,
બીજા અન્ય જે આગિયાને ન માનું. ૩૭

[1]વિમુક્તા અહા! પુણ્યને પાપ એથી,
વળી [2]વર્જીતા રાગ ને દ્વેષ તેથી;
નમસ્કાર તે અર્હતો ને કરે જે,
ન ઇચ્છા છતાં [3]શિવશ્રીને વરે તે. ૩૮

**અ**કારેથી વિષ્ણુ **ર**કારેથી બ્રહ્મા,
**હ**કારે શિવા જાણવા જે પ્રશમ્યા;
**ન**કારેથી માનો સદા શ્રેષ્ટ મુક્તિ,
રહ્યો અર્થ અર્હન્ પદે એ સુયુક્તિ. ૩૯

---

૧ મૂકાએલા. ૨ રહિતા. ૩ મોક્ષ રૂપી લક્ષ્મી.

અકારેજ આદિ પ્રબોધે સુધમોં,
વળી આદિ મુક્તિ સ્વરૂપ જ્ઞાન પરમો;
તથાવિધ અર્હન્ પદે એ અકારે,
રહ્યો અર્થ ચુકતો કહ્યો સૌ સ્વિકારે. ૪૦

રૂપીને અરૂપી સ્વરૂપ દ્રવ્ય વાંચ્યું,
પ્રભુ ત્હેં દીઠું જ્ઞાનચક્ષુથી સાચું;
લોકાલોક દીઠા પ્રભુ ત્હેં પ્રકાસ્યા,
ભણે ભાગ્યશાળી રકારે સુ રાસા. ૪૧

હણ્યા રાગ ને દ્વેષ મોહાદિ જેણે,
પરીસહ સહ્યા ને હણ્યા કર્મ એણે;
અહા ! વીતરાગે જીતી સર્વ બાજી,
હકારે ભણ્યા તે થયા વિશ્વ કાજી. ૪૨

વળી પુણ્ય ને પાપ જાણ્યા પ્રભુતા,
અને આઠ સુપ્રાતિહાર્યોથી યુક્તા;
સદા શુદ્ધ સંતોષથી પૂર્ણ સ્વામી,
નકારે ભણે પંડિતો શીર નામી. ૪૩

ભવો બીજના અંકુરા રાગ આદી,
ગયા દોષ જેના ચખાડી પ્રસાદી;
ભલે બ્રહ્મ વિષ્ણુ હરો જિન હોવે,
નમસ્કાર ત્હેને કરૂં પાપ ધોવે. ૪૪

## હરિગીત છંદ.

ભગવાન્ **હેમાચાર્ય** જે સર્વજ્ઞ કળિકાળે ખરા,
મહાદેવ સ્તોત્ર રચ્યો રૂડો જે ધર્મધુરંધર ધરા;
અનુવાદ આ શુભ છંદ સાંકળચંદ રચિસ્તવના કરે,
જે ભણે નિસુણે ભવ્ય તે નિશ્ચે વરે શિવશ્રીખરે. ૪૫

જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહક થવાથી દર વરસે રૂા. ૩) માં ૧૦૦૦ પાનાનાં ઈતિહાસીક ચાર પુસ્તકો પાકા બાઈડીંગનાં મળે છે. ગ્રાહક થવા તરતજ લખજો—

# જરૂર લેશો—

કારણ કે આ પાંચે પુસ્તકો પોકેટ સાઇઝમાં પાકા રેશમી પુંઠાનાં, શુદ્ધ છપાઇ, સુંદર કાગળ અને પસંદ પડી જાય તેવાં હોવા સાથે નિત્યનાં ઉપયોગી છે. કાયમ પાસે જ રાખવા જેવાં છે. દરેકની કિંમત માત્ર ૦-૮-૦ છે. પાંચે પુસ્તક મંગાવનારને રૂા ૨) માં મળશે. પોસ્ટ ખર્ચ જુદો.

| | | |
|---|---|---|
| ૧ | પંચ પ્રતિક્રમણ પોકેટ સાઇઝ. | ૦—૮—૦ |
| ૨ | જૈન નિત્ય પાઠ સંગ્રહ. ... | ૦—૮—૦ |
| ૩ | સ્તવન સંગ્રહ અને સ્મરણમાળા. | ૦—૮—૦ |
| ૪ | શ્રી સજ્ઝાય-પદ સંગ્રહ. .. | ૦—૮—૦ |
| ૫ | શ્રી શત્રુંજય તીર્થયાત્રા વિચાર. | ૦—૮—૦ |

લખોઃ—

જૈન સસ્તી વાંચનમાળા

રાધનપુરી બજાર—ભાવનગર.

# चैत्यवंदन संग्रहः

## १ श्री शत्रुंजय तीर्थ चैत्यवंदन.

એકેકું ડગલું ભરે, શેત્રુંજા સામું જેહ;
રિખવ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ. ૧
શેત્રુંજા સમો તીરથ નહિ, રિખવ સમો નહિં દેવ;
ગૌતમ સરખા ગુરૂ નહિં, વળી વળી વંદુ તેહ.૨
સિદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર. ૩
સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહિં, એનો એળે ગયો અવતાર. ૪
શેત્રુંજી નદી નાહીને, મુખ બાંધી મુખકોશ;
દેવ જુગાદિ પૂજીએ, આણી મન સંતોષ. ૫
જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ રિખવ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬

સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, મુનિવર ક્રોડ અનંત;
આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત. ૭
શત્રુંજય ગિરિ મંડણો, મરૂદેવાનો નંદ;
જુગલાધર્મ નિવારકો, નમો યુગાદિ જીણંદ. ૮
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ;
વળી વળી એ ગિરિ વંદતા, શિવરમણી સંયોગ. ૯

## ૨. श्री सिद्धाचळजीनुं चैत्यवंदन.

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પુરવ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨
સુરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલ મંડણો; જિનવર કરૂં પ્રણામ. ૩
અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી ક્રોડ;
જ્યાં મુનિવર મુગતે ગયા, વંદુ બે કર જોડ. ૪
બે કોડી કેવળ ધરા, વિહરમાન જિન વીશ;
સહસ કોટી યુગલ નમું, સાધુ નમું નિશદિન. ૫

જે ચારિત્રે નિર્મળા, તે પંચાનન સિંહ;
વિષય કષાયને ગંજીયા, તે પ્રણમું નિશદિહ. ૬

( ૩ )

૧વિમળ કેવળજ્ઞાન કમલાકલિત, ત્રિભુવન હિતકરં;
૨સુરરાજ સંસ્તુત ચરણપંકજ નમો આદિ જિનેશ્વરં. ૧

વિમળ ગિરિવર શૃંગ મંડણ, પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડી સેવિત, નમો આદિ જિનેશ્વરં. ૨

કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિન ગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહનિશ, નમો આદિ જિનેશ્વરં. ૩

પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુનિ મનહરં;

---

૧ નિર્મળ જ્ઞાન લક્ષ્મી યુક્ત. ૨ ઇન્દ્રાએ જેનાં ચરણ કમળ ઉપાસ્યા છે.

શ્રી વિમળ ગિરિવર શૃંગ સિદ્ધા, નમો આદિ
જિનેશ્વરં. ૪

[1]નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનંત
એ ગિરિવરં; મુક્તિરમણી વર્યા રંગે, નમો
આદિ જિનેશ્વરં. ૫

પાતાલ નર સુરલોકમાંહિ, [2]વિમળગિરિવર તોપરં;
નહીં અધિક તીરથ તીરથપતિ કહે, નમો આદિ
જિનેશ્વરં. ૬

ઇમ વિમળ ગિરિવર શિખરમંડણ, દુઃખ વિહું-
ડણ ધ્યાઇએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થ, પરમજ્યોતિ નિ-
પાઇએ. ૭

જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમ પદસ્થિત
જયકરં.
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિ-
તકરં. ૮

---

૧ સ્વકલ્યાણ સાધક. ૨ વિમલાચળ તીર્થરાજથી શ્રેષ્ઠ.

( ૪ )

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરીક ગિરિ સાચો;
વિમળાચળ ને તીર્થંરાજ, જસ મહિમા જાચો.
મુકિતનીલય શતકૂટ નામ, પુષ્પદંત ભણીજે;
મહાપદ્મ ને સહસ્ત્રપત્ર, ગિરિરાજ કહીજે.
ઇત્યાદિક બહુ ભાંતિશું એ, નામ જપો નિરધાર;
ધીરવિમલ કવિરાજનો, શિષ્ય કહે સુખકાર.

( ૫ )

સિદ્ધાચળ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ;
મન વચ કાય એકાગ્રશું, નામ જપો એકવીશ.૧
શત્રુંજય ગિરિ વંદિએ, બાહુબળી ગુણધામ;
મરૂદેવ ને પુંડરીક ગિરિ, રેવતગિરિ વિશ્રામ. ૨
વિમળાચળ સિદ્ધરાજજી, નામ ભગીરથ સાર;
સિદ્ધાચળ ને સહસ્ત્રકમળ, મુકિતનિલય જયકાર.
સિદ્ધાચળ શતકૂટ ગિરિ, ઢંક ને કોડીનીવાસ;
કદંબગિરિ લોહીત નમું, તાલધ્વજ પુન્યરાશ. ૪

મહાબલ ને દૃઢશક્તિ સહી, એ એકવીશે નામ;
સાતે શુદ્ધિ સમાચરી, કીજે નિત્ય પ્રણામ. ૫
દગ્ધ શુન્ય ને અવિધિ દોષ, અતી [૧]પરિણુતિજેહ;
ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણગેહ. ૬
[૨]માનવ ભવ પામી કરી એ, સદ્‌ગુરૂ તીરથ જોગ;
શ્રી શુભવીરને શાસને, શિવરમણી સંજોગ. ૭

## ૬ श्री आदीश्वर भगवाननुं चैत्यवंदन.

આદીશ્વર અરિહંત દેવ, અવિનાશી અમલ;
અક્ષય અરૂપી ને અનુપ, અતિશય ગુણ વિમલ. ૧
મંગલ કમલાકેલીવાસ, વાસવ નિત્ય પૂજિત;
તુઝ સેવા સહકાર વર, કરતાં કલકુંજિત. ૨
યોજિત યુગ આદિ જિણે એ, સકલ કલા વિજ્ઞાન;
શ્રી જ્ઞાનવિમલસૂરિ ગુણતણો અનુપમ નિધિ-
ભગવાન. ૩

૧ અતિ પ્રવૃત્તિ. ૨ મનુષ્ય જન્મ.

( ૭ )

આદિદેવ અલવેસરૂ, વિનિતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મારૂદેવી માય. ૧
પાંચસે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ;
ચોરાશી લાખ પૂરવનું, જસ આયુ વિશાળ. ૨
વૃષભલંછન જિન વૃષધરૂ[1]એ, ઉત્તમ ગુણ
મણિખાણ;
તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચળ ઠાણ.૩

( ૮ )

સર્વારથસિદ્ધે થકી, ચવિયા આદિ જિણંદ;
પ્રથમ રાય વિનિતા વસે, માનવ ગણ સુખકંદ. ૧
જોનિ નકુલ જિણંદને, હાયન (વર્ષ) એકહજાર;
મૌનાતીતે કેવલી, વડહેઠે નિરધાર. ૨
ઉત્તરાષાઢા જન્મ છે એ, ધનરાશી અરિહંત;
દશ સહસ પરિવારશું, વીર કહે શિવકંત. ૩

---

૧ ધર્મના ધારણ કરનાર.

# ૯ श्री पुंडरीकस्वामिनुं चैत्यवंदन.

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જાસ. માહિમાંહે મહંત. ૧
પંચ કોડી સાથે મુણિંદ, અણસણ તિહાં કીધ;
શુકલધ્યાન ધ્યાતા અમૂલ, કેવળ તિહાં લીધ. ૨
ચૈત્રીપૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરિકગિરિ, નામ દાન સુખકંદ. ૩

( ૧૦ )

આદીશ્વર જિનરાયનો, પહેલો જે ગણધાર;
પુંડરીક નામે થયો, જે ભવિજન સુખકાર.
ચૈત્રીપૂનમને દિને, કેવલસિરિ પામી;
ઇણે ગિરિ તેહથી પુંડરીક, ગિરિ અભિધા પામી.
પંચકોડીમુનિશું લહ્યાએ, કરી અનશન શિવઠામ;
જ્ઞાનવિમલસૂરિ તેહના, પય પ્રણમે અભિરામ.

( ૧૧ )

ચૈત્રીપુનમને દિને, જે ઈણે ગિરિ આવે;
આઠ સત્તર બહુ ભેદશું, ભકિત વિરચાવે.

આદીશ્વર અરહિંતની, તસ સઘલાં કર્મ;
દૂર ટળે સંપદ મળે, ભાંજે ભવ ભર્મ.
ઇહ ભવ પરભવ ભવભવેએ, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ;
જ્ઞાનવિમલ ગુણમણિ તણો, ત્રિભુવનતિલક સમાન.

## १२ श्री शाँतिनाथजीनुं चैत्यवंदन.

શાંતિજિનેશ્વર સોલમા, અચિરાસુતઃવંદો;
વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખકંદો.
મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હથ્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિખાણ.
ચાલીશ ધનુષની દેહડીએ, સમચઉરસ સંઠાણ;
વદનપદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ.

( ૧૩ )

જય જય શાંતિ જિંણદદેવ, હથ્થિણાપુર સ્વામી;
વિશ્વસેનકુળ ચંદસમ, પ્રભુ અંતરજામી.
અચિરા ઉરસર હંસલો, જિનવર જયકારી;
મારી રોગ નિવારકે, કીર્તિ વિસ્તારી.

સોલમાં જિનવર પ્રણમિયે, નિત ઉઠી નામી શિશ;
સુરનર ભુપ પ્રસન્ન મન, નમતાં વાધે જગીશ.

( ૧૪ )

सकलकुशलवल्ली-पुष्करावर्तमेघो ।
दुरिततिमिरभानुः, कल्पवृक्षोपमानः ।
भवजलनिधिपोतः, सर्वसंपत्ति हेतुः ।
स भवतु सततं वः, श्रेयसे शांतिनाथः ॥१॥
सुधासोदरवाग्ज्योत्स्ना-निर्मलीकृतदिङ्मुखः
मृगलक्ष्मा तमःशान्त्यै, शांतिनाथो जिनोऽस्तुवः
चिदानंदैकरुपाय, जिनाय परमात्मने ।
परमात्मप्रकाशाय, नित्यं सिद्धात्मने नमः ॥३॥
अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम ।
तस्मात्कारूण्यभावेन रक्ष रक्ष जिनेश्वर ॥४॥
पाताले यानि बिंबानि, यानि बिंबानि भूतले
स्वर्गेपि यानि बिंबानि, तानि वंदे निरंतरम् ॥५॥

## १५ श्री नेमनाथजीनुं चैत्यवंदन.

નેમિનાથ બાવીશમા, અપરાજીતથી આય;
સૌરીપુરમાં અવતર્યો, કન્યારાશિ સુહાય.

ચોનિ વાઘ વિવેકીને, રાક્ષસ ગણુ અદ્ભુત;
રિખ ચિત્રા ચોપન દિને, મૌનવતા મન પૂત.
વેતસ હેઠે કેવલીએ, પંચસયાં છત્રીશ;
વાચંયમ સાધુ શું શિવ વર્યા, વીર નમે નિશદિશ.

( ૧૬ )

નેમનાથ બાવીશમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય.
દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર.
સૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદપદ્મને, નમતાં અવિચળ ઠાણુ.

૧૭

**ॐ नमो .वम्वनाथाय, नन्मतो ब्रह्मचारिणे ।**
**कर्मवल्लीवनच्छेद–नेमयेऽरिष्टनेमये ॥ १ ॥**
**यदुवंशसमुद्रेन्दुः कर्मकक्षहुताशनः ।**
**अरिष्टनेमिर्भगवान्, भूयाद्वोऽरिष्टनाशनः ॥२॥**
**अनंतपरमानंद–पूर्णधामव्यवस्थितः ।**
**भवंतं भवता साक्षी, पश्यतीहजनोऽखिलः ॥३॥**

स्तुवतस्तावकं बिंब-मन्यथा कथमीदृशं ।
प्रमोदातिशयश्चित्ते, जायते भुवनातिगः ॥४॥

## १८ श्री पार्श्वनाथजीनुं चैत्यवंदन.

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામામાતા જનમિયા, અહિ લંછન જાસ. ૧

અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા;
કાશીદેશ વાણારસી, પુણ્યે પ્રભુ આયા. ૨

એકસો વર્ષનું આઉખું એ, પાળી પાસકુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

( ૧૯ )

જય ચિંતામણિ પાર્શ્વનાથ,: જય ત્રિભુવનસ્વામી;
અષ્ટ કર્મરિપુ જીતીને; પંચમ ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહિયે;
પ્રભુ નામે ભવભવ તણાં, પાતક સબ દહિયે. ૨

ૐ હ્રીં વર્ણ જોડી કરીએ, જપીએ પારસ નામ;
વિષ અમૃત થઇ પરગમે, પાવે અવિચળ ઠામ. ૩

## २० श्री महावीरजिन चैत्यवंदन.

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિસલાનો જાયો;
ક્ષત્રિકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો.
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાય.
ખીમાવિજય જિનરાજનોએ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યો, પદ્મવિજય વિખ્યાત.

## २१ श्री सिमंधरजिन चैत्यवंदन.

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુળે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભલંછને બિરાજમાન, વંદે નરનારી. ૨
ધનુષ પાંચશેં દેહડીએ, સોહીએ સોવનવાન;
કીર્તિવિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

( ૨૨ )

સીમંધર પરમાત્મા, શિવસુખના દાતા;
પુખ્ખલવઇ વિજયે જયો, સર્વ જીવના ત્રાતા. ૧

પૂર્વવિદેહ પુંડરિગિણી, નયરીએ સોહે;
શ્રી શ્રેયાંસ રાજા તિહાં, ભવિયણનાં મન મોહે. ૨

ચૌદ સુપન નિર્મલ લહી, સત્યકી રાણી માત;
કુંથુ અર જિનાંતરે, સીમંધર જિન જાત. ૩
અનુક્રમે પ્રભુ જનમિયા, વળી યોવન આવે;
માતપિતા હરખે કરી, રૂકમણી પરણાવે. ૪
ભોગવી સુખ સંસારનાં, સંયમ મન લાવે;
મુનિસુવ્રત નમિ અંતરે, દીક્ષા પ્રભુ પાવે. ૫
ઘાતિકર્મને ક્ષય કરી, પામ્યા કેવલનાણ;
વૃષભ લંછને શોભતાં, સર્વ ભાવના જાણ. ૬
ચોરાશી પ્રભુ ગણધરા, મુનિવર એકસો કોડી;
ત્રણ ભુવનમેં જોવતાં, નહીં કો એહની જોડી. ૭
દશ લાખ કહ્યા કેવળી, પ્રભુજીને પરિવાર;
એક સમય ત્રણ કાળના, જાણે સર્વ વિચાર. ૮
ઉદય પેઢાલ જિનાંતરે એ, થાશે જિનવર સિદ્ધ;
જશવિજય ગુરૂ પ્રણમતાં, મનવંછિત ફળ લીધ. ૯

( ૨૩ )

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરૂણાવંત કરૂણ કરી, અમને વંદાવો. ૧
સકલ ભકત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઇશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩
એ અલજો[1] મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ;
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪

## ૨૪ श्री परमात्मानुं चैत्यवंदन.

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુમ ગુણગણુને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે.
એમ જાણીને સાહેબાએ, નેક નજરે મોહે[2] જોય;
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જેહ નવિ હોય.૩

---

૧ ઉમેદ. ૨ મને.

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર જિનરાજ નમો; પ્રથમ જિનેસર પ્રેમે પેખત, સિધ્યાં સઘલાં કાજ નમો. અ૦॥૧॥ પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો; અજર અમર અદ્દભૂત અતિશયનિધિ, પ્રવચન જલધિ મયંક[1] નમો. અ૦ ॥૨॥ તિહુયણ ભવિયણ જણમણવંછિય, પૂરણ દેવ રસાલ નમો; લળી લળી પાય નમું હું ભાલે, કર જોડીને ત્રિકાળ નમો. અ૦ ॥ ૩ ॥ સિદ્ધ બુદ્ધ તું જગ જન સજજન, નયનાનંદન દેવ નમો; સકલ સુરાસુર નરવર નાયક, સારે અહનિશ સેવ નમો. અ૦ ॥ ૪ ॥ તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિ:કારણ બંધુ નમો; શરણાગત ભવિને હિતવત્સલ, તુંહિ કૃપારસસિંધુ નમો. અ૦॥ ૫ ॥ કેવળજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો; નાશિત સકલ કલંક કલુષ ગણ. દુરિત ઉપદ્રવ

---

૧ ચંદ્ર.

ભાવ નમો. અ૦ ॥૬॥ જગચિંતામણિ જગગુરૂ જગહિત-કારક જગ જન નાથ નમો; ઘોર અપાર ભવોદધિતારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ॥૭॥ અશરણ શરણ નિરાગ નિરં-જન, નિરૂપાધિક જગદીશ નમો; બોધિદિઓ અનુપમ દાનેસર, જ્ઞાનવિમલ સૂરીશ નમો. અ૦ ॥ ૮ ॥

( २६ )

अद्याऽभवत् सफलता नयनद्वयस्य ।
देव त्वदीय चरणांबुजवीक्षणेन ॥
अद्य त्रिलोकतिलोकं प्रतिभासते मे ।
संसारवारिधिरयं चुलुकप्रमाणं ॥ १ ॥

कलेव चंद्रस्य कलंकमुक्ता ।
मुक्तावली चारुगुणप्रपन्ना ।।
जगत्त्रयस्याभिमतं ददाना ।
जैनेश्वरी कल्पलतेव मूर्तिः ॥ २ ॥

धन्योऽहं कृतपुण्योऽहं ।
निस्तीर्णो हं भवार्णवात् ॥

अनादि भवकांतारे ।
दृष्टो येन जिनो मया ॥ ३ ॥
अद्य प्रक्षालितं गात्रं ।
नेत्रे च विमलीकृते ॥
मुक्तोऽहं सर्वपापेभ्यो ।
जिनेंद्र तव दर्शनात् ॥ ४ ॥
दर्शनात् दुरितध्वंसो: ।
वंदनात् वांछितप्रदः ॥
पूजनात् पूरकः श्रीणाम् ।
जिनः साक्षात् सुरद्रुमः ॥ ५ ॥

## २७ श्री सिद्धाचळजीनुं चैत्यवंदन.

શત્રુંજયગિરિ વંદીએ, સકલ તીરથ જગસાર;
આતમ પાવન કારણે, એહીજ તીર્થ નિરધાર.૧
શિવગિરિ સેવી શિવ વસ્યા, મહાત્માનંતાનંત;
એહ તીર્થની ફરશના, અમ હોજો સુખવંત. ૨
તીર્થનામ યથાર્થ તે, જેહથી ભવ તરાય;
વિષય કષાય મળ ભવતણા,તીરથભકતે છેદાય. ૩

થાવર જંગમ ભેદથી, દુવિધ તીર્થ જણાય;
જિન ગણધરાદિ મુનિવરા, જંગમ તીર્થ કહાય. ૪
સિદ્ધાચળ અષ્ટાપદ ગિરિ, આબુ સમેત સાર;
રેવતગિરિ આદિ સવે, થાવર તીર્થ અવધાર. ૫
ચિત્ત ચોખે શુદ્ધસાધ્યશુ, તન્મય સ્વરૂપાધાર;
એકજવાર એમ સેવતાં, આપે ભવનો પાર. ૬
સેવનાયોગ અસંખ્ય છે, પણ ભકિતઅંગ બળવાન;
તે માટે રૂપ ઓળખી, શામળ કહે ગુણગાન. ૭

## ૨૮ श्री पुंडरिकस्वामीनुं चैत्यवंदन.

શ્રી શત્રુંજય મહાત્મ્યની, રચના કીધી સાર;
પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિનગણધાર. ૧
એકદિન વાણી જિનની, શ્રવણી[1] થયો આનંદ;
આવ્યા શત્રુંજયગિરિ, પંચક્રોડ સહ રંગ. ૨
ચૈત્રપૂનમને દિને એ, શિવ શું કિયો યોગ;
નમીએ ગિરિને ગણધરૂ, અધિક નહિ ત્રિલોક. ૩

---

૧ સાંભળી.

# શ્રી સ્તવન સંગ્રહ.

## શ્રી શત્રુંજયના સ્તવનો.

### (૧)

તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચળ જાશું;
ઋષભજિણંદને પૂજવા, સૂરજકુંડમાં ન્હાશું. તે-૧
સમવસરણમાં બેસીને, જિનવરની વાણી;
સાંભળશું સાચે મને, પરમારથ જાણી. તે-૨
સમકિત વ્રત સુધાં ધરી, સદ્દગુરૂને વંદી;
પાપ સરવ આલોઇને, નિજ આતમ નિંદી. તે-૩
પડિક્કમણાં દોય ટંકનાં, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરશું હોડે. તે-૪
વહાલાને વૈરી વિચે, નવિ કરશું વેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરશું ચેરો. તે-૫
ધરમ સ્થાનક ધન વાવરી; છકાયના હેતે;
પંચ મહાવ્રત લેઇને, પાલશું મન પ્રીતે. તે-૬

કાયાના માયા મેલીને, પરિસહને સહેશું;
સુખ દુઃખ સઘળાં વિસારીને, સમભાવે રહેશું. તે-૭
અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું;
ઉદયરતન ઇમ ઉચ્ચરે, ત્યારે નિર્મલ થાશું. તે-૮

( ૨ )

ચાલોને પ્રીતમજી પ્યારા, શેત્રુંજે જઇએ;
શેત્રુંજે જઇયે રે. ચાલો૦ એ આંકણી.
શું સંસારે રહ્યા છો મુંઝી, દિન દિન તન છીજે;
આથ[1] આભની છાયા સરખી, પોતાની કીજે. ચા૦
જે કરવું તે પહેલાં કીજે, કાલે શી વાતો;
અણુચિંતવી આવીને પડશે, સબળાની લાતો. ચા૦
ચતુરાઇ શું ચિત્તમાં ચેતી, હાથે તે સાથે;
મરણ તણાં નિશાનો મોટાં, ગાજે છે માથે. ચા૦
માતા મરૂદેવાનંદન નિરખી, ભવ સફળો કીજે;
દાનવિજય સાહેબની સેવા, એ સંબલ[2] લીજે ચા૦

---

૧ લક્ષ્મી. ૨ ભાતું.

## ( ૩ )

આંખલડીયેરે મેં આજ, શેત્રુંજો દીઠોરે; સવા લાખ ટકાનો દહાડોરે, લાગે મુને મીઠોરે. સફળ થયોરે મારા મનનો[1] ઉમાયો, વાલા મારા ભવનો સંશય ભાંગ્યોરે; નરક તિર્યંચગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યોરે. શેત્રુંજો દીઠોરે. ॥૧॥ માનવ ભવનો લાહો લીજે, વાલા૦ દેહડી પાવન કીજેરે; સોના રૂપાના ફૂલડે વધાવી, પ્રેમ પ્રદક્ષિણા દીજેરે. શેત્રુંજો. ॥ ૨ ॥ દુધડે પખાળીને કેસર ઘોળી, વાલા૦ ॥ શ્રી આદીશ્વર પૂજ્યા રે; શ્રી સિદ્ધાચળ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રૂજ્યા રે. શેત્રુંજો. ॥ ૩ ॥ શ્રી મુખ સુધર્મા સુરપતિ આગે, વાલા૦ ॥ વીર જિણંદ એમ બોલે રે; ત્રણ ભુવનમાં તીરથ મોટું, નહીં કોઇ શેત્રુંજા તોલે રે. શેત્રુંજો. ॥ ૪ ॥ ઇંદ્ર સરીખા એ તીરથની, વાલા૦ ચાકરી ચિત્તમાં ચાહે રે; કાયાની તો કાસલ

---

૧ ઉમંગ–ઉત્સાહ.

કાઢી, સૂરજકુંડમાં નાહે રે. શેત્રુંજો, ાાપાા કાં-
કરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે, વાલા૦ સાધુ અનંતા
સિધ્યા રે; તે માટે એ તીરથ મહોટું, ઉદ્ધાર
અનંતા કીધા રે. શેત્રુંજો. ાા૬ાા નાભિરાયાસુત
નયણે જોતાં, વાલા૦ ાા મેહ અમીરસ વુઠ્યા રે;
ઉદયરતન કહે આજે મ્હારે પોતે, શ્રી આદીશ્વર
તૂઠ્યા રે. શેત્રુંજો દીઠો રે. ાા ૭ ાા

( ૪ )

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા
નવાણું કરીએ. પૂરવ નવાણું વાર શત્રુંજય
ગિરિ, ઋષભજીણંદ સમોસરીએ. વિ૦ યા૦ાા૧ાા
કોડી સહસ ભવ પાતક ત્રૂટે; શેત્રુંજા સામો ડગ
ભરીએ. ાા વિ૦ યા૦ ાા૨ાા સાત છઠ્ઠ દોય અઠ્ઠમ
તપસ્યા; કરી ચઢીએ ગિરિવરીએ. ાા વિ૦યા૦
ાા ૩ ાા પુંડરીક પદ જપીએ મન હરખે;
અધ્યવસાય શુભ ધરીએ. ાા વિ૦ યા૦ ાા ૪ ાા
પાપી અભવ્ય ન નજરે દેખે; હિંસક પણ
ઉદ્ધરીએ. ાા વિ૦ યા૦ ાા ૫ ાા ભૂમિ સંથારો

ને નારી તણો સંગ; દૂર થકી પરિહરીએ. ॥ વિ૦ ચા૦ ॥૬॥ સચિત્ત પરિહારી ને એકલ આહારી; ગુરૂ સાથે પદચરીએ. ॥ વિ૦ ચા૦ ॥૭॥ પડિક્કમણાં દોય વિધિશું કરીએ; પાપ પડલ પરિહરીએ. ॥વિ૦ચા૦॥૮॥ કલિકાળે એ તીરથ મોટું; પ્રવહણ જેમ ભરદરીએ. ॥વિ૦ ॥ચા૦૯॥ ઉત્તમ એ ગિરિવર સેવંતા; પદ્મ કહે ભવ તરીએ. ॥ વિ૦ ચા૦ ॥૧૦॥

(૫)

વિમળાચળ નિત્ય વંદીએ, કીજે એહની સેવા; માનું હાથ એધર્મનો, શિવતરૂ ફળ લેવા. ॥વિ૦॥૧॥ ઉજ્જવલ જિનગૃહ મંડળી, તિહાં દીપે ઉત્તંગા; માનું હિમગિરિ[1] વિભ્રમે, આઇ અંબર ગંગા.[2] ॥વિ૦॥૨॥ કોઇ અનેરૂં જગ નહિ, એ તીરથ તોલે; એમ શ્રીમુખ[3]હરિ આગળે, શ્રી સીમંધર બોલે. ॥વિ૦ ॥૩॥ જે સઘળા તીરથ કર્યાં, જાત્રા ફળ કહીએ; તેહથી

---

૧ હિમાલય. ૨ આકાશ ગંગા. ૩ પોતાને મુખે.

એ ગિરિ ભેટતાં, શતગણું ફળલહી એ ।। વિ૦ ।।૪।। જનમ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે; સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે ।। વિ૦ ।। ૫ ।।

( ૬ )

સિદ્ધાચળ ગિરિ ભેટ્યાંરે, ધન્ય ભાગ્ય હમારાં; એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર; રાયણ રૂષભ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારા રે. ।।ધન૦।।૧।। મૂળનાયક શ્રીઆદિ જીનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચાર; અષ્ટદ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂળ આધારા રે. ।।ધન૦।।૨।। ભાવ ભકિતશું પ્રભુ ગુણ ગાવે, અપના જન્મ સુધાર્યાં; યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નર્ક તિર્યંચ ગતિ વારા રે. ।।ધન૦।।૩।। દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા; પતિત ઉદ્ધારણ બિરૂદ તમારૂં, એ તીરથ જગ સારા રે. ।।ધન૦।।૪।। સંવત અઢાર ત્યાસી માસ અષાઢા, વદિ આઠમ ભોમવારા; પ્રભુકે ચરણ

પ્રતાપકે સંઘમાં, ક્ષમારત્ન પ્રભુ પ્યારા રે, ધન્ય ભાગ્ય હમારાં ।। ૫ ।।

( ૭ )

મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચળેરે ।। મારૂં ।। દેખીને હરખિત હોય; વિધિશું કીજેરે જાત્રા એહુનીરે, ભવ ભવનાં દુઃખ જાય. ।। મારૂં૦ ।।૧।। પંચમે આરેરે પાવન કારણે રે, એ સમો તીરથ ન કોય; મોટો મહિમા રે જગમાં એહનો રે, આ ભરતે અહીયાં જોય. ।। મારૂં૦ ।।૨।। ઈણગિરિ આવ્યા રે, જીનવર ગણધરા રે, સિધ્યા સાધુ અનંત; કઠણ કરમ પણ એ ગિરિ ફરસતાં રે, હોવે કરમ નિશાંત. ।। મારૂં૦ ।। ૩ ।। જૈન ધર્મનો સાચો જાણી રે, માનવ તીરથ એ સ્થંભ; સુરનર કિન્નર નૃપ વિદ્યાધરા રે, કરતા નાટારંભ. ।। મારૂં૦ ।। ૪ ।। ધન્ય ધન્ય દહાડો રે ધન્ય વેળા ઘડી રે, ધરીએ હૃદય મોઝાર; જ્ઞાનવિમળસૂરિ ગુણ એહના ઘણા રે, કહેતાં નાવે પાર. ।। મારૂં૦ ।। ૫ ।।

( ૮ )

શ્રીરે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાહો; શ્રી રૂષભદેવ પૂજા કરી, લીજે ભવ તણો લાહો. ॥ શ્રીરે૦ ॥ ૧ ॥ મણીમય મૂરતિ શ્રી રૂષભની, નીપાઇ અભિરામ; ભવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. ॥ શ્રીરે૦ ॥ ૨ ॥ નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી; શત્રુંજય સમો તીરથ નહિં, બોલ્યા સીમંધર વાણી. ॥ શ્રીરે૦॥ ૩ ॥ પૂરવ નવાણું સમો-સર્યા, સ્વામી શ્રી ઋષભ જીણંદ; રામ પાંડવ મુગતે ગયાં, પામ્યા પરમાનંદ. ॥શ્રીરે૦॥૪॥ પૂરવ પુન્ય પસાયથી, પુંડરિક ગિરિ પાયો; કાંતિવિજય હરખે કરી, શ્રી સિદ્ધાચળ ગાયો ॥ શ્રીરે૦ ॥ ૫ ॥

( ૯ )

સમકિતદ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દૂર રે; મોહન મારૂદેવીનો લાડડોજી, દીઠો મીઠો આનંદ પૂરરે ॥ સમ૦ ॥૧॥ આયુ વર-

જીત સાતે કરમનીજી, સાગર કોડાકોડી હીણુ રે; સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂરવ મોઘર લીધ રે ।। સમ૦ ।। ૨ ।। ભૂંગળ ભાંગી આદ્ય કષાયનીજી, મિથ્યાત મોહની સાંકળ સાથરે; બાર ઉઘાડ્યાં શમ સંવેગનાંજી, અનુ· ભવ ભવને બેઠો નાથરે ।। સમ૦ ।। ૩ ।। તોરણુ બાંધ્યું જીવદયાતણુંજી, સાથીયો પૂર્યો શ્રદ્ધા રૂપરે; ધૂપ ઘટી પ્રભુ ગુણુ અનુમોદનાજી, ધીગુણ[1] મંગળ આઠ અનુંપરે. ।। સમ૦।। ૪ ।। સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાનરે; આતમ ગુણરૂચિ મૃગમદ[2] મહ- મહેજી, પંચાચાર કુસુમ પ્રધાનરે ।।સમ૦।।પ।। ભાવપૂજાએ પાવન આતમાજી, પૂજો પરમેશ્વર પુન્ય પવિત્ર રે; કારણ જોગે કારજ નીપજેજી, ખીમાવિજય જીન આગમ રીતરે. ।। સમ૦।।૬।।

( ૧૦ )

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂ-

---

૧ બુદ્ધિના આઠ ગુણ. ૨ કસ્તુરી.

રતિ મારૂં મન લોભાણું જી; મારૂં દીલ લોભા-
ણું જી. દેખી૦ કરૂણા નાગર કરૂણા સાગર, કાયા
કંચનવાન; ધોરીલંછન [1]પાઉલે કાંઇ, ધનુષ
પાંચસે માન. ॥ માતા૦ ॥ ૧ ॥ ત્રિગડે બેસી
ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર; જોજન ગામિ-
ની વાણી મીઠી, વરસંતી જલધાર. ॥ માતા૦
॥ ૨ ॥ ઉવશી રૂડી અપછરાને, રામા છે મન-
રંગ; પાયે; નેપુર રણઝણે, કાંઇ કરતી નાટા-
રંગ. ॥ માતા૦॥૩॥ તુંહી બ્રહ્મા તુંહી વિધાતા,
તું જગતારણહાર; તુજ સરીખો નહિ દેવ
જગતમાં, અરવડીયા આધાર. ॥ માતા૦ ॥૪॥
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ. ॥
માતા૦॥૫॥ શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા
રૂષભ જીણંદ; કીર્તિ કરે માણેક મુનિ તાહરી,
ટાળો ભવભય ફંદ. ॥ માતા૦ ॥ ૬ ॥

---

૧ ચરણે.

( ૧૧ )

વિવેકી વિમલાચલ વસિયે, તપ જપ કરી કાયા કસીએ; ખોટી માયાથી ખસીયે.ાા વિ૦ાા વળી ઉન્મારગથી ખસીએ. ાા વિ૦ ાા ૧ ાા માયા મોહનીયે મોહ્યો, કોણુ રાખે રણુમાં રોયો; આ નરભવ એળે ખોયો. ાા વિ૦ ાા ૨ ાા બાલ લીલાયે હુલરાયો, જોવન યુવતીએ ગાયો; તોયે તૃપ્તિ નવિ પાયો. ાા વિ૦ ાા ૩ ાા રમણી ગીત વિષય રાચ્યો, મોહની મદિરાએ માચ્યો; નવ નવ વેશ કરી નાચ્યો. ાા વિ૦ ાા ૪ ાા આગમ વાણી સમી આશી, ભવજલધિ માંહિ વાસી; રોહિત મત્સ્ય સમો થાશી. ાા વિ૦ ાા ૫ ાા મોહની જાલને સંહારે, આપ કુટુંબ સકલ તારે; વર્ણવીયે તે સંસારે. ાા વિ૦ ાા ૬ ાા સંસારે કૂડી માયા, પંથશિરે પંથી આયા; મૃગતૃષ્ણા જલને ધાયા. ાા વિ૦ ાા ૭ ાા ભવ-દવ નાપ લહી આયા, પાંડવ પરિકર મુનિરાયા; શીતળ સિદ્ધાચળ છાયા. ાા વિ૦ ાા ૮ ાા ગુરૂ

ઉપદેશ સુણી ભાવે, સંઘ દેશોદેશથી આવે; ગિરિવર દેખી ગુણ ગાવે. ાા વિ૦ ાા ૯ ાા સંવત અઢાર ચોદાશીચે, માઘ ઉજ્જવલ એકાદશીચે; વાંધા પ્રભુજી વિમલ વસિચે. ાા વિ૦ ાા ૧૦ ાા જાત્રા નવાણું અમે કરીચે, ભવ ભવ પાતિકડાં હરિચે; તીર્થ વિના કહો કિમ તરીચે. ાા વિ૦ ાા ૧૧ ાા હંસ મયૂરા ઇણે ઠામે, ચકવા શુક પિક પરિણામે; દર્શને દેવગતિ પામે. ાા વિ૦ ાા ૧૨ ાા શેત્રુંજી નદીચે નાઇ, કષ્ટે સુરસાનિધ્યદાયી, [1]પણુસય ચાપ ગુહા ઠાઇ. ાા વિ૦ ાા ૧૩ ાા રણુયમય પડિમા પૂજે, તેનાં પાતિકડાં ધ્રૂજે; તે નર સીઝે ભવે ત્રીજે. ાાવિ૦ાા૧૪ાા સાસય ગિરિ રાયણ પગલાં, ચઉમુખ આદે ચૈત્ય ભલાં; શ્રી શુભ વીર નમે સઘલાં. ાા વિ૦ ાા ૧૫ ાા

---

૧ પાંસસો ધનુષ્ય પ્રમાણ પ્રભુ પ્રતિમાને સુવર્ણ ગુફામાં.

( ૧૨ )

ઉમૈયા મુજને ઘણી જીહો, ભેટું વિમળ ગિરિરાય; દોઇતરા મુજ પાંખડી, જીહો લળી લળી લાગું પાય કે; મોહનગરા હો રાજ રૂડા, મારા સાંભળ સલુણા સુડા ॥ શત્રુંજય શિખર સોહામણો, જીહો ધન્ય ધન્ય રાયણ રૂખ; ધન્ય પગલાં પ્રભુજી તણાં, જીહો દીઠડે ભાંગે ભૂખ કે; મોહન૦ ॥ ૨ ॥ ઇણગિરિ આવી સમોસર્યા, જીહો નાભિનરિન્દ મલ્હાર; પાવન કીધી વસુંધરા, જીહો પૂર્વ નવાણું વાર કે; મોહન૦ ॥ ૩ ॥ પુંડરીક મુનિ મુગતે ગયા, જીહો સાથે મુનિ પંચક્રોડ; પુંડરીક ગિરિવર એ થયા, જીહો નમો નમો બે કરજોડ કે; ॥ મોહન૦ ॥ ૪ ॥ એણે તીર્થે સિધ્યા ઘણા, જીહો સાધુ અનંતી ક્રોડ; ત્રણ ભુવનમાં જોવતાં જીહો નહિં કોઇ એહની જોડ કે; ॥ મોહન૦ ॥ ૫ ॥ મનવાંછિત સુખ મેળવે, જીહો જપતા, એ ગિરિરાજ; દ્રવ્યભાવ વૈરી તણો, જીહો ભય જાવે સવી

ભાંજકે ॥ મોહન૦ ॥ ૬ ॥ વાચક રામવિજય કહે, જીહો નમો નમો તીરથ એહ; શિવમંદિર- ની શ્રેણ છે, જીહો એહમાં નહિ સંદેહ કે ॥ મોહન૦ ॥ ૭ ॥

( ૧૩ )

ચાલોા ચાલો વિમળગિરિ જઇએરે, ભવ- જલ તરવાને; તુમે જયણાએ ધરજો પાયરે, પાર ઉતરવાને. એ આંકણી. ॥ બાળ કાળની ચેષ્ટા ટાળી, હું તો ધર્મ યૌવન હવે પાયો રે; ભવ૦ ભૂલ અનાદિના દૂર નિવારી, હું તો અનુ- ભવ મનમાં લાયોરે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥૧॥ ભવ તૃષ્ણા સવી દૂર નિવારી, મારી જિનચરણે લય લાગીરે; ભવ૦ સંવરભાવમાં દિલ હવે ઠરીયું, મારી ભવની ભાવઠ ભાંગીરે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૨ ॥ સચિત્ત સર્વનો ત્યાગ કરીને, નિત્ય એકાસણાં તપકારીરે; ભવ૦ પડિક્કમણાં દોય ટંકના કરીશું, ભલી અમૃતક્રિયા દિલ

ધારીરે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૩ ॥ વ્રત ઉચ્ચ-
રશું ગુરૂની પાસે, હું તો યથાશક્તિ અનુસારે
રે; ભવ૦ ગુરૂ સાથે ચડશું ગિરિરાજે, જે ભવો-
દધિ બુડતાં તારેરે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૪ ॥
ભવતારક એ તીરથ ફરશી, હું તો સુરજકુંડમાં
ન્હાઇરે; ભવ૦ અષ્ટપ્રકારી ઋષભજિણંદની, હું
તો પૂજા કરીશ લય લાઇરે ॥ પાર૦ ॥ ચાલો૦
॥ ૫ ॥ તીરથપતિને તીરથ સેવા, એ તો સાચા
મોક્ષના મેવારે; ભવ૦ સાત છઠ્ઠ દોય અઠ્ઠમ
કરીને, મને સામીવચ્છલની હેવા રે ॥ પાર૦
॥ ચાલો૦ ॥૬॥ પ્રભુપદ પદ્મ રાયણ તળે પૂજી,
હું તો પામીશ હરખ અપારરે; ભવ૦ રૂપવિ-
જય પ્રભુ ધ્યાન પસાચે, એ તો પામે સુખ
શ્રીકારરે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૭ ॥

( ૧૪ )

વીરજી આવ્યારે, વિમળાચળકે મેદાન;
સુરપતિ પાયા રે, સમોવસરણ કે મંડાણ ॥ એ
આંકણી ॥ દેશના દેવે વીરજી સ્વામ, શત્રુંજય

મહિમા વર્ણવે તામ, ભાખ્યા આઠ ઉપર સૌ નામ, તેહમાં ભાખ્યું રે પુંડરગિરિ અભિધાન; સોહમઇંદા રે તવપૂછે બહુ માન, કિમ થયું સ્વામી રે, ભાખો તાસ નિદાન ।। વીર૦ ।।૧।। પ્રભુજી ભાખે સાંભળ ઇંદ્ર, પ્રથમ જે હુઆ ઋષભ જિણંદ, તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુઆ રે ઋષભસેન પુંડરીક; ઋષભજી પાસે રે, દેશના સુણી તહકીક, દીક્ષા લીધીરે, ત્રિપદી જ્ઞાન અધિક ।। વીર૦ ।। ૨ ।। ગણધર પદવી પામ્યા જામ, દ્વાદશાંગી ગુંથી અભિરા-મ, વિચરે મહિયલમાં ગુણધામ, અનુક્રમે આ-વ્યારે શ્રી સિદ્ધાચળ ઠામ; મુનિવર કોડી રે, પંચતણે પરિમાણ, અણુસણ કીધાં રે, નિજ આતમને ઉદ્દામ ।। વીર૦ ।। ૩ ।। ચૈત્રી પૂનમ દિવસે એહ, પામ્યા કેવળજ્ઞાન અછેહ, શિવ-સુખ વરીઆ અમર અદેહ, પૂર્ણાનંદી રે અગુ-રૂલઘુ અવગાહ; અજ અવિનાશી રે, નિજપદ ભોગી અબાહ, નિજ ગુણ ધરતારે, પર પુદ્ગલ

નહીં ચાહ ॥ વીર૦ ॥ ૪ ॥ તેણે પ્રગટયું પુંડરગિરિ નામ, સાંભળ સોહમ દેવલોક સ્વામ, એહનો મહિમા અતિહિ ઉદ્દામ, તેણે દિન કિજે રે તપ જપ પૂજાને દાન; વ્રત વળી પોસો રે, જે કરે [1]અનિદાન, ફળ તસ પામે રે, પંચકોડી ગુણમાન ॥ વીર૦ ॥ ૫ ॥ ભગતે ભવ્ય જીવ જે હોય, પંચમેં ભવ મુકિત લહે સોય, તેહમાં બાધક છે નહિં કોય, વ્યવહાર કેરી રે મધ્યમ ફળની એ વાત; ઉત્કૃષ્ટ યોગે રે અંતરમુહૂર્ત વિખ્યાત, શિવસુખ સાધે રે, નિજ આતમ અવદાત ॥ વીર૦ ॥ ૬ ॥ ચૈત્રી પૂનમ મહિમા દેખ, પૂજા પંચપ્રકારી વિશેષ, તેહમાં નહીં ઉણીમ કાંઇ રેખ, એણી પરે ભાખી રે જિનવર ઉત્તમ વાણ; સાંભળી બુઝયા રે, કેઇક ભાવિક સુજાણ, એણીપરે ગાયો રે, પદ્મવિજય સુપ્રમાણ ॥ વીર૦ ॥ ૭ ॥

---

૧ નિયાણા-ફળની ઇચ્છા રહિત.

( ૧૫ )

વિમળાચળ વિમળા પ્રાણી, શીતળ તરૂ છાયા ઠરાણી; રસવેધક કંચનખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી ॥ ૧ ॥ સનેહી સંત એ ગિરિ સેવો ॥ ચૌદ ક્ષેત્રમાં તીરથ નહિ એવો ॥ સનેહી સંત૦॥ ષટરી પાળી ઉલ્લસિએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કસીએ; મોહ મલ્લની સામા ધસીએ, વિમળાચળ વેગે વસીયે ॥ સનેહી૦ ॥ ૨ ॥ અન્ય સ્થાનક કર્મ જે કરિએ, તે હિમગિરિ હેઠે હરીયે, પાછળ પ્રદિક્ષણા ફરીયે, ભવજલધિ હેલા તરીયે ॥ સનેહી૦ ॥ ૩ ॥ શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંકિત બિરાજે; ચઢતાં સમકિતી તે છાજે, દૂરભવ્ય અભવ્ય તે લાજે ॥ સનેહી૦ ॥ ૪ ॥ પાંડવ પમુહા કેઇ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા; પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચળ સિધ્યા અનંતા ॥ સનેહી૦ ॥ ૫ ॥ ષટમાસી ધ્યાન ધરાવે, શુકરાજન રાજ્યને પાવે; બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ

ધરાવે ॥ સનેહી૦ ॥ ૬ ॥ પ્રણીધાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો, મોહરાયને લાગે તમાચો, શુભ વીર વિમલગિરિ સાચો ॥ સનેહી૦ ॥ ૭ ॥

( ૧૬ )

તુમે તો ભલે બિરાજોજી, શ્રી સિદ્ધાચળકે વાસી સાહેબ ભલે બિરાજોજી૦ એ આંકણી ॥ મારૂદેવીનો નંદન રૂડો, નાભિનરિંદ મલ્હાર; જુગલા ધર્મ નિવારણ આવ્યા, પૂર્વ નવાણું વાર ॥ તુમે તો૦ ॥ ૧ ॥ મૂળદેવને સનમુખ રાજે, પુંડરીક ગણધાર; પંચ કોડશ્યું ચૈત્રી પૂનમે, વરીઆ શિવવધુ સાર ॥ તુમે તો૦॥૨॥ સહસ કોટ દક્ષિણ બિરાજે, જિનવર [1]સહસ ચોવીશ; ચઉદશેં બાવન ગણધરનાં, પગલાં પૂજો જગીશ ॥ તુમે તો૦ ॥ ૩ ॥ પ્રભુ પગલાં રાયણ હેઠે, પૂજી પરમાનંદ; અષ્ટાપદ ચઉવાશ જિનેશ્વર, સમેત વીશ જીણંદ ॥ તુમે તો૦

॥ ૪ ॥ મેરૂ પર્વત ચૈત્ય ઘણેરા, ચઉમુખ બિંબ અનેક; બાવન જિનાલય દેવળ નિરખી, હરખ લહુ [1]અતિરેક ॥ તુમે તો૦ ॥ ૫ ॥ સહસફણા ને શામળા પાસજી, સમવસરણ મંડાણ; છીપાવસી ને ખડતરવસી કાંઇ, પ્રેમાવસી પરમાણ ॥ તુમે તો૦ ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણપચાસે, ફાગણ અષ્ટમીદિન; ઉજવલ પક્ષે ઉજવળ હુઓ, ગિરિ ફરસ્યા મુજ મન ॥ તુમે તો૦ ॥ ૭ ॥ ઇત્યાદિક જિનબિંબ નિહાળી, સાંભરી સિદ્ધની શ્રેણ; ઉત્તમ ગિરિવર કેણી પેરે વિસરે ?, પદ્મવિજય કહે જેણ. ॥ તુમે તો૦ ॥ ૮ ॥

( ૧૭ )

( આજ સખી સંખેસરો—એ દેશી. )

એ ગિરૂઓ ગિરિ રાજીઓ, પ્રણમીજે ભાવે;
ભવ ભવ સંચિત આકરાં, પાતકડાં જાવે. ૧

---

૧ અતિઘણો.

વજ્ર લેપ સમ જે હાવે, તે પણ (થાય) દૂરે;
એહનું દર્શન કીજીયે, ધરી ભક્તિ પડુરે. ૨
ચંદ્રશેખર રાજા થયો, નિજ ભગિની લુબ્ધ્યો;
તે પણ એ ગિરિ સેવતાં, ક્ષણમાંહે સિધ્યો. ૩
શુકરાજા જય પામીયો, એહને સુપસાયે;
ગોહત્યાદિક પાપ જે, તે દૂર પલાયે. ૪
અગમ્ય અપેય અભક્ષ્ય જે, કીધાં જેણે પ્રાણી;
તે નિર્મળ ઇણગિરિએ થયા, એ જિનવર વાણી. ૫
વાઘ સર્પ પ્રમુખા પશુ, તે પણ શિવ પામ્યા;
એ તીરથ સેવ્યા થકી, સવિ પાતક વામ્યા. ૬
ચૈત્રી પૂનમે વંદતા, ટળે દુઃખ કલેશ;
જ્ઞાનવિમળ પ્રભુતા ઘણી, હોયે સુજસ વિશેષ. ૭

## તીર્થફળ સ્તવન.

### (૧૮)

( શેત્રુંજે જઇએ લાલન—એ દેશી. )

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો ॥ ઘરે બેઠાં પણ બહુ ફળ પાવો, ભવિ૦

॥ બહુ ફળ પાવો ॥ ૧ ॥ નંદિશ્વર યાત્રે જે ફળ હોવે, તેથી બમણેરૂં ફળ, કુંડલગિરિ હોવે ॥ ભ૦ ॥ કું૦ ॥ ૨ ॥ ત્રિગણું રૂચકગિરિ ચઉ ગજદંતા ॥ તેથી બમણેરૂં ફળ જંબુ મહુંતા ॥ ભ૦ ॥ જં૦ ॥ ૩ ॥ ષડ્ગણું ધાતકી ચૈત્ય જૂહારે, છત્રીશગણું ફળ પુષ્કર વિહારે ॥ ભ૦ ॥ પુ૦ ॥ ૪ ॥ તેહથી તેરસગણું મેરૂ ચૈત્ય જૂહારે, સહસગણું ફળ સમેતશિખરે ॥ ભ૦ ॥ સ૦ ॥ ૫ ॥ લાખગણું ફળ અંજનગિરિ જૂહારે, દશલાખ ગણેરૂ ફળ અષ્ટાપદ ગિરનારે ॥ ભ૦ ॥ અ૦ ॥ ૬ ॥ કોટીગણું ફળ શ્રી શત્રુંજે ભેટે, જેમ રે અનાદિનાં દુરિત ઉમટે ॥ ભ૦ ॥ દુ૦ ॥ ૭ ॥ ભાવ અનંતે અનંત ફળ પાવે, જ્ઞાન વિમલ સૂરિ ઇમ ગુણગાવે ॥ ભ૦ ॥ ઈ૦ ॥૮॥

( ૧૯ )

બાપલડાંરે પાતીકડાં, તમે શું કરશો હવે રહીને; શ્રી સિદ્ધાચળ નયણે નિરખ્યો, દૂર જાઓ તુમ વહીનેરે ॥ બાપલડાંરે૦ ॥ ૧ ॥

કાળ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીને; આજ થકી પ્રભુ ચરણે રહીશું, એમ શિખવીયું મનને રે ॥ બાપલડાંરે૦ ॥ ૨ ॥ દુષમકાળે એણે ભરતે, મુકિત નહિં સંઘયણને; પણ તુજ ભકિત મુકિતને ખેંચે, ચમક ઉપલ જેમ લોહને રે ॥ બાપલડાં૦ ॥ ૩ ॥ શુદ્ધ સુવાસન ચૂરણ આપ્યું, મિથ્યા પંક શોધનને; આતમભાવ થયો જબ નિરમળ, આણંદમય તુજ ભજને રે ॥ બાપલડાં૦ ॥ ૪ ॥ અખય નિધાન તુમ સમકિત પામી, કોણ વંછે ચલ ધનને; શાંત સુધારસ કનક કચોળે, સિંચો સેવક તનનેરે ॥ બાપલડાંરે૦ ॥ ૫ ॥ બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોયે મુજ મનને; સેવક સુખીયો સુજશ વિલાસી, તે મહિમા પ્રભુ તુજને રે ॥ બાપલડાંરે૦ ॥ ૬ ॥ નામમંત્ર તુમારો સાધ્યો, તે થયો જગમોહનને; તુજ મુખમુદ્રા દેખી હરખું, જીમ ચાતક જલધરને રે ॥ બાપલડાં રે૦ ॥ ૭ ॥ તુમ વિણ

અવર દેવ નહિં જાચું ( ધ્યાવું ), ફરી ફરી આ મનનેરે ।। જ્ઞાનવિમળ કહે ભવજલ તારો, સેવક બાંહ્ય ગ્રહીનેરે ।। બાપલડાંરે૦ ।। ૮ ।।

( ૨૦ )

( દેશી—થઇ પ્રેમ વશ પાતળીઆ. )

પ્રભુ આદિજિન મહારાયા, તુમ ચરણ શરણમેં આયારે ।। પ્રભુ૦ ।। વિમલાચલ મંડન જગ સ્વામી, નામી અંતર્યામી; નિજ ગુણ ગણ આતમરામી, મનવંછિત શુભ ફળદાયા રે ।। પ્રભુ૦ ।। ૧ ।। આપ પ્રતાપે તીરથ રાજે, તીર્થ તીર્થ શિરતાજે; આપ તીરથ કરવા કાજે, પ્રભુ પૂર્વ નવાણું આયા રે ।। પ્રભુ૦ ।। ૨ ।। યાત્રુ દેશ વિદેશસેં આવે, ભાવે પાપ ખપાવે; નિશ્ચય મુકિત વો જાવે, ઇમ તુમ આગમમેં ગાયા રે ।। ।। પ્રભુ૦ ।। ૩ ।। જો ઇસ તીરથ પર ભવિ આયા, સોહન ધ્યાન લગાયા; વિમલાતમ પદ નિપજાયા, વિમલાચલ તીર્થ કહાયારે ।। પ્રભુ૦

॥ ૪ ॥ કસ્તુરિ કેસર કર્પૂરે, વિબુધપતિ[1] મિલ પૂજે; મહામોહ રિપુ અતિ ધ્રૂજે, શત્રુંજય ધ્યાન લગાયા રે ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ વિદ્યાધર વિ-ચક્ષણ આકે, મિત્ર સહિત પ્રભુ સેવે; અજરામર શિવ પદ લેવે, સંસાર સમુદ્ર મિટાયારે ॥ પ્રભુ૦ ॥૬॥ રૂતુ વસંતમેં જિમ તરૂ ફૂલે, લોક વિલાસ મેં ઝુલે; તિમ પ્રભુ દર્શન અનુકૂલે, મહા પૂણ્ય ઉદય ભવિ પાયારે ॥ પ્રભુ૦ ॥ ૭ ॥ આતમ લક્ષ્મી તુમ દરબારે, લેવા હર્ષેં આયો; વલ્લભ પ્રભુ દર્શન પાયો, કરો નિજસમ આતમ રાયારેં ॥ પ્રભુ૦ ॥ ૮ ॥ [2]કર યુગ[4] [4]વેદ [2]નયન વીરા-બ્દે, દસ સાધુકે લારે; ફાલ્ગુન કૃષ્ણાષ્ટામી વારે, શનિ વલ્લભ દર્શન પાયા રે ॥ પ્રભુ૦ ॥ ૯ ॥

( ૨૧ )

## શ્રી ઋષભદેવ જિન સ્તવન.

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધીરે

---

૧ ઇંદ્રો.

કાય; [1]કલ્પવૃક્ષ પરે તાસ ઇંદ્રાણી નયન જે, ભૃંગ પરે લપટાય ॥ ૧ ॥ રોગ [2]ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ; તેહથી પ્રતિહત તેહ માનું કોઈ નવિ કરે, જગમાં તુમશું રે વાદ ॥ ૨ ॥ વગર ધોઇ તુજ નિર્મળી, કાયા કંચન-વાન; નહિ પ્રસ્વેદ લગાર તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન ॥ ૩ ॥ રાગ ગયો તુજ મન થકી, તેહમાં [3]ચિત્ર ન કોય; રૂધિર આમિ-[4]ષથી રાગ[5] ગયો તુજ જન્મથી, દૂધ સહોદર હોય ॥ ૪ ॥ શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાદ; દેખે ન આહાર નિહાર ચરમચક્ષુ ધણી, એવા તુજ અવદાત ॥ ૫ ॥ ચાર અતિ-શય મૂળથી, ઓગણીશ દેવના કીધ; કર્મ ખ-પ્યાથી અગ્યાર ચોત્રીશ ઇમ અતિશયા, સમ-વાયાંગે પ્રસિદ્ધ ॥ ૬ ॥ જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ; પદ્મવિજય કહે એક

---

૧ કલ્પવૃક્ષનાં ફૂલની પેરે. ૨ સર્પ. ૩ આશ્ચર્ય. ૪ માંસમાંથી. ૫ રતાશ–લાલરંગ.

સમય[1] પ્રભુ પાળજો, જેમ થાઉં અખય અભંગ પ્રથમ૦ ॥ ૭ ॥

## ( ૨૨ )

( કરમ પરીક્ષા કરણ કુમર ચાલ્યો રે—એ દેશી. )

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહુ રે કંત; રીઝયો સાહેબ સંગ ન પરિહરેરે, ભાંગે સાદિ અનંત ॥ ઋષભ૦ ॥ ૧ ॥ પ્રીત સગાઇરે જગમાં સહુ કરેરે, પ્રીતં સગાઇ ન કોય; પ્રીત સગાઇરે નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય ॥ ઋષભ૦ ॥ ૨ ॥ કોઇ કંત કારણ કાષ્ટભક્ષણ[2] કરેરે, મળશું કંતનેધ્યાય; એ મેળો નવિ કહિંયે સંભવેરે, મેળો ઠામ ન ઠાય ॥ ઋષભ૦ ॥ ૩ ॥ કોઇ પતિ રંજન અતિ ઘણું તપ કરેરે, પતિ રંજન તન તાપ; એ પતિ રંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુ

---

૧ અંત વખતનો એક સમય. ૨ કાષ્ટભક્ષણ—અગ્નિમાં બળી મરવું તે.

મિલાપ ॥ ઋષભ૦ ॥ ૪ ॥ કોઇ કહે લીલારે અલખ અલખ તણીરે, લખ પૂરે મન આશ; દોષ રહિતને લીલા નવિ ઘટેરે, લીલા દોષ વિલાસ ॥ ઋષભ૦ ॥ ૫ ॥ ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ; કપટ રહિત થઇ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ ॥ ઋષભ૦ ॥ ૬ ॥

( ૨૩ )

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે; મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહિ આનંદ લાલરે ॥ જગ૦ ॥ ૧ ॥ આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે; વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે ॥ જગ૦ ॥ ૨ ॥ લક્ષણ અંગે વિરાજતાં, અડહિયસહસ (૧૦૦૮)ઉદાર લાલરે; રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે ॥ જગ૦ ॥ ૩ ॥ ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ-તણાં, ગુણ લઇ ઘડિયું અંગ લાલરે; ભાગ્ય

કિહાં થકી આવિયું, અચરિજ એહુ ઉત્તંગ લાલરે ॥ જગ૦ ॥૪॥ ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલરે; વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે. ॥જગ૦ ॥ ૫ ॥

( ૨૪ )

( ગજલ–કવ્વાલી. ચાલ–આશક હો રહા હું. )

પ્રભુ આદિનાથ સ્વામી, તુમ ચર્ણે શીશ-નામી ॥ પ્રભુ૦ ॥ અંચલી ॥ દેવાધિદેવ તુમહો, નિર્દોષ દેવ તુમહો; તારક દેવ તુમહો, તુમરે હી ગુણ મૈં ગાઉં ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ મંડન તીર્થ તુમહી, તીરથનાથ તુમહી; દીનાકે નાથ તુમહી, સેવક મેં તુમ કહાઉં ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ પૂરવ નવાણું આયા, રાયણ વૃક્ષ છાયા; દેખત તુમરે પાયા, પરતખ મૈં મનાઉં ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ પ્રણમે વો ધન્ય કાયા, ગુણ ગાવે ધન્ય જીહ્વા; મન ધન્ય જીસમેં તુમરા, શુભ ધ્યાનમેં લગાઉં ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ સરમાન હંસ ચાહે, ચાતક મેઘ પાની; જગનાથ ઐસે હરદમ, તુમરી શરણ

મૈં આઊં ।। પ્રભુ૦ ।। ૫ ।। મોહન મૂર્તિ તારી મુઝ મનમેં આ ખડી હો; દ્રષ્ટિ વહાં પડી હો, નહીં [1]ઔર જન્મ પાઉં ।। પ્રભુ૦ ।। ૬ ।। આતમ લક્ષ્મી સ્વામી, આતમ લક્ષ્મી દીજે; વલ્લભ હર્ષ હોવે, નહીં ઔર તુમસે ચાઉં ।। પ્રભુ૦ ।। ૭ ।।

( ૨૫ )

( ચાલ–ઇતના સંદેશા મોરારે. )

ગિરિરાજ દર્શ પાવે, જગ પૂણ્યવંત પ્રાણી; નહીં ઔર કોઇ જગમેં, તીરથ ઇશકે શાની ।। ગિરિ૦ ।। ૧ ।। યાત્રા કરે જે ભાવેરે, તીર્યક નરક ન થાવે; શુભ દેવ નરગતિ પાવે, આખીર મોક્ષે જાવે ।। ગિરિ૦ ।। ૨ ।। સિદ્ધિ મુનિ અનંતારે, કરી જન્મ મરણુ અંતા; હુએ સિદ્ધ સાદી અનંતા, સિદ્ધાચળ ધ્યાન ધરંતા ।। ગિરિ૦ ।। ૩ ।। પ્રભુ આદિનાથ રાજેરે, સન્મુખ ગણુધર સાજે; ગણુધર પુંડરીક કાજે, ગિરિ-

---

૧ ફરી.

નામ પુંડરીક વાજે ॥ ગિરિ૦ ॥૪॥ ધન્ય ધન્ય પુંડરીકસ્વામીરે, મશહૂર નેક નામી, ગુરૂ તુલ્ય મુદ્રા પામી, રાખી નહિ કુચ્છ ખામી ॥ગિરિ૦॥ ૫ ॥ સેવા ગુરૂ ફળ લેવારે, કીની તુમે ગુરૂ સેવા; સેવક કરે તુમ સેવા, દીજો નિજ સમ ફળ મેવા ॥ ગિરિ૦ ॥ ૬ ॥ આતમ આનંદ-કારીરે, પ્રભુ તુમરી જાઉં બલિહારી; ચિદ્ લક્ષ્મી હર્ષ ધારી, વલ્લભ માગે ભવપારી ॥ ગિરિ૦ ॥ ॥ ૭ ॥

---

## વિનતિ.

### ( ૨૬ )

સુણ જિનવર શેત્રુંજા ધણીજી, દાસ તણી અરદાસ; તુજ આગળ બાળક પરેજી, હું તો કરૂં વેષાસરે, જિનજી મુજ પાપીને તાર ॥ તું તો કરૂણા રસ ભર્યોજી, તું સહુનો હિતકારરે; જિનજી ॥ મુજ૦ ॥ ૧ ॥ હું અવગુણનો ઓર-ડોજી, ગુણ તો નહીં લવલેશ; પરગુણ પેખી

નવ શકુંજી, કેમ સંસાર તરેશરે; જિનજી ॥ મુજ૦ ॥ ૨ ॥ જીવ તણા વધ મેં કર્યાંજી, બોલ્યા મૃષાવાદ; કપટ કરી પરધન હર્યાંજી, સેવ્યા વિષય સવાદરે; જિનજી ॥ મુજ૦ ॥ ૩ ॥ હું લંપટ હું લાલચીજી, કર્મ કીધાં કેઇ કોડ; ત્રણ ભુવનમાં કો નહિંજી, જે આવે મુજ જોડરે; જિનજી ॥ મુજ૦ ॥ ૪ ॥ છિદ્ર પરાયાં અહ-નિશેજી, જોતો રહું જગનાથ; કુગતિ તણી કરણી કરીજી, જોડ્યો તેહશું સાથરે; જિનજી ॥ મુજ૦ ॥ ૫ ॥ કુમતિ કુટીલ કદાગ્રહીજી, વાંકી ગતિ મતિ મુજ; વાંકી કરણી માહરીજી, શી સંભળાવું તુજરે; જિનજી ॥ મુજ૦ ॥ ૬ ॥ પુન્ય વિના મુજ પ્રાણીઓજી, જાણે મેલું રે આથ; ઉંચા તરૂવર મોરીયાંજી, ત્યાંહી પસારે હાથરે; જિનજી ॥ મુજ૦ ॥ ૭ ॥ વીણ ખાધાં વીણ ભોગવ્યાંજી, ફોગટ કર્મ બંધાય; આર્ત-ધ્યાન મીટે નહિંજી, કીજે કવણ ઉપાયરે; જિનજી ॥ મુજ૦ ॥ ૮ ॥ કાજળથી પણ શામ-

ળાજી, મારા મન પરિણામ; સોણુા માંહી તાહુ-રૂંજી, સંભારૂં નહિં નામરે; જિનજી ાામુજ૦ાા ાા ૯ ાા મુગ્ધલોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ; કુડકપટ બહુ કેળવીજી, પાપતણો કરૂં સંચરે; જિનજી ાા મુજ૦ ાા ૧૦ ાા મન ચંચળ ન રહે કીમેજી, રાચે રમણીરે રૂપ; કામ વિટં-બણુ શી કહુંજી, પડીશ હું દુર્ગતિ કૂપરે; જિનજી ાા મુજ૦ ાા ૧૧ ાા કિશ્યા કહું ગુણુ માહરાજી, કિશ્યા કહું અપવાદ; જેમ જેમ સંભારૂં હૈયેજી, તેમ તેમ વાધે વિખવાદરે; જિનજી ાા મુજ૦ ાા ૧૨ ાા ગિરૂઆ તે નવિ લેખ-વેજી, નિગુણુ સેવકની વાત; નીચ તણે પણુ મંદિરેજી, ચંદ્ર ન ટાળે જયોતરે; જિનજી ાા મુજ૦ ાા ૧૩ ાા નિગુણુ તો પણુ તાહરોજી, નામ ધરાવ્યું દાસ; કૃપા કરી સંભારજોજી, પૂરજો મુજ મન આશરે; જિનજી ાા મુજ૦ ાા ૧૪ ાા પાપી જાણી મુજ ભણીજી, મત મૂકોરે વિસાર; વિખ હળાહળ આદર્યોજી,

[1]ઇશ્વર ન તજે તાસરે; જિનજી ॥ મુજ૦ ॥૧૫॥ ઉત્તમ ગુણકારી હુએજી, સ્વાર્થ વિના સુજાણ; કરસણ સિંચે સર ભરેજી, મેહ ન માગે દાણરે; જિનજી ॥ મુ૦ ॥ ૧૬ ॥ તું ઉપગારી ગુણ નિલોજી, તું સેવક પ્રતિપાળ; તું સમરથ સુખ પૂરવાજી, કર માહરી સંભાળરે; જિનજી ॥ મુજ૦ ॥ ૧૭ ॥ તુજને શું કહીએ ઘણુંજી, તું સૌ વાતેરે જાણ; મુજને થાજો સાહિબાજી, ભવ ભવ તાહરી આણરે; જિનજી ॥ મુજ૦ ॥ ૧૮ ॥ નાભિરાયા કુલ ચંદલોજી, મારૂદેવીનો નંદ; કહે જિન હરખ નિવાજજ્યોજી, દેજો પરમાનંદરે; જિનજી મુજ પાપીને તાર ॥ ૧૯ ॥

( ૨૭ )

નિલુડી રાયણ તરૂ તળે, સુણ સુંદરી; પિલુડાં પ્રભુના પાય રે, ગુણમંજરી ॥ ઉજવળ ધ્યાને ધ્યાઇએ, સુણ૦ ॥ એહીજ મુક્તિ ઉપાય રે ॥ ગુણ૦ ॥ ૧ ॥ શિતળ છાંયાએ બેશીએ,

---

૧ શંકર.

સુણુ૦ રાતડો કરી મન રંગ રે ॥ ગુણુ૦ ॥ પૂજીએ સોવન ફૂલડે, સુણુ૦ ॥ જેમ હોય પાવન અંગરે ॥ ગુણુ૦ ॥ ૨ ॥ ખીર ઝરે જેહ ઉપરે, સુણુ૦ ॥ નેહ ધરીને એહ રે ॥ ગુણુ૦ ॥ ત્રીજે ભવે તે શિવ લહે, સુણુ૦ ॥ થાયે નિર્મળ દેહ રે ॥ ગુણુ૦ ॥ ૩ ॥ પ્રીત ધરી પ્રદક્ષિણા સુણુ૦ ॥ દીએ એહને જે સાર રે ॥ ગુણુ૦ ॥ અભંગ પ્રીતિ હોય જેહને, સુણુ૦ ॥ ભવ ભવ તુમ આધાર રે ॥ ગુણુ૦ ॥ ૪ ॥ કુસુમ ફળ પત્ર મંજરે, સુણુ૦ ॥ શાખા થડ ને મૂળ રે ॥ ગુણુ૦ ॥ દેવતણા વાસાય છે ॥ સુણુ૦ ॥ તીરથને અનુકૂળ રે ॥ ગુણુ૦ ॥ ૫ ॥ તીરથ ધ્યાન ધરો મુદા, સુણુ૦ ॥ સેવો એહની છાંય રે ॥ ગુણુ૦ ॥ જ્ઞાનવિમળ ગુણ ભાખિયો, સુણુ૦ ॥ શેતરૂંજા મહાતમ માંહ્ય રે ॥ ગુણુ૦ ॥ ૬ ॥

( ૨૮ )

દેશી--( ક્યાંથી આ સંભળાય મધુર સ્વર. )

મેરે તો જાના શીતલ રાયણ છાંય ॥

અંચલી ।। મરૂદેવીનંદન શીતલચંદન, રંજીત ઋષભના પાય ।। મે૦ ।। ૧ ।। નીલવરણદલ નિર્મલ માલા, શિવવધુ ખડી રહી આય ।। મે૦ ।। ।। ૨ ।। ક્યારી કપૂર સુધારસ સીંચી, માનું હિમગિરિ રાય ।। મે૦ ।। ૩ ।। સુરતરૂ સુરસમ ભોગકો દાતા, યહ નિજગુણ સમુદાય ।। મે૦ ।। ।। ૪ ।। આતમ અનુભવ રસ ઇહાં પ્રગટી, કાંતિ સુરનદી કાય૦ ।। મે૦ ।। ૫ ।।

( ૨૯ )

## શ્રી પુંડરીકસ્વામીનું સ્તવન.

એક દિન પુંડરીક ગણધરૂરે લાલ, પૂછે શ્રી આદિજીણંદ સુખકારીરે; કહીએ[1] તે ભવજળ ઊતરીરે લાલ, પામીશ પરમાનંદ ભવવારીરે ।। એક૦ ।। ૧ ।। કહે જિન ઇણિગિરિ પામશોરે લાલ, જ્ઞાન અને નિરવાણ, જયકારીરે; તીરથમહિમા વાધશેરે લાલ, અધિક અધિક

---

[1] ક્યારે.

મંડાણુ નિરધારીરે ॥ એક૦ ॥ ૨ ॥ ઇમ નિસુણીને ઇહાં આવીયારે લાલ, ઘાતિ કરમ કર્યાં દૂર, તમ વારીરે; પંચક્રોડ મુનિ પરિવર્યારે લાલ, હુઆ સિદ્ધિ હજુર, ભવપારીરે ॥ એક૦ ॥ ૩ ॥ ચૈત્રી પૂનમ દિન કીજીએરે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારીરે; ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગારે લાલ, લોગસ્સ થુઇ નમુક્કાર, નરનારીરે ॥ એક૦ ॥ ૪ ॥ દશ વીશ તીશ ચાલીશ ભલારે લાલ, પચાસ પુષ્પની માળ અતિ સારીરે; નરભવ લાહો લીજીએરે લાલ, જેમ હોય જ્ઞાન વિશાળ, મનોહારીરે ॥ એક૦ ॥ ૫ ॥

( ૩૦ )

( રશીઆની દેશી. )

પ્રણમો પ્રેમે પુંડરીક રાજીઓ, ગાજીઓ જગમાંરે એહ ॥ સૌભાગી ॥ જાત્રારે જાતાંરે પગે પગે નિરજરે, બહુ ભવસંચિત ખેહ; સૌ૦ ॥ પ્રણમો૦ ॥ ૧ ॥ પાપ હોય વજ્રલેપ સમોવડે, તે પણ જાયે દૂર ॥ સૌ૦ ॥ જો એ ગિરિનું

દર્શન કીજીએ, ભાવભક્તિ ભરપૂર ॥ સૌ૦ ॥
પ્રણમો૦ ॥ ૨ ॥ ગૌહત્યાદિક હત્યા પંચ છે,
કારક તેહના જે હોય ॥ સૌ૦ ॥ તે પણ એ
ગિરિ દરશન જો કરે, પામે શિવગતિ સોય
॥ સૌ૦ ॥ પ્રણમો૦ ॥ ૩ ॥ શ્રી શુકરાજા નર-
પતિ ઈણુગિરિ, કરતો જિનવર ધ્યાન ॥સૌ૦॥
ષટમાસે રિપુ વિલય ગયા, વાધ્યો અધિક તસ
વાન ॥ સૌ૦ ॥ પ્રણમો૦ ॥ ૪ ॥ ચંદ્રશેખર
નિજ ભગિની ભોગવી, પાપ કીધો મહંત ॥સૌ૦॥
તે પણ એ તીરથ આરાધતાં, પામ્યો શુભ ગતિ
સંત ॥ સૌ૦ ॥ પ્રણમો ॥ ૫ ॥ મોર સર્પ
વાઘણ પ્રમુખ બહુ, જીવ છે જે વિકરાળ ॥સૌ૦॥
તે પણ એ ગિરિ દરિશન પુન્યથી, પામે સુગતિ
વિશાળ ॥ સૌ૦ ॥ પ્રણમો ॥ ૬ ॥ એવો
મહિમા એ તીરથ તણો, ચૈત્રી પૂનમે વિશેષ
॥ સૌ૦ ॥ શ્રી વિજયરાજ સૂરીશ્વર શિષ્યનો,
દાન ગયાં દુઃખ લેશ ॥ સૌ૦ ॥ પ્રણમો ॥૭॥

## ( ૩૧ )
## શ્રી પંચતીર્થ સ્તવન.

હે સાહેબજી, નેકનજર કરી નાથ સેવકને તારો ॥ હે સાહેબજી, મહેર કરી પૂજાનું ફળ મને આલો ॥ પ્રભુ તુજ મૂરતિ મોહનવેલી, પૂજે સૂર અપછરા અલબેલી; વર ઘનસાર કેસરશું ભેળી ॥ હે સાહેબજી૦ ॥ ૧ ॥ સિદ્ધાચળ તીર્થ ભવિ સેવો, ચૌદ ક્ષેત્રે તીરથ નહિં એવો; એમ બોલે દેવાધિદેવો ॥ હે સાહેબજી૦ ॥ ૨ ॥ ગિરનારે જઈએ નેમ પાસે, ઇહાં ભાવિજિન સિદ્ધ જાશે;[૧] જસ ધ્યાને પાતિકડાં નાસે ॥ હે સાહેબજી૦ ॥॥ ૩ ॥ આબુગઢે આદિ જિન રાયા, નેમનાથ શિવાદેવી જાયા; જસ ચોસઠ ઇંદ્રે ગુણ ગાયા ॥ હે સાહેબજી૦ ॥ ૪ ॥ વળી સમેતશિખરે જગના ઇશ, ગયા મોક્ષે જિનરાજ વીશ; ધ્યેય ધ્યાવો ભવિજન નિશદિશ

---

૧. આવતી ચોવીશીના ૨૨ પ્રભુ ત્યાં મોક્ષે જવાના છે.

॥ હે સાહેબજી૦ ॥ ૫ ॥ અષ્ટાપદે સકળ કર્મ ટાળી, પ્રભુ વરીયા શિવવધુ લટકાળી; આદીશ્વર પૂજતાં દીવાળી ॥ હે સાહેબજી૦ ॥ ૬ ॥ એ તીરથ પ્રણમો મનરંગે, વળી પૂજો પ્રભુને નવ અંગે; કહે ધર્મચંદ્ર અતિ ઉમંગે ॥ હે સાહેબજી૦ ॥ ૭ ॥

( ૩૨ )

## શ્રી શાન્તિનાથ જિન સ્તવન.

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ અનુકૂલમેં હો જિનજી; તું મેરા મનમેં, તું મેરા દિલમેં, ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી ॥ તું મેરા૦ ॥ ભવમાં ભમતાં મેં દરિશન પાયો; આશા પૂરો એક પલમેં હો જિનજી ॥ તું મેરા૦ ॥ ૨ ॥ નિર્મલ જયોત વદનપર સોહે; નિકસ્યો જયું ચંદ વાદળમેં હો જિનજી ॥ તું મેરા૦ ॥ ૩ ॥ મેરો મન તુમ સાથે લીનો; મીન વસે જયું જળમેં સાહેબજી ॥ તું મેરા૦ ॥૪॥

જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર; દીઠોજી દેવ સકળમેં હો જિનજી ॥ તું મેરા૦ ॥ ૫ ॥

( ૩૩ )

સુણ દયાનિધિ, તુજ પદપંકજ મુજ મન મધુકર લીનો ॥ પ્રભુ અચિરા માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુળ આયો; એક ભવમાં દોય પદવી પાયો ॥ સુણ દયાનિધિ૦ ॥ તું તો રાતદિવસ રહે સુખભિનો ॥ સુણ૦ ॥ ૧ ॥ પ્રભુ ચક્રી જિનપદનો ભોગી, શાન્તિ નામ થકી થાય નીરોગી; તુજસમ અવર નહિં દુજો યોગી ॥ સુણ દયાનિધિ૦ ॥ ૨ ॥ ખટ-ખંડતણો પ્રભુ તું ત્યાગી, નિજ આતમ રિદ્ધિતણો રાગી; તુજ સમ અવર નહિ વૈરાગી ॥ સુણ દયાનિધિ૦ ॥૩॥ વડવીર થયા સંજમધારી, લહે કેવળ દુગ[1] કમળા[2] સારી; તુજસમ અવર નહિં ઉપગારી ॥ સુણ દયાનિધિ૦ ॥૪॥ પ્રભુ મેઘરથ ભવ ગુણખાણી, પારેવા ઉપર કરૂણા આણી; નિજ શરણે

૧ જ્ઞાન દર્શન. ૨ લક્ષ્મી.

રાખ્યો સુખખાણી ।। સુણ દયાનિધિ૦ ।। ૫ ।। પ્રભુ કર્મકટક ભવભય ટાળી, નિજ આતમ ગુણને અજુવાળી; પ્રભુ પામ્યા શિવવધુ લટકાળી ।। સુણ દયાનિધિ૦ ।। ૬ ।। સાહેબ એક મુજરો માનીજે, નિજ સેવક ઉત્તમ પદ દીજે; રૂપ કિર્ત્તિ કરે તુજ જીવવિજે ।। સુણ દયાનિધિ૦ ।। ૭ ।।

( ૩૪ )

શાંતિ પ્રભુ વિનતિ એક મારીરે, તારી આંખડી કામણગારી ।। શાંતિ૦ ।। વિશ્વસેન રાજા તુજ તાયરે, રાણી અચિરાદેવી માય રે; તું તો ગજપૂર નગરીનો રાય ।। શાંતિ૦ ।।૧।। પ્રભુ સોવન કાંતિ બિરાજે રે, મુકુટે હીરા મણિ છાજે રે; તારી વાણી ગંગાપુર ગાજે ।। શાંતિ૦ ।। ૨ ।। પ્રભુ ચાલીશ ધનુષની કાયારે, ભવિજનના દિલમાં ભાયારે; કાંઇ રાજ રાજેસર રાયા ।। શાંતિ૦ ।। ૩ ।। પ્રભુ મ્હારા છો અંતરજામીરે, કરૂં વિનતિ હું શિરનામીરે; ચઉદ

રાજના છો તુમે સ્વામી ॥ શાંતિ૦ ॥ ૪ ॥ પ્રભુ પર્ષદા બારે માંહે રે, દીયે દેશના અધિક ઉચ્છાહે રે; પ્રભુ અંગીએ ભેટ્યા ઉમાહે. ॥ શાંતિ૦ ॥ ૫ ॥ શ્રાવક શ્રાવિકા બહુ પુણ્યવંતારે, શુભ કરણી કરે મહંતારે; શાંતિનાથના દરિસણ કરતા ॥ શાંતિ૦ ॥ ૬ ॥ સંવત અઢાર અઠ્ઠાણું ઓસારરે, માસકલ્પ કર્યો તિણિ વારરે; સૂરિ મુક્તિપદના ધાર ॥ શાંતિ૦ ॥ ૭ ॥

( ૩૫ )

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું; વામાનંદન જગદાનંદન[૧] જેહ સુધારસ ખાણી; મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી ॥ મોહન૦ ॥ ૧ ॥ ભવપટ્ટણ ચીહું દિશિ ચારે ગતિ, ચોરાશી લખ ચઉટા; ક્રોધ

૧ જગતને આનંદકારી.

માન માયા લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા ॥ મોહન૦ ॥ ૨ ॥ અનાદ નિગોદ તે બંધીખાને, તૃષ્ણા તોપે રાખ્યો; સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક આંકયો ॥ મોહન૦ ॥ ૩ ॥ ભવસ્થિતિ કર્મ વિવર લઇ નાઠો, પુણ્ય ઉદય પણ વાધ્યો; સ્થાવર વિકલેંદ્રિપણું ઓલંઘી, પંચેંદ્રિપણું લાધ્યો ॥ મોહન૦ ॥ ૪ ॥ માનવ ભવ આરજ કુલ સદ્‌ગુરૂ; વિમલ બોધ મળ્યો મુજને; ક્રોધાદિક રિપુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને ॥ મોહન૦ ॥ ૫ ॥ પાટણ માંહે પરમ દયાલુ, જગત વિભૂષણ ભેટ્યા; સત્તર બાણું શુભ પરિણામે, કર્મ કઠીન બળ મેટ્યા ॥ મોહન૦ ॥ ૬ ॥ સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું; ખિમાવિજય જિન ચરણ રમણ સુખ, રાજ પોતાનું લીધું ॥ મોહન૦ ॥ ૭ ॥

( ૩૬ )

## શ્રી પાર્શ્વનાથ સ્તવન.

પરમપુરૂષ પરમાતમા સાહેબજી, પુરૂષાદાની પાસહો, શિવ સુખરા ભ્રમર થાશું વિનતી સાહેબજી ।। અવસર પામી ઓલગું સાહેબજી, સફળ કરો અરદાસ હો શિવ સુ૦ ।।૧।। દોય નંદન મોહ ભૂપરા સાહેબજી, તેણે કર્યો જગ ધંધોળ હો શિવ૦ ।। દ્વેષ ગજેંદ્ર રાગ કેસરી સાહેબજી, તેહના રાણા સોળહો શિવ૦ ।।૨।। મિથ્યા મહેતો આકરો સાહેબજી, કામ કટક સરદાર હો શિવ૦ ।। ત્રણ રૂપ કરી તે રમે સાહેબજી, હાસ્યાદિક પરિવાર હો શિવ૦ ।।૩।। મોહ મહીપરા જોરથી સાહેબજી, જગ સઘળો કર્યો ગેર હો શિવ૦ ।। હરિ હર નર સુર સહુ નમ્યા સાહેબજી, જકડી કર્મની જેર હો શિવ૦ ।।૪।। ભવસ્થિત ચઉગતિ ચોકમાં સાહેબજી, લોક કરે પોકાર હો શિવ૦ ।। આપ ઉદાસી થઇ રહ્યા સાહેબજી, એમ કેમ સરસે કામ હો

શિવ૦ ાાપાા ક્ષપક શ્રેણેરી ગજઘટા સાહિબજી, હલકારો અરિહંત હો શિવ૦ ાા જ્ઞાન ખડ્ગ મુજ કર દીઓ સાહિબજી, ક્ષણમાં કરૂં અરિ અંત હો શિવ૦ ાા૬ાા કરૂણાનયણ કટાક્ષથી સાહિબજી, રિપુદલ હોય વિસરાલ હો શિવ૦ ાા ક્ષમાવિજય જિન સંપદા સાહિબજી, પ્રગટે ઝાકઝમાલ હો શિવ૦ ાા ૭ ાા.

( ૩૭ )

## શ્રી પાર્શ્વજિન છંદ.

પાસ સંખેશ્વરા સારકર સેવકા, દેવ કાં એવડી વાર લાગે ? કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકરા ચાકુરા માન માગે; પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો; મુજ મહીરાણ મંજુષમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો; જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે; મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ

મોંઘે; ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષણે ત્રીકમે[1] તુજ સંભાર્યો; પ્રગટ પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભકતજન તેહનો ભય નિવાર્યો; આદિ અનાદિ અરિહંત તું એક છે, દિનદયાળ છે કુણુ દૂજો; ઉદયરત્ન કહે પ્રગટ પભુ પાસજી, પામી ભવ ભંજનો એહ પૂજો.

( ૩૮ )

## શ્રી મહાવીર જિન સ્તવન.

વીર જિનેશ્વર સાહેબ મેરા, પાર ન લહું તેરા; મેહેર કરી ટાળો મહારાજજી, જન્મ મરણના ફેરા; હો જિનજી ॥ અબ હું શરણે આવ્યો ॥૧॥ ગરભાવાસ તણાં દુઃખ મોટાં, ઉંધે મસ્તકે રહીયો; મળ મુતર માંહે લપટાણો એવાં દુઃખ મેં સહીયો; હો જિનજી ॥ અબ૦ ॥ ૨ ॥ નર્ક નિગોદમાં ઉપન્યો ને ચવિયો, સૂક્ષ્મ બાદર થઇઓ; વિંધાણો સૂઇને અગ્ર ભાગે, માનતિહાં

---

૧ કૃષ્ણે.

કિહાં રહીયો; હો જિનજી ॥ અબ૦ ॥ ૩ ॥ નરક તણી અતિ વેદના ઉલસી, સહી તે જીવે બહુ; પરમાધામીને વશ પડીઓ, તે જાણો તમે સહુ; હો જિનજી ॥ અબ૦ ॥ ૪ ॥ તિર્યંચ તણા ભવ કીધા ઘણેરા, વિવેક નહીં લગાર; નિશ્ચ-હિનનો વ્યવહાર ન જાણ્યો, કેમ ઉતરાયે પાર; હો જિનજી ॥ અબ૦ ॥ ૫ ॥ દેવતણી ગતિ પુન્યે હું પામ્યો, વિષયરસમાં ભીનો; વ્રત પચ્ચ-ખાણ ઉદય નવિ આવ્યાં, તાન માનમાંહે લીનો; હો જિનજી ॥અબ૦॥૬॥ મનુષ્યજન્મ ને ધર્મ સામગ્રી, પામ્યો બહુ પુન્યે; રાગ દ્વેષ માંહે છું બહુ ભળીઓ, ન ટળી મમતા બુધે; હો જિનજી ॥ અ૦ ॥ ૭ ॥ એક કંચન ને બીજી કામિની તે શું મનડું બાંધ્યું; તેના ભોગ લેવાને શૂરો, કેમ કરી જિનધર્મ સાધું ? હો જિનજી ॥ અબ૦ ॥ ૮ ॥ મનની દોડ કાધી અતિ ઝાઝી, હું છું કોક જડ જેવો; કલીકલી કલ્પ મેં જન્મ ગુમાયો, પુનરપિ પુનરપિ તેહવો; હો જિનજી

॥ અબ૦ ॥ ૯ ॥ ગુરૂ ઉપદેશમાં હું નથી ભીનો, નાવી સદ્દહણા સ્વામી; હવે વડાઇ જોઇએ તમારી, ખીજમત માંહે છે ખામી; હો જિનજી॥ અબ૦ ॥૧૦॥ ચાર ગતિમાંહે રડવડીઓ, તોએ ન સિધ્યાં કાજ; રિખભ કહે તારો સેવકને, બાંહે ગ્રહ્યાની લાજ; હો જિનજી ॥ અબ૦ ॥ ૧૧ ॥

( ૩૯ )

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયારે; સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મલ થાયે કાયારે ॥ ગિ૦॥૧॥ તુમગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નિર્મલ થાઉંરે; અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે ॥ ગિ૦ ॥ ૨ ॥ ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જળ નવિ પેસેરે; જે માલતી ફૂલે મોહીયા, તે બાવળ જઇ નવિ બેસેરે ॥ ગિ૦ ॥૩॥ એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે; તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યારે ॥ ગિ૦ ॥ ૪ ॥ તું ગતિ તું મતિ

આશરો, તું આલંબન મુજ પ્યારોરે; વાચક યશ કહે માહરે, તું જીવન જીવ આધારોરે ॥ ગિ૦ ॥ ૫ ॥

( ૪૦ )

તાર હો તાર પ્રભુ મુઝ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે; દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો, દયાનિધિ દીનપર દયા કીજે ॥ તા૦ ॥ ૧ ॥ રાગ દ્વેષે ભર્યો, મોહવૈરી નડયો, લોકની રીતમાં ઘણું એ રાતો; ક્રોધવશ ધમધમ્યો; શુદ્ધ ગુણ નવિ રમ્યો, ભમ્યો ભવમાંહિ હું વિષય માતો ॥ તા૦ ॥ ૨ ॥ આદર્યું આચરણ લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ ન કાંઇ કીધો; શુદ્ધ શ્રદ્ધાન વળી, આત્મ અવલંબ વિનુ, તેહવો કાર્ય તિણે કોન સિધ્યો ॥ તા૦ ॥ ૩ ॥ સ્વામિ દરિસણ સમો, નિમિત્ત લહિ નિર્મળો, જો ઉપાદાન એ શુચિ ન થાશે; દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો, સ્વામિ સેવા લહી નિકટ લાશે ॥ તા૦ ॥ ૪ ॥ સ્વામિ ગુણ

ઓળખી, સ્વામિને જે ભજે, દરિસણ શુદ્ધતા તેહ પામે; જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુક્તિધામે ॥ તા૦ ॥ ૫ ॥ જગતવત્સલ મહાવીર જિનવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો; તારજો બાપજી, બિરૂદ નિજ રાખવા, દાસની સેવના રખે જોશો ॥ તા૦ ॥ ૬ ॥ વિનતિ માનજો, શક્તિ એ આપજો, ભાવસ્યાદ્વાદતા શુદ્ધ ભાસે; સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે ॥ તા૦ ॥ ૭ ॥

( ૪૧ )

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર; ભવ મંડપમાં રે નાટક નાચિયો, હવે મુજ દાન દેવાડ; હવે મુજ પાર ઉતાર ॥ સિ-દ્ધા૦ ॥ ૧ ॥ ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવેરે સંતાપ; દાન દેયંતા રે પ્રભુ કોસીર કિસી, આપો પદવી રે આપ ॥ સિદ્ધા૦ ॥ ૨ ॥ ચરણ અંગુઠે મેરૂ કંપાવીયો, સુરનાં મોડ્યાં

રે માન; અષ્ટ કર્મનોરે ઝગડો જીતવા, દીધાં વરસી રે દાન ॥ સિદ્ધા૦ ॥ ૩ ॥ શાસનનાયક શિવસુખદાયક, ત્રિસલા કુખે રતન; સિદ્ધારથનો રે વંશ દીપાવીયો, પ્રભુજી તમે ધન્ય ધન્ય ॥ સિદ્ધા૦ ॥ ૪ ॥ વાચક શેખર કીર્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય; ધર્મ તણે રસ જિન ચોવીશમા, વિનયવિજય ગુણ ગાય ॥ સિદ્ધા૦ ॥ ૫ ॥

( ૪૨ )

## શ્રી તાલધ્વજ-તલાજા તીર્થ સ્તવન.

( ઝિંદ કાફી-તાલ દીપચંદી )

કરરે કરરે કરરે સુમતિ જિના,
દર્શન શુદ્ધ મન કરરે- અંચલી

તાલધ્વજ ગિરિમંડન પ્રભુજી,
ખંડન અઘ દલ કરરે;
અભ્યંતર શત્રુને જીતી,
નામ શત્રુંજય ધરરે ॥ ૪ ॥ સુ ॥ ૧ ॥

સુમતિનાથ પ્રભુ સુમતિ દાતા,
કુમતિ કુગતિ પથ હરરે;
સમિતિ ગુપ્તિથી સુગતિ સાધી,
અચર અટર પદ વરરે ॥ ૪ ॥ સુ ॥ ૨ ॥

પંચમ પ્રભુ પંચમ ગતિ સ્વામી,
પંચમ જ્ઞાન પ્રખરરે;
પાયો પાંચ મહાવ્રત સાધી,
આશ્રવ પાંચ વિખરરે ॥ ૪ ॥ સુ ॥ ૩ ॥

હું પ્રભુ દીન તું દીનદયાળુ,
કર કરૂણા દીન પરરે;
નાથ સેવકને નીજસમ કીજે,
તારક વિરૂદ સિમરરે ॥ ૪ ॥ સુ ॥ ૪ ॥

પુણ્યોદય ભટકત પ્રભુ પાયો,
આતમ લક્ષ્મી ધરરે;
હર્ષ ધરી વલ્લભ ગુણ ગાવે,
જાવે ભવજલ તરરે ॥ ૪ ॥ સુ ॥ ૫ ॥

( ૪૩ )

## શ્રી સીમંધર જિન સ્તવન.

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો. મુજ વિનતડી, પ્રેમધરીને એણી પરે તુમે સંભળાવજો. જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે; જ્ઞાન દરિસણ જેહને ખાયક છે. સુણો૦ ૧. જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે; પુંડરિકગિણી નગરીનો રાયા છે. સુણો૦ ૨. બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે; ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦ ૩. ભવિજનને તે પડિબોહે છે, તુમ અધિક શીતળ ગુણ સોહે છે; રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪. તુમ સેવા કરવા રસીયો છું, પણ ભરતમાં દૂરે વસીયો છું; મહામોહરાય કર ફસીયો છું. સુણો૦ ૫. પણ સાહિબ ચિત્તમાં ધરીઓ છે, તુમ આણા ખડ્ગકર ગ્રહીઓ છે; પણ કાંઇક મુજથી ડરીઓ છે. સુણો૦ ૬. જીન ઉત્તમ પુંઠ

હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો; તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ૭.

( ૪૪ )

## શ્રી તીર્થમાલાનું સ્તવન.

શેત્રુંજે ઋષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે ॥ સિધ્ધ્યા સાધુ અનંત, તીરથ તે નમું રે ॥ ત્રણ કલ્યાણિક તિહાં થયાં, મુગતે ગયા રે ॥ નેમિસર ગિરનાર ॥ તી૦ ॥ ૧ ॥ અષ્ટાપદ એક દેહરો, ગિરિ સેહરો રે ॥ ભરતે ભરાવ્યાં બિંબ ॥ તી૦ ॥ આબુ ચૌ-મુખ અતિ ભલો, ત્રિભુવન તિલો રે ॥ વિમલ વસહિ વસ્તુપાલ ॥ તી૦ ॥ ૨ ॥ સમેતશિ-ખર સોહામણો, રળીયામણો રે ॥ સિધ્ધ્યા તીર્થંકર વીશ ॥ તી૦ ॥ નયરી ચંપા નિ-રખીયે, હૈયે હરખીયે રે ॥ સિધ્ધ્યા શ્રી વા-સુપૂજ્ય ॥ તી૦ ॥ ૩ ॥ પૂર્વદિશે પાવાપુરી, ઋદ્ધે ભરી રે ॥ મુક્તિ ગયા મહાવીર ॥ ॥ તી૦ ॥ જેસલમેર જુહારીયે, દુઃખ વારીયે

રે ॥ અરિહંત બિંબ અનેક ॥ તી૦ ॥ ૪ ॥ વિકાનેરજ વંદિયે, ચિરનંદીયે રે ॥ અરિહંત દેહરાં આઠ ॥ તી૦ ॥ સોરિસરો સંખસરો, પંચાસરો રે ॥ ફલોધી થંભણપાસ ॥ તી૦ ॥ ॥ ૫ ॥ અંતરિક અજાવરો, અમીઝરો રે ॥ જીરાવલો જગનાથ ॥ તી૦ ॥ ત્રૈલોકય દી· પક દેહરો, જાત્રા કરો રે ॥ રાણપુરે રિસહેસ ॥ તી૦ ॥ ૬ ॥ શ્રીનાડુલાઇ જાદવો, ગોડી સ્તવો રે ॥ શ્રી વરકાણો પાશ ॥ તી૦ ॥ નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાં રે ॥ રૂચક કુંડલે ચાર ॥ તી૦ ॥ ૭ ॥ શાશ્વતી અશાશ્વતી, પ્રતિમા છતી રે ॥ સ્વર્ગ મૃત્યુ પાતાલ ॥ તી૦ ॥ તીરથ યાત્રા ફળ તિહાં, હોજો મુજ ઇહાં રે ॥ સમયસુંદર કહે એમ ॥ તી૦ ॥ ૮ ॥

( ૪૫ )

## શ્રી ગિરનારજીનું સ્તવન.

સહસાવન જઇ વસિયે, ચાલોને સખી સહસાવન જઇ વસિયે ॥ ઘરનો ધંધો કણુ·

અન પૂરે, જો કરીયે અહોનિશિયે ॥ ચા૦ ॥ પીયરમાં સુખ ઘડીય ન દીઠું, ભય કારણ ચઉદિશિયે ॥ ચા૦ ॥ ૧ ॥ નાક વિહુણા સ-યલ કુટુંબી, લજ્જા કિમપિ નપસિયે ॥ ॥ ચા૦ ॥ ભેળાં જમીયે ને નજર નહીસે, રહેવું ઘોર તમસીયે ॥ ચા૦ ॥ ૨ ॥ પીયર પાછલ છલ કરી મેહેલ્યું, સાસરીયે સુખ વસીયે ॥ ચા૦ ॥ સાસુડી તે ઘરઘર ભટકે, લોકને ચટકે ડસીયે ॥ ચા૦ ॥ ૩ ॥ કહેતાં સાસુ આવ હાંસુ, ભુંશીવ મુખ લઇ મ-શીયે ॥ ચા૦ ॥ કંત અમારો બાલોભોલો જાણે ન અસિ મસિ કસીયે ॥ ચા૦ ॥ ૪ ॥ જુઠાબોલી કલહણ શીલા, ઘરઘર શુની જ્યૂં ભસીય ॥ ચા૦ ॥ એ દુઃખ દેખી હઇડું મુંઝે, દુર્જનથી દૂર ખસીયે ॥ ચા૦ ॥ ૫ ॥ રેવતગિરિનું ધ્યાન ન ધરીયું, કાળ ગયો હસ-મશીયે ॥ ચા૦ ॥ શ્રી ગિરનારે ત્રણ કલ્યાણક, નેમી નમન ઉલ્લસીયે ॥ ચા૦ ॥ ૬ ॥ શિવ વરશે ચોવીશ જિનેશ્વર, અનાગત ચઉવીશીય ॥

ચા૦ ॥ કૈલાસ ઉજ્જયંત રૈવત કહીયે, શરણુ ગિરિને ફરસીયે ॥ ચા૦ ॥ ૭ ॥ ગિરનાર નંદભદ્ર એ નામે, આરે આરે છ બ્રવસિયે ॥ ચા૦ ॥ દેખી મહીતલ મહિમા મહોટો, પ્રભુ ગુણુ જ્ઞાન વસિયે ॥ ચા૦ ॥ ૮ ॥ અનુભવ રંગ વાધે તેમ પૂજો, કેસર ઘસી ઓરશીએ ॥ ચા૦ ॥ ભાવ સ્તવ સુત કેવલ પ્રગટે, શ્રી શુભવીર વિલસીયે ॥ ચા૦ ॥ ૯ ॥

( ૪૬ )

## શ્રી આબુજીનું સ્તવન.

આદિ જિણેસર પૂજતાં દુ:ખ મેટો રે, આબુગઢ દ્દઢ ચિત્ત ॥ ભવિ જઈ ભેટોરે ॥ દેલવાડે દેહેરાં નમી ॥ દુ૦ ॥ ચાર પરિમિત નિત્ય ॥ ભ૦ ॥ ૧ ॥ વીશ ગજબળ પદ્માવતી ॥ દુ:ખ૦ ॥ ચક્કેસરી દ્રવ્ય આણુ ॥ ભ૦ ॥ શંખ દીયે અંબી સુરી ॥ દુ:ખ૦ ॥ પંચ કોશ વહે બાણુ ॥ ભ૦ ॥ ૨ ॥ બાર પાદશાહ જીતીને ॥ દુ:ખ૦ ॥ વિમલ મંત્રી આલ્હાદ ॥ ભ૦ ॥

દ્રવ્ય ભરી ધરતી કીયો ॥.દુઃખ૦ ॥ ઋષભદેવ
પ્રાસાદ ॥ ભ૦ ॥ ૩ ॥ બિહુત્તર અધિકાં આઠ-
શેં ॥ દુઃખ૦ ॥ બિંબ પ્રમાણુ કહાય ॥ ભ૦ ॥
પન્નરસેં કારીગરે ॥ દુઃખ૦ ॥ વરસ ત્રિકે તે
થાય ॥ ભ૦ ॥ ૪ ॥ દ્રવ્ય અનુપમ ખરચિયો ॥
દુઃખ૦ ॥ લાખ ત્રેપન બાર કોડ ॥ ભ૦ ॥ સં-
વત દશ અઠ્ઠાશીયે ॥ દુઃખ૦ ॥ પ્રતિષ્ટા કરી
મન હોડ ॥ ભ૦ ॥ ૫ ॥ દેરાણી જેઠાણીના
ગોખલા ॥ દુઃખ૦ ॥ લાખ અઢાર પ્રમાણુ ॥
ભ૦ ॥ વસ્તુપાળ તેજપાળની ॥ દુઃખ૦ ॥ એ
દોય કાંતા જાણુ ॥ ભ૦ ॥ ૬ ॥ મૂલનાયક
નેમીસરૂ ॥ દુઃખ૦ ॥ ચારશેં અડસઠ્ઠ બિંબ ॥
ભ૦ ॥ ઋષભ ધાતુમય દેહરે ॥ દુઃખ૦ ॥ એક-
સો પિસ્તાલીશ બિંબ ॥ ભ૦ ॥ ૭ ॥ ચઉમુખ
ચૈત્ય જૂહારીયે ॥ દુઃખ ॥ કાઉસ્સગીયા ગુણુ-
વંત ॥ ભ૦ ॥ બાણું મિત્ત તેમાં કહું ॥દુઃખ૦
અગન્યાસી અરિહંત ॥ ભ૦ ॥ ૮ ॥ અચલગઢે
પ્રભુજી ઘણા ॥ દુઃખ૦ ॥ જાત્રા કરો હુશિયાર
॥ ભ૦ ॥ કોડી તપે ફળ જે લહે ॥ દુઃખ૦ ॥

તે પ્રભુ ભક્તિ વિચાર ॥ ભ૦ ॥ ૯ ॥ સાલંબન નિરાલંબને ॥દુ:ખ૦॥ પ્રભુધ્યાને ભવપાર ॥ ભ૦ ॥ મંગલ લીલા પામીયે ॥ દુ:ખ૦ ॥ વીરવિજય જયકાર ॥ ભ૦ ॥ ૧૦ ॥ ઇતિ ॥

( ૪૭ )

## શ્રી અષ્ટાપદજીનું સ્તવન.

ચઉ અઠ દસ દોય વંદીયેજી, વર્ત્તમાન જગદીશ રે ॥ અષ્ટાપદગિરિ ઉપરેજી, નમતાં વાધે જગીશ રે ॥ ચ૦ ॥ ૧ ॥ ભરત ભરત પતિ જિનમુખેજી, ઉચ્ચરીયાં વ્રત બાર રે ॥ દર્શન શુદ્ધિને કારણેજી, ચોવીશ પ્રભુનો વિહાર રે ॥ ચ૦ ॥ ૨ ॥ ઉંચપણે કોશ તિગ કહ્યુંજી, યોજન એક વિસ્તાર રે ॥ નિજ નિજ માન પ્રમાણ ભરાવીયાંજી, બિંબ સ્વપર ઉપગાર રે ॥ ચ૦ ॥ ૩ ॥ અજિતાદિક ચઉ[1]દાહિણેજી, પછીમે [2]પઉમાઇ આઠ રે ॥ અનંત

૧ દક્ષિણ. ૨ પદ્મપ્રભાદિ.

આદે દશ ઉત્તરેજી, પૂર્વે ઋષભ વીર પાઠ રે ॥ ચ૦ ॥ ૪ ॥ ઋષભ અજિત પૂરવે રહ્યાજી, એ પણ આગમ પાઠ રે ॥ આતમશકિતયે કરે જાત્રાજી, તે ભવ મુકિત વરે હુણી આઠ રે ॥ ચ૦ ॥ ૫ ॥ દેખો અચંભો શ્રી સિદ્ધાચલેજી, હુઆ અસંખ્ય ઉદ્ધાર રે ॥ આજ દિને પણ ઇણે ગિરેજી, ઝગમગ ચૈત્ય ઉદાર રે ॥ ચ૦ ॥ ૬ ॥ રહેશે ઉત્સર્પિણી લગેજી, દેવ મહિમા ગુણ દાખ રે ॥ સિંહ નિષદ્યાદિક થિરપણેજી, વસુદેવ હિંડની શાખ રે ॥ ચ૦ ॥ ૭ ॥ કેવલી જિન-મુખમેં સુણ્યુંજી, ઇણ વિધે પાઠ પઠાય રે ॥ શ્રી શુભવીર વચન રસેજી, ગાયો ઋષભ શિવ-ઠાય રે ॥ ચ૦ ॥ ૮ ॥

( ૪૮ )

## શ્રી સમેતશિખરજીનું સ્તવન.

તુંહી નમો નમો સમેતશિખર ગિરિ, આદીશ્વર અષ્ટાપદ સિદ્ધા, વાસુપૂજ્ય મુકતે, ચંપાપુરી ॥ તું૦ ॥ ૧ ॥ નેમ ગયા ગિરનારે,

વીર પાવન પાવાપુરી ॥ તું૦ ॥૧॥ વીશે ટુંકે વીશ જિનેસર, સિદ્ધા અણુસણુ આદરી ॥ તું૦ ॥ જ્યોતિસ્વરૂપે હુઆ જગદીશ્વર, અષ્ટ કર્મનો ક્ષય કરી ॥ તું૦ ॥ ૨ ॥ પશ્ચિમ દિશિ શત્રું-જય તીરથ, પૂરવ સમેતશિખર ગિરિ ॥ તું૦ ॥ મોક્ષનગરના દોયે દરવાજા, ભવિક જીવ રહ્યા સંચરી ॥ તું૦ ॥ ૩ ॥ જગવ્યાપક જે અક્ષર સાહેબ, પાપ સંતાપ કાટન ગિરિ ॥ તું૦ ॥ મોહોટું તીરથ મોહોટો મહિમા, ગુણ ગાવત સુરાસુરી ॥ તું૦ ॥ ૪ ॥ વિષમ પાહાડ ઉજા-ડમેં ચિહું દિશિ, ચોર ચરડ રહ્યા સંચરી ॥તું૦॥ ભયંકર ડુંગર ભ્રમી ડરાવણુ, દેખત ડુંગર થર-હરી ॥ તું૦ ॥ ૫ ॥ સંવત સત્તરશેં ચુમ્માલે ચૈતર શુદિ ચોથે ધરી ॥ તું૦ ॥ કહે જિનહર્ષ વીશે ટુંકે, ભાવશું ચૈત્યવંદન કરી ॥ તું૦ ॥૬॥

( ૪૯ )

## શ્રી દીવાલીનું સ્તવન.

મારગ દેસક મોક્ષનો રે, કેવલજ્ઞાન નિધાન;

ભાવ દયા સાગર પ્રભુ રે, પર ઉપગારી પ્રધાન રે ॥ ૧ ॥ વીરપ્રભુ સિદ્ધ થયા ॥ સંઘ સકલ આધાર રે, હવે ઇણ ભરતમાં ॥ કોણુ કરશે ઉપગાર રે ॥ વીર૦ ॥ ૨ ॥ નાથ વિહૂણું સૈન્ય જ્યું રે, વીર વિહૂણો રે સંઘ ॥ સાધે કોણુ આધારથી રે, પરમાનંદ અભંગ રે ॥ વીર૦ ॥ ૩ ॥ માતા વિહૂણો બાળ જ્યું રે, અરહો પરહો અથડાય ॥ વીર વીહૂણા જીવડા રે, આકુલ વ્યાકુલ થાય રે ॥ વીર૦ ॥ ૪ ॥ સંશય છેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય ॥ જે દીઠે સુખ ઉપજે રે, તે વિણુ કેમ રહેવાય રે ॥ વીર૦ ॥ ૫ ॥ નિર્યામક ભવસમુદ્રનો રે, ભવઅડવી સથ્થવાહ ॥ તે પરમેશ્વર વિણુ મળે રે, કેમ વાધે ઉત્સાહ રે ॥ વીર૦ ॥ ૬ ॥ વીરથકાં પણુ શ્રુતતણો રે, હતો પરમ આધાર ॥ હવે ઇહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સાર રે ॥ વીર૦ ॥ ૭ ॥ ત્રણુ કાળે સવિ જીવને રે, આગમથી આણુંદ ॥ સેવો ધ્યાવો ભવિજનારે, જિન પાડમા સુખકંદ રે ॥ વીર૦ ॥ ૮ ॥ ગણુધર

આચારજ મુનિ રે સહુને ઇણિપરે સિદ્ધ ॥ ભવભવ આગમ સંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે ॥ ॥ વીર૦ ॥ ૯ ॥ ઇતિ ॥

( ૫૦ )

## શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

સિદ્ધચક્રને ભજીએ રે, કે ભવિયણ ભાવ ધરી ॥ મદ માનને તજીએ રે, કે કુમતા દૂર કરી ॥ એ આંકણી ॥ પેહલે પદે રાજે રે, કે અરિહંત શ્વેતતણું ॥ બીજે પદે છાજે રે, કે સિદ્ધ પ્રગટ જાણું ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥ ત્રીજે પદે પીળાં રે, કે આચારજ કહીએ ॥ ચોથે પદે પાઠક રે, કે નીલવરણ લહીએ ॥ સિદ્ધ૦ ॥૨॥ પાંચમે પદે સાધુ રે, કે તપ સંજમ શૂરા ॥ શ્યામવરણે સોહે રે, કે દર્શન ગુણ પૂરા ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥ દર્શન નાણ ચારિત્ર રે, કે તપ સંજમ શુદ્ધ વરો ॥ ભવિ ચિત્ત આણી રે, કે હૃદયમાં ધ્યાન ધરો ॥ સિદ્ધ૦ ॥૪॥ સિદ્ધચક્રને ધ્યાને રે, કે સંકટ ભય ન આવે ॥ કહે ગૌતમ વાણી રે, કે અમૃતપદ પાવે ॥ સિદ્ધ૦ ॥ ૫ ॥ ઇતિ॥

# નવઅંગ પૂજા.

## ( દુહા. )

જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત; રિષભ ચરણ અંગુઠડે, દાયક ભવજળ અંત ॥ ૧ ॥ જાનુબલે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ; ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥ ૨ ॥ લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન; કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુ માન ॥ ૩ ॥ માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત; ભૂજાબલે ભવજળ તર્યા; પૂજો ખંધ મહંત ॥ ૪ ॥ સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત; વસિયા તીણે કારણ ભવી, શિરશિખા પૂજંત ॥ ૫ ॥ તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત; ત્રિભુવનતિલક સમા પ્રભુ, ભાલતિલક જયવંત ॥ ૬ ॥ સોળ પહોર પ્રભુ દેશના, કંઠ વિવર વર્તુલ; મધુર ધ્વનિ સુરનર સુણે, તેણે ગળે તિલક અમૂલ ॥ ૭ ॥ હૃદયકમળ ઉપશમ બલે, બાળ્યા રાગ ને

રોષ, હિમ દહે વન ખંડને હૃદય તિલક સંતોષ ॥ ૮ ॥ રત્નત્રયી ગુણ ઉજળી, સકળ સુગુણ વિશ્રામ; નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ ॥ ૯ ॥ ઉપદેશક નવતત્ત્વના, તીણે નવ અંગ જિણંદ; પૂજો બહુવિધ રાગ શું, કહે શુભવીર મુણીંદ ॥ ૧૦ ॥

---

# સ્તુતિઓ.

## ( ૧ )

## શ્રી સિદ્ધાચળ સ્તુતિ.

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર; ઠાકુર રામ અપાર ॥ મંત્ર માંહે નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું; [1]જળધર જળમાં જાણું ॥ પંખી માંહે જેમ ઉત્તમ હંસ, કુલમાંહે જેમ ઋષભનો વંશ; નાભિતણો જે અંશ ॥ ક્ષમાવંતમાં એ શ્રી અરિ-

---

૧ મેઘઘટા.

હંત, તપશૂરા મુનિવર મહંત; શત્રુંજયગિરિ ગુણવંત ॥ ૧ ॥ ઋષભ અજિત સંભવ અભિનંદા, સુમતિનાથ મુખ પુનમચંદા; પદ્મપ્રભુ સુખકંદા ॥ શ્રી સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ, શીતલ શ્રેયાંસ સેવો બહુ બુદ્ધિ; વાસુપૂજ્ય મતિ શુદ્ધિ ॥ વિમલ અનંત ધર્મ જિન શાંતિ, કુંથુ અર મલ્લિ નમું એકાંતિ; મુનિસુવ્રત શુદ્ધ પાંતિ ॥ નમિ નેમ પાસ વીર ચોવીશ, નેમ વિના એ જિન ત્રેવીશ; સિદ્ધગિરિ આવ્યા ઇશ ॥ ૨ ॥ ભરતરાય જિન સાથે બોલે, સ્વામી શત્રુંજય ગિરિ કુણ તોલે; જિનનું વચન અમો લે ॥ ઋષભ કહે સુણો ભરતજીરાય, છહરી પાલંતા જે નર જાય; પાતક ભૂકો થાય ॥ પશુ પંખી જે ઇણ ગિરિ આવે, ભવ ત્રીજે તે સિદ્ધ જ થાવે; અજરામર પદ પાવે ॥ જિનમતમેં શત્રુંજો વખાણ્યો, તે મેં આગમ દિલમાંહે જાણ્યો; સુણતાં સુખ ઉર આણ્યો ॥ ૨ ॥ સંઘપતિ ભરત નરેસર આવે, સોવનતણા પ્રાસાદ કરાવે; મણિમય મૂરતિ ભરાવે ॥ નાભિરાયા

મરૂદેવી માતા, બ્રાહ્મી સુંદરી બ્હેન વિખ્યાતા; મૂર્ત્તિ નવાણું ભ્રાતા ॥ ગોમુખ ને ચક્કેસરી દેવી, શત્રુંજય સાર કરે નિત્યમેવી; તપગચ્છ ઉપર હેવી ॥ શ્રી વિજયસેન સૂરીશ્વર રાયા, શ્રીવિજયદેવસૂરિ પ્રણમી પાયા; ઋષભદાસ ગુણ ગાયા ॥ ૪ ॥

( ૨ )

શ્રી સિદ્ધાચળ મંડણ, ઋષભ જિણંદ દયાળ; મરૂદેવા નંદન, વંદન કરૂં ત્રણ કાળ; એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર; આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર ॥ ૧ ॥

( ૩ )

આદિ જીનવર રાયા, જાસ સોવન્ન કાયા; મરૂદેવી માયા [૧] ધોરી લંછન પાયા; જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા; કેવળ શ્રીરાયા, મોક્ષ નગરે સધાયા ॥ ૧ ॥ સવિ-જીન સુખકારી, મોહ મિથ્યા નિવારી; દુર-

૧ વૃષભ.

ગાત દુઃખ ભારી, શોક સંતાપ વારી; શ્રેણિ ક્ષપક સુધારી, કેવલાનંત ધારી; નમીએ નર નારી, જેહ વિશ્વોપકારી ॥ ૨ ॥ સમોસરણ બેઠા, લાગે જે જિનજી મીઠા; કરે ગણુપ પઇઠ્ઠા, ઈંદ્ર ચંદ્રાદિ દીઠ્ઠા; દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતાં ટાલે રિઠ્ઠા;[1] ભવિજન હોએ હીઠ્ઠા,[2] દેખી પુન્યે ગરિઠ્ઠા[3] ॥ ૩ ॥ સુર સમકિતવંતા, જેહ રિદ્ધે મહંતા; જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા; જિનવર સેવંતા, વિઘ્ન વારે દુરંતા; જિન ઉત્તમ થુણુંતા, પદ્મને સુખ દિંતા ॥૪॥

( ૪ )

( માલિની વૃત્તં. )

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો; વિમલગિરિ વધાવો, મોતીયા થાળ લાવો; જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો; ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો ॥ ૧ ॥ શુભ કેશર ઘોલી, માંહે કર્પૂર

---

૧ ઉપદ્રવ (પાપ). ૨ સુપ્રસન્ન. ૩ વડેરા.

ચોલી; પહેરી સિત પટોલી, વાસીયે ગંધ ધૂલી; ભરી પુષ્કર નોલી, ટાલીયે દુઃખ હોલી; સવિ જિનવર ટોલી, પૂજિયે ભાવ ભોલી ॥૨॥ શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર; વલી મૂલ સૂત્ર ચાર, નંદી અનુયોગ દ્વાર; દશ પયન્ના ઉદાર, છેદ ષટ વૃત્તિ સાર; પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિ સાર ॥૩॥ જય જય જય નંદા; જૈન દ્રષ્ટિ સુરીંદા; કરે પરમાનંદા, ટાલતા દુઃખ દંદા; જ્ઞાનવિમલ સૂરીંદા, સામ્ય માકંદ કંદા; વર વિમલ ગિરીંદા, ધ્યાનથી નિત્ય ભદ્દા ॥૪॥

( ૫ )

## શ્રી સિદ્ધાચલ સ્તુતિ.

વિમલગિરિ સહુ તીરથ રાજા, નાભિકો નંદન જિનવર તાજા, ભવજલધિકો જહાજા; નેમ વિના જિનવર તેવીસ, સમવસરે સહુ વિમલગિરીસ, ભવિજન પૂરે જગીસ; સિદ્ધક્ષેત્ર જિન આગમ ભાસે, દૂરભવિ અભવ્ય નિરાસે, ગિરિ દરિસણ નવિ પાસે; કવડ યક્ષ ચક્કેસરી

દેવી, તીરથ સાન્નિધ્ય કર સુખ લેવી, આતમ સફળ કરેવી ।। ૧ ।।

( ૬ )

## શ્રી ચોવીશ જિન સ્તુતિ.

અષ્ટાપદે શ્રી આદિ જિનવર, વીર પાવાપુરિવરૂ; વાસુપૂજ્ય ચંપાનયર સિદ્ધા, નેમરેવતગિરિવરૂ ।। ૧ ।। સમેતશિખરે વીશ જિનવર, મોક્ષે પહોતા મુનિવરૂ; ચોવીશ જિનવર નિત્ય વંદુ, સયલ સંઘ સુહંકરૂ ।। ૨ ।।

( ૭ )

## શ્રી પુંડરીકસ્વામીની સ્તુતિ.

પુંડરગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ; વિમલાચળ ભેટી, લહિએ અવિચળ ઋદ્ધ; પંચમ ગતિ પહોંત્યા, મુનિવર કોડાકોડ; એણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ ।।૧।।

( ૮ )

પુંડરીક મંડણ પાય પ્રણમીજે, આદીશ્વર

જિન ચંદાજી; નેમિ વિના ત્રેવીશ તીર્થંકર, ગિરિ ચઢિયા આણંદાજી; આગમ માંહે પુંડરીક મહિમા, ભાખ્યો જ્ઞાન દિણંદાજી; ચૈત્રી પૂનમ દિન દેવી ચક્કેસરી, સૌભાગ્ય દ્યો સુખકંદાજી ॥ ૧ ॥

( ૯ )

ચૈત્રી પૂનમ દિન, શત્રુંજય અહિઠાણ; પુંડરીક વર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ; આદીશ્વર કેરા, શિષ્ય પ્રથમ જયકાર; કેવળ કમલાવર, નાભિનરિંદ મલ્હાર ॥ ૧ ॥ ચાર જંબુદ્વીપે, વિચરંતા જિન દેવ, અડ ધાતકી-ખંડે, સુરનર સારે સેવ; અડ પુષ્કર અર્ધે, ઇણીપેરે વીશ જિનેશ; સંપ્રતિ એ સોહે, પંચ વિદેહ નિવેશ ॥ ૨ ॥ પ્રવચન પ્રવહણ સમ, ભવજલ નિધિને તારે; કોહાદિક મહોટા, મ-ત્સ્ય તણા ભય વારે; જિહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો; ભવિ ભાવ ધરીને; ચિત્ત કરીને ચાખ્યો ॥ ૩ ॥ જિનશાસન સાન્નિધ્ય-

કારી વિઘ્ન વિદારે, સમકિત દૃષ્ટિ સુર, મહિમા જાસ વધારે; શત્રુંજય સેવો, જેમ પામો ભવ પાર; કવિ ધીરવિમલનો, શિષ્ય કહે સુખકાર ॥ ૪ ॥

( ૧૦ )

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ; ટાલે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ; દ્રવ્ય-ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ; ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥ ૧ ॥ દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા; દોય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા; ન કરે કોઇ હિલા, દોય શ્યામા સલીલા; સોલ સ્વામીજી પીલા, આપજો મોક્ષલીલા ॥ ૨ ॥ જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી; સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી; અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી; પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી ॥ ૩ ॥ વાગેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી; જિનવર પાય સેવી, સાર શ્રદ્ધા વરેવી; જે નિત્ય

સમરેવી, દુઃખ તેહના હરેવી, પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી ॥ ૪ ॥

( ૧૧ )

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિ.

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફલી; સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મલી; જિનવર જાયા સુર હુલરાયા, હુવા રમણિ પ્રિયે; નેમી રાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે ॥ ૧ ॥ વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધુર જિનપતિ; પાસ ને મલ્લિ ત્રય શત સાથે, બીજા સહસે [૧]વ્રતી; ષટ શત સાથે સંયમ ધરતા, વાસુપૂજ્ય જગધણી; અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી ॥ ૨ ॥ જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરૂ વેલડી; દ્રાખ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ સેલડી; સાકર સેતી તરણા લેતી, મુખે પશુ ચાવતી; અમૃત

---

૧ સાધુ.

મીઠું સ્વર્ગે દીઠું, સુરવધુ ગાવતી ॥ ૩ ॥ ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી; ચાર તે બાંહી [1]કુચ્છપવાહી, કાયા જસ શામળી; ચઉ કર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદ્માવતી; સોવન કાંતિ પ્રભુગુણ ગાતી, વીર ઘરે આવતી ॥ ૪ ॥

( ૧૨ )

## શ્રી મહાવીર જિન સ્તુતિ.

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નદા; લંછન મૃગઈંદા, જાસ પાયે સોહંદા; સુર નરવર ઈંદા, નિત્ય સેવા કરંદા; ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥૧॥ અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા; અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે અખ્યાતા; અડ જિનપ જનેતા, નાક માહેંદ્ર યાતા; સવિ જિનવર નેતા, શાશ્વતા સુખદાતા ॥ ૨ ॥ મલ્લિ નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ; કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ; શેષ છઠ્ઠ

---

૧ કાચબો.

સુવિલાસ, કેવળજ્ઞાન જાસ; કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ॥૩॥ જિનવર જગદીશ, જાસ મોહોટી જગીશ; નહીં રાગ ને રીસ, નમીએ તાસ શીશ; માતંગ સુર ઇશ, સેવતો રાતદિશ; ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશિષ્ય ॥૪॥

( ૧૩ )

## શ્રી સિમંધરજિન સ્તુતિ.

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ; અરિહંત સકળની, ભાવ ધરી કરૂં સેવ; સકલાગમ પારગ, ગણધર ભાષિત વાણી; જયવંતી આણા; જ્ઞાનવિમલ ગુણ ખાણી ॥ ૧ ॥

( આ સ્તુતિ ચાર વખત પણ કહેવાય છે. )

---

## આદિ જીણંદની આરતિ.

જય જય આરતિ આદિ જિનંદા, નાભિરાયા મારૂદેવીકો નંદા; પહેલી આરતિ પૂજા કીજે, નરભવ પામીને લાહો લીજે ॥ જય૦ ॥ ૧ ॥ દુસરી

આરતિ દીન દયાળા; ધુળેવા નગરમાં જગ અ-જવાળ્યા ॥ જય૦ ॥ ૨ ॥ તીસરી આરતિ ત્રિભુવન દેવા; સુરનર ઇંદ્ર કરે તોરી સેવા ॥ જય૦ ॥ ૩ ॥ ચોથી આરતિ ચૌગતિ ચૂરે; મનવંછીત ફળ શિવસુખ પૂરે ॥ જય૦ ॥ પં-ચમી આરતિ પુન્ય ઉપાયા; મુળચંદે રીખવ ગુણ ગાયા ॥ જય૦ ॥ ૫ ॥

## મંગળ દીવો.

દીવોરે દીવો; મંગલિક દીવો, આરતિ ઉતારીને બહુ ચિરંજીવો ॥ દી૦ ॥ સોહામણું ઘેર પર્વ દીવાળી; અમર ખેલે અમરા બાળી ॥ દી૦ ॥ દેપાળ ભણે એણે કૂળ અજુઆળી; ભાવે ભગતે વિઘ્ન નિવારી ॥ દી૦ ॥ દેપાળ ભણે એણે કળીકાળે; આરતિ ઉતારી રાજાકુમારપાળે ॥ દી૦ ॥ અમ ઘેર મંગલિક, તમ ઘેર મંગલિક, મંગલિક ચતુર્વિધ સંઘને હોજો ॥ દી૦ ॥

સમાપ્ત.

જૈન સસ્તી વાંચનમાળા



ભાવનગર.